શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને
૨૩-૨૪ મા વર્ષની ભેટ.

શ્રીશાંતિસૂરિ કૃત—

# ધર્મરત્ન પ્રકરણ.

પ્રસિદ્ધકર્ત્તા,
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને ૨૩-૨૪ મી ભેટ.

શ્રી શાંતિ સૂરિ કૃત—

# ધર્મરત્ન પ્રકરણ.

( જેમાં ધર્મરત્નને યોગ્ય થવા માટે સર્વ ધર્મસ્થાનની સાધારણ ભૂમિકારૂપ એકવીશ ગુણો, ભાવશ્રાવક અને ભાવ-સાધુનું વિસ્તારપૂર્વક અનેક રસિક કથાઓ સહિત સ્વરૂપ આવેલ છે )

ધર્મરૂપી રત્નના અર્થી મનુષ્યો માટે—

પ્રસિદ્ધ કર્ત્તા,

**શ્રી જૈન આત્માનંદ સભા.**

ભાવનગર.

કીં. રૂ. ૧-૦-૦

શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા

ભાવનગર
ધી 'આનંદ' પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

પ્રસિદ્ધકર્ત્તા,
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

# પ્રસ્તાવના.

**ભેટની બુક.**

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને આ ત્રેવીશમા તથા ચોવીશમા વર્ષની " **શ્રી ધર્મરત્ન પ્રકરણ** " નામની બુક ભેટ તરિકે આપતાં અમોને આનંદ થાય છે. દર વર્ષે વિવિધ વિષયો, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ચરિત્ર, કથાનુયોગ અને આચાર વિગેરેના પુસ્તકો ઉદાર ભાવનાથી ભેટ આપવામાં આવે છે તેથીજ તેવો આનંદ થાય તે સહજ છે.

**ગ્રંથકર્ત્તા મહાત્માનો પરિચય અને કાળ.**

આ ગ્રંથના કર્ત્તા **શ્રી શાંતિસૂરિ** મહારાજ છે, કે જેઓ શ્રી બૃહદ્ ગચ્છમાં શ્રી સર્વદેવસૂરિના શિષ્ય શ્રી નેમિચંદ્રસૂરિના શિષ્ય હતા. તેઓશ્રીએ સંવત ૧૨૭૧ ના વૈશાક શુદ ૮ ગુરૂવારના રોજ આ ગ્રંથ રચ્યો છે અને તે સ્વોપજ્ઞવૃત્તિ સાથે છે. આ ગ્રંથના રચનાર મહાત્માથી અર્વાચીન શ્રી દેવેંદ્રસૂરિએ આ ગ્રંથની બીજી મોટી ટીકા ચૌદમા સૈકાના આરંભમાં રચેલ છે. તેટલી સામાન્ય હકીકત, આ ગ્રંથ મૂળ આ સભા તરફથી બાર વર્ષ પૂર્વે પ્રકટ થયેલ છે, તેની પ્રસ્તાવનામાંથી મળેલ આ સ્થળે આપી ગ્રંથકર્ત્તા મહાન્ પુરૂષે મંદબુદ્ધિવાળાને બોધ થવા માટે આ ધર્મરત્ન ગ્રંથ લખ્યો છે અને ધર્મ ગ્રહણ કરવા તથા તેને પાલન કરવા માટે સંક્ષિપ્તમાં જે ઉપદેશ આપ્યો છે તે સામાન્ય રીતે હવે જણાવીયે છીયે.

**ગ્રંથપરિચય.**

આ ગ્રંથમાં શ્રાવક અને સાધુના સંબંધથી બે પ્રકારના ધર્મરત્ન કહેલ છે. જેને એકવીશ ગુણરૂપી રત્નની સંપત્તિ સુસ્થિર છે, તેજ મનુષ્ય આ ( શ્રાવક અને સાધુ ) બંને પ્રકારના ધર્મરત્નને મેળવી શકે છે, અને તે એકવીશ ગુણોએ જે યુકત હોય એવો મનુષ્ય સદા ધર્મરત્નને યોગ્ય છે.

આ ગ્રંથમાં મુખ્યત્વે કરીને ત્રણ વાચના ( વિષયો ) ઉપર વિવેચન કરેલ છે. **પ્રથમ સર્વધર્મ સ્થાનની સાધારણ ભૂમિકારૂપ એકવીશ ગુણોનું સ્વરૂપ,** બીજામાં **ભાવ શ્રાવકના લક્ષણ** અને તેનું વિવેચન અને ત્રીજા વિષય તરીકે **ભાવસાધુના લક્ષણો અને સ્વરૂપ** અને છેવટે ધર્મરત્નનું અનંતર અને પરંપર ફળ બતાવેલ

**ગ્રંથમાં આપવામાં આવેલ ત્રણ વાચના.**

આ ગ્રંથમાં ત્રણે વાચનામાં જુદા જુદા વિષયો ઉપર અઠ્ઠાવીશ કથાઓ આપી દરેક વિષયની પુષ્ટિ કરેલ છે.

આ ગ્રંથનું નામ ધર્મરત્ન છે. અને તેના અધિકારી ઉત્તમ શ્રાવક અને અનગાર કે જે ૨૧ ગુણો જેમનામાં બિરાજમાન–સુસ્થિર હોય તે છે તેથી પ્રથમ શ્રાવક કોને કહેવો તે સંક્ષિપ્તમાં જણાવીયે તો તે અસ્થાને નહિ ગણાય.

**ધર્મરત્નના અધિકારી પ્રથમ શ્રાવક રત્નનો સામાન્ય અર્થ અને તેના ભેદો.**

## શ્રાવક શબ્દનો અર્થ નીચે મુજબ છે.

**श्रद्धालुतां श्राति शृणोति शासनं,**
**धनं वपेदाशु वृणोति दर्शनम् ।**
**कृंतत्यपुण्यानि करोति संयमं,**
**तं श्रावकं प्राहुरमी विचक्षणाः**

**" श्री जिनमंडन गणी "**

**ભાવાર્થ**—જે શ્રદ્ધાળુપણાને દૃઢ કરે, જિનેશ્વર ભગવાનની આજ્ઞાને શ્રવણ કરે, શુભ ક્ષેત્રમાં ધનને શીઘ્ર વાવે ( વ્યય કરે ) સમ્યકત્વને વરે, પાપોનો નાશ કરે, સંયમ કરે ( મન ઇંદ્રિયોને વશ કરે ) તેને વિચક્ષણ પુરૂષો શ્રાવક કહે છે.

શ્રાવકો શાસ્ત્રમાં ચાર પ્રકારના કહેલા છે. કુલ ક્રમાગતથી પ્રાપ્ત થયેલ હોય; પરંતુ વ્રતાદિક ન લે ત્યાં સુધી તે પ્રથમ નામ શ્રાવક, કોઇનું નામજ શ્રાવક

હોય તે બીજો નામ શ્રાવક, તેમજ ચિત્રામણ કે મૂર્તિમાં શ્રાવકપણું સ્થાપ્યું હોય તે ત્રીજા સ્થાપના શ્રાવક. આ ત્રણ પ્રકારના શ્રાવકને શ્રાવક કહેવામાં આવતા નથી, પરંતુ ચોથા ભાવ શ્રાવકને માટે અત્રે કહીયે છીયે, આ ધર્મરત્ન ગ્રંથમાં બતાવેલ ગુણોનો અધિકારી પણ તેજ હોઇ શકે છે. ઉપ-રના શ્લોકમાં શ્રાવક કોને કહેવો તે બતાવ્યું છે તે ભાવ શ્રાવકને માટેજ છે; કારણ કે તે પુરૂષ જૈન દર્શનની અનેક પ્રકારે પરીક્ષા કરી તેના ઉપર વિશેષ શ્રદ્ધાળુ થાય, જિનેશ્વર ભગવાનના શાસ્ત્રો નિરંતર સાંભળવાથી સંસારનું અસારપણું અને લક્ષ્મીની ચંચળતા જાણતાં પોતાને પ્રાપ્ત થયેલ ધન શુભ ક્ષેત્રમાં કીર્તિ, નામ વગેરેની અપેક્ષા રાખ્યા વિના લાભાલાભ જાણી વાપરે, આવી સ્થિતિ થાય ત્યારે સમ્યકત્વ પ્રાપ્ત થયું છે તેમ જાણવું અને સમ્યકત્વ રત્નની પ્રાપ્તિ થઇ તો પછી સ્વયમેવ પાપનો નાશ થઇ જાય છે અને ઇંદ્રિયો તથા મન સહજ પ્રયત્નથી વશ થાય છે તેથી સંયમ કરનારો થાય છે. આવા લક્ષણો વાળોજ ખરેખરો શ્રાવક છે અને તેવો પુરૂષજ ધર્મરત્નને યોગ્ય હોય છે.

**ધર્મ કોને કહેવો?**

હવે શ્રાવક શબ્દનો અર્થ સંક્ષિપ્તમાંજ જણાવી આ ગ્રંથ કે જેનું નામ ધર્મરત્ન છે, તે ધર્મ કોને કહેવો અને તે ધર્મરૂપી રત્ન ઉપાર્જન કેમ થાય તે આ ગ્રંથના કર્ત્તા મહાત્માએ જે જણાવેલ છે તે કહેવામાં આવે છે. દુર્ગતિમાં પડતા પ્રાણીઓને જે ધારણ કરી રાખે તે ધર્મ કહેવાય છે. તે ધર્મજ સમગ્ર અનર્થોનો નાશ કરવામાં હેતુભૂત હોવાથી તથા કલ્યાણના સમૂહને કરનાર નાર હોવાથી રત્નરૂપ છે. આવા ધર્મરત્નની જેઓ પ્રાર્થના કરે તેઓ ધર્મ રત્નના અર્થીઓ ( અધિકારીઓ ) કહેવાય છે. જે સુત્રમાં કહેલા દોષવાળો ન હોય તે અધિકારી કહેવાય અને જે વિનયવાળો, ગુરૂ પાસે પ્રાપ્ત થયેલો અને ધર્મને પૂછનાર હોય તેજ આ ધર્મરત્નનો અર્થી કહેવાય છે.

આ અપાર ભવસાગરમાં ભ્રમણ કરતાં પ્રાણીઓને મનુષ્યપણુંજ પામવું પ્રથમ દુર્લભ છે, તેમાં વળી અનર્થોને દૂર કરનાર સદ્ધર્મ રૂપી શ્રેષ્ઠ રત્ન પામવું તે તો અતિ દુર્લભ છે. વિકલેંદ્રિયોને તો ધર્મપ્રાપ્તિ

છેજ નહિ અને પંચેંદ્રિય જીવોને તેની યોગ્યતાના હેતુરૂપ ( મનુષ્યભવ, કર્મભૂમિ, આર્યદેશ, ઉચ્ચ કુળ, દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ, ધર્મશ્રવણ કરવાની શ્રદ્ધા, સદ્‌ગુરૂનો યોગ, ધર્મનું શ્રવણ કરવું ) ગુણોની સામગ્રી રહિત હોય તો તેમને પણ ધર્મરૂપી રત્ન સુલભ નથી. જેથી એકવીશ ગુણવાળો જીવ ધર્મ પ્રાપ્તને યોગ્ય છે. તે પ્રથમ ગ્રંથકાર મહારાજે બતાવેલ છે; જેમ મહેલ

**પ્રથમ વાચના એકવીશ ગુણનું સ્વરૂપ.**

બનાવવા માટે હાડકાં વગેરે શલ્ય દૂર કરી પાયો ચણવાનો આદર કરવામાં આવે છે; કેમકે તે વગર મજબુત પ્રાસાદ બનતો નથી, તેમ ધર્મના અર્થી જનોએ આ ગુણો સારી રીતે ઉપાર્જન કરવા જોઇએ; કારણકે વિશિષ્ટ પ્રકારના ધર્મની પ્રાપ્તિ તે ગુણોનેજ આધિન છે તેથી તે શ્રાવકના એકવીશ ગુણો અક્ષુદ્રપણું વગેરેનું સરલ અને સુંદર વિવેચન કથાઓ સાથેજ પ્રથમ વાચનામાં આપેલ છે.

**૧ પ્રથમ અક્ષુદ્રપણું**—સ્વપરનો ઉપકાર કરવામાં શકિતમાન હોય, અને ગંભીરતાવાળો અને બુદ્ધિની નિપુણતા સહિત હોય તે ત્રણે બાબતોને વિસ્તારથી જણાવી તે ઉપર નારદ અને પર્વતકની કથા આપી આ ગુણનું સ્વરૂપ સમજાવેલ છે. **બીજો પ્રશસ્ત રૂપવાળો**—તે ઉપર ચંદના સાધ્વીની કથા, **ત્રીજા સૌમ્ય પ્રકૃતિ** ગુણ ઉપર અંગઋષિની કથા, **ચોથા લોકપ્રિય** ગુણ ઉપર સુજાતની કથા, **પાંચમા અક્રૂર** ગુણ, **છઠ્ઠા પાપભીરૂ** ગુણ ઉપર સુલસની કથા, **સાતમા અશઠપણું**, **આઠમા સુદાક્ષિણ્યતા** ગુણ ઉપર ક્ષુલ્લકનું દષ્ટાંત, **નવમા લજ્જાળુ** ગુણ ઉપર ચંડરૂદ્ર સૂરિનું દષ્ટાંત, **દશમા દયાળુપણાના** ગુણ ઉપર ધર્મરૂચિનું દષ્ટાંત, **અગ્યારમા મધ્યસ્થ** ગુણ ઉપર સોમવસુનું દષ્ટાંત, **બારમા ગુણાનુરાગી** ગુણ ઉપર ધનસાર્થવાહ અને વંકચૂળનું દષ્ટાંત, **તેરમા સત્કથ ગુણ**, **ચૌદમા સુપક્ષયુક્ત ગુણ**, **પંદરમા દીર્ઘદર્શીપણાના** ગુણ ઉપર ધનશ્રેષ્ઠીનું દષ્ટાંત, **સોળમો વિશેષજ્ઞ**, **સતરમો વૃદ્ધાનુગગુણ**, **અઢારમો વિનયગુણ** ઉપર પુષ્પસાલના પુત્ર ફળસાલનું દષ્ટાંત, **ઓગણીશમા કૃતજ્ઞતાના** ગુણ ઉપર ભીમનું દષ્ટાંત, **વીશમા પરહિતાર્થકારી** ગુણ ઉપર વિજયનું દષ્ટાંત અને **એકવીશમા લબ્ધલક્ષ્ય નામના** ગુણ ઉપર આર્યરક્ષિતની કથા, સાથે

તે તે ગુણોનું સામાન્ય અને વિશેષ રીતે વિસ્તારથી સ્વરૂપ જણાવી તે ઉપર ઉપરોક્ત કથાઓ આપી ગ્રંથકાર મહારાજે આ પ્રથમ વિષયને બહુજ સરલ કરી આપ્યો છે; કે જેથી વાંચકો કે જિજ્ઞાસુ તેને સુગમતાથી આદર કરી શકે. છેવટે આ વિષયનો ઉપસંહાર કરતાં આ એકવીશ ગુણો પૈકી કેટલા ગુણ હોય તે પુરૂષ ધર્મનો અધિકારી થઇ શકે ? તેમ ચિત્રકાર જેમ પ્રથમ ભૂમિકા શુદ્ધ કરે છે, તેમ ધર્મરત્નના અધિકારી થવા માટે ભૂમિકા શુદ્ધ કરવારૂપ આ ગુણો પ્રાપ્ત કરવા જોઇએ તેમ જણાવી આ પ્રથમ વિષય સમાપ્ત કરવામાં આવેલ છે.

**બીજી વાચના– ભાવશ્રાવકનું સ્વરૂપ.**

બીજા ભાવશ્રાવકના વિષયમાં પ્રથમ ભાવશ્રાવક કોને કહેવા ? ચાર પ્રકારના શ્રાવકોનું વર્ણન, ભાવશ્રાવકના છ લિંગોનું સ્વરૂપ, (સાંભળવું, જાણવું, ગ્રહણ કરવું અને પાળવું, એ ચાર પ્રકારના કૃતવ્રત કર્મનું વિવેચન, તેના ઉપર આરોગ્યદ્વિજની કથા, શિલવંત શ્રાવક કોને કહેવો ? તેના શું ગુણદોષ ? તેના ઉપર મહાશતકની કથા, ભાવશ્રાવકના પાંચ ગુણનું સ્વરૂપ, ત્રીજા લક્ષણ ઉપર યશસુયશની કથા, ચોથા લક્ષણ ઉપર ધર્મનંદનનું દૃષ્ટાંત, ત્રીજા ચોથા ભેદ ઉપર સંપ્રતિ રાજાનું દૃષ્ટાંત, પાંચમા લક્ષણ પ્રવચન કુશળ ઉપર શ્રાવકધર્મી રાજાની કથા, ભાવના વિષયવાળા બીજા સત્તર લિંગોમાં, આગમપૂર્વક ક્રિયાઓ કેમ કરવી ? દેવગુરૂ વંદન વિધિ, પ્રત્યાખ્યાન વિધિ, ધર્મ–ક્રિયા કરતાં લજ્જા નહિં પામવા ઉપર નાગદેવ અને દત્તશ્રેષ્ઠીની કથા, દેહસ્થિતિના કારણરૂપ ધન વગેરેમાં ભાવશ્રાવક કેમ રહે છે તેનું વિવેચન, ચારિત્રના મનોરથ ચિંતવતો મંદ આદરવાળો થઇ ગૃહવાસ પારકો ગણી તેનું પાલન કરે તેજ ભાવશ્રાવક તે ઉપર વસુશ્રેષ્ઠીના પુત્ર સિદ્ધની કથા, વગેરે હકીકત વાંચતાં આલ્હાદ ઉત્પન્ન કરે તેવી હકીકત, તેમજ મોક્ષાભિલાષિ જનો ખાસ જાણવા અને આદરવા લાયક હોઇને ગ્રંથકર્ત્તા મહાત્માએ બહુ સુંદર અને સ્ફુટ રીતે જણાવેલ છે. આ રીતે બીજા ભાવશ્રાવકના વિષયને સમાપ્ત કરી ત્રીજા ભાવસાધુનું સ્વરૂપ બતાવતાં આ પ્રમાણે સત્તર ગુણોએ કરી યુક્ત ભાવશ્રાવક દ્રવ્યસાધુ શી રીતે છે ?

તે પ્રથમ જણાવી આવા દ્રવ્યસાધુ કુશળ યોગને ઉપાર્જન કરતાં શીઘ્રપણે ભાવસાધુપણું પામે છે તે રીતે ત્રીજા ભાવસાધુનો વિષયનો સંબંધ જોડી ભાવસાધુનું સ્વરૂપ જણાવવામાં આવે છે.

**ત્રીજી વાચના–ભાવસાધુ કોને કહેવા ?**

પ્રથમ ભાવસાધુની સામાન્ય વ્યાખ્યા જણાવી ભાવસાધુ કેવા હોય તે જાણવા માટે તેના **સાત લિંગો (સમગ્ર ક્રિયા માર્ગાનુસારી હોય, ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા, સરલ ભાવને લીધે પ્રજ્ઞાપનીયપણું, ક્રિયાઓ કરવામાં અપ્રમાદિપણું, બની શકે તેવા અનુષ્ઠાનમાં આરંભ, ગુણને વિષે અત્યંત અનુરાગ,** અને **અત્યંત ગુરૂની આજ્ઞાનું આરાધન )** ના સ્વરૂપ સાથે અતૃપ્તિ કોને કહેવી ? શુભ દેશના, શ્રુતદાન કેમ આપવું, દેશનાશુદ્ધિ, સ્ખલિતશુદ્ધિ, વગેરે અનેક વિષયોના અંતર્ગત–વિવેચનો અને પાંચમા લિંગ ઉપર આર્ય મહાગિરિ અને અશકયાનુષ્ઠાન ઉપર શિવભૂતિની કથા આપી તે લક્ષણને સરલતાપૂર્વક સમજાવેલ છે.

તેમજ છેવટે સાતમા લિંગ ગુરૂઆજ્ઞા આરાધનને માટે કહેવામાં આવતાં, શ્રી આચારાંગસૂત્રમાં જણાવેલ ગુરૂકુળ વાસમાં રહેતા સાધુને પ્રગટ થતાં ગુણો અને ગુરૂકુળ વાસમાં વસવું તે સર્વ ગુણોનું મૂળરૂપ છે, તે બતાવી ગુરૂકુળ વાસનો ત્યાગ કરવાથી શુદ્ધ ભિક્ષા, ઉપધિ વગેરે આગમમાં સારા કહ્યા નથી તેના ઉપર શબરરાજની કથા અને સાથે બ્હેંતાલીશ પ્રકારના આહારના દોષોનું સાથે જ સ્વરૂપ આપી આ ભાવસાધુના સાત લિંગ-લક્ષણોનું વિસ્તારપૂર્વક ખાસ જાણવા યોગ્ય વિવેચન કરવામાં આવેલ છે. ત્યારબાદ જે ગુણવાન હોય તેજ ગુરૂ અને યથાર્થ રીતે શાસ્ત્રના અર્થને જે કહે તેવો ગુણ હોય તે ગુરૂ એટલી ટુંકી વ્યાખ્યા કરી છ વ્રતનું ધારણ, છ કાયની રક્ષા, અકલ્પ્ય, ગૃહી ભાજન, પલ્યંક, નિષદ્યા, સ્નાન, અને શોભા એ છ વસ્તુનો ત્યાગ તેવા મુખ્ય અઢાર ગુણો સહિત તેને ગુરૂ કહેવા, અને તેની સેવા, આજ્ઞા, ફળ આપનાર છે, આટલું ગુરૂ માટે જણાવી ત્યાં શિષ્ય શંકા કરે છે કે પ્રમત્ત ગુણસ્થાને રહેલા સાધુઓને સર્વ ગુણોની સંપત્તિ દુર્લભ છે, અને તેના તરતમપણાએ કરીને અનેક ગુરૂઓ જોવામાં આવે છે અને સામાચારી પણ વિવિધ પ્રકારની જોવામાં આવે છે તો કોનો આશ્રય

કરવો ? તે પ્રશ્નના જવાબમાં, મૂળ, ગુણો–પાંચ મહાવ્રતોવડે સદ્બોધપૂર્વક ઉદ્યમના અતિશયે કરી યુક્ત, દોષ લવના યોગથી, થોડા દોષના સંબંધથી તેવા ગુરૂ ત્યાગ કરવા લાયક નથી.

કેટલાક આવા ગુરૂપ્રકૃતિથી મંદ હોય અથવા વૃદ્ધ હોય, માંદા હોય કે અલ્પશ્રુતવાળા હોય ( તો પણ તેઓ શ્રુતજ્ઞાન સહિત અને શુદ્ધ આચરણુ-વાળા હોય તો ) તેની હિલના કરનાર મૂઢ આત્મા મિથ્યાત્વ પામી સંસારમાં પડે છે. આગમના વચનોને અનુસરી શુદ્ધ મૂળ ગુણુવાળા ગુરૂને સામાચારીનો ભેદ છતાં પણુ નહીં તજવા યોગ્ય બતાવી, તેવા કાંઇક પ્રમાદવાળા તે ગુરૂ જોવામાં આવે તો પ્રિયવચન, અંજલી અને પ્રણામપૂર્વક ઉત્સાહના વચનોએ કરીને ફરી તેમને સન્માર્ગના અનુષ્ઠાનમાં પ્રવર્તાવે પરંતુ મૂળ ગુણો યુક્ત હોવાથી તજે નહિં, આવી રીતે ગુરૂનું સ્વરૂપ બતાવી ગાઢ પ્રમાદિ થયેલા સેલગ-સૂરિને તેના શિષ્ય પંથકે કેવી રીતે ફરીથી માર્ગમાં સ્થાપ્યા તે સેલગસૂરિ કથા વિસ્તારથી આપી આ વિષયને સંપૂર્ણ કર્યો છે. આ વિષયમાં ગુરૂ કોને કહેવા ? ગુરૂકુળવાસમાં રહેવાથી ઉત્પન્ન થતાં ગુણો, તજવાથી થતા દોષો: પ્રમત્ત ગુરૂ પ્રત્યે સુશિષ્યનું કર્તવ્ય, અને છેવટે સમાચારી ભેદ છતાં શુદ્ધ મૂળ ગુણુવાળા ગુરૂને તજવા નહિં વગેરે હકીકતો મનનપૂર્વક જાણવા જેવી છે. ગુરૂનું બહુમાન કરવાથી ઉપજતા ગુણો અને ન કરવાથી ઉપજતા દોષો તે પછી જણાવે છે અને જિનશાશનમાં પાંચ પ્રકારના સાધુઓ ‘ પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક જે કહ્યા છે તેનું વર્ણન આપવામાં આવે છે, જે મનન કરવા જેવું છે. બકુશ અને કુશીલ જે તીર્થ કહેવાય છે, જેમાં દોષના લેશો સંભવે છે છતાં તેને ન વર્જવા અને પછી ન વર્જવા યોગ્ય કોઇ નહીં થાય સર્વ વર્જવા યોગ્ય થશે, તેવી શંકાના સમાધાનમાં બકુશ અને કુશીલ કોને કહેવા તેનું સ્વરૂપ કહેવા સાથે તેમનામાં દોષલવો હોય છતાં પ્રમત્ત અને ગુણુસ્થાને પ્રવર્ત્તતા છતાં ચારિત્રવાનજ છે, કારણુ કે જ્યાં સુધી તેમણે એક પણુ વ્રત ઓળંગ્યું ન હોય ત્યાંસુધી તે તીર્થને પ્રવર્તાવનારા સંભવે છે, આથી કરીને કેટલાક પાસત્થાદિકનું પણુ ચારિત્ર ઇચ્છેલું છે એટલે કે મૂળ ગુણુ ( પાંચ મહાવ્રત ) માંથી એક પણુ ઓળંગે તો પાંચે ઓળં-

ગ્યા છે વગેરે જણાવી કોને તજવા અને કોને ન તજવા એ હકીકતનું સમર્થન ગ્રંથકાર મહારાજે ઠીક કર્યું છે. ઉપરોકત ગુણોએ કરી યુકત બતાવેલ ગુરૂની અવગણના કરનાર પાપશ્રમણ અને હાંસી કરનાર મહા મોહને બાંધે છે અને તપ કરતાં છતાં અનંતસંસારી થાય છે, અને તેને તજનાર ભાવસાધુ શુદ્ધ ચારિત્ર પામે છે વગેરે જણાવી ભાવસાધુ ધર્મના સાત લક્ષણની સમાપ્તિ અને તેના ફળને જણાવી તે ત્રીજી વાચના પૂર્ણ કરવામાં આવે છે.

શ્રાવક અને સાધુના સંબંધથી બે પ્રકારના ધર્મરત્નને આ ગ્રંથમાં જણાવેલ છે, તે જેનામાં પ્રથમ વાચનામાં બતાવેલા એકવીશ ગુણરૂપી રત્નની સંપત્તિ સુસ્થિર છે, તેજ મનુષ્ય આ બંને પ્રકારના ધર્મરત્નને સંપૂર્ણ મેળવી શકે છે અને આ ધર્મરત્નને યોગ્ય છે. છેવટે પૂર્વાચાર્યો પુરૂષોની શ્લાઘા કરી સ્વપરના અનુગ્રહથીજ પોતાનાજ મતિવૈભવ અનુસારે આ ભાવાર્થ સંક્ષિપ્તમાં ગ્રંથવડે રચ્યો છે અને તેને સમ્યક્ પ્રકારે સિદ્ધાંતને અનુસરી યુકિતવડે જે વિચારે છે તેઓ પાપપંક રહિત થઇ મોક્ષ સુખ પામે છે, એમ જણાવી શ્રી વર્ધમાન સ્વામીને છેવટે નમસ્કાર કરી શ્રી શાંતિસૂરિ મહારાજે આ ગ્રંથ સમાપ્ત કર્યો છે.

**અંતિમ–પ્રાર્થના.** આ **ધર્મરત્ન** ગ્રંથ તે ખરેખર રત્નરૂપજ હોઇ તેના પઠન પાઠન કરનાર મનુષ્યને નિશ્ચયથી ધર્મરત્નને લાયક બનાવે છે, તેટલુંજ નહિં પરંતુ આ ગ્રંથમાં આવેલ પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુરરસથી ભરપુર હોઇ વાચકને તેમાં પ્રવેશ કરતાં પોતે જાણે અમૃતનું જ પાન ન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. મોક્ષના અભિલાષિ–ભવ્ય આત્માઓને આ ધર્મરત્નમાં જણાવેલ વિષયો જ્ઞેયપૂર્વક આદર કરવા યોગ્ય હોઇ નિશ્ચય મોક્ષ નજીક તેવા આત્માઓને લઇ જવા માટે પ્રબળ સાધન રૂપ છે અને તેના વાચક વર્ગ–ગ્રાહક મનુષ્ય તેને ગ્રહણ કરી સિદ્ધાત્મા બને તેજ પરમાત્મા પરત્વે અંતિમ પ્રાર્થના.

આ મૂળ ગ્રંથ આ સભાએ પ્રસિદ્ધ કરેલ છે અને મનુષ્યને તે અત્યંત

**આભારદર્શન.** ઉપકારક હોવાથી પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે આ ગ્રંથ ભાષાંતર કરાવી પ્રગટ કરવા આજ્ઞા કરી હતી. આ સભા તરફથી પ્રગટ થતાં સંસ્કૃત ગ્રંથોમાં મોટે ભાગે ઉપકાર પણ આ મહાત્માઓનોજ છે, અને તે માટે આ સભા તેઓશ્રીની ઋણી છે તેમાં આ એક ગ્રંથ પ્રકટ થતાં તે મહાત્માની વિશેષ આભારી આ સભા થઇ છે. તે સાથે તેઓની કૃપા અને ઉપદેશથી આ સભાના ઓનરરી સેક્રેટરી શેઠ હરજીવનદાસ દીપચંદે પોતાના સ્વર્ગવાસી પિતાશ્રી શેઠ દીપચંદ ગાંડાભાઇના સ્મરણાર્થે આ ગ્રંથમાં સહાય આપી પિતૃભક્તિ બજાવી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. વળી આ ગ્રંથનું ભાષાંતર સાદ્યંત તપાસી જવા માટે સદ્‌ગુણાનુરાગી મુનિરાજ શ્રી **કર્પૂરવિજયજી મહારાજે** જે કૃપા બતાવી છે અને કોઇ કોઇ પ્રસંગે તેવી કૃપા બતાવે છે તે માટે પણ તેઓશ્રીનો આભાર માનવાનું અમારૂં કર્તવ્ય આ સ્થાને ભૂલતા નથી. આ ગ્રંથની શુદ્ધિમાટે યથાશકિત પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં દ્રષ્ટિદોષ કે પ્રેસદોષને લઇને અથવા બીજી રીતે કોઈ પણ સ્થળે સ્ખલના જણાય તો મિથ્યાદુષ્કૃત પૂર્વક ક્ષમા માગવા સાથે અમોને જણાવવા વિજ્ઞપ્તિ કરીયે છીયે.

કોઇ પણ માસિક કે સંસ્થા આવા અતિ ઉપયોગી અને આટલો મોટો ગ્રંથ ગ્રાહકોને દરવર્ષે ભેટ આ સભાની જેમ આપતીજ નથી તેમ બીજા માસિકોએ, છપાવવાના કાગળો; છપાઇ બાઇડીંગ વિગેરેની મોંઘવારી થતાંજ તરતજ લવાજમ વધારેલ છતાં આ સભાએ જૈન–સમાજને વાંચનનો બહોળો લાભ આપવાની ઉદારતાથી આર્થીક બાબતમાં કેટલુંક સહન કરીને પણ અત્યાર સુધી લવાજમ વધાર્યું નથી અને દરવર્ષે આવી મોટી ભેટની છુટ આપવાનો ક્રમ પણ ( લવાજમ ઉપર ગણત્રી રાખ્યા–સિવાય ) ઉપરના ઉચ્ચ હેતુને લઇને ચાલુ રાખેલ છે, તે જૈન બંધુઓના ધ્યાનમાં હોવુંજ જોઇએ. આ સભા હજીપણ સાહિત્ય માટે ભવિષ્યમાં અનેક લાભો ઉદારતાથી આપવા માંગે છે, પરંતુ તે બધું ગ્રાહકોની સંખ્યાની વૃદ્ધિ ઉપર

અને જૈન બંધુઓની જ્ઞાનોદ્ધારના કાર્ય માટે આ સભાને પૈસાના સહાય આપવા ઉપર જ છે. સાહિત્યની પ્રગતિ, સસ્તું સાહિત્ય પ્રગટ કરીને અને તેવી સાહિત્ય પ્રચારની સેવા આ સભા બજાવવા માગે છે. પરંતુ તેનો આધાર જૈન શ્રીમંતો પોતાની ઉદારતા તેવા ગ્રંથો પ્રગટ કરવા આ સભાને બતાવે–આર્થિક સહાય કરે તેના ઉપર છે. પરમાત્મા તેવી શુભ ઇચ્છા આ સભાની પાર પાડે તેમ પ્રાર્થના કરીયે છીએ.

આત્માનંદ ભવન.
વીર સંવત ૨૪૫૨. આત્મ-સંવત ૩૧ વિક્રમ સંવત ૧૯૮૨.
જ્યેષ્ટ કૃષ્ણ ષષ્ઠી ગુરૂવાર.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ,**
**સેક્રેટરી.**



સ્વ. શેઠ દીપચંદ ગાંડાભાઇ—ભાવનગર.

આનંદ પ્રેસ-ભાવનગર.

# સમર્પણ.

શ્રીમાન્ શેઠ દીપચંદ ગાંડાભાઇ—ભાવનગર.

લઘુવયથી સામાન્ય સ્થિતિમાં વ્યવહારિક જીવનનો આરંભ કરી, અમુક વર્ષ પછી સ્વબળ અને વ્યાપારીબુદ્ધિથી સંપત્તિની વૃદ્ધિ કરી, છેવટની જીંદગી સુધી સદ્વર્તન અને ભદ્રિકપણાએ કરી દેવ, ગુરૂ અને ધર્મની ભક્તિ કરવામાં તત્પર રહેલા અને આ સભા ઉપર અત્યંત પ્રીતિ ધરાવનારા એવા ગુણોથી આકર્ષાઈ આ લઘુ ગ્રંથ આ સ્વર્ગવાસી આત્મા પ્રતિ અર્પણ કરીએ છીયે.

પ્રકાશક.



# વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | મંગળાચરણ. ... ... ... ... ... | ૧ |
| ૨ | નમસ્કાર પ્રયોજન. ... ... ... ... ... | ૫ |
| | **પ્રથમ વાચનાના વિષયો.** | |
| ૩ | મનુષ્યપણું અને સદ્ધર્મ પાળવાની દુર્લભતા. ... ... | ૬ |
| ૪ | ધર્મરત્નના દુર્લભપણા ઉપર દૃષ્ટાંત. ... ... ... | ૭ |
| ૫ | એકવીશ ગુણ પ્રાપ્તિ થયે યોગ્યતા. ... ... ... | ૮ |
| ૬ | એકવીશ ગુણના નામો. ... ... ... ... | ૧૦ |
| ૭ | અક્ષુદ્ર પ્રથમ ગુણસ્વરૂપ અને તે ઉપર નારદ અને પર્વતની કથા... | ૧૨ |
| ૮ | પ્રશસ્તરૂપ બીજા ગુણનું સ્વરૂપ... ... ... ... | ૧૮ |
| ૯ | પ્રકૃતિ સૌમ્ય ઇતિ ત્રીજા ગુણનું સ્વરૂપ અને તે ઉપર અંગરૂષિનું ઉદાહરણ.... ... ... ... ... ... | ૨૧ |
| ૧૦ | લોકપ્રિય ચોથા ગુણનું સ્વરૂપ અને તે ઉપર સુજાતની કથા. ... | ૨૩–૨૫ |
| ૧૧ | અક્રૂર નામના પાંચમા ગુણનું સ્વરૂપ. ... ... ... | ૨૯ |
| ૧૨ | પાપભિરૂ છઠ્ઠા ગુણનું સ્વરૂપ અને તે ઉપર સુલસનું દૃષ્ટાંત. ... | ૩૦ |
| ૧૩ | અશઠ નામના સાતમા ગુણનું સ્વરૂપ. ... ... ... | ૩૨ |
| ૧૪ | સુદાક્ષિણ્ય નામના આઠમા ગુણનું સ્વરૂપ અને ને ઉપર ક્ષુલ્લક કુમારનું આખ્યાન. ... ... ... ... ... | ૩૩ |
| ૧૫ | લજ્જાલુ નામના નવમા ગુણનું સ્વરૂપ તે ઉપર ચંડરૂદ્રસૂરિના શિષ્યની કથા. ... ... ... ... ... | ૩૭ |
| ૧૬ | દયાળુપણું નામના દશમા ગુણનું સ્વરૂપ તે ઉપર ધર્મ રૂચિનું વૃત્તાંત. ... ... ... ... ... ... | ૪૧ |
| ૧૭ | મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ નામના અગ્યારમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર સોમવસુનું ચરિત્ર. ... ... ... ... ... | ૪૩ |
| ૧૮ | ગુણાનુરાગ નામના બારમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર ધનસાર્થવાહ અને વંકચૂલની કથા. ... ... ... ... | ૪૮ |
| ૧૯ | સત્કથ નામના તેરમા ગુણનું સ્વરૂપ. ... ... ... | ૫૦ |

૨૦ સુપક્ષ નામના ચૌદમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર પ્રભાકરનું વૃતાંત ૫૩
૨૧ દીર્ઘદર્શીપણા નામના પંદરમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર ધનશ્રેષ્ઠીનું ચારત્ર. ... ... ... ... ... ૫૫
૨૨ વિશેષજ્ઞ નામના સોળમા ગુણનું સ્વરૂપ. ... ... ... ૫૯
૨૩ વૃદ્ધાનુગ નામના સતરમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર મંત્રીની કથા... ૫૯
૨૪ વિનય નામના અઢારમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર પુષ્પસાલના પુત્ર ફળસાલની કથા.... ... ... ... ... ૬૧
૨૫ કૃતજ્ઞપણું નામના ઓગણીશમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર ભીમનું ઉદાહરણ. ... ... ... ... ... ... ૬૩
૨૬ પરહિતાર્થકારીપણા નામનો વીશમા ગુણનું સ્વરૂપ અને તે ઉપર વિજયશ્રેષ્ઠીની કથા. ... ... ... ... ... ૬૭
૨૭ લબ્ધલક્ષ્ય નામના એકવીશમા ગુણનું સ્વરૂપ તે ઉપર આર્યરક્ષિતનું વૃતાંત. ... ... ... ... ... ... ૭૧
૨૮ પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરવા પૂર્વક પ્રકરણના અર્થની સમાપ્તિ... ૭૪
૨૯ ત્રણ પ્રકારના ધર્માધિકારીનું ચિંતન. ... ... ... ૭૫
૩૦ ગુણો ઉપાર્જન કરવાના યત્ન ઉપર પ્રભાસનું આખ્યાન. ... ૭૬

## બીજી વાચનાના વિષયો.

૩૧ ચાર પ્રકારના શ્રાવકનું વર્ણન અને ભાવ શ્રાવકના લક્ષણો. ... ૮૦
૩૨ બીજા ભાવ શ્રાવકના વિષય ઉપર વિવેચન... ... ... ૭૯
૩૩ ભાવશ્રાવકના છ લિંગો (લક્ષણો)ના નામ. ... ... ... ૮૨
૩૪ ચાર પ્રકારના કૃતવ્રતકર્મ નામના પ્રથમ લિંગનું સ્વરૂપ. ... ૮૩
૩૫ આકર્ણન (વ્રતનું શ્રવણ કરવું) તથા જાણવું તે બે ભેદનું સ્વરૂપ... ૮૩
૩૬ ગ્રહણ, પ્રતિસેવનારૂપ ત્રીજા ચોથા ભેદનું સ્વરૂપ. ... ... ૮૬
૩૭ રોગ તથા ઉપસર્ગમાં સ્થિરભાવે રહેવા ઉપર આરોગ્ય દ્વિજની કથા ... ... ... ... ... ... ૯૦
૩૮ બીજા લિંગના છ પ્રકાર–શિલપણાનું સ્વરૂપ. ... ... ૯૨
૩૯ છ પ્રકારે વર્જનરૂપ શિલના સ્વરૂપ પર ભાવના. ... ... ૯૬
૪૦ સત્ય પરંતુ કઠોર વચન બોલવાથી પ્રાયશ્ચિત લેવા ઉપર મહાશતકની કથા ... ... ... ... ... ૯૯
૪૧ ભાવશ્રાવકના ત્રીજા લક્ષણના પાંચ ભેદોનું સ્વરૂપ. ... ... ૧૦૩

૪૨ સ્વાધ્યાય, કરણ, વિનય, અનભિનિવેશ અને રૂચિ એ પાંચના વિશેષ સ્વરૂપ. ... ... ... ... ... ૧૦૪
૪૩ રૂચિગુણ ઉપર યશ અને સુયશની કથા. ... ... ... ૧૦૭
૪૪ ભાવ શ્રાવકનું ચોથું લક્ષણ ઋજુવ્યવહાર અને તેના ચાર ભેદોનું સ્વરૂપ. ... ... ... ... ... ૧૧૦
૪૫ તેના વિપરિતપણાને વિષે દોષ દર્શન. ... ... ... ૧૧૨
૪૬ ઋજુવ્યવહાર લક્ષણ ઉપર ધર્મનંદની કથા. ... ... ૧૧૩
૪૭ પાંચમા લક્ષણ ગુરૂ શુશ્રુષા અને તેના ચાર પ્રકારનું સ્વરૂપ. ... ૧૧૫
૪૮ સેવા—કારણ એ ભેદનું સ્વરૂપ. ... ... ... ... ૧૧૭
૪૯ ઔષધાદિ સંપાદન અને ભાવ એ ત્રીજા ચોથા ભેદનું સ્વરૂપ. ... ૧૧૮
૫૦ પાંચમા લક્ષણ ઉપર સંપ્રતિ રાજાની કથા... ... ... ૧૧૯
૫૧ છઠ્ઠા લક્ષણ પ્રવચનકુશળનું સ્વરૂપ અને ભાવાર્થ. ... ... ૧૨૪
૫૨ સૂત્ર, અર્થ, ઉત્સર્ગ, અપવાદ, ભાવ અને વ્યવહાર એ છ પ્રકારે કુશળનું સ્વરૂપ. ... ... ... ... ... ૧૨૫
૫૩ તે ઉપર પદ્મશેખર ભૂપનું ઉદાહરણ. ... ... ... ૧૨૮
૫૪ બીજા વિષયનો ઉપસંહાર. ... ... ... ... ૧૩૧
૫૫ ભાવ શ્રાવકના ભાવગત બીજા સતર લક્ષણોનું સ્વરૂપ. ... ૧૩૨
૫૬ સ્ત્રીને વશ નહીં થવા માટેના પ્રથમ લક્ષણનું સ્વરૂપ .. ... ૧૩૪
૫૭ ઇંદ્રિયોને રોકવી, ધન ઉપર લેશ માત્ર લોભ નહીં કરવો તે બીજા અને ત્રીજા લક્ષણનું સ્વરૂપ. ... ... ... ... ૧૩૫
૫૮ ચોથા લક્ષણ સંસાર ઉપર પ્રીતિ નહિં કરવી તે વિષે. ... ૧૩૭
૫૯ વિષય ઉપર આસક્તિ નહિં કરવી તે પાંચમા લક્ષણનું સ્વરૂપ. ... ૧૩૮
૬૦ છઠ્ઠા આરંભ કરવા ઉપર મંદ આદર કરવો તે વિષે .. ... ૧૩૯
૬૧ ગૃહવાસને પાશ માનવારૂપ સાતમા લક્ષણ વિષે. ... ... ૧૪૦
૬૨ સમ્યકત્વ ધારણ કરવું તે વિષે આઠમા લક્ષણનું વિવેચન. ... ૧૪૧
૬૩ ગાડરીયા પ્રવાહની જેમ લોકને જાણી લોક સંજ્ઞાનો ત્યાગ કરવા રૂપ નવમું લક્ષણ અને તેના ઉપર વિપ્રનું ઉદાહરણ ... ... ૧૪૨
૬૪ દશમા ભેદ આગમ પુરસ્સર પ્રવૃત્તિ કરવા વિષે વિવેચન. ... ૧૪૩

૬૫ યથાશક્તિ દાનાદિ ચાર પ્રકારના ધર્મનું આચરણ કરવારૂપ અગ્યારમા ભેદનું વર્ણન. ... ... ... ... ૧૪૭
૬૬ ધર્મક્રિયાનું આચરણ કરતાં મુગ્ધ માણુસોની હાંસીથી લજ્જા નહિં પામવી તે બારમા ભેદનું સ્વરૂપ અને તે ઉપર જયદેવની કથા. ... ૧૪૮
૬૭ બારમા ભેદ ઉપર બીજી દત્ત શ્રેષ્ઠીની કથા ... ... ... ૧૫૩
૬૮ દેહસ્થિતિના કારણુરૂપ ધન વગેરેમાં રાગરહિત રહેવારૂપ તેરમા લક્ષણુ વિષે. ... ... ... ... ... ૧૫૪
૬૯ કદાગ્રહના ત્યાગ–મધ્યસ્થ રહેવારૂપ ચૌદમા ભેદનું સ્વરૂપ. ... ૧૫૮
૭૦ વસ્તુના ક્ષણુભંગુરપણું વિચારતા અસંબંધ રહેવારૂપ સોળમા લક્ષણુ વિષે... ... ... ... ... ... ૧૫૯
૭૧ પરના આગ્રહથી કામભોગમાં પ્રવૃત્તિ કરવારૂપ સોળમા ભેદનું સ્વરૂપ ૧૫૯
૭૨ વેશ્યાની જેમ સંસારમાં આશંસા રહિત રહેવારૂપ સતરમા લક્ષણુનું સ્વરૂપ અને તેના ઉપર વસુ શ્રેષ્ઠીના પુત્ર સિદ્ધની કથા... ૧૬૧
૭૩ ભાવ શ્રાવકના લક્ષણુનો ઉપસંહાર અને ભાવ સાધુના સંબંધનું ઉપદર્શન. ... ... ... ... ... ... ૧૬૩

## ત્રીજી વાચનાના વિષયો.

૭૪ ભાવ સાધુના સાત પ્રકારના લિંગોના નામ. ... ... ૧૬૪
૭૫ પ્રથમ માર્ગાનુસારી ક્રિયા નામના પ્રથમ લિંગ સ્વરૂપ. ... ૧૬૪
૭૬ સંવિગ્ન ગીતાર્થોએ આચરિતના સ્વીકારને વિષે. ... ... ૧૬૭
૭૭ સુખશીલીયા શઠ પુરૂષોએ આચરેલું નહિં આચરવા વિષે. ... ૧૭૨
૭૮ બે પ્રકારના માર્ગને અનુસરતા ભાવયતિપણું કહેવું તે વિષે. ... ૧૭૬
૭૯ શ્રદ્ધા પ્રવરાધર્મ નામના બીજા લિંગ અને તેના ભેદ સહિતનું સ્વરૂપ. ... ... ... ... ... ... ૧૭૭
૮૦ વિધિ પ્રમાણે અનુષ્ઠાન કરવારૂપ પ્રથમ ભેદનું સ્વરૂપ... ... ૧૭૮
૮૧ પ્રથમ ભેદ ઉપર દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક યોજના. ... ... ૧૭૯
૮૨ જ્ઞાન વગેરેમાં અતૃપ્તિ નામના બીજા ભેદનું વિવેચન... ... ૧૮૧
૮૩ ત્રીજા ભેદ દેશનાશુદ્ધિનું સ્વરૂપ.... ... ... ... ૧૮૨

૮૪ સ્ખલિતપરિશુદ્ધિ નામના ચોથા ભેદનું સ્વરૂપ. ... ... ૧૯૫
૮૫ પ્રજ્ઞાપનીયપણા નામના ત્રીજા લિંગ વિષે વિવેચન ... ... ૧૯૬
૮૬ ક્રિયા કરવામાં અપ્રમાદપણું નામના ચોથા લિંગ વિષે. ... ૨૦૦
૮૭ પાંચમા શકયાનુષ્ઠાનનો આરંભ તે નામના પાંચમા લિંગનું સ્વરૂપ. ૨૦૭
૮૮ પાંચમા લિંગ ઉપર આર્ય મહાગિરિની કથા. ... ... ૨૦૯
૮૯ અશકય અનુષ્ઠાનના આરંભ ઉપર શિવભૂતિની કથા... ... ૨૧૨
૯૦ છઠ્ઠા ગુણાનુરાગ નામના લિંગનું સ્વરૂપ અને ભેદો. ... ... ૨૧૮
૯૧ ગુણાનુરાગના બીજા પ્રકારના લક્ષણ વિષે .. ... ... ૨૨૦
૯૨ ગુણાનુરાગનું ફળ સ્વરૂપ. ... ... ... ... ૨૨૨
૯૩ ગુરૂ આજ્ઞા આરાધન રૂપ સાતમા લિંગનું સ્વરૂપ. ... ... ૨૨૩
૯૪ ગુરૂકુળ વાસમાં રહેવા વિષે. ... ... ... ... ૨૨૪
૯૫ ગુરૂકુળવાસના ત્યાગીથી થતાં દોષોનું નિરૂપણ. ... ... ૨૨૫
૯૬ ઉપરોક્ત ઉપર શબરરાજની કથા. ... ... ... ૨૨૬
૯૭ ગુણવાનજ ગુરૂ સેવવા યોગ્ય તે વિષે. ... ... ... ૨૨૯
૯૮ સપ્રમાદિ, મૂળ ગુણયુક્ત ગુરૂ નહિં ત્યાગવા વિષે .. ... ૨૩૦
૯૯ ઉપરોક્ત વિષયે સેલગસૂરિની કથા ... ... ... ૨૩૨
૧૦૦ ગુરૂના બહુમાન કરવાથી થતા ગુણોનું ઉપદર્શન. ... ... ૨૩૯
૧૦૧ નહિં કરવાથી થતા દોષોનું દર્શન ... ... ... ૨૪૦
૧૦૨ અકુશ કુશલાદિ સ્વરૂપ અને નહિં વર્જવા વિષે વિવેચન. ... ૨૪૨
૧૦૩ ઉપરોક્ત ગુરૂની અવગણના, હાંસી કરનાર પાપ શ્રમણ કહેવાય તે વિષે. ... ... ... ... ... ... ૨૪૫
૧૦૪ ભાવ સાધુધર્મના લિંગની સમાપ્તિ અને ફળદર્શન. ... ... ૨૪૭
૧૦૫ એકવીશ ગુણરૂપી સંપત્તિ યુક્ત મનુષ્ય શ્રાવક અને સાધુ બંને પ્રકારના ધર્મરત્ન મેળવી શકે તે વિષે. ... ... ... ૨૪૭
૧૦૬ ચાલતા વિષયનો ઉપસંહાર. ... ... ... ... ૨૪૯
૧૦૭ ધર્મરત્ન વિચારનારને અનંતર-પરંપર ફળ પ્રદર્શન. ... ૨૫૦
૧૦૮ પ્રશસ્તિ ... ... ... ... ... ... ૨૫૩

# શ્રી આત્માનંદ પ્રકાશ માસિકે આપેલી ભેટો.

| | | |
|---|---|---|
| ૧-૨ | શ્રી નવતત્વનો સુંદર બોધ. | ( ભાષાન્તર સાથે ) |
| ૩ | શ્રી જીવવિચારવૃત્તિ. | ( ,, ) |
| ૪ | શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. | ( જુદી જુદી હકીકતોનો સંગ્રહ ) |
| ૫ | શ્રી દંડકવિચારવૃત્તિ. | ( ભાષાન્તર સાથે ) |
| ૬ | શ્રી નયમાર્ગ દર્શક. | ( સાત નયનું સ્વરૂપ ) |
| ૭ | શ્રી મોક્ષપદસોપાન. | ( ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ ) |
| ૮ | શ્રી જૈન તત્ત્વસાર. | ( તત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ ) |
| ૯ | શ્રી શ્રાવક કલ્પતરૂ. | ( શ્રાવકના બારવૃતનું સ્વરૂપ. ) |
| ૧૦ | શ્રી ધ્યાનવિચાર. | ( ચાર ધ્યાનનું સ્વરૂપ. ) |
| ૧૧ | શ્રી જંબુસ્વામી ચરિત્ર. | ( અપૂર્વ ચરિત્ર ) |
| ૧૨ | શ્રી જૈન ગ્રંથ ગાઇડ. | ( શ્રી ગ્રંથ માર્ગદર્શક ભોમીયો ) |
| ૧૩ | શ્રી ચંપકમાલા ચરિત્ર. | ( અપૂર્વ સતી ચરિત્ર ) |
| ૧૪ | શ્રી અનુયોગદ્વાર સૂત્ર. | ( ભાષાન્તર સાથે ) |
| ૧૫ | શ્રી ગુરૂગુણમાળા અને સમયસાર પ્રકરણ | ( ,, ) |
| ૧૬ | શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. | ( અપૂર્વ અધ્યાત્મ ગ્રંથ ) |
| ૧૭ | શ્રી દેવભક્તિમાલા. | ( દેવભક્તિનું સ્વરૂપ ) |
| ૧૮ | શ્રી ઉપદેશસપ્તતિકા. | ( અનેક જૈન ઐતિહાસિક બાબતોથી ભરપૂર ) |
| ૧૯ | શ્રી સંબોધસપ્તતિકા. | ( તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ ) |
| ૨૦ | શ્રી સુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા. | ( અપૂર્વ કથાઓ ) |
| ૨૧-૨૨ | શ્રી આદર્શ જૈન સ્રીરત્નો. | ( સતી ચરિત્રો ) |
| ૨૩-૨૪ | શ્રી ધર્મરત્નપ્રકરણ. | ( ભાવ શ્રાવક તથા ભાવ સાધુનું સ્વરૂપ. ) |

॥ ॐ ॥

श्री पार्श्वनाथाय नमः ।

# ધર્મરત્ન પ્રકરણ

યાને

## શ્રાવકના એકવીશ ગુણનું અનેક કથાઓ સાથે વિવેચન.

સર્વજ્ઞ સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી, મંદ બુદ્ધિવાળા જનોને બોધ થવા માટે, આ ધર્મરત્ન પ્રકરણની સંક્ષેપથી સ્ફુટ અર્થ બતાવનારી ટીકાને હું (શાંતિસૂરિ) કરૂં છું.

આ સંસારમાં હેય ( ત્યાગ કરવા લાયક ) અને ઉપાદેય ( ગ્રહણ કરવા લાયક ) પદાર્થોના જ્ઞાનવડે શોભતા અસાર સંસારરૂપી અપાર સમુદ્રમાં પડેલા જંતુ સમૂહના નિરંતર દુઃખ સંતાપને જાણતા અને જન્મ, જરા, મરણ, રોગ, શોક વિગેરેના દુઃખથી તથા પરભવમાં દુર્ગતિની પ્રાપ્તિના ભયથી અત્યંત પીડા પામેલા ભવ્ય પ્રાણીએ સ્વર્ગ અને મોક્ષ વિગેરેની સુખસંપત્તિને પ્રાપ્ત કરવામાં સફળ

( અદ્વિતીય ) કારણરૂપ જિનધર્મરૂપી મહારત્ન ઉપાર્જન કરવું યોગ્ય છે. તે ઉપાર્જન કરવાનો ઉપાય ગુરૂના ઉપદેશ વિના જાણી શકાતો નથી અને ઉપાયમાં પ્રવૃત્તિ કર્યા વિના કોઇ પણ વાંછિત કાર્યની સિદ્ધિ થતી નથી, તેથી દયાવડે પવિત્ર અંતઃકરણવાળા આ પ્રકરણના કર્તા શ્રી શાંતિસૂરિ ધર્મના અર્થી જીવોને ધર્મ ગ્રહણ કરવાનો તથા તેને પાલન કરવાનો ઉપદેશ દેવાની ઇચ્છાથી શિષ્ટજનોના માર્ગને અનુસરી, પ્રથમ ઇષ્ટ દેવના નમસ્કારાદિકને પ્રતિપાદન કરવા માટે પહેલી ગાથા કહે છે.—

**नमिऊण सयलगुणरयणकुलहरं विमलकेवलं वीरं ।**
**धम्मरयणत्थियाणं, जणाण वियरेमि उवएसं ॥ १ ॥**

મૂલાર્થ—સમગ્ર ગુણરત્નોના કુળગૃહ સમાન અને નિર્મળ કેવળજ્ઞાનવાળા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરી, ધર્મરૂપી રત્નના અર્થી જનોને હું ઉપદેશ આપું છું.

ટીકાર્થ—આ ગાથામાં પહેલી અર્ધી ગાથાએ કરીને ઇષ્ટદેવના નમસ્કાર દ્વારા ભારે વિઘ્નની શાંતિ કરવા માટે મંગળ કહેલું છે, અને બીજી અર્ધી ગાથાએ કરીને આ ગ્રંથનું અભિધેય ( વાચ્ય-વક્તવ્ય ) કહ્યું છે, તથા સંબંધ અને પ્રયોજન તો સામર્થ્યથી જ આવી શકે છે. આ ગ્રંથનો સંબંધ ઉપાય ઉપેય અથવા સાધ્ય સાધન નામે છે. તેમાં આ પ્રકરણ ( ગ્રંથ ) ઉપાય અથવા સાધન કહેવાય છે, અને આ પ્રકરણના અર્થનું જે જ્ઞાન થાય તે સાધ્ય અથવા ઉપેય કહેવાય છે. તથા આ ગ્રંથનું પ્રયોજન બે પ્રકારનું છે. એક કર્તાનું અને બીજું શ્રોતાનું. આ બન્નેના અનંતર પ્રયોજન અને પરંપર પ્રયોજન એવા બે બે પ્રકાર છે. તેમાં આ ગ્રંથ ભણવાથી પ્રાણીઓનો જે કાંઇ ઉપકાર થાય તે કર્તાનું અનંતર પ્રયોજન છે, અને શ્રોતાને આ પ્રકરણના અર્થનું જ્ઞાન થાય તે શ્રોતાનું અનંતર પ્રયોજન છે, તેમજ

પરંપરાએ કરીને મોક્ષની પ્રાપ્તિ થાય એ આ બન્નેનું પરંપર પ્રયોજન છે.

હવે ગાથાની વ્યાખ્યા કરે છે. તેમાં વ્યાખ્યા કરવાનો વિધિ આ પ્રમાણે કહ્યો છે.—" સંહિતા ૧, પદ ૨, પદાર્થ ૩, પદવિગ્રહ ૪, ચાલના ( પ્રશ્ન ) ૫, અને પ્રત્યવસ્થાન ( ઉત્તર ) ૬, આ છ પ્રકારે ગ્રંથની વ્યાખ્યા કરવી જોઇએ. " તેમાં સ્ખલના રહિત વિગેરે ગુણવાળા સૂત્રનો જે ઉચ્ચાર કરવો તે સંહિતા કહેવાય છે. તે અહીં સ્પષ્ટ રીતે જ કહેવામાં આવી છે. ૧. પદ એટલે સૂત્રમાં જેટલાં પદો ( શબ્દો ) હોય તે છુટા પાડીને બતાવવા તે. તેથી તે પદો સંસ્કૃત ભાષામાં આ રીતે જૂદા પડે છે [1]**नत्वा** [2]**सकलगुणरत्नकुलगृहं** [3]**विमलकेवलं** [4]**वीरं** [5]**धर्मरत्नार्थिनां** [6]**जनानां** [7]**वितरामि** [8]**उपदेशं** આ પદો થયાં. ૨. હવે પદાર્થ એટલે પદના અર્થો આ રીતે છે.—[1]**नत्वा** એટલે નમસ્કાર કરીને, [2]સમગ્ર ગુણરૂપી રત્નોના કુળગૃહ ( નિવાસ સ્થાન ) રૂપ વીર ભગવાનને, અહીં ગુણ એટલે વસ્તુના ધર્મ, તે જો કે શુભ અને અશુભ બન્ને પ્રકારના કહેવાય છે; તોપણ અહીં શુભ જ જાણવા. કારણ કે અશુભ ગુણોનું રત્નપણું કહી શકાતું નથી. તે વિષે કહ્યું છે કે—" દરેક જાતિમાં જે જે ઉત્તમ હોય તે રત્ન કહેવાય છે. એમ વિવાદ રહિતપણે ઉત્તમ વિદ્વાનો કહે છે. " [3]વિમલ એટલે જ્ઞાનાવરણીય કર્મના એક પરમાણુના પણ સંબંધ રહિત કેવળ એટલે સંપૂર્ણ જ્ઞાન જેને છે તે. તથા [4]કર્મનું વિદારણ ( નાશ ) કરવાથી, તપવડે વિરાજમાન ( શોભતા ) હોવાથી અને ઉત્તમ વીર્યવડે યુક્ત હોવાથી જગતમાં જે વીર એવા નામે પ્રસિદ્ધ છે તેને, વીર શબ્દના અર્થ માટે કહ્યું છે કે—" કર્મને વિદારે છે, તપવડે વિરાજે છે અને તપના વીર્ય વડે યુક્ત છે, તેથી વીર એવા નામે પ્રસિદ્ધ છે. " તથા [5]દુર્ગતિમાં પડતા પ્રાણીઓને જે ધારણ કરી રાખે તે ધર્મ કહેવાય છે. તે વિષે કહ્યું છે કે—" જે સારી રીતે ( વિધિ પ્રમાણે ) આચરણ કરવાથી દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખે છે, તેથી તે ધર્મ કહેવાય છે.

તે ધર્મજ સમગ્ર અનર્થોનો નાશ કરવામાં હેતુભૂત હોવાથી તથા કલ્યાણના સમૂહને કરનાર હોવાથી રત્નરૂપ છે. તે ધર્મરત્નની જેઓ પ્રાર્થના કરે તેઓ ધર્મરત્નના અર્થીઓ કહેવાય છે. આવા ધર્મરત્નના અર્થી [૬]જનોને-લોકોને હું [૭]આપું છું. શું આપું છું ? કે જે ઉપદેશ કરાય તે ઉપદેશ [૮]કહેવાય છે. એટલે હિતની પ્રવૃત્તિનો હેતુરૂપ વચનનો વિસ્તાર, તેને હું કરૂં છું. વર્તમાન તીર્થના સ્વામી શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરી ધર્માર્થી જનોને હું ઉપદેશ આપું છું. આ પદોની ઘટના થઇ. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે.—પૂર્વકાળને ( ભૂતકાળને ) જણાવનાર, ઉત્તર ( પછીની ) ક્રિયાનું આકર્ષણ કરનાર અને સ્યાદ્વાદરૂપી સિંહનાદનો સંવાદ કરનાર **नत्वा** ( નમીને ) એ પદે કરીને એકાંત નિત્ય વસ્તુને માનનાર તથા એકાંત ક્ષણિક વસ્તુને માનનાર વાદીરૂપી મૃગલાઓનું મુખ બંધ કરાય છે. કારણ કે એકાંત નિત્ય અથવા એકાંત ક્ષણિક ( અનિત્ય ) કર્તા બે ક્રિયા કરવાને સમર્થ થઇ શકતો નથી. કેમકે ક્રિયાનો ભેદ હોવાથી કર્તાનો પણ ભેદ હોય છે. તેથી કરીને બીજી ક્રિયા કરતી વખતે કર્તાના અનિત્યપણાનો અને અભાવપણાનો પ્રસંગ આવવાથી બન્ને મતનો પરાભવ થાય છે. ( એટલે કે જો આત્મા એકાંત નિત્ય હોય તો એકીવખતે સર્વ ક્રિયાઓ થઇ જવી જોઇએ, નહીં તો તે બીજી ક્રિયા કરતી વખતે અનિત્ય થશે. અને જો આત્મા એકાંત ક્ષણિક હોય તો પહેલા ક્ષણની ક્રિયા કરનાર આત્માનો નાશ થયો, તે બીજી ક્રિયા શી રીતે કરી શકે ? ) ' **सकलगुणरत्नकुलगृहं** '—' સમગ્ર ગુણરત્નોના કુલગૃહરૂપ ' આ પદે કરીને સમસ્ત સુર, અસુર અને મનુષ્યના નાયકોને વિષે પણ ભગવાનનું પ્રધાનપણું-મુખ્યપણું કહ્યું. ( અર્થાત્ તે સર્વેથી પ્રભુ શ્રેષ્ઠ છે. ) કેમકે તે સુરાદિકમાં કોઇને કોઇક પણ ગુણ નહીં હોવાથી સકલ શબ્દની પ્રવૃત્તિ લાગુ પડતી નથી. તથા ' **विमलकेवलं** '—' નિર્મળ કેવળ જ્ઞાનવાળા ' આ પદે કરીને ભગવાન જ્ઞાનના અતિશયથી યુક્ત છે અને સત્ય અર્થને કહેનાર છે એમ કહ્યું. કેમકે તે

કેવળજ્ઞાન વિના સૂક્ષ્મ, બાદર, મૂર્ત, અમૂર્ત, વિગેરે પદાર્થો કહી શકાય નહીં. તથા '**धर्मरत्नार्थिभ्यः**'—ધર્મ રૂપી રત્નના અર્થીઓને ' આ પદે કરીને શ્રવણ કરવાના અધિકારીઓ ( શ્રોતાઓ ) નું મુખ્ય લિંગ ( ચિન્હ ) અર્થિપણું જ છે ( એટલે કે શ્રોતાઓએ પ્રથમ તો ધર્મરત્નના [1]અર્થી થવું જોઇએ. ) એમ કહ્યું. તેને માટે વૃદ્ધોએ કહ્યું છે કે—" તેમાં ( ઉપદેશ સાંભળવામાં ) જે સૂત્રમાં કહેલા દોષવાળો ન હોય, તે અધિકારી અર્થી અને સમર્થ કહેવાય છે. તથા જે વિનયવાળો, ગુરૂપાસે પ્રાપ્ત થયેલો અને ધર્મને પૂછનાર હોય તે અર્થી કહેવાય છે.

'**जनानां** ( **जनेभ्यः** ) '—' માણસોને ' એ બહુવચનવાળું પદ કહેવાથી આ પ્રમાણે જણાવ્યું છે કે—એક રાજાદિક મોટા પુરૂષને આશ્રીને જ ઉપદેશ દેવા પ્રવર્તવું નહીં, પરંતુ સામાન્યે કરીને સર્વ પ્રાણીઓને સાધારણપણે જિનાગમને અનુસારે ઉપદેશ કરવો. તેને માટે કહ્યું છે કે—" જે પ્રમાણે પૂર્ણ ( રાજાદિક )ને ઉપદેશ દેવો તેજ પ્રમાણે તુચ્છ ( ગરીબ ) ને પણ દેવો. અને જે પ્રમાણે તુચ્છને દેવો તેજ પ્રમાણે પૂર્ણને પણ દેવો. '**वितरामि उपदेशं**'—' હું ઉપદેશ આપું છું. " આમ કહેવાનો અભિપ્રાય એ છે જે—હું બુદ્ધિના ગર્વથી કે બીજાનો પરાભવ કરવાની ઇચ્છાથી કે કાંઇ પણ ( ધનાદિક ) ઉપાર્જન કરવાના હેતુથી ઉપદેશમાં પ્રવર્તતો નથી ( ઉપદેશ દેતો નથી ). પરંતુ શી રીતે આ પ્રાણીઓ સદ્ધર્મ માર્ગને પામીને સાદિ અનંત મોક્ષસુખ મેળવે ? એ પ્રમાણે બીજાઓ ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી ઉપદેશ આપું છું, તેમજ પોતાના આત્માના ઉપકારને માટે પણ આપું છું, તે વિષે પૂર્વના આચાર્યોએ કહ્યું છે કે—" જે શુદ્ધ માર્ગનો ઉપદેશ કરીને પ્રાણીઓના ઉપર અનુગ્રહ કરે છે, તેણે પોતાના આત્મા ઉપર પણ મોટો અનુગ્રહ કર્યો એમ જાણવું. " વળી બીજું પણ કહ્યું છે કે—" હિતોપદેશનું શ્રવણ કરવાથી સર્વ શ્રોતા-

---

[1] પ્રયોજનવાળા.

ઓને એકાંતપણે ધર્મ પ્રાપ્ત થાય જ છે, એવો કાંઇ ચોકસ નિયમ નથી. પરંતુ અનુગ્રહની બુદ્ધિથી ઉપદેશ કરનાર વકતાને તો એકાંતપણે ધર્મ થાય છે જ. ” આ પ્રમાણે ભાવાર્થ સહિત પદોનો અર્થ કહ્યો. ૩. ચોથો પદનો વિગ્રહ. તે તો સમાસાદિક પદોને વિષે દેખાડી દીધો જ છે, તેથી જુદો દેખાડતા નથી. ૪. હવે ચાલના, તે આ પ્રમાણે—કોઇ શંકા કરે કે – મૂળ ગાથામાં ‘ **सकलगुणरत्नकुलगृहं** ’ એ પદ કહ્યું છે માટે ‘ **विमलकेवलं** ’ આ પદ કહેવાની કાંઇ પણ જરૂર નથી. કારણ કે કેવળજ્ઞાન પણ ગુણ હોવાથી સમગ્રગુણમાં તેનો સમાવેશ થઇ જાય છે. કેમકે સમગ્ર શબ્દ સર્વ ગુણોનો સંગ્રહ કરે છે. ૫. આ પ્રશ્ન ઉપર પ્રત્યવસ્થાન ( ઉત્તર ) આપે છે.—સર્વ ગુણોમાં કેવળજ્ઞાનરૂપ ગુણનું પ્રધાનપણું જણાવવા માટે તેનું જુદું ગ્રહણ કર્યું છે. કેમકે આ કેવળજ્ઞાન રૂપી ગુણ હોવાથી અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે સર્વ ગુણોમાં આ ગુણ પ્રધાન છે, તેથી તેને જુદો પાડીને કહ્યો છે. આવો ન્યાય લોકમાં પણ જોવામાં આવે છે. જેમકે “ સર્વે બ્રાહ્મણો આવ્યા છે, અને વશિષ્ઠ પણ આવ્યા છે. ” ( અહીં વશિષ્ઠ પોતે બ્રાહ્મણ હોવાથી સર્વ બ્રાહ્મણોમાં જ તેનો સમાવેશ થઇ શકે છે, તો પણ વશિષ્ઠ સર્વમાં મુખ્ય હોવાથી તેનું નામ દઇને જુદું કહ્યું. ) આ પ્રમાણે પહેલી ગાથાનો અર્થ પૂર્ણ થયો.

‘ હું ઉપદેશ આપું છું ’ એમ જે પ્રતિજ્ઞા કરી, તેનેજ કહેવાની ઇચ્છાથી ગ્રંથકાર પ્રસ્તાવના કરે છે.—

**भवजलहिम्मि अपारे, दुलहं मणुयत्तणं पि जंतूणं ।**
**तत्थ वि अणत्थहरणं, दुलहं सद्धम्मवररयणं ॥ २ ॥**

મૂલાર્થ—અપાર ભવસાગરમાં ભ્રમણ કરતા પ્રાણીઓને પ્રથમ મનુષ્યપણું પામવું એ પણ દુર્લભ છે. તેમાં પણ અનર્થને દૂર કરનાર સદ્ધર્મરૂપી શ્રેષ્ઠ રત્ન પામવું એ તો અતિ દુર્લભ છે. ૨.

ટીકાર્થ—જેને વિષે પ્રાણીઓ, નારકી, તીર્યંચ, મનુષ્ય અને

દેવરૂપે ઉત્પન્ન થાય તે ' ભવ ' એટલે સંસાર કહેવાય છે. તે ભવ જ જન્મ, જરા અને મરણાદિક રૂપ જળને ધારણ કરવાથી સમુદ્રરૂપ છે. તે અનાદિ અનંત હોવાથી ' અપાર ' એટલે છેડા રહિત છે, તેમાં '**बंभ्रम्यमाणानां**' એ પદ અધ્યાહાર હોવાથી ભ્રમણ કરતા જંતુઓને મનુજત્વ પણ—મનુષ્યપણું પણ દુર્લભ છે—મળવું મુશ્કેલ છે. તો પછી આર્યદેશ, ઉત્તમ કુળ અને શરીરની આરોગ્યતા વિગેરે દુર્લભ હોય તેમાં શું કહેવું ? એ ' **अपि** '-' પણ ' શબ્દનું તાત્પર્ય છે. આ દુર્લભતા વિષે ભગવાન શ્રી વર્ધમાન સ્વામીએ અષ્ટાપદથી આવેલા મુનિ શ્રી ગૌતમને કહ્યું છે કે-" હે ગૌતમ ! કર્મનો વિપાક ગાઢ હોવાથી સર્વ પ્રાણિઓને ચિરકાળ સુધી પણ ભવમાં ભ્રમણ કરતાં મનુષ્યપણું પામવું ઘણું દુર્લભ છે. તેથી એક સમય માત્ર પણ પ્રમાદ કરવો ઉચિત નથી." આવું (દુર્લભ) મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ '**अनर्थहरणं**'—જે દારિદ્રય અને તુચ્છ ઉપદ્રવો વિગેરે કષ્ટો કોઇ પણ પ્રાણીથી પ્રાર્થના કરાતા નથી એટલે ઇચ્છાતા નથી, તે કષ્ટો જેનાથી હરણ કરાય-નાશ કરાય તે અનર્થહરણ-અનર્થને દૂર કરનાર સદ્ધર્મ રૂપી શ્રેષ્ઠ રત્ન દુર્લભ-દુઃખે મળે તેવું છે. સત્ એટલે સારો; ધર્મ એટલે સમકિત દર્શનાદિરૂપ, તે જ વર એટલે પ્રધાન, રત્ન સમાન છે, કારણ કે તે સમગ્ર કષ્ટનો નાશ કરનાર છે. કહ્યું છે કે—મનુષ્યભવ, કર્મ ભૂમિ, આર્યદેશ, ઉચ્ચકુળ, દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ, ધર્મ શ્રવણ કરવાની શ્રદ્ધા, કથક ( સદ્ગુરૂનો યોગ ) અને ધર્મનું શ્રવણ કરવું, આટલી સામગ્રી મળ્યા છતાં પણ બોધિ ( સમકિત ) ની પ્રાપ્તિ દુલભ છે. ૨.

ઉપરના અર્થને જ દૃષ્ટાંત સહિત વધારે સ્પષ્ટ કરે છે—

**जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।**
**गुणविभववज्जियाणं, जियाण तह धम्मरयणं पि ॥ ३ ॥**

મૂલાર્થ—જેમ અલ્પ ધનવાળાને ચિંતામણિ રત્ન સુલભ

ન હોય. તેમ ગુણરૂપી ધનવડે રહિત જીવોને ધર્મરૂપી રત્ન પણ સુલભ નથી.

ટીકાર્થ—' **यथा** ' શબ્દ દૃષ્ટાંતને માટે છે. એટલે જે પ્રકારે પ્રસિદ્ધ એવું ચિંતામણિ રત્ન સુલભ-સુખે પામી શકાય તેવું **नैव**-નથી જ. કોને ? તુચ્છ વિભવવાળાને—અલ્પ ધનવાળાને સુલભ નથી; કારણ કે તે રત્નના મૂલ્ય જેટલો પોતાનો વૈભવ[1] નથી, તે જ પ્રકારે આગળ કહેવાશે તેવા ગુણોનું જે વિશેષે કરીને હોવું તે **गुण-विभव** કહેવાય છે અથવા ગુણોરૂપી જે વિભવ-વિભૂતિ તે **गुणविभव** કહેવાય છે, તેણે કરીને વર્જિત-રહિત એવા, **जियाणं** અહીં પ્રાકૃત શૈલીથી **जि** દીર્ઘને સ્થાને હ્રસ્વ થયો છે. **जीवानां** એટલે પંચેંદ્રિય જીવોને ધર્મરત્ન સુલભ નથી. જીવ શબ્દના અર્થ માટે કહ્યું છે કે —" દ્વીંદ્રિય ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયો પ્રાણ કહેવાય છે, વનસ્પતિઓ ભૂત કહેવાય છે, પંચેંદ્રિયો જીવ કહેવાય છે, અને બીજા સત્ત્વ કહેલા છે. " ગાથાને છેડે **अपि** શબ્દ કહેલો છે, તેનો અહીં સંબંધ કરવાથી તેનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો—વિકલેંદ્રિયોને તો ધર્મપ્રાપ્તિ છે જ નહીં અને પંચેંદ્રિય જીવો તેની યોગ્યતાના હેતુરૂપ ગુણોની સામગ્રી રહિત હોય તો તેમને પણ ધર્મરૂપી રત્ન સુલભ નથી. એવો સંબંધ કરવો. ૩.

કેટલા ગુણવાળો જીવ તે ધર્મની પ્રાપ્તિને યોગ્ય હોય ? એવા પ્રશ્નની શંકા કરીને કહે છે—

**इगवीसगुणसमेश्रो, जोग्गो एयस्स जिणमए भणिश्रो ।**
**तदुवज्जणम्मि पढमं, ता जइयव्वं जश्रो भणियं ॥ ४ ॥**

મૂલાર્થ—એકવીશ ગુણવાળો જીવ આ ધર્મરત્નને યોગ્ય છે. એમ જિનમતને વિષે કહેલું છે. તેથી તેને ઉપાર્જન કરવામાં

---

૧ પુણ્યરૂપી વૈભવ સમજવો. ૨ **जुग्गो** પાઠાન્તર.

જ પ્રથમ યત્ન કરવો જોઇએ. કારણકે તે વિષે (પૂર્વાચાર્યોએ) કહ્યું છે.

ટીકાર્થ—આગળ કહેવામાં આવશે એવા એકવીશ ગુણોએ કરીને યુક્ત, બીજી વાચનામાં **समेतः** ને બદલે **समृद्धः** છે, એટલે સંપૂર્ણ અથવા **समिद्धः** એટલે દેદીપ્યમાન એવો જીવ **योग्य**-ઉચિત. શેને ? **एतस्य** આ પ્રસ્તાવ કરેલા ધર્મરત્નને. **जिनमते**-અરિહંતના શાસનમાં **भणितः** કહેલો છે, કોણે ? '**तदभिज्ञैः**' 'જિનમતને જાણનારાઓએ' આ પદ અધ્યાહારથી જાણવું તેથી કરીને શું કરવું? તે માટે કહે છે કે-**तदुवज्जणम्मि**-તે ગુણોને ઉપાર્જન કરવા માટે, **प्रथम** પહેલાં, **तस्मात्**- તે હેતુથી, **यतितव्यं** ઉદ્યમ કરવો જોઇએ. અહીં ભાવાર્થ એ છે જે-જેમ પ્રાસાદ બનાવવાના અર્થીએ હાડકાં વિગેરે શલ્ય દૂર કરી પીઠ (પાયો) બાંધવા વિગેરેના કાર્યમાં આદર કરવો જોઇએ. કેમકે તેમ કર્યા વિના સુંદર-દ્રઢ પ્રાસાદ બની શકે નહીં તેમ ધર્મના અર્થીઓએ આ ગુણો સારી રીતે ઉપાર્જન કરવા જોઇએ. કારણકે વિશિષ્ટ પ્રકારના ધર્મની પ્રાપ્તિ તે ગુણોનેજ આધિન છે. **यतः** જેથી કરીને **भणितं** કહ્યું છે. **पूर्वाचार्यैः** પૂર્વના આચાર્યોએ આ પદનો અધ્યાહાર જાણવો. ૪

## પૂર્વાચાર્યોએ જે કહ્યું છે, તેજ કહે છે--

**धम्मरयणस्स जोगो, अक्खुद्दो[1] रूववं[2] पयइसोमो[3] ।**
**लोगप्पिओ[4] अकूरो[5], भीरू[6] असढो[7] सुदक्खिन्नो[8] ॥ ५ ॥**
**लज्जालुओ[9] दयालू[10], मज्झत्थो— सोमदिट्ठि[11] गुणरागी[12] ।**
**सक्कह[13] सुपक्खजुत्तो[14] सुदीहदरिसी[15] विसेसन्नू[16] ॥ ६ ॥**
**वुड्ढाणुगो[17] विणीओ[18] कयन्नुओ[19] परहियत्थकारी[20] य ।**
**तह चेव लद्धलक्खो[21], इगवीसगुणेहिं संपन्नो ॥ ७ ॥**

મૂલાર્થ—આ એકવીશ ગુણોએ કરીને જે યુક્ત હોય તે ધર્મરત્નને યોગ્ય છે. તે ગુણો આ પ્રમાણે—અક્ષુદ્ર ૧, રૂપવાન ૨, પ્રકૃતિ વડે સૌમ્ય ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, ભીરૂ ૬, અશઠ ૭, દાક્ષિણ્યતાવાળો ૮, લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો ૧૧, ગુણનો રાગી ૧૨, સારી કથા કરવાવાળો ૧૩, સારા ( કુટુંબના ) પક્ષવાળો ૧૪, દીર્ઘદૃષ્ટિવાળો ૧૫, વિશેષ જાણનાર ૧૬, વૃદ્ધને અનુસરનાર ૧૭, વિનયવાળો ૧૮, કૃતજ્ઞ ૧૯, પરના હિતને કરનાર ૨૦ અને લક્ષ્યને પામેલો–ચકોર ૨૧.

ટીકાર્થ—પૂર્વસૂરિની કરેલી આ ત્રણ ગાથાનો અર્થ આ પ્રમાણે છે–ધર્મોને મધ્યે જે રત્ન જેવો છે તે ધર્મરત્ન એટલે જિનેશ્વરે કહેલો દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ સદાચાર, તેને યોગ્ય એટલે ઉચિત, **भवति** થાય છે. આ પદનો અધ્યાહાર જાણવો, **एकविंशतिभिर्गुणैः संपन्नः**–એકવીશ ગુણોએ કરીને યુક્ત એ છેલ્લા પદની સાથે સંબંધ કરવો. તેજ ગુણોને કહેવા માટે ' ગુણ અને ગુણીનો કથંચિત અભેદ છે ' એ ન્યાયને બતાવવા માટે ગુણીને દેખાડવાપૂર્વક ગુણોને કહે છે. અક્ષુદ્ર, આ પદનો અર્થ આગળ કહેશે ૧, તથા રૂપવાન-પ્રશસ્ત રૂપવાળો અહીં **वत्** પ્રત્યયનો અર્થ પ્રશંસારૂપ થાય છે, કેવળ રૂપ માત્ર જ કહેવું હોય તો **इन्** પ્રત્યય જોવામાં આવે છે, જેમકે ' **रूपिणः पुद्गलाः** ' ' **प्रोक्ताः** '– ' પુદ્ગલો રૂપવાળા કહ્યા છે.' ૨, તથા પ્રકૃતિવડે-સ્વભાવવડે સૌમ્ય-પ્રશાંત ચિત્તવાળો હોવાથી સુંદર સ્વભાવવાળો ૩, સદાચારનું આચરણ કરવાથી લોકોને પ્રિય ૪, પરના દોષ જોવા એ વિગેરે ક્રૂર સ્વભાવ નહીં હોવાથી અક્રૂર ૫, ત્રાસ પામવાનો સ્વભાવ હોવાથી આ લોક અને પરલોકના કષ્ટથી ભય પામનાર ૬, સાચી ક્રિયા વિધિપૂર્વક કરવાથી અશઠ–શઠતા રહિત ૭, કોઇની પ્રાર્થનાનો સત્કાર કરવાથી દાક્ષિણ્યતાવાળો ૮, પાપ કરવામાં શંકિત હોવાથી લજ્જાળુ ૯, ચિત્તમાં દયા હોવાથી દયાળુ ૧૦, **मज्झत्थोसोमदिट्ठि** એ આખું એકજ પદ જાણવું. પ્રાકૃત હોવાથી **मज्झत्थो** અહીં વિભક્તિનો લોપ થયો નથી. તેથી કરીને મધ્યસ્થ

એટલે રાગદ્વેષ રહિત અને સૌમ્ય એટલે ક્રૂરતા રહિત જેની દૃષ્ટિ હોય તે મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિવાળો કહેવાય છે, કેમકે તે યથાર્થ વસ્તુ તત્વને જોનાર હોય છે ૧૧, લઘુકર્મીને લીધે ગુણોને વિષે બહુમાનવાળો હોવાથી ગુણનો રાગી ૧૨, સત્કથ એટલે સદાચારનું આચરણ કરનાર હોવાથી દુષ્ટ આચરવું, સાંભળવું કે કહેવું, તેને વિષે રૂચીવાળો નહીં તે ૧૩, સુપક્ષયુક્ત સારા પરિવારવાળો અર્થાત્ ધર્મમાં વિરોધ ન કરે તેવા બંધુ અને પરિવારવાળો ૧૪, સુદીર્ઘદર્શી-બુદ્ધિમાન હોવાથી વિચાર કરીને જેનું પરિણામ સુંદર હોય એવા કાર્યને કરનાર ૧૫, વિશેષજ્ઞ—સત્ અને અસત્ વસ્તુને જાણનાર, પરંતુ રાગદ્વેષવડે મૂઢ થવાથી અથવા કોઈએ પ્રથમથી ભરમાવેલો હોવાથી અંગીકાર કરેલા કદાગ્રહમાં જ મનને તલ્લીન કરનારો ન હોય ૧૬, વૃદ્ધાનુગ—જેની બુદ્ધિ પરિણામ પામેલી હોય—પરિપકવ થયેલી હોય તેવા પુરૂષના વિચારને અનુસરનાર ૧૭, વિનીત—ગુરૂજનની ભક્તિ કરનાર ૧૮, કૃતજ્ઞ-કોઇએ આ લોક અથવા પરલોક સંબંધી થોડો પણ ઉપકાર કર્યો હોય તેને જાણનાર, પણ ભૂલી ન જનાર ૧૯, પરહિતાર્થકારી પ્રત્યુપકારની આશા રાખ્યા વિના બીજાના હિતકારક કાર્યો સાધી દેવાના સ્વભાવવાળો. અહીં કોઇ શંકા કરે કે—દાક્ષિણ્યતાના ગુણમાં અને આ ગુણમાં તફાવત શો છે? તેનો જવાબ એ છે જે—દાક્ષિણ્ય ગુણવાળો પુરૂષ અન્યની પ્રાર્થના વડેજ પરોપકાર કરે છે, અને આ તો સ્વભાવથી જ પોતાની મેળે પરનું હિત કરવામાં પ્રીતિવાળો હોય છે. ૨૦, **तह चेव** અહીં **तथा** શબ્દ પ્રકાર અર્થવાળો છે, **च** શબ્દનો અર્થ સમુચ્ચય-સમૂહ છે, અને **एव** નો અર્થ અવધારણ-નિશ્ચયવાળો છે, તેથી કરીને તેનો અર્થ આ રીતે કરવો. જેમ આ વીશ ગુણો છે તે જ પ્રકારે વળી લબ્ધલક્ષ્ય ગુણવાળો પણ ધર્મનો અધિકારી છે. એ પ્રમાણે પદની યોજના કરવી. તે પદનો અર્થ આ પ્રમાણે-જેણે લક્ષ્ય કરવા લાયક ( ઓળખવા લાયક ) ધર્મક્રિયાનો વ્યવહાર પ્રાપ્ત કર્યો છે તે લબ્ધલક્ષ્ય કહેવાય

છે અર્થાત્ આવા ગુણવાળા પુરૂષને સુખે કરીને શીખવી શકાય છે-ધર્મોપદેશ આપી શકાય છે ૨૧. આ એકવીશ ગુણોએ કરીને યુક્ત પુરૂષ ધર્મરત્નને યોગ્ય છે, એમ પૂર્વે કહ્યું જ છે. આ પ્રમાણે ત્રણ દ્વારગાથાનો શબ્દાર્થ થયો. ૫-૬-૭

આ ત્રણ ગાથાનો ભાવાર્થ પ્રકરણકાર પોતેજ કહે છે.

**खुद्दो त्ति अगंभीरो, उताणमई न साहए धम्मं ।**
**सपरोवयारसत्तो, अक्खुद्दो तेण इह जोग्गो ॥ ८ ॥**

મૂલાર્થ—ક્ષુદ્ર એટલે ગંભીરતા રહિત, તે બુદ્ધિની નિપુણતા રહિત હોય તેથી ધર્મ સાધી શકતો નથી, તેથી કરીને અક્ષુદ્ર એટલે સ્વપરનો ઉપકાર કરવામાં શક્તિમાન જે હોય તે અહીં યોગ્ય છે.

ટીકાર્થ—અહીં જો કે ક્ષુદ્ર શબ્દના ઘણા અર્થો છે, તે આ પ્રમાણે-ક્ષુદ્ર એટલે તુચ્છ, ક્ષુદ્ર, એટલે ક્રૂર, ક્ષુદ્ર એટલે દરિદ્ર, ક્ષુદ્ર એટલે લઘુ ( નાનો ) વિગેરે તો પણ આ ઠેકાણે ક્ષુદ્રનો અર્થ તુચ્છ લઇને અગંભીર લેવાનો છે. તે વળી ઉત્તાનમતિ–અનિપુણ બુદ્ધિવાળો હોવાથી ધર્મને સાધી શકતો નથી–આરાધી શકતો નથી. કેમકે ધર્મને સૂક્ષ્મબુદ્ધિવાળો જ સાધી શકે છે. તે વિષે કહ્યું છે કે-" ધર્મના અર્થી મનુષ્યોએ નિરંતર સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મ જાણવો જોઇએ. અન્યથા-નહીં તો ધર્મની બુદ્ધિથીજ તે ધર્મનો વિનાશ પ્રાપ્ત થાય છે. જેમ કોઇએ માંદા સાધુને હું ઔષધ આપીશ એવો અભિગ્રહ લીધો. પછી કોઇ માંદો સાધુ નહી મળવાથી તે છેવટ શોક કરવા લાગ્યો કે—" અહો ! મેં ઘણો ઉત્તમ અભિગ્રહ ગ્રહણ કર્યો, પરંતુ કોઇ ઠેકાણે કોઇ માંદો થયો નહી, માટે હું અધન્ય છું, મારૂં વાંછિત સિદ્ધ ન થયું. એ મહા કષ્ટની વાત છે." આ પ્રમાણે સાધુઓનું માંદગીપણું ઇચ્છીને જે અભિગ્રહ-નિયમ લેવો, તે તત્ત્વથી દોષ છે, એમ મહાત્માઓએ જાણવું." આ ક્ષુદ્રથી જે વિપરીત હોય એટલે પોતાના અને પરના ઉપકાર કરવામાં શક્ત-સમર્થ હોય તે અક્ષુદ્ર એટલે

સૂક્ષ્મ દૃષ્ટિવાળો-સારી રીતે વિચાર કરીને કાર્ય કરનારો કહેવાય છે. તે જ આ ધર્મને ગ્રહણ કરવામાં યોગ્ય-અધિકારી છે. આ ઉપર નારદ અને પર્વતકનું દૃષ્ટાંત છે.

## નારદ અને પર્વતકની કથા.

ચેદી નામના દેશના અલંકારરૂપ શુક્તિમતી નામની નગરીમાં સ્વભાવે કરીને જ પાપથી ભય પામનાર, સરળ અને નિર્મળ હૃદયવાળો તથા વેદ અને વેદાંતના તત્ત્વને જાણનાર ક્ષીરકદંબક નામે બ્રાહ્મણ રહેતો હતો. તેની પાસે પોતાનો પર્વતક નામનો પુત્ર, અન્ય સ્થાનથી આવેલો નારદ નામનો ધર્મપુત્ર અને વસુ નામનો રાજાનો પુત્ર; એ ત્રણ મોટી ( સૂક્ષ્મ ) બુદ્ધિવાળા તથા બીજા પણ તથા પ્રકારના બ્રાહ્મણાદિકના પુત્રો ભણતા હતા. એકદા તેને ઘેર ગોચરીએ નીકળેલા બે સાધુઓ આવ્યા. ત્યાં તે ત્રણ વિદ્યાર્થીઓને જોઇ અતિશાયી જ્ઞાનવાળા એક સાધુએ બીજા સાધુને કહ્યું કે-“ આ ત્રણ છાત્રોમાંથી બે નરક ગતિને પામશે, અને એક સ્વર્ગે જશે. ” આ તેમનું વચન ભીંતની ઓથે રહેલા ક્ષીરકદંબકે સાંભળી વિચાર્યું કે-“ આ મહા ભાગ્યવાન મુનિઓ વીતરાગના માર્ગને અનુસરનારા હોવાથી અન્યથા-અસત્ય બોલતા નથી. તેમાં રાજપુત્ર નરકે જાય, તે તો સંભવે છે, પરંતુ બીજા બેમાંથી કોણ અધર્મને કરનાર સંભવે છે? તો આ બન્નેની હું પરીક્ષા કરૂં. ત્યારપછી જેમ યોગ્ય હશે તેમ કરીશ. કારણ કે સ્મૃતિઓમાં કહ્યું છે કે-“ ભાર્યા પાપ કરે, તો તે તેના પતિને લાગે છે, શિષ્યનું પાપ ગુરૂને લાગે છે, દેશની પ્રજાએ કરેલું પાપ તેના રાજાને લાગે છે અને રાજાનું પાપ તેના પુરોહિતને લાગે છે. ” આ પ્રમાણે વિચારીને તેણે કૃષ્ણ ચતુર્દશીની રાત્રિએ લાખનો એક કૃત્રિમ બકરો બનાવી નારદને આપ્યો, અને તેને કહ્યું કે—“ હે વત્સ, આ બકરો મેં મંત્રે કરીને ચેતના રહિત કર્યો છે, તો પણ જ્યાં કોઇ દેખે નહીં ત્યાં જઇને આને હણી લાવ. બીજા કોઇને

કહેવું પણ નહિ, કારણ કે એનો એવોજ વિધિ છે. ” એ સાંભળી ‘ ગુરૂની આજ્ઞા અલંઘ્ય છે. ’ એમ જાણી તે બકરો લઇ એક શૂન્ય ( નિર્જન ) શેરીમાં ગયો. ‘ અહીં કોઇ જુએ છે કે નહીં ? ’ એમ નિપુણતાથી તે જોવા લાગ્યો, તો ઉપર આકાશમાં તારામંડળ જોયું. તેથી ‘ અરે ! અહીં તો મને દેખે છે. ’ એમ જાણી સંભ્રાંત થઇ કોઈ યક્ષના દેરામાં પેઠો. ‘ અહી પણ યક્ષ દેખે છે. ’ એમ ધારી કોઈ શૂન્ય ઘરમાં ગયો ત્યાં પણ “ પાંચ લોકપાળ અને દિવ્યજ્ઞાનીઓ જુએ છે. એઓ કોઇ પણ ઠેકાણે જોતા ન હોય એવું તો કોઇપણ સ્થાન નથી. તેથી ખરેખર આ હણવા યોગ્ય નથી, એવો જ ગુરૂનો આદેશ છે. કારણ કે ગુરૂ મહા દયાળુ છે. આવું કાર્ય કરેજ નહીં. ” આ પ્રમાણે વિચારી મનમાં નિશ્ચય કરી તે હર્ષિત મુખે ગુરૂની પાસે ગયો, અને તેણે તેને પોતાની વાર્ત્તા નિવેદન કરી. તે સાંભળી ઉપાધ્યાયે વિચાર્યું કે–“ આ તો સુક્ષ્મ બુદ્ધિવાળો જ છે, તેથી તે દુર્ગતિમાં જશે નહીં. તો શું મારો જ પુત્ર દુર્ગતિમાં જશે ? અથવા તેની પણ પરીક્ષા કરૂં. ” એમ નિશ્ચય કરી તેજ વિધિ પ્રમાણે પર્વતકને મોકલ્યો. તે શૂન્ય શેરીમાં ગયો. ‘ અહીં કોઇ જોતું નથી ’ એમ જાણી તે બકરાને હણીને તે ઘેર આવ્યો. માતા પાસે હાથ પગ ધોવા પાણી માગ્યું, ત્યારે ઉપાધ્યાયે કહ્યું ‘ અરે ! શું છે ? ’ તેણે જવાબ આપ્યો–“ તેમાંથી ઘણો રૂધિરનો પ્રવાહ નીકળ્યો, તેથી મારૂં શરીર ખરડાયું છે. ” ઉપાધ્યાયે પૂછ્યું–“ કયાં તેં એને હણ્યો ? અને કોઇએ તને કેમ ન દીઠો ? ” તેણે કહ્યું–“ શેરી શૂન્ય હતી, અંધકાર પણ ઘણો હતો, અને લોકનો સંચાર પણ નહોતો; તેથી મને કોઇએ દીઠો નથી. ” તે સાંભળી ઉપાધ્યાયે કહ્યું–“ ઉપર આકાશમાં રહેલા નક્ષત્રોએ, પાંચ લોકપાળોએ, દિવ્ય જ્ઞાનીઓએ અને તારી પાંચ ઇંદ્રિયોએ શું તને જોયો નથી ? ” તે બોલ્યો–“ અમે તો કાંઇ એટલું બધું નથી જાણતા. તો મને શા માટે ફોગટ મોકલ્યો ? ” તે સાંભળી ઉપાધ્યાયે વિચાર્યું કે–“ અહો ! આ નિર્દય છે. પાપકર્મ કરતાં શંકા પામતો નથી. તેથી

તે નિશ્ચે નરકગામી થશે. પરંતુ હું શી રીતે આ પાપના લેપથી મૂકાઇશ?" આ પ્રમાણે ચિંતા કરતા તેણે જેમ તેમ મહાકષ્ટથી રાત્રિ નિર્ગમન કરી. પછી પ્રાત:કાળે તેજ મુનિઓની શોધ કરતો તે ઉદ્યાનમાં ગયો. ત્યાં તે મુનિઓને જોઇ તેમને નમસ્કાર કરી તેણે પૂછયું કે-"હે ભગવાન! ઘરના કુટુંબમાંથી કોઇ પણ માણસ જો અન્યાયમાં પ્રવર્તે તો ઘરનો સ્વામી તે કર્મથી બંધાય કે નહીં?" સાધુએ કહ્યું-"જો કોઇ અગ્નિથી સળગાવેલો તૃણનો પૂળો હાથમાં રાખે તો તે દાઝે કે નહીં?" બ્રાહ્મણે કહ્યું-'હા, દાઝે.' ત્યારે મુનિએ કહ્યું-'તો તેજ રીતે ઘરનો સ્વામી પણ બંધાય.' તે સાંભળી બ્રાહ્મણે કહ્યું-'હે ભગવાન! તે બંધનથી શી રીતે મુકત થાય?' સાધુએ કહ્યું-"જેમ સળગતા પૂળાનો ત્યાગ કરનાર પુરૂષ દાઝતો નથી, તેમ પાપી મનુષ્યનો ત્યાગ કરનાર ગૃહસ્વામી પણ મૂકાય છે." આ પ્રમાણે સાંભળીને વૈરાગ્ય પામેલા ક્ષીરકદંબકે તે જ મુનિની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, અને તે સદ્ગતિનો સાધક થયો.

ત્યારપછી લેખશાળા ભાંગી પડી, તેથી નારદ પોતાને સ્થાને ગયો. પર્વતકે ઉપાધ્યાયનું સ્થાન ગ્રહણ કર્યું. વસુ પણ રાજ્યને પામ્યો. તે ન્યાયથી રાજ્યનું પાલન કરવાથી પ્રસિદ્ધિને પામ્યો. પરંતુ શિકાર કરવામાં લંપટ હોવાથી તે હંમેશાં હિંસા કરવા લાગ્યો. એકદા તે વનમાં શિકાર કરવા ગયો, ત્યાં અત્યંત વિશ્વાસ પામેલું મૃગનું ટોળું જોઇ તેણે એકલાએ પદસંચાર ન થાય તે રીતે ગુપ્તપણે બાણ મૂકયું. પરંતુ તે બાણ વચ્ચે જ કોઇ ઠેકાણે અફળાઇને ચૂરેચૂરા થઇ ગયું. તે જોઇ આશ્ચર્ય પામી નિપુણતાથી જોતાં તેણે હસ્તનો સ્પર્શ કરવાથી આકાશના જેવી નિર્મળ સ્ફટિક મણિની શિલા જાણી. પછી રાજાએ તે શિલા ગુપ્ત રીતે રાત્રે ઘેર આણી સભામાં સ્થાપન કરી, અને તેના પર સિંહાસન મૂકયું. તે જોઇ લોકો કહેવા લાગ્યા કે —"સત્યવાદીપણાથી રાજાનું સિંહાસન આકાશમાં રહેલું છે." આવી વાત સાંભળીને નારદ કૌતુકથી ત્યાં આવ્યો. તેનો પર્વતકે,

તેની માતાએ અને રાજાએ ઘણો સત્કાર કર્યો તે પણ સ્નેહના વશથી ત્યાંજ સુખે રહ્યો.

એકદા પર્વતકે છાત્રોની પાસે ' **अजैर्यष्टव्यम्** ' આ વેદના વાક્યનું વ્યાખ્યાન કર્યું. તેમાં તે બોલ્યો કે—' **अजैः** એટલે બકરાવડે (બકરા મારીને) **यष्टव्यम्** એટલે યજ્ઞની ક્રિયા કરવી. ' તે સાંભળી નારદે કહ્યું કે—" હે ભાઇ ! એનો અર્થ એવો નથી. કારણ કે ધર્મને માટે જે યજ્ઞ ક્રિયા કરાય છે તે બકરા મારીને કરવી યોગ્ય નથી." ત્યારે પર્વતક બોલ્યો કે-" ત્યારે તું કહે. એનો અર્થ કેવો કરવો ? " નારદ બોલ્યો—" આપણા ગુરૂએ **अज** શબ્દનો અર્થ સાત વર્ષની જૂની વ્રીહિ કહ્યો છે, કેમકે તે વાવવાથી ફરી ઉગતી નથી, માટે તેનું નામ **अज** ( એટલે ઉત્પન્ન ન થાય તે ) કહેવાય છે. તે ગુરૂનું વચન જ આપણને પ્રમાણ છે. " તે સાંભળી પર્વતકની બુદ્ધિ મંદ હોવાથી તેને તે અર્થ યાદ આવ્યો નહીં, અને ' છાત્રોની મધ્યે મારી લઘુતા થશે ' એમ ધારી મોટા અભિમાનથી તે બોલ્યો કે-" અરે ! શું તું મારાથી પણ વધારે પંડિત છે ? ગુરૂએ તને જ તત્ત્વાર્થ કહ્યો છે ? આપણા બેમાં જે આ બાબતમાં અસત્યવાદી ઠરે, તેના દંડમાં જિહ્વાનો છેદ કરવો, અને આનો નિર્ણય કરવામાં સત્યવાદી વસુરાજા જ આપણને પ્રમાણ છે. " તે સાંભળી નારદે કહ્યું—' ભલે, એમ હો.' આ વૃત્તાંત તેની માતાએ જાણ્યો, ત્યારે તેણે પર્વતકને કહ્યું કે-' હે પુત્ર ! સ્નેહના વશથી આ નારદ અહીં તારી પાસે આવ્યો છે, તેની સાથે કલહ કરવો યોગ્ય નથી. " ત્યારે તે બોલ્યો-" હે માતા ! હું કલહ કરતો નથી. પરંતુ છાત્રોના સમૂહમાં આ નારદ મારો અર્થ ખોટો પાડે છે. " માએ પૂછયું—' શી રીતે ? ' ત્યારે પર્વતકે સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી માતાએ કહ્યું—" હે વત્સ ! મારી સમક્ષ તારા પિતાએ પણ એવોજ અર્થ કહ્યો હતો. તેમાં નારદનો શો દોષ છે ? " તે સાંભળી પર્વતક બોલ્યો—' હે માતા ! જો એમજ છે, તો મારી જિહ્વા ગઇ. કેમકે રાજા પણ સત્યવાદી છે, તેથી એવોજ અર્થ કહેશે."

ત્યાર પછી તેની માતા પુત્રના સ્નેહથી મોહ પામી, તેથી રાજાએ પૂર્વે આપેલું વરદાન તેની પાસે માગવા ગઇ. રાજાએ પણ ઉભા થઇ પ્રણામ કરી આવવાનું પ્રયોજન પૂછયું. તેણીએ પણ એકાંતમાં કહ્યું કે—" હે પુત્ર ! જો તમને પૂર્વે આપેલું વરદાન યાદ હોય તો તે હું આજે માગવા આવી છું." રાજાએ કહ્યું—" હે માતા ! મને બરાબર યાદ છે. તે ઋણથી મને મુક્ત કરો. તમને જે રૂચે તે માગો." ત્યારે તેણીએ સર્વ વૃત્તાંત જણાવી કહ્યું કે—" સર્વથા પ્રકારે તમારા ભાઇની જિહ્વાનું રક્ષણ કરો." રાજાએ કહ્યું—" બહુ સારૂ હું તેમ કરીશ." તે સાંભળી તે પોતાને ઘેર ગઇ. તેણીએ પર્વતકને ધીરજ આપી.

પછી બીજે દિવસે પર્વતક અને નારદ હર્ષ સહિત ચારે વર્ણના મુખ્ય પુરૂષોથી ભરાયેલી રાજસભામાં ગયા. ત્યાં તેઓએ સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવી ન્યાય માગ્યો. ત્યારે પ્રધાન ( મુખ્ય ) જનોએ રાજાને કહ્યું કે—" હે દેવ ! તમે છઠ્ઠા લોકપાળ છો. તમારા સત્યવાદી પણાના ગુણથી તમે આકાશમાં રહો છો આ બન્નેના તમે ગુરૂભાઇ છો. તેથીજ જોડે પેદા થનાર અગ્નિની પેઠે તમે એ બન્ને ઉપર સરખા ચિત્તવાળા છો અને તેથી તમે તે પદની વ્યાખ્યા યથાર્થ કહો. કહ્યું છે કે—" સત્યવાદી પુરૂષ અગ્નિનું સ્તંભન કરી શકે છે."

રાક્ષસ, સિંહ. સર્પ, ભૂત, પ્રેત અને બળવાન શત્રુએ કરેલા ભયનો નાશ કરી શકે છે, સર્વ લોકને માન્ય થાય છે, પરલોકમાં સારી ગતિને પામે છે, તથા સૌભાગ્યવાળો થાય છે. સત્યવાદી શું શું કલ્યાણને નથી પામતો ? સર્વ કલ્યાણને પામે છે. માટે હે સ્વામી ! સત્ય બોલજો." આ પ્રમાણે કહ્યા છતાં રાજાએ ભવિતવ્યતાના વશથી કહ્યું કે—" જે આ ઉપાધ્યાયનો પુત્ર કહે છે. તેજ સત્ય છે." આ પ્રમાણે કહેતાંજ ભુવન દેવતાએ કોપથી સ્ફટિક શિલા અને સિંહાસનનો ચૂરો કરી રાજાને પૃથ્વીપર નાંખી દીધો, તે મરીને નરકે ગયો.

લોકો તે જોઇ બોલ્યા કે—" અહો ! આ પર્વતકે રાજા પાસે ખોટી સાક્ષી પૂરાવી. " એમ કહી તેનો તિરસ્કાર કરી તેને નગરી બહાર કાઢી મૂકયો. અને નારદ સત્યવાદી છે એમ કહી તેનો સત્કાર કર્યો. પછી નારદ પોતાને સ્થાને ગયો. બાકીની કથા બીજા ગ્રંથથી જાણી લેવી.

આ કથાનો ઉપનય ( તાત્પર્ય ) એ છે જે--નારદે સૂક્ષ્મ બુદ્ધિને લીધે બકરાને હણ્યો નહીં, અને પર્વતકે ક્ષુદ્ર બુદ્ધિને લીધે તેને હણ્યો તેથી નારદ પોતાનો અને પરનો ઉપકારી થયો, તથા પર્વતક સ્વપરનો અનર્થકારક થયો. ઇતિ.

## હવે બીજા ગુણમાં પ્રશસ્ત રૂપવાળો એમ જે કહ્યું, તેનું સ્વરૂપ અને ફળ બતાવે છે.

**संपुन्नंगोवंगो, पंचिंदियसुंदरो सुसंघयणो ।**
**होइ पभावणहेऊ, खमोय तह रूववं धम्मे ॥ ६ ॥**

મૂલાર્થ—સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચે ઇંદ્રિયો વડે સુંદર અને સારા સંઘયણવાળો જે હોય તે રૂપવાન કહેવાય છે. તેવો પુરૂષ ધર્મને દીપાવી શકે છે, તથા ધર્મ પાળવામાં સમર્થ હોય છે.

ટીકાર્થ—જેના મસ્તક વિગેરે અંગો તથા અંગુલિ વિગેરે ઉપાંગો સંપૂર્ણ હોય એટલે ન્યૂનતા રહિત હોય તે સંપૂર્ણ અંગોપાંગવાળો કહેવાય છે. કહ્યું છે કે—" મસ્તક, છાતી, ઉદર ( પેટ ), પીઠ, બે હાથ અને બે સાથળ એ આઠ અંગો કહેવાય છે, આંગળી વિગેરે ઉપાંગ કહેવાય છે, અને બાકીના અંગોપાંગ કહેવાય છે. " અર્થાત્ વિકળ અંગવાળો ન હોય એ તાત્પર્ય છે. તથા **पंचेन्द्रियसुन्दरः**— પ્રાકૃત હોવાથી ( સમાસમાં ) વિશેષણ ( **सुन्दर** ) ને પાછળ મૂકયું

છે. પાંચે ઇંદ્રિયો જેની સુંદર હોય તે, અર્થાત્ કાણો, ખોખરો, બહેરો અને મૂંગો વિગેરે દોષવાળો ન હોય. તથા **सुसंघयणो**—જેને સારૂં સંઘયણ-શરીરનું સામર્થ્ય હોય તે **सुसंहनन** કહેવાય છે. અર્થાત્ પહેલું જ સંઘયણ હોવું જોઇએ એવો કાંઇ નિયમ નથી. કારણ કે બીજાં સંઘયણોમાં પણ ધર્મની પ્રાપ્તિ હોય છે, કહ્યું છે કે—"સર્વ સંસ્થાનમાં ધર્મની પ્રાપ્તિ હોય છે, તેજ પ્રમાણે સર્વ સંઘયણોમાં પણ ધર્મ પ્રાપ્તિ રહેલી છે." તે **सुसंहनन** કહેવાય છે. ભાવાર્થ એ છે જે—તપ અને ચારિત્રની ક્રિયા કરી શકાય તેવા સામર્થ્ય સહિત હોવો જોઇએ. આવા મનુષ્યને ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે. હવે તેનું ફળ કહે છે—આવો પુરૂષ વૈર (વજ્ર) સ્વામીની જેમ **प्रभावनाहेतु**—તીર્થની ઉન્નતિનું કારણ **भवति**—થાય છે. કહ્યું છે કે—"અતિશય રૂપવાળા વજ્રઋષિ જ્યાં જ્યાં વિચરતા હતા, ત્યાં ત્યાં શ્રી જિનધર્મ અત્યંત ઉન્નતિને પામતો હતો. જેણે પૂર્વ જન્મમાં સુકૃત કર્યું હતું એવી ગૃહપતિની પુત્રી વજ્રસ્વામી મુનીશ્વર ઉપરના રાગે કરીને સેંકડો દુઃખનો નાશ કરનારા ચારિત્રને પામી." આગમમાં પણ કહ્યું છે કે—"ધર્મ-પુણ્યના ઉદયવડે સુંદર રૂપ મળે છે. તેવા સુંદર રૂપ પામેલા પણ સાધુ ધર્મને આચરે છે. સુંદરરૂપ પામવું એ પૂર્વે આચરેલ વ્રત-નિયમનું જ "પરિણામ-ફળ છે તેથી તેવા સુંદર રૂપની અમે પ્રશંસા કરીએ છીએ."

અહીં કોઇ શંકા કરે કે-નંદિષેણ અને હરિકેશિબળ વિગેરે કુરૂપી હતા તો પણ તેમને ધર્મની પ્રાપ્તિ થયેલી સંભળાય છે, તો જે રૂપવાળો હોય તેજ ધર્મનો અધિકારી થાય એમ કેમ કહ્યું ? આ શંકાનો ઉત્તર આપતાં ગુરૂ કહે છે કે—તારી શંકા સાચી છે; પરંતુ અહીં રૂપ બે પ્રકારનું છે. એક સામાન્ય રૂપ અને બીજું અતિશયવાળું રૂપ. તેમાં સામાન્ય એટલે જેનાં અંગોપાંગ સંપૂર્ણ હોય તે. આવું સામાન્યરૂપ નંદિષેણ વિગેરેને હતું જ, માટે તેમાં કાંઇ વિરોધ નથી.

વળી આ રૂપવાળાપણાનો જે ગુણ કહ્યો છે, તે પ્રાયિક એટલે [1]બહોલતાએ જાણવો. કારણકે બીજા ગુણો હોય તો કુરૂપપણાનો અને બીજા કોઇ પણ ગુણરહિતપણાનો દોષ નથી ( અર્થાત્ બીજા બધા ગુણો હોય અને સારૂં રૂપ કે બીજો કોઈ એકાદ ગુણ ન હોય તો તેમાં કાંઇ દોષ નથી ). કેમકે—" **पायद्धगुणविहीणा एएसिं मज्झिमाऽवरा नेया** " ( આ ગુણોમાં જેને ચોથા ભાગે ઓછા ગુણો હોય તે મધ્યમ અને અર્ધા ગુણો ઓછા હોય તે અધમ જાણવો ) એમ આગળ ( ૩૦ મી ગાથામાં) કહેશે. જો કે અતિશાયી રૂપ તો તીર્થંકરાદિકનેજ સંભવે છે. તોપણ જે રૂપે કરીને કોઇ પણ દેશ, કાળ કે વયમાં રહેલો પ્રાણી ' આ રૂપવાન છે. ' એવી લોકોને પ્રતીતિ ઉત્પન્ન કરે તેજ રૂપ અહીં અધિકારી છે એમ જાણવું. આવા રૂપે કરીને યુક્ત ધાર્મિક પુરૂષ સદાચારમાં પ્રવર્તન કરવાથી ભવ્ય પ્રાણીઓને ધર્મને વિષે ગૌરવ ( ભક્તિ –શ્રદ્ધા ) ઉત્પન્ન કરી ધર્મની પ્રભાવના કરે છે, તેથી તે ' પ્રભાવનાનો હેતુ થાય છે ' એમ ઉપર કહ્યું છે. તથા **क्षमः**—સમર્થ. ગાથામાં **च** શબ્દ કહ્યો છે તે **भवति** ક્રિયાપદને ખેંચવા ( લાવવા ) માટે છે, અને **तथा** શબ્દ સમુચ્ચય અર્થવાળો છે. તેથી તેનો અર્થ આ પ્રમાણે છે—કેવળ પ્રભાવનાનું કારણ છે એટલુંજ નહીં, પરંતુ રૂપવાન પુરૂષ ધર્મને વિષે-ધર્મ પાળવામાં સમર્થ પણ હોય છે. આ સારા સંઘયણનું ફળ કહ્યું. ૯.

અહીં ચંદના સાધ્વીની કથા છે.—રૂપાદિક ગુણે કરીને સર્વજનોને આશ્ચર્ય પમાડનારી ચંદના કર્મગ્રંથિનો ભેદ કરી શ્રી મહાવીર સ્વામીની પ્રવર્તિની સાધ્વી થઇ. આ કથા પ્રસિદ્ધ હોવાથી લખી નથી.

---

૧ અર્થાત્ હોય તો સારૂં એ પ્રાયિકનો અર્થ છે.

## હવે ત્રીજો ગુણ કહે છે.

**पयईसोमसहावो, न पावकम्मे पवत्तई पायं ।**
**हवइ सुहसेवणिज्जो, पसमनिमित्तं परेसिं पि ॥ १० ॥**

મૂલાર્થ—જે સ્વભાવથીજ સૌમ્યપ્રકૃતિવાળો હોય તે પ્રાયે કરીને પાપ કર્મમાં પ્રવર્તતો નથી, તેથી કરીને જ તે સુખે સેવવા લાયક થાય છે, અને બીજાઓને પણ ઉપશમનું કારણરૂપ થાય છે.

ટીકાર્થ—**प्रकृत्या**—અકૃત્રિમપણાએ કરીને **सौम्यस्वभावः**—ભયંકર આકૃતિ રહિત અર્થાત્ વિશ્વાસ કરી શકાય તેવા રૂપવાળો. આક્રોશ ( ગાળો દેવી તે ) અને વધ કરવો એ વિગેરે અથવા હિંસા અને ચોરી વિગેરે પાપ કર્મમાં નથીજ પ્રવર્તતો-નથીજ વ્યાપાર કરતો, **प्रायः**—ઘણું કરીને એટલે [1]અનિર્વાહાદિક કારણ વિના, તેથી કરીનેજ **सुखसेवनीयः**—કલેશ વિનાજ આરાધના કરી શકાય તેવો અને **प्रशमनिमित्तं**—ઉપશમનું કારણ, કોને ? **अन्येषां**—જે કહી ન શકાય તેવા બીજાઓને. ૧૦.

## અહીં અંગઋષિનું ઉદાહરણ છે.

ચંપા પુરીમાં કૌશિકાર્ય નામના ઉપાધ્યાયને અંગર્ષિ અને રૂદ્રક નામના બે શિષ્યો હતા. તેમાં પહેલો અંગર્ષિ સૌમ્ય મૂર્તિવાળો, પ્રિયવાદી, ન્યાયમાર્ગે ચાલનાર અને વિનયવાળો હતો. તે કોઇને છેતરતો નહીં. તેમાં પણ ઉપાધ્યાયને તો વિશેષે કરીને બિલકુલ છેતરતો નહોતો. અને બીજો રૂદ્રક તેનાથી વિપરીત સ્વભાવવાળો હતો. ઉપાધ્યાય અંગ છાત્રની પ્રશંસા કરતો હતો, તેને તે સહન કરતો

૧ નિર્વાહ ન થઇ શકે એ વિગેરે.

નહોતો, અને તેથી તે મનમાં સંતાપ પામી તેના છિદ્ર શોધવામાં તત્પર રહેતો હતો. એકદા પ્રાતઃકાળેજ ઉપાધ્યાયે તે બન્નેને ઇંધણાં લાવવા મોકલ્યા. તે વખતે અંગર્ષિ ઉપાધ્યાયની આજ્ઞાને બહુમાન સહિત અંગીકાર કરી તરતજ અરણ્યમાં ગયો. બીજો રૂદ્રક આળસુ હોવાથી દ્યૂતના સ્થાનમાં અને દેવાલયમાં થતાં નાટકો જોવામાં રોકાયો, ત્યાં મધ્યાન્હ સમય સુધી રહ્યો. તેટલામાં અધ્યાપકની આજ્ઞા સ્મરણમાં આવવાથી તે અટવી તરફ ચાલ્યો. માર્ગમાં તેણે મોટો લાકડાનો ભારો લઇને આવતા અંગર્ષિને જોયો. તે જોઇ અત્યંત ભય પામી શીઘ્રપણે જતાં કોઇ ઠેકાણે નિર્જન નદીને કાંઠે પંથક નામના પુત્રને ભાત ( ભોજન ) આપી પાછી વળેલી અને મોટા કાષ્ઠના ભારાથી નીચે નમી ગયેલી જ્યોતિર્યશા નામની વૃદ્ધ સ્ત્રીને જોઇ ધર્મની સંજ્ઞાને પણ ભૂલી જઇ તેણીને મારી તેણીનો કાષ્ઠભારો પોતે લઇ પાછો ફરી આડે માર્ગે શીઘ્રગતિથી ઉપાધ્યાયની પાસે આવી બોલ્યો કે—" હે ઉપાધ્યાય ! હે ઉપાધ્યાય ! તમારા અતિવહાલા શિષ્યની ચેષ્ટા સાંભળો. તે તમારી આજ્ઞાને તૃણ તુલ્ય પણ નહીં માની કોઇ ઠેકાણે મધ્યાન્હ સુધી ક્રીડા કરવામાં રોકાયો તે હમણાં જ અટવીમાં જઇ ત્યાં આમતેમ અટન કરતો હતો, તેવામાં તેણે બીચારી લાકડાના ભારાના ભારથી પીડાયેલી પંથક નામના વત્સપાળની માતાને જોઇ તેણીને ડોક મરડીને મારી નાંખી. તેનો કાષ્ઠભારો લઇને હમણાંજ આવે છે." આ પ્રમાણે તે કહે છે, એટલામાં અંગર્ષિ આવ્યો. તે જોઇ અત્યંત ક્રોધ પામેલા ઉપાધ્યાયે તેને કહ્યું કે—" અરે પાપી ! જ્યાં તું મારી દૃષ્ટિએ ન પડે ત્યાં જતો રહે."

ઇત્યાદિક કઠોર વચનો કહી તેને પોતાના ઘરમાંથી કાઢી મૂકયો. તે સૌમ્ય સ્વભાવવાળો હોવાથી ગુરૂ ઉપર દ્વેષ કર્યા વિના જ નગરની બહાર જઇ સમીપે કોઇ વૃક્ષની છાયામાં બેસી વિચાર કરવા લાગ્યો કે—" અહો ! ચંદ્રમંડળમાંથી અંગારાની વૃષ્ટિની જેમ આ અસંભવિત થયું; કેમકે આજેજ આ ગુરૂએ પ્રિયવાદી જનોના મુગટ સમાન

છતાં પણ મને સળગતા અગ્નિની જ્વાળા જેવી વાણી કહી. તેથી અવશ્ય મારો કોઇક મોટો અપરાધ હોવો જોઇએ." એમ વિચારી પોતાના મનમાં આલોચના કરવા લાગ્યો; પરંતુ કાંઇ પણ પોતાનો દોષ તેને સ્મરણમાં આવ્યો નહી. તો પણ તે મનમાં કહેવા લાગ્યો કે—" ગુરૂ જનને ઉદ્વેગ કરનાર અને અધન્ય એવા મને ધિક્કાર છે. જે સર્વ પ્રાણીઓને પ્રીતિ ઉત્પન્ન કરે છે, તેમને ધન્યવાદ ઘટે છે. " ઇત્યાદિક વિશુદ્ધ અને અતિવિશુદ્ધ અધ્યવસાયના હેતુની ભાવના ભાવતાં તેને જાતસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પૂર્વ ભવમાં અભ્યાસ કરેલી ભાવનાને ભાવતો તે મહાત્મા અંગર્ષિ કેવળજ્ઞાનની લક્ષ્મી પામ્યો. તે વખતે તેના પ્રભાવથી રંજિત થયેલા સમીપના દેવોએ તેનો મોટો મહિમા કર્યો, અને ઉંચે સ્વરે આખી નગરીમાં આઘોષણા કરીકે—" હે લોકો ! મહા પાપી રૂદ્રકે પોતે વત્સપાળની માતાને મારી નાંખી મહા ઋષિ અંગર્ષિને અભ્યાખ્યાન-ખોટું આળ આપ્યું છે, તેથી તેની સામું જોવું કે તેની સાથે બોલવું, તે યોગ્ય નથી. " આવાં વચનો સાંભળી પશ્ચાત્તાપ રૂપી અગ્નિથી બળતા ઉપાધ્યાયે નગરના લોકો સાથે અંગર્ષિ પાસે આવી તેને ખમાવ્યો. તેની પાસેથી ધર્મ સાંભળી ઉપાધ્યાય પ્રતિબોધ પામ્યો. રૂદ્રક પણ લોકોનો નિંદાપાત્ર થયો, તેથી તીવ્ર પશ્ચાત્તાપ કરી વૈરાગ્ય પામી કેવળજ્ઞાન પામ્યો.

આ રીતે સૌમ્ય પ્રકૃતિવાળો પ્રાણી પ્રાયે કરીને પોતાના અને પરના ઉપકારને માટે થાય છે, તેથી અંગર્ષિની જેમ તે ધર્મનો અધિકારી થાય છે.

## હવે ચોથા ગુણને આશ્રીને કહે છે.

**इहपरलोयविरुद्धं, न सेवए दाणविणयसीलड्ढो ।**
**लोअप्पिओ जणाणं, जणेइ धम्मंमि बहुमाणं ॥ ११ ॥**

મૂળાર્થ—જે આ લોક અને પરલોકમાં વિરૂદ્ધ એવું કાર્ય સેવતો ન હોય, તથા દાન, વિનય અને શીળે કરીને સહિત હોય, તે લોકપ્રિય કહેવાય છે. તેથી તે બીજા માણસોને પણ ધર્મને વિષે બહુમાન ઉત્પન્ન કરે છે.

ટીકાર્થ—આ લોકને વિરૂદ્ધ તથા પરલોકને વિરૂદ્ધ કાર્ય સેવે નહીં. કોણ ? જે લોકપ્રિય હોય તે. આ પ્રમાણે સંબંધ કરવો, તેમાં પરની નિંદા વિગેરે જે કરવું તે આ લોક વિરૂદ્ધ કહેવાય છે. કહ્યું છે કે—"કોઇપણ પ્રાણીની નિંદા કરવી, તેમાં પણ વિશેષે કરીને ગુણી જનની નિંદા કરવી, સરળતાથી ધર્મ કરનારની હાંસી કરવી, લોકમાં જે પૂજ્ય ગણાતા હોય તેમનું અપમાન કરવું, ઘણા માણસો સાથે જે વિરોધ કરતો હોય તેનો સંગ કરવો, દેશાદિકના આચારનું ઉલ્લંઘન કરવું, ઉદ્ધતવેષ રાખવો, બીજાઓ જાણે તેમ કીર્તિને માટે પ્રગટ રીતે દાનાદિક કરવા, સત્પુરૂષોને કષ્ટ પડે તે જોઇ આનંદ પામવો, તથા શક્તિ છતાં સત્પુરૂષના દુઃખનો પ્રતીકાર ( ઉપાય ) ન કરવો. આ વિગેરે કાર્યો આ લોક વિરૂદ્ધ જાણવાં. તથા પરલોક વિરૂદ્ધ ખરકર્મ એટલે કઠોર કર્મ કહેવાય છે. કહ્યું છે કે—"રાજ્ય, ખેતરોનું સ્વામીપણું અને જકાત ઉઘરાવવા વિગેરેનું કામ, એ ખરકર્મ કહેવાય છે. આવા પ્રકારનું કાર્ય વિરતિ ન હોય તો પણ ડાહ્યા પુરૂષે કરવું નહીં." તથા દ્યૂત વિગેરે બન્ને લોક વિરૂદ્ધ છે. કહ્યું છે કે—"જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીની સેવા આ સાત વ્યસનો જગતમાં અત્યંત પાપી પ્રાણીને નિરંતર ( વળગેલાં ) હોય છે. જેનું મન વ્યસનમાં આસક્ત હોય, તેને આ લોકમાં ઉત્તમ પુરૂષો નિંદે છે, અને તે અધમ મનુષ્ય રક્ષણ વિનાજ મરણ પામી દુર્ગતિમાં જાય છે." તાત્પર્ય એ છે જે—લોકોની અપ્રીતિના કારણરૂપ આવા કાર્યો ત્યાગ કરવાથીજ મનુષ્ય ઉત્તમ પુરૂષોને પ્રિય થાય છે, તથા ધર્મનો અધિકારી પણ તેજ થાય છે. તથા દાન–ધનનો ત્યાગ એટલે સુપાત્રાદિકને આપવું તે, વિનય–યોગ્ય સત્કાર અને શીળ–સદાચરમાં પ્રવૃત્તિ,

આટલા વડે જે આઢ્ય—પરિપૂર્ણ હોય તે લોકપ્રિય થાય છે. કહ્યું છે કે--" દાન કરવાથી પ્રાણીઓ વશ થાય છે, દાનથી વૈર નાશ પામે છે, અને દાનથી શત્રુ પણ બંધુ રૂપ થાય છે, તેથી નિરંતર દાન આપવું યોગ્ય છે. જે માણસનું કાંઇ પણ કામ પડે તેમ ન હોય એવો માણસ પણ જો ઘેર આવે તો તેને સજ્જન પુરૂષો હસતે મુખે આવકાર દઇ આસન આપે છે. જે શુદ્ધ આચારને પાળતો હોય તે આ લોકમાં યશ અને કીર્તિ પામે છે, તથા સર્વ જનને પ્રિય થાય છે, અને પરભવમાં શુભ ગતિને પામે છે. " આવા લોકપ્રિયને ધર્મની પ્રાપ્તિ થાય તો તેનું શું ફળ ? તે કહે છે—આવા પ્રકારનો લોકપ્રિય માણસ અન્ય જનોને-સમકિત રહિત પ્રાણીઓને ધર્મમાં--યથાર્થ મોક્ષ માર્ગમાં બહુમાન--અભ્યંતર (અંતઃકરણની) પ્રીતિને અથવા ધર્મની પ્રાપ્તિના હેતુભૂત સમક્તિને સુજાતની જેમ ઉત્પન્ન કરે છે. એ સુજાત કોણ હતો ? એમ કોઇ પ્રશ્ન કરે, તો તેની કથા કહે છે--

## સુજાતની કથા.

ચંપા નગરીમાં મિત્રપ્રભ નામે રાજા રાજ્ય કરતો હતો ત્યારે સમગ્રશ્રેષ્ઠીઓમાં શ્રેષ્ઠ ધનમિત્ર નામે એક શ્રેષ્ઠી હતો. તેને અત્યંત રૂપ અને ગુણવાળી ધનશ્રી નામની ભાર્યા હતી. જિનધર્મની આરાધના પૂર્વક ધર્મ અર્થ અને કામને સાધવાથી ઉત્પન્ન થતા સુખને અનુભવતા તેમનો ઘણો કાળ વ્યતીત થયો, ત્યારે પૂર્વ જન્મના ઉપાર્જન કરેલા સુકૃત ( પુણ્ય ) નો જાણે સમૂહ હોય તેવો એક પુત્ર ઉત્પન્ન થયો. તેના વર્ધાપન ઉત્સવમાં ઘણી નાગરિક સ્ત્રીઓએ તે બાળકના માથા ઉપર અક્ષત નાંખી ' હે પુત્ર તું [1] સુજાત થા–થજે ' એ પ્રમાણે આશીર્વાદ દીધો. તેથી પિતાએ તેનું સુજાત નામ પાડ્યું.

૧ સારો ઉત્પન્ન થયેલો.

ત્યારપછી તે શુકલ પક્ષના ચંદ્રની જેમ અનુક્રમે સમગ્ર કળાઓને ગ્રહણ કરતો યુવાવસ્થાની લક્ષ્મીને પામ્યો. ત્યારપછી તે સરખી વયવાળા અનેક નાગરિક કુમારોની સાથે સ્વેચ્છાએ વિચરવા લાગ્યો. કોઇવાર વીતરાગના મંદિરોમાં વિચિત્ર સ્નાત્રપૂજા, શ્રેષ્ઠ વાજિત્ર, ગીત, નૃત્ય વિગેરે વિનોદને કરતો હતો, કોઇવાર આચાર્ય મહારાજ પાસે જઇ શુદ્ધ તત્ત્વનો બોધ કરનારી ધર્મકથા સાંભળતો હતો, કોઇ વખત હેતુ અને યુક્તિ પૂર્વક ઉત્તમ ધર્મના આચારને વિષે વિચાર કરતો હતો, અને કોઇ વખત દીનહીન જનોને તેના મનોરથ કરતાં પણ અધિક દાનવડે આનંદ પમાડી તેઓએ વર્ણન કરાતી જિનધર્મની પ્રશંસા સાંભળતો હતો. આ પ્રમાણે કરવાથી તેણે ઘણા ભવ્યજનોને જિનમુનિઓની સેવા કરવામાં રસિક બનાવ્યા.

એકદા ધર્મઘોષ નામના મંત્રીની ભાર્યા પ્રિયંગુની દાસીઓએ તે સુજાતને મિત્રમંડળ સાથે ક્રીડા કરતો જોયો. તેથી તેઓનું હૃદય અત્યંત આકર્ષાયું, તેથી ચિરકાળ સુધી તેઓ ત્યાંજ ઉભી રહી. પછી મંત્રીને ઘેર ગઇ. તેઓને પ્રિયંગૂએ વિલંબ થવાથી ઘણો ઠપકો આપ્યો ત્યારે તેઓ બોલી કે–" હે સ્વામિની ! આજે અમે કાંઇક અપૂર્વ આશ્ચર્ય જોયું, તે જોઇ અત્યંત મોહ પામી પ્રયોજન ( કામ ) ને પણ વીસરી જવાથી કાળનો અતિક્રમ થયો તે પણ અમારા જાણવામાં આવ્યો નહીં, તેથી આ એક અમારો અપરાધ સહન કરો. " તે સાંભળી પ્રિયંગૂએ વિશેષ પ્રકારે પૂછયું ત્યારે તેઓએ કહ્યું કે— " અહીં આપણી નગરીમાં ધનમિત્ર શ્રેષ્ઠીનો સુજાત નામે પુત્ર છે. તેના વિલાસો વચનથી કહી શકાય તેવા નથી, માત્ર તેની દૃષ્ટિજ જોનારને અત્યંત સુખ ઉત્પન્ન કરે છે. જો તેનું સ્મિતવડે મનોહર દેખાતું મુખકમળ નથી જોયું, તો જીવવાથી શું ફળ છે ? " તે સાંભળી તે પ્રિયંગૂ તેના દર્શનમાં ઉત્સુક થઇ. તેથી તેણીએ દાસીઓને હુકમ કર્યો કે-- " જ્યારે તે અહીં સમીપના માર્ગે થઇને જાય ત્યારે મને તે દેખાડજો." પછી એકદા તેને ત્યાંથી જતો જોઇ પ્રિયંગૂનું હૃદય અત્યંત મોહિત

થયું. તેથી તેણી સુજાતનો વેષ પહેરી સમગ્ર દાસીઓની મધ્યે સુજાતના નેત્ર, મુખ, અને હાથ પગની ચેષ્ટાનું અનુકરણ કરવા લાગી. તે વખતે ધીમે ધીમે આવેલા મંત્રીએ ભીંતને આંતરે રહી તેણીની ચેષ્ટા જોઇ. તથા સુજાત! સુજાત! એવા શબ્દ સાંભળી તેણે વિચાર કર્યો કે—“ અહો ? મારૂં અંતઃપુર વિનાશ પામ્યું. આ મહાધૂર્ત્ત સુજાત મારે ઘેર આવતો હોય તેમ જણાય છે. પરંતુ અહીં તેને પ્રત્યક્ષ જોયા વિના દંડ કરવાથી તેનું પરિણામ સારૂં આવે નહીં. કારણ કે તે રાજાદિકને પ્રિય છે.” આ પ્રમાણે વિચારી તેણે એક ખોટો લેખ લખ્યો. પછી એક અજાણ્યા પુરૂષને તે લેખ આપી બરાબર શીખવી રાજા પાસે લઇ ગયો. રાજાને તે લેખ બતાવ્યો. તેમાં આ પ્રમાણે લખેલું હતું—“ હે સુજાત! તેં મને કહ્યું હતું કે દશ દિવસની અંદર મિગપ્રભને બાંધી હું તને અર્પણ કરીશ. તો કેમ હજુ સુધી પ્રમાદ કરે છે? તું તો રાજદ્વારમાં પણ અસ્ખલિત ગતિવાળો છે.” ઇત્યાદિક લેખનો અર્થ જાણી રાજા કોપ પામ્યો તો પણ સુજાતને આવું સંભવતું નથી. એમ કહી મંત્રીને રજા આપી પોતે વિચાર કરવા લાગ્યો—“ જો કે તે સુજાત આવી રીતે અપરાધી છે, તોપણ તેનો પ્રગટ રીતે દંડ કરી શકાય તેમ નથી. કારણ કે આના અપરાધની કોઇ શંકા પણ કરે તેમ નથી. પરંતુ મારા ઉપર લોકોનો વિરાગ થશે. આ પ્રમાણે વિચારી રાજાએ બીજો ઉપાય ધાર્યો. તે એ કે–રાજકાર્યના વિચારના મિષથી પોતાના દેશને છેડે રહેલી અરક્ષુરી નામની નગરીમાં સુજાતને તેણે મોકલ્યો, અને તેનો સ્વામી ચંદ્રધ્વજ નામનો કે જે પોતાનો સામંત રાજા હતો. તેને લેખ લખી જણાવ્યું કે—‘ આ વણિકને ગુપ્ત રીતે મારી નાંખવો.’ ચંદ્રધ્વજ રાજાએ પણ સુજાતનું રૂપ જોઇ વિચાર્યું કે—“ આવી મૂર્તિવાળો કદી પણ વિરૂદ્ધ આચરણ કરે નહીં, તો કેમ રાજાએ આવી આજ્ઞા આપી? અથવા ભલે ગમે તેમ હોય, પરંતુ હું આની ઉપર દ્રોહ નહીં કરૂં.” એમ વિચારી સુજાતને એકાંતમાં તે લેખ બતાવ્યો, અને કહ્યું કે—“ જો કે રાજાનો

આદેશ આવો છે, તો પણ હું તે પ્રમાણે નહીં કરૂં. પરંતુ તારે મારા પર કૃપા કરીને ગુપ્ત રીતે રહેવું." આ પ્રમાણે કહીને કાંઈક ચર્મ-દોષના રોગવાળી ચંદ્રયશા નામની પોતાની બેહેન તેને પરણાવી. સુજાત પણ સંસારની અસારતા ભાવતો તેજ પ્રમાણે રહ્યો. તે રાજ-પુત્રી પણ તેની પાસેથી શ્રાવક ધર્મ પામી, તેજ રોગથી પરાભવ પામી સમાધિ વડે દેહનો ત્યાગ કરી દેવલોકમાં ગઇ. ત્યાર પછી અત્યંત ઉપકારી સુજાતને પ્રણામ કરી તે બોલી કે—"હે સ્વામી! કહો હમણાં તમારૂં શું વાંછિત કરૂં ?" સુજાતે કહ્યું—"જો હું કલંક રહિત થઇ માતા પિતાના દર્શન કરૂં, તો પછી તરતજ દીક્ષા અંગીકાર કરૂં. આટલો મારો મનોરથ તું પૂર્ણ કર." તે સાંભળી તે દેવે ચંપાનગરી ઉપર મોટી શિલા વિકુર્વીને આકાશમાં રહીને જ રાજાને કહ્યું કે—"તેં દુષ્ટ મંત્રીના લખેલા ખોટા લેખથી છેતરાઇને નિરપરાધી અને ધર્મી જનોના શિરોમણિ સુજાતનો નાશ કરાવ્યો છે, તે દુષ્ટ નીતિના ફળને હવે તું ભોગવ. હમણાંજ હું તને સ્ત્રી, પુત્ર, નગરી અને નગ-રીના લોકો સહિત યમરાજના મંદિરમાં લઇ જાઉં છું" તે સાંભળી પશ્ચાત્તાપરૂપી અગ્નિથી હૃદયમાં બળતો રાજા બોલ્યો કે—"હે સ્વામી! તમે આવી રીતે દયા રહિત ન થાઓ. હવે જે કરવા યોગ્ય હોય તેની આજ્ઞા આપો." આ પ્રમાણે કહી નમસ્કાર કરવા પૂર્વક તેણે દેવને પ્રસન્ન કર્યો. ત્યારે તે દેવ બોલ્યો કે—"હજુ પણ તેને મોટા ગૌરવ-માનપૂર્વક જો ચંપાપુરીમાં તું પ્રવેશ કરાવે તો તારો છૂટકારો છે, અન્યથા નથી." ત્યારે રાજા બોલ્યો કે—"મોટો પ્રસાદ. મોટો પ્રસાદ. પરંતુ તે હમણાં ક્યાં છે ?" દેવે કહ્યું—"તેને મેં અહીંજ ઉદ્યાનમાં આણેલો છે." તે સાંભળી આનંદના સમૂહથી વ્યાપ્ત થયેલા રાજાએ મોટી સમૃદ્ધિ પૂર્વક તેને પુરીમાં પ્રવેશ કરાવ્યો. તેના માતા પિતા ખુશી થયા. માણસોને પણ મોટો આનંદ થયો, જિનધર્મની પ્રભાવના થઇ. પછી અત્યન્ત વૈરાગ્ય થવાથી સુજાતે રાજાની આજ્ઞા લઇ માતા, પિતા અને બીજા ભવ્યજનો સહિત દીક્ષા લીધી, અને તે સદ્ગતિને પામ્યો.

આ પ્રમાણે જે લોકપ્રિય હોય તે લોકો ધર્મને વિષે બહુમાન ઉત્પન્ન કરે છે. બીજાઓએ પણ કહ્યુંછે કે—" શુદ્ધ રીતે લોકપ્રિય થવું તે યોગ્ય છે. કારણ કે તે અત્યંત ધર્મની સિદ્ધિના ફળને આપનાર છે, તથા ધર્મની પ્રશંસા કરવાથી તે બોધિબીજનું કારણ થાય છે. "

## હવે પાંચમો અક્રૂર નામનો ગુણ છે, તેને ક્રૂરનું સ્વરૂપ જણાવવા પૂર્વક બતાવે છે.

**कूरो किलिट्ठभावो, सम्मं धम्मं न साहिउं तरइ।**
**इय सो न एत्थ जोगो, जोगो पुण होइ अक्कूरो ॥ १२ ॥**

મૂલાર્થ—ક્રૂર માણસ કિલષ્ટ પરિણામવાળો હોય છે, તેથી તે સમ્યક પ્રકારે ધર્મનું આરાધન કરી શકતો નથી. તેથી કરીને તે આ ધર્મને વિષે યોગ્ય નથી. પરંતુ અક્રૂર જ યોગ્ય છે.

ટીકાર્થ—ક્રૂર માણસ **क्लिष्टभाव:**—ક્રોધાદિક દોષના પરિણામવાળો હોય છે, તે **सम्यक्**—કલંક રહિત ( શુદ્ધ ) ધર્મનું આરાધન કરવા શક્તિમાન નથી. કારણકે તે ક્રૂર માણસ પરના છિદ્ર જોવામાં લંપટ અને કલુષ-મલિન મનવાળો હોવાથી ધર્મનું અનુષ્ઠાન કરતાં છતાં પણ ધર્મના ફળનો ભાગી થતો નથી. કહ્યું છે કે—" ધર્મરૂપી રત્ન પ્રાપ્ત થયા છતાં પણ ક્રૂર માણસ ક્રોધ અને મોહથી અંધ થઈને તેને હારી જાય છે—ગુમાવે છે. અહીં ગુરૂનો દ્વેષી કુલવાલક નામનો [1]સાધ્વાભાસનું ઉદાહરણ છે. કિલષ્ટ પરિણામવાળાને તપ, શ્રુત, વિનય કે દેવપૂજા વિગેરે કાંઇ પણ રક્ષણ કરતું નથી. અહીં ક્ષપક-સાધુનો વિનય કરનારી કુંતલદેવીનું ઉદાહરણ છે. " આ હેતુથી આવો ક્રૂર માણસ આ શુદ્ધ ધર્મને વિષે યોગ્ય નથીજ. **अत्र** એ સપ્તમી છે. પરંતુ સપ્તમી અને ષષ્ઠી વિભક્તિના અર્થમાં કાંઇ તફાવત નથી,

---

૧ માત્ર સાધુનો આભાસ થાય તેવો.

માટે अत्र ને બદલે अस्य એટલે આ ધર્મને યોગ્ય નથી એમ જાણવું. પુનઃ શબ્દ एव ( નિશ્ચય ) ના અર્થમાં અહીં છે, તેથી તેનો સંબંધ આ પ્રમાણે કરવો-અક્રૂરજ લઘુકર્મી હોવાથી યોગ્ય છે. કહ્યું છે કે—"

## હવે છઠ્ઠા પાપભીરૂ ગુણનું સ્વરૂપ કહે છે.

**इहपरलोगावाए, संभावेंतो न वट्टई पावे ।**
**बीहइ अयसकलंका, तो खलु धम्मारिहो भीरु ॥१३॥**

મૂલાર્થ—ભીરૂ માણસ આ લોક અને પરલોકના કષ્ટનો વિચાર કરે છે, અને અપયશના કલંકથી બીએ છે, તેથી તે પાપકર્મમાં પ્રવર્તતો નથી. તેથી કરીને તે પાપભીરૂ માણસ ધર્મને યોગ્યજ છે.

ટીકાર્થ—રાજાનો નિગ્રહ ( દંડ ) વિગેરે આ લોકના કષ્ટ અને નરક ગતિમાં જવું વિગેરે પરલોકના કષ્ટને મનમાં વિચારતો માણસ હિંસા, અસત્ય વિગેરે પાપકર્મમાં પ્રવર્તતો નથી. તથા અપયશના કલંકથી એટલે કુળનું મલિનપણું થશે એવા હેતુથી પણ પાપમાં પ્રવર્તતો નથી એમ સંબંધ કરવો. તેથી કરીને खलु શબ્દનો નિશ્ચય અર્થ હોવાથી પાપભીરૂ પુરૂષ ધર્મને યોગ્યજ છે. ભાવાર્થ એ છે કે—જે માણસને પાપકર્મ કરવાની ઇચ્છા ન હોય તે જ યુક્તાયુક્તનો વિચાર કરે છે, માટે તેજ ધર્મને યોગ્ય છે. કહ્યું છે કે—" અનુરાગ અને એકાન્તવડે પ્રેરિત એવો ઇંદ્રિયોનો સમૂહ ચપળ છતાં જે વિદ્વાન મનુષ્યો યુક્તાયુક્તનો વિચાર કરે છે, તેઓને ધન્ય છે." કારણકે તેવો પુરૂષ—" વધ, મારણ, અભ્યાખ્યાન ( ખોટું આળ ) દેવું અને પરધનનો વિનાશ કરવો એ વિગેરે પાપ કર્મ એકવાર કરવાથી પણ તેનો સર્વથી જઘન્ય ઉદય દશ ગુણો થાય છે." આવાં આવાં પાપના ફળ સાંભળીને સુલસની જેમ દુર્ગતિના હેતુઓનો અત્યંત ત્યાગ કરે છે.

## સુલસની કથા.

રાજગૃહ નગરમાં કાલસૌકરિક નામનો કસાઇ હતો. તે અભવ્ય હતો. તે હંમેશાં પાંચસો પાડાની હિંસા કરતો હતો. તે કર્મથી તેણે સાતમી નરકથી પણ વધારે પાપ ઉપાર્જન કર્યું. આયુષ્યને છેડે મહાવ્યાધિની પીડાથી તે ગ્રહણ કરાયો, ધાતુના વિપરીતપણાને લીધે પાંચે ઇંદ્રિયોના વિષયો તેને વિપરીત જણાવા લાગ્યા. સુગંધી અને શીતળ વિલેપન તેને અશુચિ અને ઉષ્ણ કાદવ જેવું લાગ્યું. એજ પ્રમાણે ભોજન, પાન, સુવાની તળાઇ વિગેરે તેને વિપરીત લાગ્યા. તેને સુલસ નામે પુત્ર હતો. તે સર્વ રીતે આદર પૂર્વક તેનો પ્રતિકાર ( ઉપાય ) કરાવતો હતો. જ્યારે તેને કાંઇપણ ઉપાય સુખકારક ન લાગ્યો, ત્યારે સુલસે પોતાના મિત્ર અભયકુમાર મંત્રીને પૂછયું. તેણે જવાબ આપ્યો કે—" હે ભદ્ર ! તારા પિતાએ ઘણા જીવનો ઘાત કરી મહા ઘોર પાપકર્મ ઉપાર્જન કર્યું છે, તે પાપ આ ભવમાંજ તેને ઉદય આવ્યું છે. તેથી તું તેને કાંટાની શય્યામાં સુવાડ, અશુચિ પદાર્થનું વિલેપન કર, અને ખારૂં, કષાયલું તથા દુર્ગંધવાળું પાણી પા. તેથી તેને સુખ ઉપજશે. " સુલસે પણ તેજ પ્રમાણે કર્યું, તેનાથી તેને કાંઇક સુખ ઉપજ્યું. પછી તે સૌકરિક કેટલોક-કાળ જીવી મરણ પામી સાતમી નરકે ગયો. ત્યારપછી તેને સ્થાને તેના સ્વજનોએ સુલસને સ્થાપન કર્યો, અને કહ્યું કે-" તું તારા પિતાનો ધંધો કર. " ત્યારે તે પણ પિતાએ અનુભવેલા દુઃખને સંભારી બોલ્યો કે-" હું તે પાપનું ફળ ભોગવવા શક્તિમાન નથી. " એમ કહી તે ઇચ્છતો નહોતો. ત્યારે તેના સ્વજનોએ કહ્યું કે—" પાપનો વિભાગ પાડીને અમો સર્વે ગ્રહણ કરશું. " ત્યાર પછી તેમને બોધ કરવા માટે સુલસે પોતાના પગમાં તીક્ષ્ણ કુહાડો માર્યો. અને પછી બૂમો પાડતા તેણે સ્વજનોને કહ્યું કે—" આ મારૂં દુઃખ વિભાગ કરીને થોડું થોડું ગ્રહણ કરો. જેનાથી મને કાંઇક સુખ થાય. " ત્યારે તેઓ બોલ્યા કે-" હે વત્સ ! જો તે દુઃખ અમારા શરીરમાં

સંક્રમે તો અમે સુખેથી ગ્રહણ કરીયે. પરંતુ તેમાં કાંઇપણ ઉપાય નથી, કે જે અન્યનું દુઃખ બીજામાં નાંખી શકાય. ” તે બોલ્યો—“ ત્યારે તમે કેમ કહો છો ? કે તારૂં પાપ અમે વહેંચી લેશું ? ” આ પ્રમાણે સુલસના કહેવાથી તેમણે તેનો નિશ્ચય જાણ્યો, અને તેથી તે સ્વજનો મૌન થયા. પછી સુલસને અભય કુમારે ભગવાન શ્રી મહાવીર સ્વામીની પાસે શ્રાવક ધર્મ અંગીકાર કરાવ્યો તેને સમ્યક્ પ્રકારે પાલન કરી તે સ્વર્ગે ગયો.

## હવે સાતમા ગુણનું સ્વરૂપ તથા તેનું ફળ કહે છે.

**असढो परं न वंचइ, वीससणिज्जो पसंसणिज्जो य ।**
**उज्जमइ भावसारं, उचिओ धम्मस्स तेणेसो ॥ १४ ॥**

મૂલાર્થ—શઠતા રહિત મનુષ્ય અન્ય માણસને છેતરતો નથી. તેથી તે વિશ્વાસ કરવા લાયક અને પ્રશંસા કરવા લાયક થાય છે, તથા તે ભાવ સહિત ધર્મ કાર્યમાં ઉદ્યમ કરે છે. તેથી તે ધર્મને યોગ્ય છે.

ટીકાર્થ—શઠ એટલે માયાવી. તેનાથી જે વિપરીત હોય તે અશઠ કહેવાય છે. તે અન્યને છેતરતો નથી, તેથી તે વિશ્વાસ કરવા લાયક એટલે પ્રતીતિનું સ્થાન થાય છે. તેથી બીજો એટલે શઠ પુરૂષ બીજાને કદાચ છેતરે નહીં તો પણ તે વિશ્વાસનું કારણ ( સ્થાન ) થતો નથી. કહ્યું છે કે—“ માયા-કપટ કરવાના સ્વભાવવાળો પુરૂષ જો કે કાંઇ અપરાધ કરતો ન હોય તો પણ તે પોતાના જ દોષથી હણાયેલો હોવાથી સર્પની જેમ અવિશ્વાસને લાયક થાય છે.'' તથા જે અશઠ હોય તે પ્રશંસનીય એટલે શ્લાઘા કરવા લાયક કહેવાય છે. કહ્યું છે કે—“ જેવું ચિત્ત તેવી વાણી અને જેવી વાણી તેવી જ ક્રિયા, આ ત્રણેમાં જેઓને વિસંવાદ-વિપરીતપણું ન હોય, તે પુરૂષો ધન્ય છે. ” તથા અશઠ પુરૂષ ભાવસાર એટલે શ્રેષ્ઠ ભાવથી સુંદર રીતે ધર્માનુષ્ઠા-

નમાં યત્ન કરે છે. પરંતુ કપટી ક્ષપકની જેમ અન્ય જનોને રંજન કરવા માટે બાહ્ય દેખાવથી જ કરે તેમ નહીં. કહ્યું છે કે—

"જે કોઇ નિર્ગામ મધ્ય ( વન–અટવી ) વાસી દુષ્ટ આશય છતો કપટક્ષપકની પેરે માયા મૃષાવાદ વડે મુગ્ધજનોને ખાડામાં પાડી વનવાસ આદરે છે તે પસ્તાવો પામે છે." તેથી કરીને આવો જે અશઠ હોય તે ઉપર કહેલા ધર્મને ઉચિત એટલે યોગ્ય પાત્ર છે. સર્વ લોક સ્વાર્થમાં પ્રવર્તેલો હોવાથી તેવા પ્રકારનો પુરૂષ અતિ દુર્લભ છે. કહ્યું છે કે—" ઘણા લોકોને ચમત્કાર પમાડે એવા માણસો દુનિયામાં ઘણા છે. પરંતુ જેઓ પોતાના ચિત્તને રંજન કરે તેવા તો પૃથ્વી પર પાંચ–છ જ છે." ૧૪.

## હવે આઠમા ગુણ વિષે કહે છે.

**उवयरइ सुदक्खिन्नो, परेसिमुज्झिय सकज्जवावारो ।**
**तो होइ गज्झवक्को–णुवत्तणीओ य सव्वस्स ॥ १५ ॥**

મૂલાર્થ—સારા દાક્ષિણ્ય ગુણવાળો પુરૂષ પોતાના કાર્યનો વ્યાપાર છોડીને બીજાનો ઉપકાર કરે છે. તેથી તેનું વચન સૌ કોઇ ગ્રહણ કરે છે, અને તેને જ સર્વ જનો અનુસરે છે.

ટીકાર્થ—સારા દાક્ષિણ્યવાળો પુરૂષ એટલે કે જે આ લોક અને પરલોક બન્નેના ઉપકારવાળું કાર્ય હોય તેમાં જ દાક્ષિણ્ય ગુણવાળો હોય, પરંતુ પાપના કાર્યમાં તેવો ન હોય, એમ જણાવવા માટે સુ શબ્દે કરીને દાક્ષિણ્યનું વિશેષણ કર્યું છે. આ ગુણવાળો પુરૂષ બીજાની માગણીથી તેમના ઉપકારને માટે પ્રવર્તે છે. કેવી રીતે ? તે કહે છે. –પોતાના કાર્યની પ્રવૃત્તિનો ત્યાગ કરીને. તેથી કરીને તે સર્વ ધાર્મિક જનોને ગ્રાહ્યવાક્ય એટલે ગ્રહણ કરવા લાયક જેનું વચન છે તેવો અને

અનુવર્તનીય એટલે ઇષ્ટ ચેષ્ટાવાળો ( બીજાને અનુકરણ કરવા લાયક ) થાય છે. આવો પુરૂષ દાક્ષિણ્યના ગુણે કરીને ક્ષુલ્લક કુમારની જેમ ઇચ્છા વિના પણ ધર્મનું સેવન કરે છે.

## ક્ષુલ્લક કુમારની કથા.

સાકેત નગરમાં પુંડરીક નામે રાજા હતો. તેનો ભાઈ કંડરીક યુવરાજ હતો. તે યુવરાજને રૂપ વડે દેવાંગનાનો પણ તિરસ્કાર કરનાર યશોભદ્રા નામની ભાર્યા હતી. તે કોઇ એક દિવસે શ્રેષ્ઠ શણગાર પહેરીને બેઠી હતી, તેને રાજાએ જોઇ, અને તેનું હૃદય કામદેવના બાણની વેદનાથી વિહ્વળ થયું, તેથી તેણે બે ત્રણ વાર તેણીની પ્રાર્થના કરી, પરંતુ તે ઇચ્છતી નહોતી, અને તેણીએ કહ્યું કે– " કેમ તમે તમારા ભાઈથી પણ લજ્જા પામતા નથી ? " તે સાંભળી " મારો ભાઇ જીવતો હશે ત્યાં સુધી આ મને ચહાશે નહીં " એમ ધારી તેણે કોઇ વખત છિદ્ર જોઇ કંડરીકને મારી નાંખ્યો. ત્યારપછી યશોભદ્રાએ તેનો પરમાર્થ જાણી વિચાર્યું કે–" આ રાજાએ પોતાના ભાઇને પણ મારી નાંખ્યો, તો પછી તેને અકાર્ય કાંઇ પણ નથી. " એમ ધારી શીળવ્રતનો ભંગ થવાના ભયથી તે ત્યાંથી નાઠી. અનુક્રમે શ્રાવસ્તિ નગરીએ પહોંચી. ત્યાં નગરીની બહાર થંડિલની ભૂમિએ નીકળેલી સાધ્વીઓને તેણે જોઇ. તે તેમની પાછળ પાછળ ચાલી તેમના ઉપાશ્રયે ગઇ. ત્યાં કીર્તિમતી નામની મહત્તરિકા ( ગુરૂણી ) ને પગે પડી. તેણીએ તેણીને ધર્મલાભ આપી શાંત કરી. તેણીએ પણ રોતાં રોતાં પોતાનું વૃત્તાંત કહી પ્રવ્રજ્યા માગી. ગુરૂણીએ તેણીને યોગ્ય જાણી વિધિપૂર્વક દીક્ષા આપી. તે પણ યત્નથી પાળવા લાગી; પરંતુ તેણીને ગુપ્ત ગર્ભ હતો, તેથી 'મને પ્રવ્રજ્યા નહીં આપે' એમ ધારી તેણીએ પ્રથમ દીક્ષા લેતી વખતે મહત્તરિકાને તે વાત કરી નહોતી. પછી તે ગર્ભ અનુક્રમે વૃદ્ધિ પામ્યો. તે જોઇ ગુરૂણીએ પૂછયું ત્યારે તેણીએ

સત્ય વાત નિવેદન કરી. મહત્તરિકાએ પણ શ્રાવિકાને તે વાત કહી. ત્યારે તેણીએ માતાની જેમ પ્રીતિપૂર્વક તેણીની સારવાર કરી. સમય પૂર્ણ થયે તેણીને પુત્ર જન્મ્યો. તે શુભ લક્ષણવાળા પુત્રને પાલન પોષણ કરી આઠ વર્ષનો કર્યો. પછી તે કુમારને અજિતસેન સૂરિએ દીક્ષા આપી. તેનું નામ ક્ષુલ્લક કુમાર પાડયું. તે વ્રતનું પાલન કરી બાર વર્ષના સાધુ પર્યાયવાળો થયો. એકદા વસંત સમયે વિવિધ પ્રકારની ક્રીડા કરતા યૌવનવયના મનુષ્યોને જોઇ તે ચારિત્ર પરિણામથી ભ્રષ્ટ થયો. તેણે આર્તધ્યાનને વશ થઇ પોતાની પાસે રહેતા એક સાધુને તે વાત કહી. તેણે ઘણી રીતે તેને સમજાવ્યો. પણ તે બોધ પામ્યો નહીં, ત્યારે તેણે તેની માતાને તે વાત કહી. તેણીએ પણ ઘણે પ્રકારે સમજાવ્યા છતાં તે સમજ્યો નહીં ત્યારે કહ્યું કે–" હે વત્સ ! તેં બાર વર્ષ સુધી તારી ઇચ્છાથી જ વ્રત પાળ્યું છે, તો હવે મારા વચનથી તું બીજા બાર વર્ષ સુધી પાલન કર. " તે સાંભળી દાક્ષિણ્ય ગુણને લીધે તે તેટલો કાળ ચારિત્રમાં રહ્યો. ત્યાર પછી તેણે માતાને પૂછયું ત્યારે તે બોલી કે–"મારી માતા સમાન મારી ગુરૂણી છે તેને તું પૂછ." ત્યારે તેણે ગુરૂણી પાસે રજા માગી. તેણીએ પણ 'અશુભ કાર્યમાં કાળ વિલંબ કરવો સારો છે' એમ જાણી બીજા બાર વર્ષ સુધી પોતાના વચનથી ચારિત્રમાં સ્થાપન કર્યો. ત્યાર પછી એજ પ્રમાણે આચાર્યે તથા ઉપાધ્યાયે પણ બાર બાર વર્ષ સ્થાપન કર્યો. પછી જ્યારે તે રહ્યો જ નહીં ત્યારે 'અહો ! કર્મનો પરિણામ અત્યંત ભયંકર છે.' એમ વિચારી સર્વેએ તેની ઉપેક્ષા કરી. પરંતુ પુત્ર સ્નેહથી મોહ પામેલી તેની માતાએ ચિરકાળથી સાચવી રાખેલ મુદ્રારત્ન તથા રત્નકંબલ એ બે વસ્તુ તેને આપી કહ્યું કે–" સાકેત નગરમાં તારો મોટો કાકો પુંડરીક રાજા છે. તેને તું આ બે વસ્તુ દેખાડ જે. તેથી તે આ મુદ્રારત્નને ઓળખીને તને રાજ્યનો ભાગ આપશે." તે લઇને તે સાધુ વેષેજ સાકેત નગરમાં ગયો. ત્યાં રાજમંદિરના એક ભાગમાં જઇને રહ્યો. તે વખતે રાજ મહેલના આંગણામાં મોટું નાટક થવા લાગ્યું. તે જોવા માટે સર્વ પ્રધાન (મુખ્ય) લોકો ત્યાં એકઠા થયા. ક્ષુલ્લક કુમારે પણ

વિચાર્યું કે—" હું પણ ઘણે કાળે આજ નાટક જોવાના સુખનો અનુભવ કરૂં " એમ વિચારી તે પણ જોવા ગયો. ઘણા આનંદ રસથી ભરપૂર મોટું નાટક થયું જ્યારે રાત્રિ કાંઇક થોડી બાકી રહી, અને કોઇએ ઇનામ આપ્યું નહીં, ત્યારે થાકી ગયેલી નૃત્ય કરનારી આળસથી નિદ્રાળુ થવા લાગી. તે જાણી રંગનો ભંગ ન થવા દેવા માટે [1]મહત્તરિકાએ તેણીને બોધ કરવા (જગાડવા) આ પ્રમાણે ગાયું—"હે સુંદરી! અત્યાર સુધી સારૂં ગાયું, સારૂં વગાડયું અને સારૂં નચાયું. લાંબી રાત્રિ સુધી નાટકનું પાલન કર્યું, હવે તો રાત્રિનો છેડો આવ્યો છે માટે તું પ્રમાદ ન કર. " આના અર્થવાળું ગાયન સાંભળી ક્ષુલ્લક કુમારે પ્રતિબોધ પામી તે નર્તકી ઉપર ઇનામ તરીકે પોતાનો રત્નકંબળ નાંખ્યો, યશોભદ્ર નામના યુવરાજે કુંડળ નાંખ્યું. સાર્થવાહની સ્ત્રી શ્રીકાંતાએ હાર નાંખ્યો, જયસંધિ નામના રાજમંત્રિએ કંકણ નાંખ્યું અને કર્ણપાળ નામના મોટા મહાવતે અંકુશરત્ન નાંખ્યું. આ પાંચે વસ્તુ લાખ લાખના મૂલ્યવાળી હતી.તે ઉપરાંત રાજા વિગેરેએ પણ સારૂં ઇનામ નાંખ્યું, એટલે નર્તકીને ઘણો મોટો લાભ થયો. પછી પ્રાતઃકાળે રાજાએ ક્ષુલ્લકને પૂછયું કે—" તું કેમ આટલો બધો તુષ્ટમાન થયો ? " ત્યારે તેણે પોતાનો સર્વ વૃત્તાંત કહી છેવટ રાજ્ય લેવા માટે આવ્યો છું એમ કહ્યું, અને રાજાને મુદ્રારત્ન દેખાડયું. તે જોઇ રાજાએ તેને કહ્યું--' તો તારી ઇચ્છા પ્રમાણે રાજ્યનો ભાગ ગ્રહણ કર.' ક્ષુલ્લકે કહ્યું—"હવે મારે રાજ્યથી સર્યું કારણ કે હવે જીવિત ઘણું થોડું બાકી રહ્યું છે. માટે હું સંયમનેજ પાળીશ. " પછી યશોભદ્રને પૂછવાથી તેણે કહ્યું કે—" મેં પણ ચિંતવ્યું હતું કે—'રાજા વૃદ્ધ છે, માટે તેને મારીને હું રાજ્ય ગ્રહણ કરૂં. તેટલામાં તે નર્તકીના ગાયનથી હું બોધ પામ્યો.' પછી રાજાના પૂછવાથી શ્રીકાંતા પણ બોલી કે—" મારો પતિ સાર્થવાહ ઘણા કાળથી પરદેશ ગયો છે, તેથી હું અન્ય પુરૂષ પાસે ગમન કરવાની ઇચ્છાથી

૧ મોટી નાટકડીએ.

વિચાર કરતી હતી, તેવામાં નર્તકીના ગાયને મને બોધ પમાડી." મંત્રીએ પણ નિવેદન કર્યું કે—"મને તમારા શત્રુ રાજાએ લોભ પમાડ્યો હતો, તેથી હું મારા સ્વામીનો વધ કરૂં કે નહીં? એવી ચિંતાથી આકુળ હતો તેવામાં તે નર્તકીએ મને બોધ પમાડ્યો" પછી કર્ણપાળે પણ કહ્યું કે—"મને અમુક શત્રુ રાજાએ ઘણું દ્રવ્ય આપી પટ્ટ હસ્તી માગ્યો હતો. અથવા તેને મારી નાંખવાનું કહ્યું હતું. માટે મારે શું કરવું? એવા વિચારમાં હું મૂઢ થયો હતો. તેવામાં આ નર્તકીના ગાયનથી હું બોધ પામ્યો." તે સાંભળી રાજાએ સર્વેને કહ્યું કે—"તમે સર્વે પોત પોતાના મનની ઇચ્છા પ્રમાણે કરો." ત્યારે ઉત્તમ ઉપદેશ સાંભળવાથી પ્રતિબોધ પામેલા તે સર્વેએ ક્ષુલ્લક કુમારની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તે ચારે સહિત ક્ષુલ્લક કુમાર ગુરૂની પાસે ગયો. ગુરૂએ 'આ તેં તારા કુળને યોગ્યજ કર્યું', એ પ્રમાણે તેની પ્રશંસા કરી. પછી તે આત્મકાર્યનો સાધક થયો. આ પ્રમાણે આ ક્ષુલ્લક કુમારે ચિરકાળ સુધી દાક્ષિણ્ય ગુણે કરીનેજ સંયમનું પાલન કર્યું, તો તે પરિણામે પણ સુખકારક થયો.

## હવે નવમા ગુણને આશ્રીને કહે છે.

**लज्जालुओ अकज्जं, वज्जइ दूरेण जेण तणुयं पि ।**
**आयरइ सयायारं, न मुयइ अंगीकयं कहवि ॥ १६ ॥**

મૂલાર્થ—જેથી કરીને લજ્જાળુ માણસ થોડા પણ અકાર્યને દૂરથીજ વર્જે છે, સદાચારનું આચરણ કરે છે, અને અંગીકાર કરેલું વ્રત કોઇ પણ પ્રકારે મૂકતો નથી, તેથી તે ધર્મનો અધિકારી છે.

ટીકાર્થ—**लज्जालुओ**—પ્રાકૃત ભાષાની શૈલી હોવાથી લજ્જાવાન પુરૂષ **तनुकमपि**—થોડું પણ **अकार्य**—નિંદિત કાર્ય અહીં નિષેધ વાચક**अ** નો નિંદિત અર્થ કરવાનો છે. **दूरेण**—દૂરથીજ વર્જે છે. **येन**—જે

હેતુ માટે વર્જે છે તે હેતુ માટે તે ધર્મનો અધિકારી છે એમ પ્રસ્તુતની સાથે સંબંધ કરવો. કહ્યું છે કે–" જો કે ઉંચા પર્વત જેવડા મોટા અને દુરંત ( છેડા વિનાના ) દુઃખના ભારથી કદાચ મરણ પામે, તો પણ સત્પુરૂષો જે કાર્ય કરવા લાયક નથી, તેને કરતા જ નથી." તથા **सदाचारं**–સારા વ્યવહારનું **आचरति**–અનુષ્ઠાન કરે છે (આચરે છે). કારણકે શુભ આચરણ કરવામાં લજ્જાનું કારણ હોતું નથી. તથા **अंगीकृतं**–આરંભેલા ધર્મકાર્યને (અહીં ધર્મનો અધ્યાહાર રાખવાનો છે ). **कथमपि**–સ્નેહ કે બળાત્કાર વિગેરે કોઇ પણ પ્રકારે **न मुञ्चति**–ત્યાગ કરતો જ નથી. કારણ કે આરંભ કરેલા (શુભ) કાર્યનો ત્યાગ ન કરવો એમાં લજ્જાજ હેતુ છે. કહ્યું છે કે—" (સત્પુરૂષ) આરંભ કરેલા કાર્યનો ત્યાગ કરતાં પોતાના શરીરમાં જે પાંચ મહાભૂત છે તેનાથી પણ લજ્જા પામે છે, તો બીજા માણસથી લાજ પામવી તે તો દૂર રહો." પ્રાયે કરીને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો પુરૂષ આવો લજ્જાળુ જ હોય છે.

## આ ઉપર ચંડરૂદ્રસૂરિના શિષ્યની કથા.

કોઈ એક નગરમાં ચંડરૂદ્ર નામના આચાર્ય રહેતા હતા. તે મહા ક્રોધી હોવાથી પગલે પગલે ( ઘડીયે ઘડીયે ) સાધુઓ ઉપર ક્રોધ કરતા હતા. તેથી ક્રોધના ઉદયથી ભય પામીને તે જૂદા ઉપાશ્રયમાં ધ્યાન મગ્ન જ રહેતા હતા. એકદા કોઇ શ્રેષ્ઠીનો પુત્ર નવા વિવાહના વેષવાળો ક્રીડા કરનાર મિત્રો સહિત તે ઉદ્યાનમાં આવ્યો. ત્યાં તેના મિત્રોએ હાંસી પૂર્વક સાધુઓને નમસ્કાર કરી કહ્યું કે—" હે પૂજ્ય ! આ અમારો મિત્ર હમણાં જ પરણ્યો છે, તેને કદ્રૂપી કન્યા મળવાથી તે વૈરાગ્ય પામ્યો છે, અને તેથી તમારી પાસે દીક્ષા લેવા આવ્યો છે." તે સાંભળી ' આ છોકરાઓ મશ્કરા છે ' એમ જાણી સાધુઓએ તેમને ઉત્તર આપ્યો નહીં. ત્યારે તેઓ બે વાર ત્રણ વાર કોલાહલ કરીને

સ્વાધ્યાયમાં વિઘ્ન કરવા લાગ્યા, ત્યારે સાધુઓએ કહ્યું કે—" જો એમ જ છે તો અહીં સમીપે અમારા ગુરૂ છે, તેની પાસે જાઓ. તે દીક્ષા આપશે. " ત્યારે તેઓ ગુરૂ પાસે જઇ તે જ પ્રમાણે બોલવા લાગ્યા. તે વખતે ધ્યાનનો ભંગ થવાથી કોપ પામીને સૂરિએ કહ્યું કે—" જો સાચું હોય તો શીઘ્ર મારી પાસે આવ. " તે સાંભળી તે શ્રેષ્ઠીપુત્ર ગુરૂ પાસે આવી બેઠો. સૂરિએ પણ કુંડીમાંથી રક્ષા લઇ તેનો લોચ કરવા માંડ્યો. તે જોઇ તેના મિત્રો ભય પામ્યા, અને કહેવા લાગ્યા કે-" હે ભગવન્! એમ ન કરો ન કરો. અમે તો મશ્કરી કરીયે છીયે " આ પ્રમાણે તેઓ બોલતા હતા તેટલામાં સૂરિએ હાથની લઘુ લાઘવી કળાએ કરીને તેના મસ્તકનો ઘણો લોચ કરી નાંખ્યો. ત્યારે શ્રેષ્ઠી પુત્રે વિચાર કર્યો કે—" મને અર્ધી દીક્ષા તો થઇ ગઇ, હવે આવા અર્ધા લોચે લોકમાં ફરવાથી તો હું લાજ પામીશ. માટે હવે તો જે આરંભ્યું તેનો નિર્વાહ કરવો જ શ્રેષ્ઠ છે. કારણ કે કહ્યું છે કે-" સજ્જન પુરૂષે આળસ વડે કરીને પણ ( સ્વાભાવિકપણે ) જે અક્ષરો કહેલા હોય તે પથ્થર પર ટાંકણાં વડે કોતર્યા હોય તેમ અન્યથા થતા નથી. " આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું કે—" હે પૂજ્ય ! આ સર્વનું વચન આપ સાંભળશો નહીં. આ બાબતમાં હું અને આપ એ બે જ પ્રમાણભૂત છીયે. " આ પ્રમાણે તેનો શુદ્ધ પરિણામ જોઇ ગુરૂએ તેને દીક્ષા આપી. તેના મિત્રો ઠપકાના ભયથી નાશી ગયા. પછી વિકસ્વર મુખકમલવાળા શિષ્યે ગુરૂને વંદના કરી કહ્યું કે—"આપે મારૂં દારિદ્રયપણું મૂકાવીને મને ચક્રવતીના પદે સ્થાપન કર્યો છે. પરંતુ પ્રભાત સમયે મારા સ્વજનો અહીં આવીને મને લઇ જશે. તો આપ રાત્રીએજ દેશાંતરમાં જવાની કૃપા કરો. " આચાર્યે કહ્યું—" હું રાત્રીએ જોઇ શકતો નથી, તેથી તું માર્ગ જોઇ આવ, કે જેથી સુખે કરીને જઇ શકીયે. " ત્યારે તે ક્ષુલ્લક માર્ગ શોધીને આવ્યો. બંને ચાલ્યા. રાત્રીના વિહારથી અજાણ્યા ગુરૂ ડગલે ડગલે સ્ખલના પામવા લાગ્યા, અને ' આવો માર્ગ કેમ શોધ્યો ? ' એમ બોલતા તે શિષ્યના માથા પર દંડનો પ્રહાર કરવા

લાગ્યા. તે શિષ્યે પણ “ આ મહાત્માને મેં સંતાપમાં નાંખ્યા ” એમ વિચારી સંવેગ પામી ગુરૂને પોતાની ખાંધે ચડાવ્યા. તો પણ અંધકારના દોષથી સ્ખલના પામતા તેને ગુરૂ વારંવાર તાડન કરવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે—“ અરે દુષ્ટ શિષ્ય ! આવો માર્ગ તેં શોધ્યો ? ” તે સાંભળી તે શિષ્ય પણ “ અહો ! હું અધન્ય છું, કે જેથી મેં આ મહાત્માને આવું કષ્ટ પમાડયું. હવે પ્રભાતકાળ થશે ત્યારે હું તેની વિશ્રામણા કરવામાં એવો યત્ન કરીશ કે જેથી ગુરૂ સંતાપ રહિત થઇ સુખનું ભાજન થાય. ” આ પ્રમાણે ભાવના ભાવતો તે શુકલધ્યાન પામીને અપૂર્વ કરણ અને ક્ષપકશ્રેણિના ક્રમે કરીને કેવલજ્ઞાની થયો. પછી સુખે સુખે સારે માર્ગે ચાલવા લાગ્યો. ત્યારે શાંત કોપવાળા આચાર્યે આશ્ચર્ય પામી તેને પૂછયું કે—“ હે શિષ્ય ! કેમ હવે તું સ્ખલના પામતો નથી ? ” તે બોલ્યો કે—‘હું હવે માર્ગને સારી રીતે જોઇ શકું છું. ’ સૂરિએ કહ્યું—‘ ચક્ષુવડે કે જ્ઞાનવડે ? ’ તેણે કહ્યું—‘ જ્ઞાનવડે ’ ગુરૂ બોલ્યા—‘ કેવું જ્ઞાન ? છદ્મસ્થપણાનું કે કેવળ ? ’ તે બોલ્યો—‘ હે પૂજ્ય ! કેવળ ’ તે વચન સાંભળતાં જ સૂરિ તેના સ્કંધ ઉપરથી નીચે ઉતર્યા, અને ‘ મેં કેવળીની આશાતના કરી ’ એમ કહી પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા. એટલામાં રાત્રી પૂર્ણ થઇ પ્રાતઃકાળ થયો, તે વખતે ગુરૂએ કેશના લોચથી અતિ કોમળ થયેલા તેના મસ્તક પર રૂધિરથી રાતા થયેલા દંડ પ્રહારના વ્રણો ( ચાંદા ) જોયા. સૂરિએ વિચાર્યું—“ મારી પંડિતાઇને ધિક્કાર હો, મારી મોટી વયને ધિક્કાર હો, અને મારા દીર્ઘકાળના ચારિત્ર પર્યાયને પણ ધિક્કાર હો, કે જેથી મેં આ ક્રોધ રૂપી પિશાચને વશ કર્યો નહીં. જુઓ, આણે એક જ દિવસની દીક્ષાએ કરીને પણ પરમ ઉપશમ રસ પામી આત્મકાર્ય સાધ્યું. ” આ પ્રમાણે મહા વૈરાગ્ય માર્ગમાં લાગેલા સૂરિ પણ કેવળજ્ઞાન ઉત્પન્ન કરી અનુક્રમે મોક્ષ પદ પામ્યા. આ પ્રમાણે ચંડરૂદ્ર સૂરિનો શિષ્ય લજ્જા ગુણવાળો હતો, તેથી તેણે પામેલા ચારિત્રનું પાલન કર્યું.

## હવે દશમો દયાળુપણાનો ગુણ કહે છે.

**मूलं धम्मस्स दया, तयणुगयं सव्वमेवमणुट्ठाणं ।**
**सिद्धं जिणिंदसमए, मग्गिज्जइ तेणिह दयालू ॥ १७ ॥**

મૂલાર્થ—ધર્મનું મૂળ દયા છે, અને દયાને અનુસરીને જ સર્વ ધર્મ અનુષ્ઠાન જિનેંદ્રના શાસનમાં સિદ્ધ છે, તેથી કરીને અહીં દયાળુ શોધાય છે.

ટીકાર્થ—જેનો અર્થ ઉપર કહી ગયા છે એવા ધર્મનું મૂળ એટલે આદિ કારણ દયા-પ્રાણીની રક્ષા જ છે કેમકે આની રક્ષાને માટે જ બીજાં વ્રતો કહેલાં છે. તેને માટે કહ્યું છે કે—" સ્વર્ગ અને મોક્ષને સાધનારી અહિંસા જ મુખ્ય કહેલી છે, અને તે અહિંસાના રક્ષણને માટે જ સત્ય વિગેરે વ્રતોનું પાળવું યોગ્ય છે." તથા—" જેમ માટી વિના ઘડો બની શકતો નથી, જેમ બીજ વિના અંકુરો હોતો નથી, તેમ જીવરક્ષા વિના મલિનતા રહિત શુદ્ધ ધર્મ થઇ શકતો નથી." તથા **तदनुगतं**-તે દયાની સાથે જ રહેલું વિહાર, આહાર, તપ અને વયાવચ્ચ વિગેરે સર્વ શુભ અનુષ્ઠાન જિનેંદ્રના આગમને વિષે સિદ્ધ પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—" જ્યાં દયા ન હોય ત્યાં દીક્ષા નથી, ભિક્ષા નથી, જ્ઞાન નથી. તપ નથી, દાન નથી અને ધ્યાન નથી. અર્થાત્ દયા વિના કરેલા આ સર્વ શુભ અનુષ્ઠાનો વ્યર્થ છે." તેથી કરીને અહીં એટલે આ ધર્મના અધિકારમાં દયાળુ માણસ શોધાય છે. અહીં તાત્પર્ય એ છે કે-જે પોતાની જાતે જ દયાળુ હોય તે સુખે કરીને ઇર્યાસમિતિ, પાડલેહણ વિગેરે ક્રિયામાં પ્રવર્તે છે. તેથી તે ધર્મરૂચિની જેમ ધર્મને યોગ્ય થાય છે. ૧૭.

# ધર્મરૂચિની કથા.

કોઇ એક કુળપુત્રે પરલોકને ભીરૂ હોવાથી ગૃહસ્થાશ્રમને ઘણા આરંભવાળો જાણી તાપસોની મધ્યે દીક્ષા લીધી. તે તાપસોને પણ કંદમૂળને ખેંચવા વિગેરેના આરંભમાં પ્રવર્તતા જોઇ તેને ખેદ થયો. કારણ કે તેઓ પણ ચતુર્દશી વિગેરે તિથિને દિવસે પોતાના આશ્રમમાં અનાકુટ્ટિની આઘોષણા કરે છે, તેથી તે દિવસે પુષ્પ, ફળ અને કંદ વિગેરે લાવવા માટે કોઇ પણ વનમાં જતો નથી. તે ધર્મરૂચિ પણ તે એક જ દિવસને સારો માની વિચારતો કે—" અહો ! જો હમેશાં આ અનાકુટ્ટિની આઘોષણા કરાય તો ઘણું સારૂં થાય. " એવો વિચાર કરતો તે રહ્યો. તેવામાં એકદા તેની પાસેના માર્ગે બે સાધુઓને જતા જોઇ ભદ્રકપણાથી તેણે તેમને પૂછયું. કે—" હે તપોધનો ! તમે આજે અરણ્યમાં કેમ ચાલ્યા છો ? શું તમારા ધર્મમાં આજે અનાકુટ્ટિ નથી ? " તેને સરળ સ્વભાવનો જોઇને તે સાધુઓ બોલ્યા કે—" હે તાપસકુમાર ! અમારા ધર્મમાં તો હમેશાં અનાકુટ્ટિજ છે. કેમકે અમે કદાચિત્ પણ સચેતન પૃથ્વીનું મર્દન કરતા નથી, સચેતન પાણી વાપરતા નથી, અનેક પ્રાણીઓના વિનાશના હેતુ રૂપ અગ્નિને સળગાવતા નથી તથા તૃણ લતા, પર્ણ, પુષ્પ ફળ અને કંદ વિગેરે વનસ્પતિઓનો અમે સ્પર્શ કરતા નથી, ઉખેડતા નથી તથા જમતા પણ નથી. તેથી અમારા ધર્મમાં સર્વદા અનાકુટ્ટિ જ છે. " આ પ્રમાણે સાંભળી તે ધર્મરૂચિ દયાના સ્વભાવવાળો હોવાથી તે બન્ને સાધુની સાથે ગુરૂ પાસે ગયો, અને પોતાની હકીકત નિવેદન કરી તેણે શુદ્ધ દીક્ષા અંગીકાર કરી.

## હવે અગ્યારમો ગુણ કહે છે.

**मज्झत्थ सोमदिट्ठी, धम्मवियारं जहट्ठियं मुणइ ।**
**कुणइ गुणसंपओगं, दोसे दूरं परिच्चयइ ॥ १८ ॥**

મૂલાર્થ—મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો પુરૂષ ધર્મના વિચારને યથાર્થ રીતે જાણે છે, અને તેથી તે ગુણનો સંગ્રહ-સંબંધ કરે છે, તથા દોષોને દૂરથી જ તજે છે.

ટીકાર્થ—મધ્યસ્થ એટલે કોઇ પણ દર્શન ઉપર પક્ષપાત રહિત અને સૌમ્ય એટલે દ્વેષ રહિત મનોહર દૃષ્ટિ જેને હોય તે મધ્યસ્થ સોમ્યદૃષ્ટિ એટલે કે સર્વત્ર રાગદ્વેષ રહિત એવો પુરૂષ ધર્મ વિચારને એટલે વિવિધ પ્રકારના પાખંડીઓના સમૂહના મંડપમાં સ્થાપન કરેલા ધર્મરૂપી કરીયાણાના સ્વરૂપને યથાર્થરીતે એટલે આ સગુણ છે કે નિર્ગુણ છે? થોડા ગુણવાળું છે કે ઘણા ગુણવાળું છે? એમ સુવર્ણની પરીક્ષા કરવામાં નિપુણ વિશેષ પ્રકારના સુવર્ણના અર્થી પુરૂષની જેમ બરાબર જાણે છે. અને તેથી કરીને ગુણ સંપ્રયોગ એટલે જ્ઞાનાદિક ગુણની સાથે સંબંધને કરે છે, તથા ગુણના પ્રતિપક્ષ રૂપ દોષોને દૂરથીજ વર્જે છે.

## આ ઉપર સોમવસુ બ્રાહ્મણનું દૃષ્ટાંત.

સોમવસુ નામનો એક બ્રાહ્મણ હતો. તેણે દુકાળના વખતમાં કુટુંબનો નિર્વાહ કરવા માટે શૂદ્રની વૃત્તિ ગ્રહણ કરી, તો પણ તેનું કુટુંબ જીવ્યું નહીં, તેથી તે વૈરાગ્ય પામી કરેલી શુદ્રવૃત્તિના પાપની શુદ્ધિને માટે પાટલિપુત્ર નગર તરફ ચાલ્યો. માર્ગમાં કોઇ બ્રાહ્મણની સ્ત્રી પાપની શુદ્ધિને માટે અગ્નિમાં બળી મરવા તૈયાર થઇ, તેને બ્રા-

હ્મણે અગ્નિદાહથી નિવારી. તે જોઇ ‘ અવિધિથી મરવું પણ સારૂં નથી. ’ એમ વિચારતો તે એક ગામમાં ગયો. ત્યાં એક અવ્યકત લિંગવાળા સાધુના મઠમાં ગયો. તે વખતે ભોજનનો સમય હતો, તેથી લિંગીએ તેને કહ્યું કે—“ તું મારો અતિથિ આવ્યો છે. માટે હમણાં આ મઠમાં બેશ.” એમ કહી તે ગામમાં ગોચરીએ ગયો. થોડી વારમાંજ ઘણું ભોજન લઇને આવ્યો. બન્નેએ તૃપ્ત પર્યંત ભોજન કર્યું. સમયે સોમવસુએ તેને પૂછયું કે—‘ તમારો ધર્મ કેવો છે ? અને તેમાં શું તત્ત્વ છે ? ’ તેણે કહ્યું—“ હે ભટ્ટ ! એક ગુરૂના અમે બે શિષ્યો છીયે. અમોએ દીક્ષા લીધા પછી થોડા સમયમાંજ ગુરૂ પરોક્ષ થયા-પરલોકમાં ગયા. તેણે અમને ઉપદેશ આપ્યો હતો કે— ‘ સુખે સુવું, મિષ્ટ ભોજન કરવું, અને આત્મા લોક પ્રિય કરવો. ’ પરંતુ આ ત્રણ પદનો ભાવાર્થ અમને કહ્યો નહોતો. તેથી હું મારી બુદ્ધિથી આ ગામમાં રહું છું, મંત્ર અને ઔષધ વિગેરેના પ્રયોગથી લોકોનો ઉપકાર કરૂં છું. તેથીજ હું લોક પ્રિય થયો છું, અને ભોજન પણ મિષ્ટ પામું છું, તથા આ મારી શય્યા છે, તેમાં હું સુખે સુઇ રહું છું. આટલું તત્ત્વ હું જાણું છું. તેનો પરમાર્થ તો ગુરૂ મહારાજ જાણે. તે સાંભળી સોમવસુએ વિચાર્યું કે—“ ગુરૂનો ઉપદેશ તો શ્રેષ્ઠ છે. પરંતુ આ તેનો પરમાર્થ નથી. ” એમ વિચારી તેણે ફરીથી પૂછયું કે—‘ તમારો ગુરૂભાઇ કયાં છે ? ’ તેણે કહ્યું—‘ અમુક ગામમાં છે. ’ તે સાંભળી સોમવસુ બીજે દિવસે તે ગામમાં ગયો, અને તેને મળ્યો. તેણે પણ ઉચિત કર્યું અને ભોજન સમયે કહ્યું કે—‘ મારી સાથે ભોજન કરવા ચાલ. ’ પછી બંને ચાલ્યા. ગામમાં પેઠા તેટલામાં કોઇ ભકતે તેને કહ્યું—કે ‘ મારે ઘેર પારણું કરવા ચાલો. ’ તે બોલ્યો —‘ મારી સાથે આ મારો અતિથિ છે. ’ ભકત બોલ્યો કે—‘ તે પણ આવે, અને તમો પણ આવો ’ એમ કહી તે બંનેને પોતાને ઘેર લઇ ગયો. તે બંનેના પગ ધોયા પછી મન વાંછિત ઉત્તમ ભોજન કરાવ્યું. ભોજન કરી બન્ને પોતાને સ્થાને ગયા. બ્રાહ્મણે તેને તેનો આચાર

પૂછ્યો. તેણે પણ પ્રથમની જેમજ ત્રણ પદ કહ્યા. બ્રાહ્મણે તેનો અર્થ પૂછ્યો, ત્યારે તેણે પણ પૂર્વની જેમ વૃત્તાંત કહીને કહ્યું કે—" હું એકાંતરે જમું છું, તેથી મારે તે ભોજન મિષ્ટ થાય છે, ધ્યાન અને અધ્યયન કરતાં થાકી જાઉં ત્યારે જ્યાં ત્યાં સુઇ જાઉં છું, તેથી સુખે નિદ્રા આવે છે, અને ચિત્તમાં નિઃસ્પૃહતા રાખું છું તેથી સર્વ લોકને પ્રિય લાગું છું." આ પ્રમાણે હું ગુરૂના વચનની આરાધના કરૂં છું." તે સાંભળી સોમવસુએ વિચાર્યું કે—" આ પહેલા કરતાં સારો છે, પરંતુ ગુરૂનો ઉપદેશ ગંભીર છે તેનો પરમાર્થ બરાબર જણાતો નથી." એમ વિચારતો તે પાટલીપુર નગરમાં ગયો. ત્યાં એક ત્રિલોક નામે પ્રસિદ્ધ વિદ્વાન પંડિત રહેતો હતો, તેને ઘેર તે ગયો. ઘરમાં પ્રવેશ કરતાં તેને ' હમણાં જવાનો અવસર નથી ' એમ કહી દ્વારપાળે જતો અટકાવ્યો. એટલે તે બહારજ બેઠો. તેટલામાં પુષ્પ અને દાતણ લઇને કોઈ સેવક ત્યાં આવ્યો તેની પાસે દાતણ માગ્યા છતાં તે આપ્યા વિનાજ ઘરમાં પેઠો. થોડી વારે બહાર નીકળી સર્વને દાતણ આપવા લાગ્યો. તે જોઇ સોમવસુએ દ્વારપાળને પૂછ્યું કે—"કેમ પહેલાં માગ્યા છતાં આપતો નહોતો, અને હવે માગ્યા વિનાજ આપે છે?" દ્વારપાળે કહ્યું—"પ્રથમ સ્વામીને આપવાથી તેનું ગૌરવ-માન સચવાય છે, નહિ તો સ્વામીની અવજ્ઞા કરી કહેવાય. અને તેને આપ્યા પછી બાકી જે શેષ રહે તે તેની શેષા તરીકે સર્વને થાય છે." તેટલામાં પાસેના ઘરમાં કોઈ બે પુરૂષોએ મોઢું ધોવા પાણી માગ્યું, ત્યારે એક જુવાન સ્ત્રીએ એક પુરૂષને હાથોહાથ પાણીની ઝારી આપી અને બીજાને છેટેથી લાંબી લાકડીએ કરીને પાણીનું પાત્ર આપ્યું. તેનું કારણ બ્રાહ્મણના પૂછવાથી દ્વારપાળે કહ્યું કે–" પહેલો આ સ્ત્રીનો ભર્તાર છે. અને બીજો પરપુરૂષ છે, તેથી બંનેને એવીજ રીતે આપવું યોગ્ય છે." તે સાંભળી ભટ્ટ વિચારવા લાગ્યો કે–"અહો! આ પંડિતનો પરિવાર પણ નીતિવાળો છે." તેટલામાં વાજિત્રના શબ્દવડે દિશાઓના આંતરાઓને ભરી દેતી અને ઘણા ભાટ ચાર-

ણોથી સ્તુતિ કરાતી શિબિકામાં બેઠેલી એક તરૂણી દ્વાર પાસે આવી. તે જોઇ સોમવસુએ પૂછયું કે—' આ કોણ છે ? અને આવી ધામધુમથી કેમ આવી ? ' દ્વારપાળે કહ્યું-" આ પંડિતજીની પુત્રી છે. રાજાની સભામાં સમસ્યાના એક પાદથી આખો શ્લોક તેણીએ પૂર્ણ કર્યો તેથી રાજાનું સન્માન પામી ઉત્સવ પૂર્વક ઘેર આવી છે. તે સમસ્યાનું પાદ રાજાએ આ પ્રમાણેના અર્થવાળુ કહ્યું હતું-'તેની શુદ્ધિ વડે શુદ્ધ થાય છે.' આની પૂર્તિ તેણીએ આ પ્રમાણે કરી-"સર્વ ઠેકાણે (મોહથી) વ્યાપીને રહેલું મન દોષની રેણુથી મલિન થાય છે, તે સારા વિવેકરૂપી જળના સંબંધથી તેની શુદ્ધિ વડે શુદ્ધ થાય છે. " તેટલામાં તે ઘરમાં પેઠી. તેણીના પિતાએ તથા પરિવારે તેણીની પ્રશંસા કરી. તે સર્વ જોઇ ' અહો ! આનો પરિવાર પણ પંડિત છે ' એમ વિચારી સોમવસુ અવસર મળ્યો ત્યારે સભામાં બેઠેલા પંડિતની પાસે ગયો. તે પંડિતને નમસ્કાર કરી તેનું સન્માન પામી ઉચિત આસન પર બેઠો. આ અવસરે કોઇ વિદ્યાર્થીએ પંડિતની પાસે આવી વિનંતિ કરી કે-"મેં આજે સ્વપ્નમાં ગુરૂની સ્ત્રી સાથે ભોગ કર્યો, તે મારા પાપની શુદ્ધિ કરો. " પંડિતે કહ્યું—" તપાવેલી લોઢાની પુતળીને આલિંગન કરવાથી તારી શુદ્ધિ છે. " તે સાંભળી બટુકે તેમ કરવાનું અંગીકાર કર્યું. પછી અગ્નિના વર્ણવાળી લોઢાની પુતળી કરી. તેને જેટલામાં તે બટુક આલિંગન કરે છે, તેટલામાં પંડિતે પ્રથમથી સંકેત કરી રાખેલા પુરૂષોએ તેને પકડી લીધો. અને ' તું શુદ્ધ છે શુદ્ધ છે ' એમ બોલતા સર્વ સભ્યોએ તાળીઓ પાડી. ત્યાર પછી સોમવસુએ પણ પોતાનું વૃત્તાંત જણાવવા પૂર્વક પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત માગ્યું. તે વખતે તેનો વિચાર કરી પંડિતે એક લીલો અને એક સુકો એમ બે માટીના ગોળા ગ્રહણ કર્યા. પછી તે બન્નેને ભીંત ઉપર નાંખ્યા. તેમાં ભીનો ગોળો ભીંતે ચોટી ગયો અને સુકો ચોટ્યો નહીં, ત્યારે પંડિતે સોમવસુને કહ્યું કે-" હે ભટ્ટ ! તું સુકા ગોળા જેવો છે, માટે શુદ્ધ જ છે " ફરીથી સોમવસુએ કહ્યું—' હું વ્રત ગ્રહણ કરવા ઇચ્છુ છું. તો કેવા ગુરૂપાસે

'અહો ! આપના જન્મને અને જીવિતને ધન્ય છે' એમ કહી ગુરૂને વાંદી દિશા મંડળને પ્રકાશિત કરતો પોતાને સ્થાને ગયો. તે જોઇ સોમવસુ પણ 'અહો ! આ ગુરૂનું નિસ્પૃહપણું આશ્ચર્યકારક છે' એમ લઉં ?' પંડિત કહ્યું-" સુખે સુવું, મિષ્ટ ભોજન કરવું અને આત્મા લોકપ્રિય કરવો, આ ત્રણ પદનો પરમાર્થ જે જાણતો હોય, તે પ્રમાણે પાળતો હોય તથા સર્વથા નિઃસ્પૃહ હોય, તેની પાસે તારે દીક્ષા લેવી." સોમવસુએ પૂછયું-'આ પદોનો પરમાર્થ કેવો છે ?' પંડિતે કહ્યું- " જે રાગદ્વેષ રહિત થઇ સર્વ આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરી તથા શુભધ્યાનને પામી સુવે છે તે સુખે સુવે છે, જે મધુકરની વૃત્તિએ, નહીં કરેલું, નહીં કરાવેલું અને સુધા પ્રાપ્ત થયેલું અન્ન સર્વ પ્રાણીઓની પીડાને દૂર કરી રાગદ્વેષ સહિત ખાય છે, તે અન્ન પરિણામે સુંદર હોવાથી તેનો ખાનાર મિષ્ટ ભોજન કરે છે, તથા જે મંત્ર મૂળ અને ઔષધ વિગેરે ઉપચાર કર્યા વિના જ માત્ર પરલોકના ઉત્તમ ક્રિયાનુષ્ઠાન કરવાથી સર્વ જનોને વહાલો લાગે છે તે લોકપ્રિય કહેવાય છે. વળી જે પુરૂષ રાગી ભક્તલોકો પાસેથી ધન, ધાન્ય, હિરણ્ય અને સુવર્ણ વિગેરેની ઇચ્છા પણ કરતો ન હોય તે નિઃસ્પૃહ કહેવાય છે. " આ પ્રમાણે તે પદોના ભાવાર્થને જાણી તે બ્રાહ્મણ ગુરૂને શોધવા ચાલ્યો. કેટલેક દિવસે કોઇ નગરના ઉદ્યાનમાં રહેલા સુઘોષ નામના ગુરૂને તે મળ્યો. તેમને નમસ્કાર કરી તેણે પૂર્વે ભણેલા પદોનો અર્થ પૂછયો. ગુરૂએ તેને તેજ પ્રમાણે તેનો ભાવાર્થ કહ્યો. પછી ગુરૂનું નિઃસ્પૃહપણું જાણવા માટે તે બ્રાહ્મણ રાત્રિએ ત્યાં જ રહ્યો. સાધુઓની આવશ્યકાદિક ક્રિયા પણ જોઈ. છેવટ સાધુઓ સ્વાધ્યાય ધ્યાન કરી સુખે સુતા. ત્યાર પછી ગુરૂ વૈશ્રમણ નામનું અધ્યયન ગણવા લાગ્યા. તેના પ્રભાવથી વૈશ્રમણ ( કુબેર ) દેવ તેની પાસે આવ્યો. તે અધ્યયન સાંભળવા બેઠો. તે પૂર્ણ થયું ત્યારે તે દેવ 'અહો ! સારો સ્વાધ્યાય કર્યો, સારો સ્વાધ્યાય કર્યો' એમ બોલતો ગુરૂના પગમાં પડયો. પછી તેણે વિજ્ઞપ્તિ કરી કે-" હે પૂજ્ય ! હું આપના ઉપર પ્રસન્ન થયો છું.

માટે વરદાન માગો. હિરણ્ય, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદ વિગેરે જે આપને રૂચે તે સર્વ હું આપું" આચાર્ય બોલ્યા—' તને અમારો ધર્મલાભ હો. અમારે કોઇનું કાંઇ પણ પ્રયોજન નથી.' તે સાંભળી તે શ્રેષ્ઠ દેવ વિચારી મનમાં આનંદ પામ્યો. પછી તેણે પોતાનું સર્વ વૃત્તાંત કહી દીક્ષા માગી, ત્યારે ગુરૂએ તેને પ્રવ્રજ્યા આપી. તે સંયમનો આરાધક થયો આવો મધ્યસ્થ માણસ ધર્મને યોગ્ય છે.

## હવે બારમા ગુણરાગી ગુણને તેનું સ્વરૂપ તથા ફળ દેખાડવા પૂર્વક કહે છે.—

**गुणरागी गुणवंते, बहु मन्नइ निग्गुणे उवेहेइ ।**
**गुणसंगहे पवत्तइ, संपत्तगुणं न मय(इ)लेइ ॥ १९ ॥**

મૂલાર્થ—ગુણરાગી માણસ ગુણવંતોને બહુ માન આપે છે, ગુણ રહિત જનોની ઉપેક્ષા કરે છે. ગુણોનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે, અને પ્રાપ્ત થયેલા ગુણને મલિન કરતો નથી.

ટીકાર્થ—ધાર્મિક મનુષ્યોમાં રહેલા ગુણોને વિષે જે રાગવાળો થાય તે ગુણરાગી કહેવાય છે. તે ઘણા ગુણવાળા સાધુ, શ્રાવક વિગેરેને બહુ માન આપે છે. એટલે મનની પ્રીતિનું સ્થાન કરે છે કે—' અહો ! આ ગુણી જનોને ધન્ય છે. એઓનો મનુષ્ય જન્મ સફળ છે.' ઇત્યાદિક પ્રશંસા કરે છે. અહીં કોઇ શંકા કરે કે— જ્યારે ગુણીની પ્રશંસા કરે છે, ત્યારે તો ગુણ રહિત જનોની નિંદા કરે છે એવો અર્થ તાત્પર્યથી આવશે. જેમકે દેવદત્ત જમણી આંખે જુએ છે, એમ કહેવાથી ડાબી આંખે જોતો નથી એમ નિશ્ચય કરી શકાય છે. અને નીતિ તો એમ કહે છે કે—' શત્રુના પણ ગુણો ગ્રહણ કરવા, અને ગુરૂના પણ દોષો કહેવા.' તે શી રીતે ? આ શંકાનો જવાબ આપતાં કહે છે કે

એવું ધાર્મિકને ઉચિત નથી, તે વાત કહે છે--નિર્ગુણીઓની ઉપેક્ષા કરે છે, એટલે કે પોતાનું ચિત્ત સંકિલષ્ટ પરિણામવાળું થાય માટે તેઓની પણ નિંદા કરતો નથી. કારણ કે તે એવો વિચાર કરે છે કે— “ બીજાના છતા કે અછતા પણ દોષો કહેવાથી કે સાંભળવાથી તે ગુણ કારક થતા નથી, કેમકે બોલનાર ઉપર [1]તેને વૈર વધે છે, અને સાંભળનારને કુબુદ્ધિ ઉત્પન્ન થાય છે.” તથા—“અનાદિ કાળમાં અનાદિ દોષોથી વાસિત થયેલા આ જીવને વિષે એકાદ ગુણ પણ પ્રાપ્ત થાય તો તે પણ આશ્ચર્ય માનવા જેવું છે. ઘણા ગુણોવાળા તો વિરલાજ હોય છે, પણ એક એક ગુણવાળો જન પણ સર્વ ઠેકાણે મળી શકતો નથી, ગુણ ભલે ન હોય, પણ દોષ ન હોય તો તેવા મનુષ્યોનું પણ કલ્યાણ થાઓ, અને દોષવાળાઓમાં પણ જેનામાં થોડા દોષો હોય તેની પણ અમે પ્રશંસા કરીયે છીયે. ” આવી રીતે સંસારના સ્વરૂપનો વિચાર કરીને તે ગુણરાગી નિર્ગુણીની પણ નિંદા કરતો નથી; પરંતુ તેની ઉપેક્ષા કરે છે, એટલે કે મધ્યસ્થ ભાવે રહે છે. તથા તે ગુણરાગી ગુણોનો સંગ્રહ કરવામાં-ગ્રહણ કરવામાં પ્રવર્તે છે—યત્ન કરે છે અને અંગીકાર કરેલા સમ્યકત્વ, વિરતિ વિગેરે ગુણને મલિન કરતો નથી. એટલે તેને અતિચાર લગાડતો નથી. આ ગુણરાગીપણાનું ફળ છે, અન્યથા ગુણરાગીપણુંજ કહેવાય નહીં. ૧૯.

## અહીં ધન સાર્થવાહ અને વંકચૂલના દષ્ટાંતો છેઃ—

વરશી તપે કરીને જેનું શરીર શુષ્ક થયું હતું, તથા જે નિરંતર સજ્ઝાય ધ્યાનમાં તત્પર હતા, તેવા મુનિને જોઇને તે ધન નામનો સાર્થવાહ ગુણનો રાગી થયો, તેનું મન ગુરૂની ભક્તિમાં તલ્લીન થયું, તેથી તે સમકિત પામી દાન દઇ અનુક્રમે કલ્યાણની પરંપરાનો

૧ જેના દોષ કહ્યા હોય તેને.

( મોક્ષનો ) ભાગી થયો. તથા-ગુણયુકત મુનિઓને નિરંતર જોવાથી વંકચૂલને પૂર્વે નહીં હતો તેવો ગુણને વિષે અનુરાગ થયો. ત્યારપછી ગુણનું બહુમાન થવાથી તેણે નિયમ ગ્રહણ કર્યા, અને તેનું સ્થિરતાથી પાલન કર્યું, તથા અંગીકાર કરેલા ગુણોનું તેણે પ્રાણાંત સંકટ આવ્યા છતાં પણ ખંડન કર્યું નહીં.

આ બન્ને દૃષ્ટાંતો પ્રસિદ્ધ હોવાથી અત્રે વિસ્તારથી લખ્યાં નથી.

## હવે ધર્માધિકારીના તેરમા ગુણ ( વખાણવા ) નો અવસર આવ્યો છે. તે ગુણ સત્કથ નામનો છે. તેનાથી વિપરીતને વિષે દોષ દેખાડવા પૂર્વક તે ગુણને કહે છે—

**नासइ विवेगरयणं, असुह कहासंगकलु सियमणस्स ।**
**धम्मो विवेगसारो त्ति, सकहो होज्ज धम्मत्थी ॥ २० ॥**

મૂલાર્થ—અશુભ કથાના સંગથી કલુષિત મનવાળાનું વિવેકરત્ન નાશ પામે છે, અને ધર્મ તો વિવેકરૂપી સારવાળો છે, તેથી ધર્મના અર્થીએ સત્કથ-શુભ કથાવાળા થવું જોઇએ.

ટીકાર્થ—**नश्यति**—જતું રહે છે. શું ? **विवेकरत्नं**-વિવેક-સત્ અને અસત્ વસ્તુનું જ્ઞાન, તે જ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર હોવાથી રત્નરૂપ છે, **अशुभकथाः**—વિકથા, તે સ્ત્રીકથા વિગેરે સાત પ્રકારની છે. તે વિષે આગમમાં કહ્યું છે કે-"સાત વિકથાઓ કહેલી છે, તે આ પ્રમાણે-સ્ત્રીકથા ૧, ભક્ત કથા ૨, દેશ કથા ૩, રાજ કથા. ૪, મૃદુકારૂણિકી ૫, દર્શનભેદની ૬ અને ચારિત્ર ભેદની ૭." આમાંની પહેલી ચાર વિકથાઓ પ્રસિદ્ધજ છે, તોપણ તે વિષે કાંઈક કહે છે:--પહેલી સ્ત્રી-

કથા આ પ્રમાણે છે--" અમુક સ્ત્રી સારા ભાગ્યવાળી, મનોહર કાંતિવાળી, સુંદર નેત્રવાળી અને સારા ભોગવાળી છે, અથવા તેણીનો [1]નિતંબબિંબ મનોહર છે, તથા સુંદર ભૃકુટીવાળી તેણીની વક્ર દૃષ્ટિ મનોહર લાગે છે. તેમજ અમુક સ્ત્રીની ગતિ-ચાલ ઉંટના જેવી છે, તેનું શરીર મલિન છે, તેનો સ્વર કાગડા જેવો છે, અને તે દુર્ભાગ્યવાળી છે તેને ધિક્કાર છે. આવી રીતે સ્ત્રીજનની સ્તુતિ અથવા નિંદા ધર્માર્થીએ દૂરથી જ વર્જવી જોઈએ. ૧. બીજી ભક્તકથા આ રીતે છે—"અહો ! ઘી અને સાકરયુક્ત ખીર બહુ મધુર લાગે છે, જો દહીંનો ઉત્તમ સ્વાદ હોય એટલે ઉત્તમ સ્વાદવાળું દહીં હોય તો બીજાની શી જરૂર છે ? જરૂર ગરમ મસાલાવાળું ઉત્તમ શાક હોય તો મુખને સુખ કરનારી બીજી શી વસ્તુ છે ? પકવાન્ન વિનાની બીજી વસ્તુ મનને આનંદ પમાડતી નથી, સ્વાદમાં તો એક તાંબૂલ જ બસ છે. આવી ભોજન સંબંધી વાર્તા ડાહ્યા મનુષ્યે સર્વદા તજવી જોઇએ. ૨. ત્રીજી દેશ કથા આ પ્રમાણે-- " ઉત્તમ ધાન્ય અને સુવર્ણથી ભરેલો માળવા દેશ બહુ રમણીય છે, કાંચી દેશનું તો વર્ણન જ શું કરવું ? ગુજરાત દેશની ભૂમિ વિષમ છે, લાટ દેશમાં સુભટો ભિલ્લની જેવા ઘણા ઉદ્ધત છે. સુખના નિધાનરૂપ કાશ્મીર દેશમાં રહેવું ઘણું સારૂં છે, અને કુંતલ દેશ તો સ્વર્ગ સમાન છે. આવા પ્રકારની દેશકથા શુભ બુદ્ધિવાળાએ દુર્જનના સંગની જેમ તજવા યોગ્ય છે. " ૩. ચોથી રાજકથા આ પ્રમાણે--" આ રાજા શત્રુના સમૂહનો નાશ કરવામાં સમર્થ છે, તે પોતાની પ્રજાનું ક્ષેમકુશળ કરવામાં તત્પર છે, તથા ચૌરાદિકનો નાશ કરનાર છે. તે બન્ને રાજાઓનું ભયંકર યુદ્ધ થયું, એ દુષ્ટ મરી જાઓ, અને આ શ્રેષ્ઠ રાજા સારા આયુષ્યે કરીને પણ ચિરકાળ રાજ્ય કરો. આવી રીતની રાજકથા કે જે અત્યંત કર્મબંધનનું કારણ છે, તે પંડિત જનોએ તજવા યોગ્ય છે. ૪. પાંચમી મૃદુ કારૂણિકી--જે કથા શ્રોતાના મનમાં કોમળતા ઉત્પન્ન કરે તે મૃદુ

૧ કેડની નીચેનો ભાગ.

અને કરૂણા ઉત્પન્ન કરે તે કારૂણિકી કહેવાય છે. આ કથામાં મુખ્યત્વે કરીને પુત્રાદિકના વિયોગના દુ:ખથી દુ:ખી થયેલા માતાદિક સ્વજનોએ કરેલા કરૂણા રસમય વિલાપો હોય છે. તે આ પ્રમાણે--" હા પુત્ર ! હા પુત્ર ! હા વત્સ ! હા વત્સ ! મને અનાથને તેં કેમ મૂકી દીધી ? આ પ્રમાણે કરૂણા ઉત્પન્ન કરે તેવા વિલાપ કરતી તે આજે સળગતા અગ્નિમાં પડી. " ૫. છઠ્ઠી દર્શન ભેદની--કુતીર્થિકના જ્ઞાનાદિકનો અતિશય જોઇ તેની શ્લાઘા કરવી તે. જેમકે--બૌદ્ધનું દર્શન (શાસ્ત્ર) સેંકડો સૂક્ષ્મ યુક્તિઓથી ભરેલું છે, અત્યંત સૂક્ષ્મ બુદ્ધિને કરનારૂં છે, અને સૂક્ષ્મ પદાર્થોને જોનારાએ તે રચેલું છે, માટે તે દર્શન સાંભળવા યોગ્ય છે." ઇત્યાદિ. આ પ્રમાણે સાંભળવાથી શ્રોતાઓને તે દર્શન ઉપર રાગ-પ્રીતિ થાય, અને તેથી કરીને તેમના સમકિતનો ભેદ-નાશ થાય, માટે તેવી કથા કરવા યોગ્ય નથી. ૬. તથા સાતમી ચારિત્રભેદની--હાલના સમયમાં પ્રમાદની બહોળતા હોવાથી, અતિચારો ઘણા લાગવાથી અને અતિચારનું પ્રાયશ્ચિત્તને આપનાર આચાર્ય તથા તે પ્રાયચિત્તને કરનાર સાધુ સાધ્વીનો અભાવ હોવાથી પંચ મહાવ્રતો સંભવતાં નથી, વળી ' જ્ઞાન અને દર્શન વડે કરીને તીર્થ પ્રવર્તે છે.' એવું વચન હોવાથી જ્ઞાન અને દર્શનના કાર્યોમાંજ આદર કરવો યોગ્ય છે. કહ્યું છે કે--" હાલમાં શોધિ ( પ્રાપશ્ચિત્ત ) છે નહીં, તેમજ તેના આપનાર તથા તે પ્રમાણે કરનાર પણ કોઇ દેખાતા નથી. તીર્થ અને જ્ઞાન દર્શનને પ્રગતિમાં મૂકનારા જ નજરે પડતા નથી. માટે જ્ઞાન અને દર્શને કરીને તીર્થ પ્રવર્તે છે. " ઇત્યાદિ. આવી કથા સાંભળવાથી જેણે ચારિત્ર ગ્રહણ કરેલું હોય તે પણ ચારિત્રથી વિમુખ થઇ જાય, તો પછી જે ચારિત્ર લેવા ઇચ્છતા હોય તે વિમુખ થાય તેમાં શું કહેવું ? માટે આવી ચારિત્રનો ભેદ કરનારી કથા કદી કરવી નહીં. ૭. આવી અશુભ કથાના સંગવડે--આસક્તિવડે જેનું મન-અંત:કરણ કલુષિત--મલિન થયું હોય તેનું વિવેકરત્ન નાશ પામે છે. ( એ રીતે પ્રથમની સાથે સંબંધ કરવો. ) અહીં તાત્પર્ય એ છે કે--વિકથામાં પ્રવર્તેલો પ્રાણી પ્રાયે કરીને રાગ દ્વેષવાળો થાય છે, અને તેથી

કરીને તે યુક્તાયુક્તનો વિવેક-વિવેચન કરી શકતો નથી, એટલું જ નહીં પણ પોતાના સ્વાર્થની હાનિને પણ જાણી શકતો નથી. વળી ધર્મ તો વિવેકસારજ એટલે હિતાહિતના સારરૂપજ છે. અહીં વાકયનું નિશ્ચયના અર્થ સહિતપણું હોવાથી વિવેકસાર જ છે એમ કહ્યું છે. જે ધાર્મિક માણસ હોય તે આ પ્રમાણે વિચાર કરે છે--" જેટલામાં આ મન પરના ગુણદોષ કહેવામાં--જોવામાં વ્યાપારવાળું-તત્પર થાય, તેટલામાં તે મનને વિશુદ્ધ ધ્યાનમાં વ્યગ્ર-તત્પર કરવું સારૂં છે." તેથી કરીને ધર્માર્થીએ--ધર્મના આચરણના અભિલાષીએ અત્કથ એટલે સત્કથાવાળા થવું જોઇયે કે જેથી તે ધર્મરત્નને લાયક થાય. અહીં સત્કથનો અર્થ સમાસ સહિત આ પ્રમાણે છે.--સત્ એટલે સારી અર્થાત્ તીર્થંકર, ગણધર અને મહર્ષિઓના ચરિત્રવિષયવાળી કથા એટલે વચનના વ્યાપારો જેને હોય તે સત્કથ કહેવાય છે. ૨૦.

## હવે સુપક્ષયુક્ત નામના ચૌદમા ગુણને કહે છે.—

**अनुकूलधम्मसीलो, सुसमायारो य परियणो जस्स ।**
**एस सुपक्खो धम्मं, निरंतरायं तरइ काउं ॥ २१ ॥**

મૂળાર્થ—જેનો પરિવાર અનુકૂળ, ધાર્મિક અને સદાચારવાળો હોય તે સુપક્ષ કહેવાય છે. આવો પુરૂષ જ વિઘ્ન રહિત ધર્મક્રિયા કરી શકે છે.

ટીકાર્થ—અહીં પક્ષ, પરિગ્રહ અને પરિકર એ સર્વે પર્યાય શબ્દો છે. 'પક્ષ શબ્દ પરિગ્રહ અર્થમાં પણ કહ્યો છે.' એવું વચન છે. જેને સારો પક્ષ હોય તે સુપક્ષ કહેવાય છે. તેને જ વિશેષે કરીને કહે છે.— અનુકૂળ-ધર્મમાં વિઘ્ન ન કરે તેવો, ધર્મશીળ-ધાર્મિક, સુસમાચાર-સદાચારનું આચરણ કરનાર, આવો પરિજન (પરિવાર) જેને હોય તે સુપક્ષ કહેવાય છે. અને તેવો પુરૂષ ધર્મને અંતરાય રહિત-વિઘ્ન

રહિત કરવાને શક્તિમાન હોય છે. ભાવાર્થ એ છે જે, જો પરિજન અનુકૂળ હોય તો તે ધર્મકાર્ય કરતાં તેને ઉત્સાહ પમાડે છે અને સહાયકારક થાય છે. ધર્મશીલ હોય તો ધર્મના કાયમાં તેને જોડવાથી તે પોતાના પર અનુગ્રહ માને છે, પણ વેઠ માનતો નથી. તથા સદાચારવાળો હોય તો તે રાજવિરૂદ્ધાદિક કાર્યનો ત્યાગ કરવાથી ધર્મની લઘુતાનું કારણ થતો નથી. તેથી કરીને આવી રીતે સુપક્ષ પુરૂષ ધર્મનો અધિકારી થાય છે. ૨૧. અહીં અનુકૂળ પરિવાર ન હોય તેના પર દ્રષ્ટાંત કહે છે.—

પુંડ્રવર્ધન નામના નગરમાં દિવાકર નામે શ્રેષ્ઠી હતો, તેને જ્યોતિષ્મતી નામની ભાર્યાથી ઉત્પન્ન થયેલો પ્રભાકર નામે પુત્ર હતો, આ સર્વે બૌધ ધર્મી હતા. એકદા વેપારને માટે પ્રભાકર હસ્તિનાપુર નગરમાં ગયો. ત્યાં એક જિનદાસ નામે શ્રેષ્ઠી હતો. તેને પદ્મશ્રી નામની સ્ત્રી હતી, અને તેમને જિનમતી નામની સુંદર શરીરવાળી પુત્રી હતી. આ સર્વે શ્રાવકો હતા. પ્રભાકરે જિનદાસની ભાંડશાળામાં પોતાના ભાંડ–કરીયાણાં નાંખ્યાં. ત્યાં જિનમતીનું મનોહર રૂપ જોઇ પ્રભાકર અત્યંત મોહ પામ્યો. તેથી તેણે એકદા જિનદાસ પાસે તેણીની યાચના કરી. ત્યારે તેણે કહ્યું કે-“ હું શ્રાવકને આપવાનો છું, તમારી જેવા મિથ્યાદષ્ટિને મારી દીકરી આપીશ નહીં. ” તે સાંભળી બીજો કાંઇ ઉપાય નહીં હોવાથી તે પ્રભાકર કપટથી શ્રાવકધર્મ શીખવા લાગ્યો. ધર્મનું શ્રવણ કરવા લાગ્યો, ચૈત્યોને વાંદવા લાગ્યો અને સાધુઓને ઘી, ગોળ, વસ્ત્ર, અન્ન વિગેરે વહોરાવવા લાગ્યો. અનુક્રમે ધર્મશ્રવણ કરતાં તેને ભાવથી ધર્મ પરિણમ્યો, તે કન્યા ઉપર પણ મંદ રાગવાળો થયો, અને સાધુની પાસે ખરી હકીકત કહી અણુવ્રતને ગ્રહણ કરી શુદ્ધ શ્રાવક થયો. તેનો પરમાર્થ જાણી જિનદાસે તેને પોતાની પુત્રી જિનમતી પરણાવી. તેણીને લઇ તે પ્રભાકર પોતાના પુંડ્રવર્ધન નગરમાં ગયો. ત્યાં જિનમતીને તેની સાસુ અને નણંદ કહેવા લાગી કે–“ બૌધ દેવને પગે લાગ, અને ભિક્ષુઓને વંદના કર.” જિનમતીએ

તે વાત અંગીકાર ન કરી. ત્યારે તેઓએ તેણીની નિંદા તર્જના કરી. તે જાણી પ્રભાકર માતપિતાથી જુદો થયો. પછી પોતાની ઇચ્છા પ્રમાણે તે દંપતી જૈન સાધુઓને દાન દેવા લાગ્યા. એકદા માતાપિતાએ પ્રભાકરને કહ્યું કે–" હે પુત્ર ! તું ભિક્ષુકોને નિમંત્રણ કર. " તેણે તેમ કરવાની ના કહી. ત્યારે તેને ઘણો આગ્રહ કરી બળાત્કારે ભિક્ષુ પાસે મોકલ્યો. તે ત્યાં ગયો ત્યારે ભિક્ષુકોએ વિદ્યાથી મંત્રીને તેના હાથમાં એક ફળ આપ્યું. તેથી તેના શરીરમાં વ્યંતરીએ પ્રવેશ કર્યો, પછી તેણે ઘેર જઇ ભાર્યાને કહ્યું કે–' આજે આપણે ભિક્ષુઓને દાન દઇયે.' જિનમતીએ ના કહી, ત્યારે તે પોતે રસોઇ કરવા લાગ્યો. શ્રાવિકાએ સૂરિ પાસે જઇ તે વાત કહી. સૂરિએ મંત્રીને તેણીને ચૂર્ણ આપ્યું. તે પાણીમાં નાંખીને તેણીએ પ્રભાકરને પાયું. તરતજ વ્યંતરી તેના શરીરમાંથી નાશી ગઇ. એટલે પ્રભાકર પોતાની સ્વાભાવિક સ્થિતિમાં આવ્યો. ત્યારે તેણે ' આ શો આરંભ કર્યો છે?' એમ ભાર્યાને પૂછયું. તે બોલી–' તમે જ ભિક્ષુઓને માટે આ આરંભ કર્યો છે.' તે બોલ્યો.– ' હું સાધુ વિના બીજા કોઇને આપવાનો નથી. મારા માતાપિતાએ મને છેતર્યો જણાય છે.' એમ કહી તે પ્રાસુક અન્ન તેણે સાધુઓને વહોરાવ્યું. આ પ્રમાણે અનુકૂળ પરિજન ન હોવાથી વિઘ્નનો સંભવ થાય છે. તેથી કરીને જ કહ્યું છે કે—અનુકૂળ અને ધર્મશીળ વિગેરે વિશેષણવાળો પરિજન જેને હોય તે ધર્મનો અધિકારી છે.

—❀—

## હવે પંદરમા દીર્ઘદર્શીપણાનો ગુણ કહે છે.—

**आढवइ दीहदंसी, सयलं परिणामसुंदरं कज्जं ।**
**बहुलाभमप्पकेसं, सलाहणिज्जं बहुजणाणं ॥ २२ ॥**

મૂળાર્થ–દીર્ઘદૃષ્ટિવાળો પુરૂષ જે જે પરિણામે સુંદર હોય, જેમાં

ઘણો લાભ અને થોડો કલેશ-પ્રયાસ હોય, તથા ઘણા માણસોને શ્લાઘા કરવા લાયક હોય તે તે સર્વ કાર્યનો આરંભ કરે છે.

ટીકાર્થ—આરંભે છે એટલે અંગીકાર કરે છે. કોણ? દીર્ઘદર્શી તેમાં દીર્ઘ-પરિણામે સુંદર એવું કાર્ય, અહીં કાર્ય શબ્દનો અધ્યાહાર છે. અથવા દીર્ઘ એટલે પરિણામે સુંદર જેમ હોય તેમ એ ક્રિયાવિશેષણ જાણવું. દ્રષ્ટું એટલે જોવાનો જેનો સ્વભાવ છે તે દીર્ઘદર્શી કહેવાય છે. આવો જે પુરૂષ હોય તે સકળ-સમગ્ર પરિણામસુંદર એટલે ભવિષ્ય કાળે સુખકારક એવું કાર્ય-કૃત્ય, તથા બહુલાભ-ઘણી ઇચ્છિત વસ્તુની સિદ્ધિ કરનારૂં, અલ્પકલેશ-થોડા પ્રયાસવાળું, શ્લાઘનીય-પ્રશંસા કરવા લાયક, કોને? બહુ જનોને—સ્વજનો તથા અન્ય જનોને અર્થાત્ શિષ્ટ પુરૂષોને, દીર્ઘદર્શી પુરૂષ ધન શ્રેષ્ઠીની જેમ પારિણામિકી બુદ્ધિએ કરીને સુંદર પરિણામવાળા આ લોક સંબંધી કાર્યને પણ કરે છે. તેથી ધર્મનો પણ તેજ અધિકારી છે. કહ્યું છે કે—" જે પુરૂષ બુદ્ધિમાન હોય તે ઉપાધિ રહિત અને શુદ્ધ એવા ધર્મના સ્થાનનો વિચાર કરે છે-જુએ છે. તેમજ વળી પોતાની યોગ્યતાનો તથા શુભ અનુબંધ પરિણામનો પણ તે વિચાર સાવધાનતાથી કરી શકે છે. એ ધન શ્રેષ્ઠી કોણ થયો તે કહે છે.

## ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત.

રાજગૃહનગરમાં મહા ધનિક ધન નામે શ્રેષ્ઠી હતો. તેને સ્વભાવે ભદ્રિક પરિણામવાળી સુભદ્રા નામે સ્ત્રી હતી. તેમને ધનપાળ, ધનદેવ, ધનગુપ્ત અને ધનરક્ષિત નામે ચાર પુત્રો હતા. તે ચારે સુંદરતાના મંદિર, કળાઓમાં કુશળ અને સુજનતાવડે સંપૂર્ણ હતા. તેઓને અનુક્રમે શ્રી, લક્ષ્મી, ધના અને ધન્યા નામે સારા કુળની સ્ત્રીઓ હતી. તે ચારે પુત્રો પિતાના પ્રસાદથી નિરંતર સુખે રહેતા હતા.

એકદા વૃદ્ધ અવસ્થાવાળા શ્રેષ્ઠીએ પરલોકમાં હિતકારક એવો ધર્મ કરવાની ઇચ્છાથી વિચાર કર્યો કે—"આ છોકરાઓને મેં આટલા કાળ સુધી સુખી કર્યા છે, હવે જો આ વહુઓમાંથી કોઇપણ વહુ ગૃહકાયની ચિંતા કરે તો હું પ્રવ્રજ્યા લઉં તોપણ મારા મનમાં શાંતિ થાય; પરંતુ તેઓમાંથી કઇ વહુ ગૃહની ચિંતા કરવામાં લાયક હશે ? ઠીક જાણ્યું. જે અધિક પુણ્યવાળી હોય તે. પરંતુ તે શીરીતે જણાય ? બુદ્ધિથી. કારણકે લોકમાં કર્માનુસારિણી બુદ્ધિ કહેવાય છે." આ પ્રમાણે વિચાર કરી શ્રેષ્ઠીએ તેઓની બુદ્ધિની પરીક્ષા કરવાનો આરંભ કર્યો. તેમાં પ્રથમ પોતાને ઘેર કાંઇ નિમિત્ત લઇ ઉત્સવ કરવા માંડયો, તેથી પોતાના અને વહુઓના સ્વજનોને આમંત્રણ કર્યું, તેમને ભક્તિ પૂર્વક ભોજન કરાવ્યું, ભોજન કર્યા પછી ચિત્રશાળામાં સુખેથી બેઠા, તે સ્વજનોને પુષ્પ, વિલેપન, પાનસોપારી વિગેરે આપી તેમનું સન્માન કર્યું, તે સર્વેની સમક્ષ ધન શ્રેષ્ઠીએ વહુઓને બોલાવી, તેમને પાંચ પાંચ શાલિ ( ડાંગર ) ના દાણા આપીને કહ્યું કે—"આ દાણાનું સારી રીતે પાલન કરવું, અને જ્યારે હું માગું ત્યારે મને પાછા આપવાના છે," પછી તેણે સર્વ સ્વજનોને રજા આપી. 'આમ કરવાનું શું તાત્પર્ય હશે ?' એમ વિચાર કરતા તેઓ પોતપોતાને ઘેર ગયા, પછી મોટી વહુએ તે પાંચ દાણાઓ તજી ( નાંખી ) દીધા, અને જ્યારે માગશે ત્યારે ગમે ત્યાંથી લઇને આપીશ એમ વિચાર કર્યો, બીજીએ પણ તેવોજ વિચાર કર્યો; પરંતુ તે પાંચે દાણાનાં ફોતરાં ઉખેડી તેને ખાઇ ગઇ, ત્રીજીએ સારા વસ્ત્રમાં બાંધી ઘરેણાંની પેટીમાં મૂકયા, અને દરરોજ ત્રણે કાળે તેની સંભાળ કરવા લાગી, તથા ચોથીએ તે દાણા પોતાને પીયર મોકલ્યા, ત્યાં વર્ષાઋતુમાં તેને વાવ્યા. પછી સમય આવે ઉખેડીને ફરીથી રોપ્યા. તે પાકયા ત્યારે પહેલે વરસે કુલક પ્રમાણ ચોખા થયા, બીજે વરસે આઢક પ્રમાણ થયા, ત્રીજે વરસે ખારી પ્રમાણ થયા. ચોથે વર્ષે કુંભ પ્રમાણ થયા અને પાંચમે વર્ષે હજાર કુંભ પ્રમાણ થયા, પાંચ વર્ષ પૂરા થયા ત્યારે ધન-

શ્રેષ્ઠીએ ફરીથી સર્વ સ્વજનોને આમંત્રણ કરી તેમની સમક્ષ મોટી વહુ પાસે તે પાંચ દાણા માગ્યા. ત્યારે તેણીએ મહાકષ્ટે સ્મરણ કરી ક્યાંઇથી લાવીને પાંચ દાણા આપ્યા. 'આ દાણા મેં આપ્યા હતા તેજ છે કે બીજા?' એમ શપથપૂર્વક પૂછયું ત્યારે તેણીએ સત્ય વાત નિવેદન કરી. બીજીએ પણ તેજ પ્રમાણે કહ્યું; પરંતુ તેના ફોતરાં ઉખેડીને તે મેં ખાધા હતા એટલું વિશેષ કહ્યું. ત્રીજીએ વસ્ત્રને છેડે બાંધેલાજ આપ્યા, અને મેં તેજ રાખી મૂકયા છે એમ કહ્યું. ચોથીએ કુંચીઓ આપીને કહ્યું કે—" મારા પિતાને ઘેર તે દાણા છે. ગાડાં વિગેરે મોકલીને મંગાવી લ્યો." શ્રેષ્ઠીએ પૂછયું—" હે પુત્રી! તેં શી રીતે કર્યું?" તે બોલી—" આપે કહ્યું હતું કે આનું પાલન કરવું. તેથી આમ કરવાથીજ તેનું સારી રીતે પાલન થાય છે, એમ ધારી મેં તેવી રીતે કર્યું." પછી શ્રેષ્ઠીએ પોતાનો અભિપ્રાય જણાવી તેઓના સ્વજનોને કહ્યું કે—" આ કાર્યમાં શું કરવું ઉચિત છે?" તેઓ બોલ્યા—' તમેજ નિપુણ બુદ્ધિવાળા છો. માટે પ્રમાણરૂપ છો.' ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું—" આ મોટી વહુએ દાણાનો ત્યાગ કર્યો છે, તેથી ઘરમાં જે કાંઇ રાખ, છાણ, કચરો વિગેરે નાંખી દેવા જેવું હોય તે કામ તેણે કરવું, જે કાંઇ રાંધવું, ખાંડવું, દળવું વિગેરે કામ હોય તેમાં બીજીનો અધિકાર કરૂં છું, ત્રીજીને હું ભંડારનો અધિકાર આપું છું, અને ચોથીને સર્વ ગૃહનો અધિકાર સોંપું છું. આની આજ્ઞા પ્રમાણેજ બીજી ત્રણેએ વર્તવું. આ પ્રમાણે કરવાથીજ તેઓ સુખી થશે." આ પ્રમાણે શેઠની વ્યવસ્થા સર્વેએ અંગીકાર કરી. ત્યારથી તે સ્ત્રીઓ આવા નામે પ્રસિદ્ધ થઈ. પહેલી ઉજ્ઝિકા, બીજી ભોગવતી, ત્રીજી રક્ષિકા અને ચોથી રોહિણી. આ રીતે શ્રેષ્ઠીનું ગૃહ વ્યવસ્થાવાળું સુખી થયું. લોકોએ શ્રેષ્ઠીની પ્રશંસા કરી. શ્રેષ્ઠીએ પણ હૃદયમાં ઇચ્છેલું પોતાનું પરલોક હિત સાધ્યું. આવો દીર્ઘદર્શી પુરૂષ ધર્મનો અધિકારી છે.

## હવે સોળમો વિશેષજ્ઞ ગુણ કહે છે—

**वत्थूणं गुणदोसे, लक्खेइ अपक्खवायभावेण ।**
**पाएण विसेसन्नू, उत्तमधम्मारिहो तेण ॥ २३ ॥**

મૂલાર્થ—વિશેષજ્ઞ પુરૂષ પ્રાયે કરીને પક્ષપાત રહિતપણે વસ્તુઓના ગુણ દોષને જાણે છે, તેથી કરીને તે ઉત્તમ ધર્મનો અધિકારી છે.

ટીકાર્થ—વસ્તુઓના—સચિત્ત અચિત્ત દ્રવ્યોના અથવા ધર્મ અધર્મના હેતુરૂપ પદાર્થોના ગુણોને તથા દોષોને પક્ષપાત રહિતપણે-મધ્યસ્થ અને સ્વસ્થ ચિત્તે કરીને જાણે છે. પક્ષપાતવાળો માણસ દોષને ગુણરૂપે અને ગુણને દોષરૂપે દેખે છે તથા તેજ પ્રમાણે પ્રતિપાદન કરે છે. કહ્યું છે કે—" આગ્રહી—પક્ષપાતી માણસ જ્યાં પોતાની મતિ હોય, ત્યાંજ તે વિષયને સિદ્ધ કરવા યુક્તિને શોધ્યા કરે છે, અને પક્ષપાત રહિત જે હોય તેને તો જ્યાં યુક્તિ હોય—જે વિષય યુક્તિ યુક્ત જણાતો હોય ત્યાં મતિ પ્રવર્તે છે. " તેથી પ્રાયે કરીને એટલે બહોળતાએ વિશેષજ્ઞ—સાર અસારને જાણનાર પુરૂષ સુંદરીનંદની જેમ ઉત્તમધર્માર્હ—પ્રધાન ધર્મને ઉચિત ( યોગ્ય ) થાય છે. અહીં **भवति**-થાય છે એ પદ અધ્યાહાર છે કહ્યું છે કે—" આનાથી આ સુંદર છે, અને આનાથી આ સુંદર છે, એમ જે વિશેષ પ્રકારે જાણે છે તે શ્રમણધર્મને પામે છે. અહીં સુંદરીનંદનું દૃષ્ટાંત છે. "

## હવે સતરમો વૃદ્ધાનુગ નામનો ગુણ કહે છે—

**वुड्ढो परिणयबुद्धी, पावायारे पवत्तई नेय ( व ) ।**
**वुड्ढाणुगोऽवि एवं, संसग्गिकया गुणा जेण ॥ २४ ॥**

મૂલાર્થ—વૃદ્ધ માણસ પરિપક્વ બુદ્ધિવાળો હોય છે, તેથી તે પાપના આચરણમાં પ્રવર્તતોજ નથી. તેમજ વૃદ્ધને અનુસરનાર પણ તેવોજ હોય છે. કારણકે ગુણો સંગતિથી પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ—વૃદ્ધ–મોટી ઉમ્મરવાળો પરિણતબુદ્ધિ–પરિપકવ મતિવાળો એટલે પરિણામે સુંદર મતિવાળો હોય છે, તેથી તે પાપાચારમાં—અશુભ કાર્યમાં પ્રવર્તતો જ નથી. કારણકે તે યથાર્થરીતે વસ્તુતત્ત્વને જાણે છે. અહીં એક ઉદાહરણ છે કે—" એક રાજાને બે પ્રકારના મંત્રીઓ હતા. એક જુવાન અને બીજા વૃદ્ધ. તેમાં જુવાન મંત્રીઓ રાજા પાસે નિરંતર બોલતા હતા કે—" આ વૃદ્ધ મંત્રીઓ બુદ્ધિથી ભ્રષ્ટ થયેલા છે, તેથી તેઓ સારી રીતે મંત્ર–વિચાર કરી શકતા નથી, માટે એઓની શી જરૂર છે? અમે જ મુખ્ય છીએ." એકદા તેમની પરીક્ષા કરવા માટે રાજાએ કહ્યું કે—" જે માણસ મારા મસ્તકપર પગની પાનીનો પ્રહાર કરે તેનો શો દંડ કરવો જોઇએ?" જુવાન મંત્રીઓ બોલ્યા—" એમાં શું વિચારવાનું છે? તેના શરીરના તલ તલ જેવડા કકડા કરવા જોઇયે. અથવા પ્રદીપ્ત અગ્નિમાં તેને નાંખવો જોઇયે." પછી રાજાએ તે જ પ્રશ્ન વૃદ્ધ મંત્રીઓને પૂછયો, ત્યારે તેઓએ એકાંતમાં જઇ વિચાર કર્યો કે—" ક્રીડા વિલાસમાં પ્રધાન એવી મહારાણીજ આવું કાર્ય કરી શકે, માટે તેની તો પૂજાજ કરવી યોગ્ય છે. આ અર્થજ કહેવા લાયક છે." એમ નિશ્ચય કરી તેઓએ રાજાને ઉત્તર આપ્યો કે—" જે મનુષ્ય આવું મહા સાહસ કરે તેના શરીરને મસ્તકથી તે પગ સુધી સુવર્ણ અને રત્નના અલંકારોવડે શણગારવું જોઇયે" તે સાંભળી તુષ્ટમાન થયેલા રાજાએ કહ્યું કે—' તમે બરાબર જાણ્યું.' પછી આ વૃદ્ધ મંત્રીઓ સત્ય વાતને જોનારા છે એમ ધારી રાજાએ તેઓનેજ પ્રમાણરૂપ કર્યા." વૃદ્ધો અહિતના હેતુમાં પ્રવર્તતા નથી. તેથી જે વૃદ્ધોને અનુસરનારા હોય છે એટલે કે તેમના મત પ્રમાણે ચાલનાર હોય છે તે વૃદ્ધાનુગ કહેવાય છે. તે પણ તેજ રીતે પાપમાં પ્રવર્તતો નથી .શાથી પ્રવર્તતો નથી?

તે કહે છે.—જેથી કરીને પ્રાણીઓને સંગાતથી ઉત્પન્ન થનારા ગુણો હોય છે. તે માટેજ કહ્યું છે કે—" ઉત્તમ પુરૂષનો સંગ શીળ રહિત માણસને પણ શીળવાળાં કરે છે. જેમકે મેરૂ પર્વતને લાગેલું તૃણ પણ સુવર્ણપણાને પામે છે. "

## હવે અઢારમા વિનય ગુણને આશ્રી કહે છે—

**विणओ सव्वगुणाणं, मूलं सन्नाणदंसणाईणं ।**
**मोक्खस्स य ते मूलं, तेण विणीओ इह पसत्थो ॥ २५ ॥**

મૂલાર્થ—વિનય એ સત્ય જ્ઞાન અને દર્શન વગેરે સર્વ ગુણોનું મૂળ છે, અને તે ગુણો મોક્ષનું મૂળ છે, તેથી વિનયવાળો માણસ અહીં ધર્મના અધિકારમાં પ્રશસ્ત કહ્યો છે.

ટીકાર્થ—**विनीयते**—દૂર કરાય અથવા લીન કરાય આઠ પ્રકારનું કર્મ જેનાવડે તે વિનય કહેવાય છે એ સિદ્ધાંત પ્રમાણે વ્યુત્પત્તિ છે. કહ્યું છે કે—" જેથી કરીને ચાતુરંગ મોક્ષને માટે આઠ પ્રકારના કર્મને દૂર કરે છે, તેથી કરીને સંસારનો નાશ કરનાર વિદ્વાનો તેને વિનય કહે છે. " તે વિનય સર્વ ગુણોનું મૂળ કારણ છે. તે વિષે સૂત્રમાં કહ્યું છે કે—" વિનય શાસનનું મૂળ છે, અને વિનયવાળોજ સંયમી થાય છે. જે માણસ વિનયથી રહિત હોય તેને ધર્મ કયાંથી હોય? અને તપ પણ કયાંથી હોય? " કયા ગુણોનું મૂળ છે? સત્ જ્ઞાન અને દર્શન વિગેરેનું. તે વિષે કહ્યું છે કે—" વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષમાં નિરાબાધ સુખ છે. " તેથી કરીને શું? તે કહે છે—'**पुनः**' -'ફરીથી' શબ્દના અર્થવાળા **च** શબ્દનો અહીં સંબંધ છે, તેથી વળી તે ગુણો મોક્ષનું મૂળ છે. કેમકે 'સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચા-

રિત્ર એ મોક્ષનો માર્ગ છે.' એમ તત્ત્વાર્થમાં કહ્યું છે. તેથી કરીને વિનયવાળો માણસ અહીં ધર્મના અધિકારમાં પ્રશસ્ત છે—વખાણેલો છે. જે સ્વભાવથીજ વિનયવાન્ છે, તે માણસ પુષ્પસાલના પુત્ર ફળસાલની જેમ તે ગુણથીજ ધર્મને પામે છે, તથા તેની આરાધના પણ કરે છે.

## પુષ્પસાલના પુત્ર ફળસાલની કથા—

મગધ દેશના અલંકારરૂપ અને ધન ધાન્યની સમૃદ્ધિવાળું શાલિગ્રામ નામનું ગામ છે. ત્યાં પુષ્પસાલ નામનો ગાથાપતિ હતો. તેને ફળસાલ નામે પુત્ર હતો. તે પ્રકૃતિએ કરીને ભદ્રિક, વિનયવાળો અને પરલોકથી ભીરૂ હતો. તેણે એકદા ધર્મશાસ્ત્રને ભણાવનાર પાસે સાંભળ્યું કે—" જે માણસ મોટાનો વિનય કરે, તે પરભવમાં મોટાથી પણ મોટો થાય છે. " તે સાંભળીને તેણે વિચાર્યું કે—' મારા પિતા ઉત્તમ મોટા છે. ' એમ જાણી તે સર્વ પ્રકારે આદર પૂર્વક તેનો વિનય કરવા લાગ્યો. એકદા તેણે પોતાના પિતાને તે ગામના સ્વામીનો વિનય કરતો જોયો. તે જોઇ ' મારા પિતા કરતાં પણ આ ઉત્તમ–મોટો છે. ' એમ જાણી પિતાની આજ્ઞા લઈ ગામના સ્વામીનો પણ વિનય કરવા લાગ્યો. કોઇ વખત તે તેની સાથે રાજગૃહ નગરમાં ગયો. ત્યાં તે ગ્રામાધિપ તેના મહત્તરને ( પ્રધાનને ) પ્રણામાદિક કરતો હતો, તે જોઇ ' આનાથી પણ આ ઉત્તમ છે, ' એમ જાણી તેણે મહત્તરનો પણ વિનય કર્યો. તેને પણ શ્રેણિક રાજાનો વિનય કરવામાં તત્પર જોઇ તે શ્રેણિકનો પણ વિનય કરવા લાગ્યો. એકદા તે નગરના ઉદ્યાનમાં શ્રીમહાવીર સ્વામી સમવસર્યા. તેમને વંદના કરવા માટે સૈન્ય અને વાહન સહિત શ્રેણિકરાજા ગયો. તે વખતે તે ફળસાલ ભગવાનને સમવસરણની લક્ષ્મીથી શોભતા જોઇ વિસ્મય પામ્યો. તેણે વિચાર્યું કે—" આ ખરેખર સર્વોત્તમ છે. કેમકે આને સર્વે દેવેંદ્રો, અસુરેંદ્રો

અને નરેંદ્રો વાંદે છે. તો હવે બીજાએ કરીને મારે સર્યું. આનો જ હું વિનય કરૂં." ત્યારપછી અવસર મળ્યો ત્યારે તેણે હાથમાં રાખેલી ઢાલ તરવાર સહિતજ પ્રભુના ચરણમાં પડી વિનંતિ કરી કે—"હે ભગવાન! આપ મને અનુજ્ઞા આપો. હું આપના પગમાં પડયો છું." ભગવાન બોલ્યા—"હે ભદ્ર! હાથમાં ઢાલ તરવાર રાખીને મારા પગમાં પડવું યોગ્ય નથી; પરંતુ રજોહરણ અને મુખવસ્ત્રિકા હાથમાં રાખી મારા પગમાં પડાય છે, જેમ આ બધાઓ લાગે છે તેમ પગે લાગવું જોઇયે." ત્યારે તે બોલ્યો કે—"આપ જેવી આજ્ઞા આપો, તે પ્રમાણે હું લાગું." તે સાંભળી 'આ યોગ્ય છે' એમ જાણી ભગવાને તેને દીક્ષા આપી. અને તે સદ્ગતિને પામ્યો. આ પ્રમાણે વિનયવાળો માણસ ધર્મને યોગ્ય છે.

હવે ઓગણીશમા કૃતજ્ઞતા ગુણનો અવસર છે. તેમાં જે બીજાના કરેલા ઉપકારને વિસ્મરણ રહિતપણે જાણે તે કૃતજ્ઞ કહેવાય છે, તેથી તે કૃતજ્ઞને ફળદ્વારાએ બતાવે છે—

**बहु मन्नइ धम्मगुरुं, परमुवयारि त्ति तत्तबुद्धीए ।**
**तत्तो गुणाण वुड्ढी, गुणारिहो तेणिह कयन्नू ॥ २६ ॥**

મૂલાર્થ—કૃતજ્ઞ માણસ ધર્મગુરૂને 'આ મારા પરમ ઉપકારી છે' એવી તત્ત્વબુદ્ધિથી બહુ માને છે. તેથી કરીને તેના ગુણોની વૃદ્ધિ થાય છે. આ કારણથી કૃતજ્ઞ માણસ અહીં ગુણને (ધર્મને) યોગ્ય કહ્યો છે.

ટીકાર્થ—ધર્મગુરૂને ધર્મદાતા આચાર્યાદિકને 'આ મારા પરમ ઉપકારી છે, અતિ ઘોર સંસારરૂપી કૂવામાં પડતા મને કારણ વિના જ

વત્સલતાવાળા આ ગુરૂએ ખેંચી કાઢયો છે.' એવા પ્રકારની તત્ત્વબુદ્ધિવડે-પરમાર્થ સારવાળી મતિ વડે બહુ માને છે-ગૌરવતા સહિત જુએ છે. તે આ પ્રમાણે આગમના વાક્યની ભાવના કરે છે.—"હે આયુષ્યમાન શ્રમણ! આ જગતમાં ત્રણ પુરૂષો [1]દુષ્પ્રતિકાર છે. તે આ પ્રમાણે—માતા પિતા, સ્વામી અને ધર્માચાર્ય." વગેરે. **ततः** કૃતજ્ઞતાપણાથી ઉત્પન્ન થયેલા ગુરૂના બહુમાનથી ક્ષાંતિ વગેરે અથવા જ્ઞાન વિગેરે ગુણોની વૃદ્ધિ થાય છે. અહીં '**भवति**-થાય છે' એ ક્રિયાપદ અધ્યાહાર છે. તે ગુરૂના ઉપકારની ભાવના ભાવે છે તેથી તેની નિર્ભર્ત્સના (તર્જના) કરી હોય તો પણ તે કોપ કરતો નથી, મનમાં માન લાવતો નથી. વિનયની હાનિ કરતો નથી, તેમજ છેતરવાનો વિચાર પણ કરતો નથી. તેથી કરીને જ પ્રસન્ન થયેલા ગુરૂ પાસેથી તે જ્ઞાનાદિક ગુણોને પામે છે, અને અનુક્રમે ગુરૂના સ્થાનને પણ પામે છે. આ કારણથી આ ધર્મના અધિકારીના વિચારમાં કૃતજ્ઞ માણસને ગુણાર્હ-ધર્મની પ્રાપ્તિમાં યોગ્ય કહ્યો છે. અહીં ભીમનું દૃષ્ટાંત છે.

## ભીમની કથા—

તગરા નામની નગરીમાં રતિસાર નામે રાજા હતો. તે શ્રાવક ધર્મી હતો. તેને ભીમ નામે પુત્ર હતો. તે સમગ્ર કળાના સમૂહને ભણી રહ્યા પછી વિવિધ પ્રકારની ક્રીડાવડે ક્રીડા કરતો હતો. તેને એકદા રાજાએ કહ્યું કે—"હે પુત્ર! હજુ તું અધીં કળા શીખ્યો છે, માટે કેમ ક્રીડા કરવાનું ઇચ્છે છે?" તે બોલ્યો—'હે પિતા! શી રીતે હું અર્ધું શીખ્યો છું?' ત્યારે રાજાએ કહ્યું—"જ્યાં સુધી સર્વ કળાઓમાં મુખ્ય એવી ધર્મકળા જાણી ન હોય ત્યાંસુધી બોંતેર કળામાં પંડિત થયેલા પુરૂષો પણ અપંડિત જ છે." તે સાંભળી ભીમે

---

૧ પ્રત્યુપકાર ન કરી શકાય તેવા.

ચિંતવ્યું—“ પિતા મને અધું શીખેલો કહે છે તે સત્ય છે, કેમકે મેં પૂર્વે ધર્મકથાનું નામ પણ સાંભળ્યું નથી. માટે હું પિતાનેજ પૂછું.” એમ વિચારી તેણે પૂછયું કે-“ હે પિતા ! તે કળા કયાં મળે ? ” તેણે કહ્યું-‘ સાધુ પાસે ’ ‘ તો મને ત્યાં લઇ જાઓ.” એમ તેણે કહ્યું ત્યારે રાજા તેને સાધુ પાસે લઇ ગયો. સાધુએ ધર્મ સંભળાવ્યો. કુમારને તેના પર રૂચિ થઈ. ત્યારપછી તે ચૈત્યવંદન વિગેરે શીખ્યો. અણુવ્રતો ગ્રહણ કર્યાં, અને તે ઉત્તમ શ્રાવક થયો. જિનધર્મની પ્રાપ્તિ થવાથી તે ચક્રવર્તીના રાજ્યની પ્રાપ્તિ કરતાં પણ અધિક ખુશી થયો. તે વિચારવા લાગ્યો કે—“ અહો ! પિતાની પુત્ર ઉપર કેવી વત્સલતા (પ્રીતિ) છે ? કે જેણે ભયંકર સંસારરૂપી સમુદ્રથી મારો ઉદ્ધાર કર્યો? મને બળતા ઘરમાં સુતેલાને તેણે જગાડ્યો છે, સર્વથા પ્રકારે તે મારા પરમ ઉપકારી છે, તેથી તેને અપ્રિય લાગે તેવું લેશ માત્ર પણ હું કરીશ નહીં, અને તેને જેમ પ્રીતિ ઉત્પન્ન થાય તેજ રીતે હું યત્ન કરીશ. ” આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરીને તે શ્રાવક ધર્મ પાળવા લાગ્યો. એકદા રાજા રાજવાટિકાએ નીકળ્યો, તે વખતે તેણે એક પ્રાસાદની ઉપર ક્રીડા કરતી કોઇ શ્રેષ્ઠીની કન્યા જોઇ. તેણીના અત્યંત મનોહર રૂપથી રંજિત થયેલા તેણે મંત્રીદ્વારા શેઠ પાસે તે કન્યાની માગણી કરી; પરંતુ શ્રેષ્ઠીએ આપી નહીં, અને કહ્યું કે-“ કદાચ મારી પુત્રીને પુત્ર થાય તો પણ તે કાંઇ રાજ્ય પામી શકે નહીં. કારણ કે રાજાનો ભીમ કુમાર રાજ્યને લાયક છે. ” પછી તે કન્યાને નહીં પામવાથી રાજા અત્યંત અરતિ પામવા લાગ્યો. આ વાત ભીમના સાંભળવામાં આવી, ત્યારે તેણે વિચાર્યું કે-“ મારી હાજરીને લીધે પિતાની ઇચ્છાનો ભંગ થયો. ” એમ વિચારી તરતજ તે શ્રેષ્ઠીને ઘેર ગયો અને તેને કહ્યું કે-“ તમારી દીકરી રાજાને આપો. મેં રાજ્ય લેવાનો નિયમ કર્યો. ” શ્રેષ્ઠીએ કહ્યું-“ કદાચ તમે રાજ્ય ન કરો તો

પણ તમારે પુત્રો થાય, અને તે મારી દીકરીના પુત્રનો પરાભવ કરી રાજ્ય લઇ લે." ત્યારે કુમારે કહ્યું—"જો એમ હોય તો હું પરણીશ જ નહીં. તમે વિશ્વાસ રાખીને રાજાની ઇચ્છા પ્રમાણે કરો." આ પ્રમાણે કુમારના કહેવાથી શ્રેષ્ઠી તુષ્ટમાન થયો, અને તેણે પોતાની પુત્રી રાજા સાથે પરણાવી. પછી તેજ પટ્ટરાણી થઇ, અનુક્રમે તેણીએ સર્વ શુભ લક્ષણવાળો પુત્ર પ્રસવ્યો. તે કાળે કરીને વૃદ્ધિ પામ્યો, અને રાજા થયો. ભીમકુમાર પણ બ્રહ્મચર્ય ધારણ કરી શ્રાવક ધર્મનું પાલન કરતો હતો. એકદા ઇંદ્રે તેના દૃઢ વ્રતની પ્રશંસા કરી, તે સાંભળી કોઇ એક દેવે તેની પર શ્રદ્ધા કરી નહીં, તેથી તેણે એક ગણીકાનું રૂપ કરી તથા તેણીની માતાનું ( અક્કાનું ) રૂપ કરી કુમાર પાસે જઇ કહ્યું કે—"હે કુમાર! તું ઉત્તમ કુળમાં જન્મેલો છે, ધાર્મિક છે, દયાળુ છે અને કોઇની પ્રાર્થનાનો ભંગ કરતો નથી. તો આ બિચારી મારી પુત્રીનું શરીર તારૂં રૂપ જોવાથી ઉત્પન્ન થયેલા કામદેવ રૂપી અગ્નિની જ્વાળાથી બળે છે, તેથી તે મરણ પામશે. પરંતુ તારી સ્નેહવાળી દૃષ્ટિથી જ જીવે તેમ છે, તો તેણીને જીવાડીને મોટા પુણ્યનો સંચય તું કર." કુમારે કહ્યું—"હે ભદ્રે! વિષ ખાવાથી કદી જીવાતું નથી. સંનિપાતના વ્યાધિવાળાને કદાપી દુધ પથ્ય હોતું નથી. તેથી તેણીને ધર્મરૂપી ઔષધ આપ. હું વ્રતના ભંગનો અંગીકાર નહી કરૂં. દયા તો એ જ કહેવાય કે જેનાથી બીજો કોઇ પણ પાપમાં ન પડે." આવાં કોમળ વચનોવડે તેણે કુટણીનો પ્રતિષેધ કર્યો. તે જોઇ 'આ તો કંપે તેવો નથી' એમ જાણી દેવે ભીમની પ્રસંશા કરી. પછી ભીમ અનુક્રમે પરલોકનો આરાધક થયો. [illegible] કૃતજ્ઞ પુરૂષ સૂત્રમાં કહેલા ગુણનું સ્થાન થાય છે.

હવે વીશમા ગુણવાળો પરહિતાર્થકારી-પરનું હિત કરનાર છે, તેનો અર્થ નામથીજ જાણી શકાય તેવો છે, તેથી તેને ધર્મપ્રાપ્તિનું ફળ કહે છે.

परहियनिरओ धन्नो सम्मं विन्नायधम्मसब्भावो ।
अन्नेऽवि ठवइ मग्गे, निरीहचित्तो महासत्तो ॥ २७ ॥

મૂલાર્થ—પરહિતમાં તત્પર રહેનાર પુરૂષ ધન્ય છે, કારણ કે તે સમ્યક્ પ્રકારે ધર્મનું તત્વ જાણે છે, તેનું ચિત્ત નિસ્પૃહ હોવાથી તથા તે મહાસત્વવાળો હોવાથી બીજાઓને પણ માર્ગમાં સ્થાપન કરે છે.

ટીકાર્થ—જે પ્રકૃતિએ કરીને જ બીજાઓનું હિત કરવામાં નિરંતર તત્પર હોય છે, તે પુરૂષ ધર્મરૂપી ધનને લાયક હોવાથી ધન્ય છે, કારણકે તેણે સમ્યક્ વિજ્ઞાતધર્મસદ્ભાવ-યથાર્થ ધર્મતત્વ જાણેલું હોય છે અર્થાત્ તે ગીતાર્થ થયેલો હોય છે, એમ કહેવાથી એવું જણાવ્યું કે-જે ગીતાર્થ ન હોય તે પરનું હિત કરવા ઇચ્છતો હોય તો પણ તે કરી શકતો નથી. તે વિષે આગમમાં પણ કહ્યું છે કે—"જે માણસ સમ્યક્ પ્રકારે આગમનું તત્વ જાણતો ન હોય, તે બીજાને અસદુપદેશ આપીને કષ્ટમાં નાંખે છે. આથી વધારે કષ્ટકારક—શોક કરવા લાયક શું છે?" બીજા પણ મંદ બુદ્ધિવાળાને માર્ગમાં-શુદ્ધ ધર્મમાં સ્થાપન કરે છે-સ્થિર કરે છે. કેવો છતો? તે કહે છે.-નિરીહચિત્ત-સ્પૃહા રહિત મનવાળો, જે સ્પૃહાવાળો હોય તે કદાચ શુદ્ધ માર્ગનો ઉપદેશ કરે, તો પણ તે વખાણવા લાયક નથી. કહ્યું છે કે—"જગતમાં સર્વોત્તમ તેજ તપ અને શ્રુત એ બે જ છે, તે જ તપ અને શ્રુત જો યાચકપણાને લીધે સાર રહિત થાય તો તે તૃણ સમાન (તુચ્છ) છે," તેવો પુરૂષ નિસ્પૃહ કેમ હોય? તે ઉપર કહે છે—મહાસત્વવાળો છે માટે. કારણકે સત્વવાળાને જ

આટલા ગુણો હોય છે.—" પરોપકાર કરવામાં જ પ્રીતિ, નિસ્પૃહતા, વિનયીપણું, સત્ય બોલવાપણું, ચિત્તની અતુચ્છતા, નિરંતર વિદ્યાનો વિનોદ તથા અદીનપણું આટલા ગુણો સત્વવાળામાં રહેલા છે'.'

## અહીં વિજયનું દૃષ્ટાંત છે.—

વિજયવર્દ્ધન નામના નગરમાં વિશાલ નામે શ્રેષ્ઠી હતો. તેને વિજય નામે પુત્ર હતો. તેણે એકદા ઉપાધ્યાય પાસે સાંભળ્યું કે—" મનુષ્યે ક્ષમા ગુણમાં અને પરોપકાર કરવામાં તત્પર થવું જોઇયે. કારણકે આ બે ગુણથી જ આ લોક અને પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત થાય છે." આ ઉપદેશનું વચન વિજયે તત્વબુદ્ધિથી ગ્રહણ કર્યું. એકદા તે વિજય નવી પરણેલી પોતાની ભાર્યાને તેડવા માટે સાસરાને ગામ ગયો. ત્યાંથી ભાર્યાને લઇને તે પોતાના ગામ તરફ પાછો વળ્યો. માર્ગમાં ભાર્યાએ વિચાર્યું કે–" હા ! મને નિર્દયને ધિક્કાર છે, કે જેથી હું માતા પિતાને છોડીને બીજાને ઘેર જાઉં છું. હવે અહીં મારે શો ઉપાય કરવો ? કે જેથી આનાથી હું છુટું ? " તેટલામાં માર્ગે જતા થોડે દૂર એક જીર્ણ કુવો જોઇ તેણીએ ભર્તારને કહ્યું કે–" મને તરસ ઘણી લાગી છે. જો મને પાણી નહીં આપો તો હું હમણાં જ મરી જઇશ " તે સાંભળી વિજય બોલ્યો-" ચાલ આ કુવામાંથી તને પાણી પાઉં. " એમ કહી તે કુવા તરફ ચાલ્યો. તેની ભાર્યા પણ તેની પાછળ ગઇ. તે વિશ્વાસ પૂર્વક–નિઃશંકપણે કુવામાં જોતો હતો તેટલામાં તેને ધક્કો મારી નાશીને પોતાને ગામ ગઇ, અને ' શુભ શુકન નહીં થવાથી મને લઇ ન ગયા. ' એમ તેણીએ માતાપિતાને કહ્યું. અહીં વિજય પણ પડતાં પડતાં કુવાના તટમાં ઉગેલા વૃક્ષના થડને શીઘ્ર વળગી ગયો, અને તેને આધારે જ કુવામાંથી બહાર નીકળ્યો. ' તે બિચારીએ મને કુવામાં કેમ ધક્કો માર્યો હશે ? ' એમ વિચારતાં વિજયને તર્ક થયો કે–" ઠીક. પોતાના ઘરમાં રહેવાની ઉત્કંઠાને લીધે

તેણીએ આમ કર્યું જણાય છે. વળી ઉપાધ્યાયે મને કહ્યું છે કે-ક્ષમા જ રાખવી. તો તેણીના ઉપર મારે કોપ કરવો યોગ્ય નથી." આ પ્રમાણે આત્માને સ્થિર કરી તે પોતાને ઘેર ગયો. તેની માતાએ તેને 'વહુ કેમ ન આવી ?' એમ પૂછયું ત્યારે તે બોલ્યો કે-" તે તો આવતી જ હતી; પરંતુ માર્ગમાં અપશકુન થવાથી મેં તેને પાછી મોકલી." ત્યારપછી ઘણીવાર વિજયને તેડવા જવાનું કહ્યું, તો પણ તે જતો નથી, અને તે વિચારતો હતો કે-" તે બીચારીને શા માટે દુઃખ ઉત્પન્ન કરવું જોઇયે ?" એકદા તેના મિત્રોએ તેની ઘણી મશ્કરી કરી, ત્યારે તે સસરાને ઘેર ગયો. ત્યાં ગૌરવ સહિત કેટલાક દિવસ રહ્યો. પછી તેણીને સાથે લઇને પોતાને ઘેર આવ્યો. કેટલેક કાળે તે બન્નેને પરસ્પર સ્નેહ થયો, અનુક્રમે માતા પિતા મરણ પામ્યા, ત્યારે તે દંપતી જ ઘરના સ્વામી થયા.

એકદા વિજયે વિચાર્યું કે-"અહો ! ઉપાધ્યાયે મને યથાર્થ ઉપદેશ કર્યો હતો. ક્ષમાનો શો ગુણ થાય છે ? તે સાક્ષાત્ જોયો. હવે હું પરોપકાર કરવામાં રક્ત થાઉં," એમ વિચારી તે દીન હીન વગેરેને દાન આપવા લાગ્યો. કોઇને વિવાદ કરતા તે જોતો, ત્યારે તે તેમને મધુર વચનોવડે શાંત પાડતો અને કહેતો કે-સ્વજનનો છતો અપરાધ આપણે જોયો હોય તો પણ મનમાં જ રાખવો. કારણ કે બોલવા કરતાં ન બોલવું સારૂં છે, બીજાને પૂછવું તે કરતાં ન પૂછવું જ સારૂં છે, અને સાંભળ્યા કરતાં ન સાંભળ્યું સારૂં છે. આ પ્રમાણે વર્તવાથી સ્વજનપણું સુખકારક થાય છે." એકદા મોટા પુત્રે વિજયને પૂછયું કે-" હે પિતા ! તમે આ પ્રમાણે સર્વ લોકોને કેમ ઉપદેશ આપો છો ?" વિજયે કહ્યું-" હે પુત્ર ! મને એ અનુભવ સિદ્ધ છે. તેથી લોકોને એવો ઉપદેશ આપું છું," ફરીથી પુત્રે પૂછયું-" શી રીતે તમને અનુભવ સિદ્ધ થયું ? તે કહો મને તે જાણવામાં કૌતુક છે." વિજયે કહ્યું-" તારે એવો પ્રશ્ન કરવો નહીં, કારણ કે મેં ઉપદેશમાં જ કહ્યું છે કે-પૂછયા કરતાં ન પૂછવું સારૂં છે, અને સાંભળ્યા કરતાં ન સાંભળ્યું

સારૂં છે. માટે તારે પૂછવું પણ નહીં, અને સાંભળવું પણ નહીં. તે વિષે આગ્રહ કરવાથી સર્યું. ” તે સાંભળી પુત્રને અત્યંત કૌતુક થયું, તેથી તે વારંવાર આગ્રહથી પૂછવા લાગ્યો. તેનો અત્યંત નિશ્ચય જોઇ પિતાએ કહ્યું–“ મને પહેલાં તારી માતાએ જીર્ણ કુવામાં નાખી દીધો હતો. તે વાત મેં એટલી બધી ગુપ્ત રાખી કે તારી માતાને પણ મેં કોઇ વખત કહી નથી, તેનું પરિણામ સુંદર આવ્યું. તારે પણ આ વાત કોઇને કહેવી નહીં. ” પછી એકદા પુત્રે હસતાં હસતાં પોતાની માને પૂછયું કે–“ હે મા ! તેં મારા પિતાને જીર્ણ કુવામાં નાંખી દીધા હતા, તે વાત શું સાચી છે ? ” માએ પૂછયું–‘ હે પુત્ર ! તને શી ખબર ? ’ તેણે કહ્યું—“ મારા પિતાએ જ મને કહ્યું છે.’ તે સાંભળી ‘ ભર્તારને મેં ધક્કો માર્યો હતો, તેની તેને માહિતિ છે ’ એમ જાણી તે અત્યંત લાજ્જિત થઇ, અને તરતજ હૃદય ફાટી જવાથી તે મરણ પામી, તેનો હાહારવ સાંભળી વિજય શેઠ પણ ત્યાં આવ્યો, અને વૃત્તાંત જાણી અત્યંત ખેદ પામ્યો, તથા ‘ આ દોષ મારોજ છે ’ એમ ઘણા કાળ સુધી ઝુરવા લાગ્યો. પછી તે પાપની શુદ્ધિ કરવા ઇચ્છતા તેણે કોઇ ઠેકાણે સાધુઓને જોયા. તેની પાસે તેણે શુદ્ધિ —આલોયણ માગી. તેઓએ કહ્યું—“ દીક્ષા ગ્રહણ કર.” તે બોલ્યો “ પરિગ્રહ રહિત થાઉં તો નિર્ધનપણાને લીધે પરોપકાર શી રીતે કરી શકું ? અને પરોપકાર સિવાય બીજું કલ્યાણનું સાધન શું છે ? ” સાધુઓએ કહ્યું—“ હે ભદ્ર ! ધર્મોપદેશ અને અભયદાન સિવાય બીજુ કાંઇ પણ પરહિત છે જ નહીં. કહ્યું છે કે—‘ પ્રાણીઓના દુ:ખનો નાશ કરનારી ધર્મદેશના જેટલો ઉપકાર કરે છે, તેટલો ઉપકાર જગતમાં બીજા કોઇથી થતો નથી.’ તથા—‘ રાજા પણ પોતાના જીવિતને માટે થઇને પોતાની આખી પૃથ્વી આપી દે છે, માટે દુનિયામાં પ્રાણીની રક્ષા સમાન બીજું કોઇ ઉત્તમ દાન નથી.’ વળી–‘ કોઇ માણસ મહિને મહિને હજાર હજાર ગાયોનું દાન કરે, તેના કરતાં કાંઇ પણ દાન નહીં કરનારનો સંયમ અત્યંત કલ્યાણકારક છે. ” આ પ્રમાણે

સાંભળી પ્રતિબોધ પામી વિજયે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને તે પોતાના અને પરના ઉપકારનો સાધક થયો. આ પ્રમાણે પરહિતને કરનારો ધર્માધિકારી છે.

## હવે એકવીશમો લબ્ધલક્ષ્ય નામનો ગુણ છે, તે ફળદ્વારા બતાવે છે—

**लक्खेइ लद्धलक्खो सुहेण सयलं पि धम्मकरणिज्जं ।**
**दक्खो सुसासणिज्जो, तुरियं च सुसिक्खिओ होइ ॥२८॥**

મૂલાર્થ—લબ્ધલક્ષ્ય પુરૂષ સમગ્ર ધર્મકાર્યને સુખે કરીને જાણી શકે છે. તેથી કરીને જ તે ધર્મકાર્યને શીઘ્ર કરનારો, સહેલાઇથી શીખવવા લાયક થાય છે, અને શીઘ્રપણે જ શિક્ષાનો પારગામી થાય છે.

ટીકાર્થ—જ્ઞાનાવરણીય કર્મ અલ્પ હોવાથી જેણે **लक्ष्यं**-શીખવા લાયક અનુષ્ઠાન **लब्धमिव लब्धं**-પ્રાપ્ત કર્યાની જેમ પ્રાપ્ત કર્યું હોય તે લબ્ધલક્ષ્ય કહેવાય છે, તેવો પુરૂષ **सुखेन**-ક્લેશ વિનાજ એટલે પોતાને તથા શિખવનારને કષ્ટ ઉત્પન્ન કર્યા વિના જ **सकलं** સમગ્ર **धर्मकरणीयं**-વંદન, પ્રત્યુપેક્ષણ વિગેરે ધર્મ કાર્યને **जानाति**-જાણી શકે છે. ભાવાર્થ એ છે કે-જાણે કે પૂર્વભવમાં અભ્યાસ કર્યો હોય તેમ તે જલદીથી જાણી જાય છે. કહ્યું છે કે--" જીવોએ દરેક જન્મમાં જે કાંઇ શુભ કે અશુભ કર્મનો અભ્યાસ કર્યો હોય, તે જ (કર્મનો) તે જ અભ્યાસના યોગથી તે સુખે કરીને અભ્યાસકરી શકે છે." તેથી કરીને જ **दक्षः**-શીઘ્રપણે કાર્યને કરનારો, **सुशासनीयः**-સુખે શીખવવાલાયક, અને **त्वरितं**-થોડા કાળમાંજ **सुशिक्षितः**-શિક્ષાનો પારગામી થાય છે. અહીં મૂળમાં જે **च** શબ્દ છે તેનો સુશિક્ષિતની પછી સંબંધ કરવાનો છે.

## તે ઉપર આર્યરક્ષિતની કથા—

દશપુર નામના નગરમાં સોમદેવ નામનો બ્રાહ્મણ હતો. તેને રૂદ્રસોમા નામની પત્નીથી ઉત્પન્ન થયેલો આર્યરક્ષિત નામે પુત્ર હતો. તે પાટલીપુત્ર વિગેરે નગરમાં જઈ કોઇની પાસે અભ્યાસ કરી ચૌદ વિદ્યાનો પારગામી થયો. પછી તે પોતાના નગરમાં આવ્યો. તે વખતે રાજા અને નગરના લોકોએ તેની સન્મુખ જઇ ઉત્સવપૂર્વક પુર-પ્રવેશ કરાવ્યો. એ રીતે તે પોતાને ઘેર આવ્યો. ત્યાં ઘરની બહારની શાળામાં બેઠો. તેની સ્વજનોએ એકઠા થઇ શ્લાઘા કરી. પરંતુ એક તેની માતાજ તેની પાસે આવી નહીં, તેથી માતાને મળવાની ઉત્કંઠા થવાથી તે માતાને નમસ્કાર કરવા ઘરમાં ગયો. માતાના ચરણને નમસ્કાર કર્યો. ત્યારે માતાએ મધ્યસ્થવૃત્તિએ કરી તેને આશીર્વાદ આપી બોલાવ્યો; પરંતુ અત્યંત હર્ષ દેખાડયો નહીં, તેનો અભિપ્રાય જાણી તેણે પૂછયું કે–" હે માતા ! મારા આવવાથી સ્વજન અને અન્યજન સર્વે અત્યંત હર્ષ પામ્યા છે; પરંતુ તમે હર્ષ પામ્યાં નથી. તેનું કારણ શું ? " તે બોલી–" પુત્ર ! મને હર્ષ શી રીતે થાય ? દુર્ગતિમાં લઇ જવાના કારણભૂત કુશાસ્ત્રોનો અભ્યાસ કરીને તું આવેલો છે. માટે જો તું દૃષ્ટિવાદ ભણીને મને આનંદ પમાડે, તો પછી બીજા જનોને આનંદ પમાડવાથી શું છે ? " તે સાંભળી ' માતાને જે રૂચે તે જ ભણવું યોગ્ય છે. ' એમ વિચારી તેણે માને પૂછયું કે–" હે માતા ! તે દૃષ્ટિવાદ કયાં મળે ? ' તેણીએ કહ્યું–" હે પુત્ર ! તારા જ શેરડીના વાઢમાં તોસલિપુત્ર નામના આચાર્ય છે, તેની પાસે મળે છે. " તે સાંભળીને તે બોલ્યો કે–" હે માતા ! જો એમ છે તો તમે પ્રસન્ન થાઓ. પ્રાતઃકાળે જ તમારા મનોરથોને હું પૂર્ણ કરીશ. " એમ કહીને દૃષ્ટિવાદ શબ્દના અર્થનું સ્મરણ કરતો તે રાત્રીને અંતે પ્રાતઃકાળ થતાં જ માતાની રજા લઇ સૂરિ પાસે જવા નીકળ્યો. નીકળતાં જ માર્ગમાં પ્રથમ તેને તેનો મિત્ર મળ્યો. તે આગલે દિવસે મળ્યો

નહોતો. તેણે તેને શેરડીના કેટલાક સાંઠા આપી નમસ્કાર કર્યા. 'આ ઉત્તમ શુકન થયાં.' એમ જાણી આનંદ પામી તેણે શેરડીના સાંઠા ગણ્યા. તો નવ સાંઠા આખા અને એક અર્ધો જોઇ તેણે વિચાર્યું કે-"તે દૃષ્ટિવાદમાં કેટલા અધિકારો હશે ? તે તો હું જાણતો નથી; પરંતુ હું તેમાંથી નવ અધિકાર પૂર્ણ ભણીશ, અને દશમો અર્ધો ભણીશ." એમ વિચારી માતાને ધીરજ આપવા માટે તેણે મિત્રને કહ્યું કે-"આ સાંઠા મારી માતાને તું આપજે, અને કહેજે કે-જે કાર્યને માટે તમારો પુત્ર ગયો છે, તેમાં હું જ તેને પ્રથમ સામો મળ્યો છું." પછી મિત્રે જઇને તેને તે જ પ્રમાણે કહ્યું, ત્યારે માતાએ પણ તે સાંઠા ગણીને તે જ પ્રમાણે તેનું ફળ વિચાર્યું. પછી આર્યરક્ષિત પણ સાધુના ઉપાશ્રય પાસે ગયો. તેને વિચાર થયો કે-"સાધુના વંદનાદિક વ્યવહારને હું જાણતો નથી, તેથી ગામડીયાની જેમ હું તેમની પાસે શી રીતે જઉં ?" આ પ્રમાણે તે વિચાર કરતો હતો, તેટલામાં તેણે ઉપાશ્રયમાં પ્રવેશ કરતા એક શ્રાવકને જોયો. તેથી તેની પાછળ પાછળ તે પણ ગયો. ત્યાં નિસીહિ, ઇર્યાપથિકીનું પ્રતિક્રમણ, વંદન, પ્રત્યાખ્યાન અને સાધુવંદન વિગેરે સર્વ ક્રિયા તેની સાથે જ કરીને તે ગુરૂની પાસે બેઠો. તે શ્રાવક મોટો હતો, તેને તેણે નમસ્કાર કર્યા નહીં, તેથી ગુરૂએ તેને 'કોઇ આ નવો શ્રાવક છે' એમ જાણી તેને પૂછ્યું કે-"હે દેવાનુપ્રિય ! તને ધર્મની પ્રાપ્તિ ક્યાંથી થઇ ?" આર્યરક્ષિત બોલ્યો-'આ વૃદ્ધ શ્રાવક પાસેથી' 'ક્યારે ?' 'હમણાંજ.' તેટલામાં બીજા સાધુઓએ ગુરૂને કહ્યું કે-"આ શ્રાવિકાનો પુત્ર આર્યરક્ષિત છે. કાલે રાજાએ જેનો પ્રવેશોત્સવ કર્યો હતો તેજ આ છે." તે સાંભળી 'અહો ! આનું લબ્ધલક્ષ્યપણું કેવું છે ?' એ પ્રમાણે વિચારી આશ્ચર્ય પામેલા સૂરિએ સ્નિગ્ધ અને મધુર દૃષ્ટિથી તેની સામું જોઇ કહ્યું કે-"હે સૌમ્ય ! તમે સર્વ જનને વહાલા છો. તેથી તમારૂં અમે શું અતિથિપણું કરીએ ?" તે સાંભળી બે હાથ જોડી તે બ્રાહ્મણ બોલ્યો કે-"હે ભગવાન્ ! મને દૃષ્ટિવાદ આપી મારા પર કૃપા કરો." સૂરિ બોલ્યા-"બહુ સારૂં, બહુ સારૂં, તારો મનોરથ

ઉત્તમ છે. તું દૃષ્ટિવાદને અત્યંત યોગ્ય છે; પરંતુ તે દૃષ્ટિવાદ ગૃહસ્થીઓને આપી શકાતો નથી. સાધુઓ પણ અગ્યાર અંગ ભણ્યા પછી તે દૃષ્ટિવાદ ભણવાના અધિકારી થાય છે. ” ત્યારે તે બોલ્યો કે-‘ જેમ ઠીક લાગે તેમ મને ભણાવો. અને દીક્ષા પણ આપો. ’ ગુરૂ બોલ્યા-‘ જો એમ હોય તો રાજા તથા સ્વજનવર્ગની રજા લઇ આવો. ’ તે બોલ્યો-“ મારે રાજા વિગેરેની રજાનું કાંઇ કામ નથી. મારે માતાના મનોરથ પૂર્ણ કરવા એ જ મારે કરવાની ઇચ્છા છે. ” એમ કહી તેણે માતાની સાથે થયેલી વાત ગુરૂને જણાવી, તે સાંભળી ગુરૂએ વિચાર્યું કે-“ આની બુદ્ધિનો વૈભવ અતૂલ છે. માટે આ દૃષ્ટિવાદને અત્યંત યોગ્ય છે. ” એમ વિચારી સૂરિએ તેને દીક્ષા આપી. પછી તેના સ્વજનાદિકના ભયથી સર્વે સાધુઓએ અન્યત્ર વિહાર કર્યો. બાકીની કથા આવશ્યક સૂત્રમાંથી જાણવી. અહીં તાત્પર્ય એ છે જે-માત્ર ધર્મક્રિયા જોઇને જ તે પ્રમાણે ગ્રહણ કરનાર લબ્ધલક્ષ્ય કહેવાય છે, અને તે આર્યરક્ષિતની જેમ ધર્મનો અધિકારી થાય છે. એમ જણાવ્યું.

હવે પ્રસ્તાવ કરેલા ગુણોનો ઉપસંહાર કરવા પૂર્વક પ્રકરણના અર્થને સમાપ્ત કરવા માટે કહે છે.

**एए इगवीस गुणा, सुयाणुसारेण किंचि वक्खाया।**
**अरिहंति धम्मरयणं घेत्तुं एएहि संपन्ना ॥ २९॥**

મૂલાર્થ—આ પ્રમાણે એકવીશ ગુણો શ્રુતને અનુસારે કાંઇક વ્યાખ્યાન કર્યા છે. તે એટલા માટે કે આ ગુણોએ કરીને જે યુક્ત હોય તેઓ જ ધર્મરત્નને ગ્રહણ કરવામાં યોગ્ય છે.

ટીકાર્થ—**एते**-પૂર્વે કહેલા સ્વરૂપવાળા આ એકવીશ ગુણો **श्रुतानुसारेण**-બીજાં પ્રકરણોના જ્ઞાનને અનુસરીને **किञ्चित्**-કાંઇક

એટલે અસમગ્રપણે (સંક્ષેપથી) તે ગુણોની બીજાં પ્રકરણોમાં વિચિત્ર વ્યાખ્યા કરેલી હોવાથી તે સર્વ અહીં કહી શકાય નહીં તેથી કાંઇક **व्याख्याता:**-સ્વરૂપ થકી અને ફળ થકી બતાવ્યા છે: શા માટે ? તે કહે છે.—કારણ કે યોગ્યતાના સારરૂપ ધર્મરત્નને ગ્રહણ કરવામાં યોગ્ય છે, પરંતુ હુતાશણીના રાજાની જેમ રાજાની ક્રીડાને ગ્રહણ કરવા લાયક નથી. કોણ ? તે કહે છે—આ હમણાં કહેલા એકવીશ ગુણોએ કરીને જે સંપૂર્ણ હોય તે. ૨૯.

અહીં કોઇ શંકા કરે કે—શું આટલા ગુણોએ કરીને જે યુક્ત હોય તે જ એકાંતપણે ધર્મના અધિકારી છે ? કે તેમાં કોઇ અપવાદ પણ છે ? તે પ્રશ્નના જવાબમાં કહે છે.—

**पायद्धगुणविहीणा, एएसिं मज्झिमा वरा नेया ।**
**एत्तो परेण हीणा, दरिद्दपाया मुणेयव्वा ॥ ३० ॥**

મૂલાર્થ—આ ગુણોને મધ્યે જે ચતુર્થાંશ ગુણે કરીને હીન હોય તે મધ્યમ અધિકારી જાણવા, તથા અર્ધા ગુણે કરીને રહિત હોય તે જઘન્ય જાણવા, તથા અર્ધાથી પણ ઓછા ગુણ હોય તો તે દરિદ્ર જેવા જાણવા.

ટીકાર્થ—અહીં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારના અધિકારી કહ્યા છે. તેમાં જે સંપૂર્ણ ગુણવાળા હોય તે ઉત્તમ છે. **पाद** -ચોથો ભાગ, **अर्ध**-અર્ધનો અર્થ પ્રસિદ્ધ છે. **गुण** શબ્દનો દરેક સાથે સંબંધ કરવાનો છે. તેથી કરીને પાદ પ્રમાણ અને અર્ધપ્રમાણ ગુણોએ કરીને જે હીન હોય તે **एतेषां**-કહેલા ગુણોને મધ્યે અનુક્રમે મધ્યમ અને જઘન્ય-કનિષ્ઠ જાણવા. એટલે કે ચોથા ભાગના ગુણોએ કરીને રહિત હોય તે મધ્યમ અને અર્ધા ગુણોએ કરીને રહિત હોય તે જઘન્ય જાણવા. તેનાથી પણ વધારે ઓછા ગુણ હોય તો તેની શી વાત કરવી ? એ શંકા ઉપર કહે છે—એનાથી આગળ એટલે કે અર્ધાથી પણ વધારે ઓછા ગુણ હોય તો તે દરિદ્ર પ્રાય-દરિદ્ર જેવા

જાણવા. જેમ દરિદ્ર લોકો ઉદર ભરવાની ચિંતામાં વ્યાકુળ હોવાથી રત્નને વેચાતું લેવાનો મનોરથ પણ કરી શકતા નથી, તેમ આ પણ ધર્મના અભિલાષને પણ કરી શકતા નથી. ૩૦.

આ પ્રમાણે હોવાથી જે કરવા લાયક છે તે કહે છે.—

**धम्मरयणत्थिणा तो पढमं एयज्जणम्मि जइयव्वं ।**
**जं सुद्धभूमिगाए, रेहइ चित्तं पवित्तं पि ॥ ३१ ॥**

મૂલાર્થ—તેથી કરીને જે ધર્મરત્નનો અર્થી હોય તેણે પ્રથમ આ ગુણો જ ઉપાર્જન કરવા યત્ન કરવો જોઇએ. કારણ કે મનોહર ચિત્ર પણ શુદ્ધ ભૂમિ ઉપર જ શોભા આપે છે.

ટીકાર્થ—તેથી કરીને કહેલા સ્વરૂપવાળા ધર્મરત્નને મેળવવા જે ઇચ્છતો હોય તેણે પ્રથમ આ ગુણોને ઉપાર્જન કરવામાં યત્ન કરવો જોઇએ. કારણકે તે ગુણો વિના ધર્મની પ્રાપ્તિ થઇ શક્તી નથી. આ ઉપર દૃષ્ટાંત આપે છે—જેથી કરીને કલંક વિનાની શુદ્ધ ભૂમિકામાં જ આળેખેલું સુંદર ચિત્ર પણ શોભા આપે છે. ૩૧

અહીં અજ્ઞાની જનને બોધ કરવા માટે આગમમાં કહેલા ઉદાહરણને આચાર્ય બતાવે છે—

સાકેત નામના નગરમાં મહાબળ નામે રાજા હતો. તેણે એકદા પોતાના દૂતને પૂછ્યું કે—" બીજા રાજ્યમાં હોય એવી રાજાને ક્રીડા કરવામાં ઉચિત કઇ વસ્તુ મારે નથી ? " દૂતે કહ્યું —" હે દેવ ! આપના રાજ્યમાં સર્વ વસ્તુ છે. માત્ર એક ચિત્રસભા નથી. તેવી સભામાં નેત્ર અને મનને આનંદ આપનાર વિચિત્ર ચિત્રો જોવાથી રાજાઓ હરતાં ફરતાં આનંદ મેળવે છે." તે સાંભળી રાજાએ મનમાં કૌતુક થવાથી મંત્રીને આજ્ઞા આપી. તેણે શીઘ્રપણે મોટી વિશાળ મહાસભા કરાવી. પછી તે નગરમાં વિમળ અને પ્રભાસ નામના બે ચિતારા મુખ્ય હતા, તેમને બોલાવ્યા. તેમને સભાનો અર્ધો અર્ધો ભાગ

કરી વચમાં પડદો નાંખી એકેક ભાગ બન્નેને આપી કહ્યું કે—" તમારે એક બીજાનું ચિત્ર કર્મ જોવું નહીં, પોતપોતાની બુદ્ધિથીજ ચિત્રામણ કરવાનું છે, આ કામમાં તમારે વેઠ માનવાની નથી, તમારી જેવી કળાકુશળતા હશે તે પ્રમાણે તમને ઇનામ મળશે." ત્યારપછી તે બંને ઉત્સાહથી શીઘ્રપણે કામ કરવા લાગ્યા. જ્યારે છ માસ પૂરા થયા, ત્યારે રાજાએ ઉત્સુકપણાથી તેમને પૂછયું, તે વખતે વિમળે કહ્યું કે—" મારો ભાગ મેં તૈયાર કર્યો છે." ત્યારે રાજાએ જઇને તે ભાગ જોયો, ' આ કામ અતિ સુંદર થયું છે. ' એમ કહી તેને ઘણું ઇનામ આપ્યું. ત્યારપછી રાજાએ પ્રભાસને પૂછયું ત્યારે તે બોલ્યો કે— " હે સ્વામી ! હજુ મેં ચિતરવાનું કામ શરૂ કર્યું નથી. આટલા દિવસ સુધી મેં ભૂમિકાને જ સમારી તૈયાર કરી છે " તે સાંભળી ' એવું તે ભૂમિકર્મ કેવું છે ? ' એમ વિચારી આશ્ચર્ય પામેલા રાજાએ વચમાંથી પડદો કાઢી નાંખ્યો, તેટલામાં તે ભીંત ઉપર વધારે મનોહર ચિત્રકર્મ ચિતરેલું. જોયું. ત્યારે રાજા કોપ પામ્યો હોય તેમ પ્રભાસ પ્રત્યે બોલ્યો કે—' શું તું અમને પણ ઠગે છે ? ' તે બોલ્યો—' સ્વામી ઠગવા લાયક હોય જ નહીં. આ તો સામેના ચિત્રોનું પ્રતિબિંબ પડયું છે.' એમ બોલતા તેણે વચ્ચે હતો તેમ પડદો કર્યો ત્યારે ચિત્ર વિનાની ભીંત જોઇ આશ્ચર્ય પામેલા રાજાએ કહ્યું—" શું આવી ભૂમિ પણ કરાય છે ? " પ્રભાસ બોલ્યો— " હાજી, આવી ભૂમિમાં ચિત્ર અતી સ્થિર થાય છે. વર્ણો (રંગો) ની કાંતિ બમણી વિસ્તાર પામે છે, અને જે સ્વરૂપો આળેખ્યાં હોય તેના ભાવનો ઉલ્લાસ થાય છે. એટલે કે સાચાં સચેતન જેવાં ભાસે છે." તે સાંભળી તુષ્ટમાન થયેલા રાજાએ તેને બમણું ઇનામ આપ્યું, અને કહ્યું કે—" આ ભીંત આમની આમ જ ભલે રહી સંચરતા ચિત્રવાળી આ સભા થઇ તેથી મારી અપૂર્વ પ્રસિદ્ધિ થશે."

આ કથાનો ઉપનય (રહસ્ય) એ છે જે—જેમ ચિત્ર કરવા માટે બીજા ચિતારાએ અનુક્રમે ભૂમિને સારી રીતે સમારી, તેજ પ્રમાણે

ધર્મરૂપી ચિત્રના અર્થીએ પણ આ એકવીશ ગુણોએ કરીને આત્મા સમારવો જોઇયે એટલે કે શુદ્ધ કરવો જોઇયે.

હવે કોઇ શંકા કરે કે- ધર્મ બે પ્રકારનો છે- શ્રાવકધર્મ ૧ અને સાધુ ધર્મ ૨. શ્રાવકધર્મ પણ અવિરત અને વિરત એમ બે પ્રકારનો છે. તેમાં પહેલા અવિરતનો અધિકારી અન્ય શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યો છે—" જે માણસ ધર્મનો અર્થી હોય, શક્તિમાન હોય અને સૂત્રથી પ્રતિકૂળપણે વર્તતો ન હોય તે અધિકારી છે. તથા તેજ અર્થી કહેવાય છે કે જે વિનયવાળો હોય ધર્મ કરવા ઉઠયો હોય એટલે તત્પર થયો હોય અને ગુરૂપાસે જઇ ધર્મને પૂછતો હોય." આવી રીતે અધિકારી કહ્યો છે, બીજા વિરતને માટે પણ—" જે માણસ સમકિત વિગેરેને પામીને હંમેશાં મુનિઓ પાસે શ્રેષ્ઠ સામાચારીનું શ્રવણ કરે છે, તેને જ શ્રાવક કહ્યો છે." તથા—" જે માણસ પરલોકમાં હિતકારક જિનવચનને ઉપયોગપૂર્વક સારી રીતે સાંભળે છે, તે અતિ તીવ્રકર્મનો નાશ કરવાથી ઉત્કૃષ્ટ શ્રાવક થાય છે. " ઇત્યાદિક શ્રાવક શબ્દની પ્રવૃત્તિના હેતુભૂત અસાધારણ વિશેષ-પ્રકારના સૂત્રોવડે પરમાર્થથી તો આવા પ્રકારના જે હોય તે શ્રાવકધર્મના અધિકારી કહ્યા છે. તથા સાધુ ધર્મના અધિકારીઓ પણ અન્યસૂત્રોમાં જૂદી રીતે જ કહ્યા છે. તે આ પ્રમાણે-" જેઓ આર્યદેશમાં ઉત્પન્ન થયા હોય, જાતિ અને કુળથી વિશિષ્ટ હોય એટલે ઉત્તમ જાતિ અને કુળવાળા હોય, જેમનો કર્મમળ પ્રાયે કરીને ક્ષીણ થયો હોય, જેઓ નિર્મળ બુદ્ધિવાળા હોય, તથા-' આ ભવસમુદ્રમાં મનુષ્યપણું પ્રાપ્ત થવું દુર્લભ છે, જન્મ એ મરણનું નિમિત્ત છે, સંપત્તિઓ ચપળ છે, વિષયો દુઃખના હેતુરૂપ છે, સંયોગમાં અવશ્ય વિયોગ રહેલો જ છે, સમય સમય પ્રત્યે મરણ રહેલું જ છે અને કર્મનો વિપાક અતિ દારૂણ છે, ' આ પ્રમાણે સ્વભાવથી જ જેઓએ સંસારનો નિર્ગુણ સ્વભાવ જાણેલો હોય, અને તેથી કરીને જ જેઓ વૈરાગ્ય પામેલા હોય, જેઓના કષાય પાતળા પડ્યા હોય, જેઓને હાસ્યનો ઉદય અલ્પ હોય,

જેઓ સારી રીતે કૃતજ્ઞ હોય, જેઓ વિનયવાળા હોય, જેઓ રાજવિરૂદ્ધાદિક કામો કરતા ન હોય, જેઓ સુંદર શરીરવાળા હોય, જેઓ શ્રદ્ધાળુ, સ્થિર ચિત્તવાળા અને સર્વ સામગ્રી યુક્ત હોય, તેઓ પ્રવ્રજ્યા લેવાને યોગ્ય છે." તો આ એકવીશ ગુણોએ કરીને કયા ધર્મનું અધિકારીપણું કહ્યું ? આ પ્રશ્નનો જવાબ આપે છે કે-"જે આ સર્વે અન્ય શાસ્ત્રોનાં લક્ષણો કહ્યાં તે પ્રાયે કરીને તે તે ગુણોના સ્થાનોના અંગભૂત જ છે. જેમ ચિત્રામણમાં વર્ણની શુદ્ધિ, વિચિત્ર ( જૂદા જૂદા ) વર્ણ-રંગ, રેખાની શુદ્ધિ અને જુદા જુદા ( શોક હર્ષાદિક ) ભાવો દેખાય છે તેમ અહીં પણ જાણવું. અને આ એકવીશ ગુણો તો બધી જાતના ચિત્રોની સાધારણ ભૂમિકાની જેમ સર્વ ધર્મના સ્થાનોમાં સાધારણ જ છે. એમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. તે વિષે આગળ **दुविहं पि धम्मरयणं.** ના અર્થમાં કહેશે કે-"જેને આ એકવીશ ગુણરૂપી રત્નની સંપત્તિ સારી રીતે પ્રાપ્ત થઇ હોય, તે પુરૂષ આ બન્ને પ્રકારના ધર્મરત્નને સંપૂર્ણ રીતે ગ્રહણ કરવા શક્તિમાન છે." તેથી કરીને જ કહે છે.—

**सइ एयम्मि गुणोहे, संजायइ भावसावयत्तं पि ।**
**तस्स पुण लक्खणाइं एयाइं भणंति सुहगुरुणो ॥ ३२ ॥**

મૂલાર્થ—આ ગુણોનો સમૂહ હોય તો જ ભાવશ્રાવકપણું પણ પ્રાપ્ત થાય છે. અને તે ભાવશ્રાવકનાં લક્ષણો ઉત્તમ ગુરૂઓ આ પ્રમાણે કહે છે.

ટીકાર્થ—આ હમણાં કહેલો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપ ગુણોનો સમૂહ વિદ્યમાન છતેજ ભાવશ્રાવકપણું પણ સંભવે છે, તો પછી ભાવસાધુપણું તો દૂર રહો એ **अपि** (પણ) નો ભાવાર્થ છે. અહીં કોઇ શંકા કરે કે-તમે ભાવશ્રાવકપણું એવો શબ્દ બોલ્યા તો શું તે સિવાય બીજું પણ શ્રાવકપણું છે ? તેનો જવાબ આપે છે કે-હા, બીજું પણ છે. કેમકે આ જિનાગમને વિષે સર્વે પદાર્થો ચાર

પ્રકારના હોય છે-નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. એમ તત્ત્વાર્થ સૂત્રમાં ( ૧-૫ ) કહ્યું છે. તેમાં નામ શ્રાવક તે કહેવાય છે કે જે કોઇ સચેતન કે અચેતન પદાર્થનું શ્રાવક એવું નામ કહીયે. જે ચિત્ર અને પુસ્તક વિગેરેમાં શ્રાવક રહ્યો હોય તે સ્થાપના શ્રાવક કહેવાય છે. જે [1]જ્ઞશરીર અને [2]ભવ્યશરીરથી જૂદો કહીયે તો દેવ, ગુરૂ અને તત્ત્વ વિગેરેની શ્રદ્ધા રહિત અને તથાપ્રકારની આજીવિકાને માટે જ શ્રાવકના વેષને ધારણ કરતો હોય તે દ્રવ્ય શ્રાવક કહેવાય છે. તથા ભાવશ્રાવક આ પ્રમાણે છે.—તે વિષે કહ્યું છે કે-" 'શ્રા' એટલે જે શ્રદ્ધાળુપણું ધારણ કરે અને શાસ્ત્રનું શ્રવણ કરે, 'વ' એટલે સાત ક્ષેત્રમાં ધન વાવે અને સમકિતને વરે-ધારણ કરે, 'ક' એટલે પાપને કાપે અને સંયમને કરે-પાળે, તેને પંડિતો શ્રાવક એવા શબ્દથી કહે છે." આ પ્રમાણે શ્રાવક શબ્દના અર્થને ધારણ કરનાર અને આગળ કહેવાશે તે રીતે વિધિ પ્રમાણે શ્રાવકને ઉચિત એવા વ્યાપારમાં જે તત્પર હોય તે ભાવશ્રાવક કહેવાય છે, તેનો જ અહીં અધિકાર છે. બાકીના ત્રણ પ્રકારો યથાકથંચિત્ રહેલા છે. એટલે કે તેની અહીં જરૂર નથી.

અહીં કોઈ શંકા કરે કે-આગમમાં શ્રાવકના ભેદો જૂદી રીતે સંભળાય છે. જેમકે સ્થાનાંગમાં આ પ્રમાણે કહ્યું છે—" શ્રાવક ચાર પ્રકારના કહેલા છે. તે આ પ્રમાણે—માતપિતા સમાન ૧, ભાઈ સમાન ૨, મિત્ર સમાન ૩ અને સપત્ની-શોકય ( શત્રુ ) સમાન ૪. અથવા બીજી રીતે ચાર પ્રકારના શ્રાવકો કહેલા છે. તે આ પ્રમાણે—આદર્શ સમાન ૧, પતાકા સમાન ૨, વૃક્ષના ઠુંઠા સમાન ૩ અને ખરંટ સમાન ૪. " આ બન્ને પ્રકારના ભેદો સાધુને આશ્રીને જાણવા, એટલે કે તેઓ સાધુ પ્રત્યે માતપિતા જેવા અને ભાઇ વિગેરે જેવા હોય છે. આવા પ્રકારના શ્રાવકો ઉપર કહેલા નામાદિક શ્રાવકોમાંથી કઇ જાતના શ્રાવકમાં આવી શકે છે ? તે શંકાનો જવાબ આપે છે—

૧ શ્રાવકનું જીવરહિત શરીર. ૨ જે હવે પછી શ્રાવક થવાનો હોય તે.

વ્યવહાર નયના મતે કરીને આ સર્વ ભેદો ભાવશ્રાવકજ કહેવાય છે, કેમકે તેઓનો તે જ પ્રમાણે વ્યવહાર થાય છે. પરંતુ નિશ્ચયનયના મતમાં તો ખરંટ અને સપત્ની જેવા જે કહ્યા તે મિથ્યાદૃષ્ટિ હોવાથી દ્રવ્ય શ્રાવક અને બાકીના ભાવશ્રાવક કહેવાય છે. તે સર્વેનું સ્વરૂપ આગમને વિષે આ પ્રમાણે કહ્યું છે—" જે હંમેશાં મુનિઓના કાર્યનું ચિંતવન કરતો હોય, જે મુનિની સ્ખલના-ભૂલ જોયા છતાં પણ તેના ઉપર સ્નેહ રહિત ન થતો હોય, અને મુનિઓને એકાંતપણે જે વત્સલ હોય તે શ્રાવક માતા સમાન કહેલો છે. ૧. જે સાધુજન ઉપર હૃદયથી પ્રીતિ રાખતો હોય, પરંતુ તેનો વિનય કરવામાં મંદ આદરવાળો હોય, તથા સાધુનો પરાભવ થાય તો તરત તેને સહાયકારક થાય, તે શ્રાવક સાધુને ભાઇ તુલ્ય છે. ૨. સાધુ કોઇ કાર્યમાં પોતાને ન પૂછે તો માનને લીધે કાંઇક સાધુ ઉપર જે રોષ કરે, તથા જે પોતાને મુનિઓના સ્વજનો કરતાં પણ હું અધિક છું, એમ માને, તે મિત્ર સમાન કહેવાય છે. ૩. જે શ્રાવક સ્તબ્ધ ( માનવાળો ) હોઇ સાધુનાં છિદ્રોજ જોતો ફરે, તેના પ્રમાદને નિત્ય ગાયા કરે, અને સાધુને તૃણતુલ્ય ગણે, તે સપત્ની તુલ્ય કહ્યો છે. ૪. " તથા બીજી રીતના ચાર પ્રકાર માટે પણ આ પ્રમાણે કહ્યું છે—" ગુરૂએ કહેલો સૂત્રનો અર્થ જેના હૃદયમાં યથાર્થ રીતે પ્રતિબિંબિત થાય, તે સુશ્રાવકને સિદ્ધાંતમાં આદર્શ સમાન વર્ણવ્યો છે. ૧. વાયુવડે પતાકાની જેમ જે મૂઢ લોકો વડે ભ્રમિત થાય-નિશ્ચયથી ફર્યા કરે તે ગુરૂના વચન ઉપર ખરી શ્રદ્ધાવાળો નહીં હોવાથી પતાકા તુલ્ય કહેવાય છે. ૨. જે ગીતાર્થ મુનિએ સમજાવ્યા છતાં પણ પોતે અંગીકાર કરેલા કદાગ્રહને મૂકે નહીં તેને થાણુ સમાન જાણવો. વિશેષ એ છે કે તે મુનિ જન ઉપર દ્વેષી હોતો નથી. ૩. ગુરૂ સત્ય અર્થની પ્રરૂપણા કરતા હોય તોપણ તેને કહે કે—તમે ઉન્માર્ગના દેશક છો, નિન્હવ છો, મૂઢ છો, અને ધર્મ ક્રિયામાં મંદ-શિથિળ છો, એવા શબ્દો કહી જે ગુરૂને ખરડે તે ખરંટ

તુલ્ય કહ્યો છે. જેમ ઢીલો અશુચિ પદાર્થ સ્પર્શ કરનાર માણુસને ખરડે છે, તેમ જે શિખામણ આપનારને પણ દૂષિત કરે છે તે ખરંટ સમાન કહેલો છે. ૪. આમાંના ખરંટ તુલ્ય અને સપત્ની તુલ્ય એ બે પ્રકારના શ્રાવકો નિશ્ચય નયના મતથી મિથ્યાત્વીઓ છે, અને વ્યવહાર નયના મતથી તો તેઓ જિનચૈત્યાદિકમાં જાય છે માટે શ્રાવક કહેવાય છે. ” આ રીતે કહ્યું છે, તે ઉપર વિસ્તાર કરવાથી સર્યું.

વળી તે ભાવશ્રાવકનાં લક્ષણો-ચિન્હોને શુભ ગુરૂઓ—સંવિગ્ન આચાર્યો આ પ્રમાણે કહે છે. ૩૨.

## તે જ લક્ષણોને કહે છે.—

**कयवयकम्मो तह [2]सी–लवं च [3]गुणवं च [4]उज्जुववहारी ।**
**[5]गुरुसुस्सूसो [6]पवयण–कुसलो खलु सावगो भावे ॥ ३३ ॥**

મૂલાર્થ--વ્રતનું કૃત્ય કરનાર ૧, શીળવાન ૨, ગુણવાન ૩, ઋજુવ્યવહારી ૪, ગુરૂની સેવા કરનાર ૫, અને પ્રવચનમાં કુશળ ૬, આ છ ગુણવાળો જે હોય તે ભાવશ્રાવક કહેવાય છે.

ટીકાર્થ—જેણે આગળ કહેવાશે તેવું વ્રતનું કર્મ કર્યું હોય તે કૃતવ્રતકર્મ કહેવાય છે ૧, તથા જેનું સ્વરૂપ આગળ કહેશે એવો શીળવાન હોય ૨, આગળ કહેવાશે તેવા ગુણોવડે યુક્ત-ગુણવાન હોય ૩, **च** શબ્દનો અર્થ સમુચ્ચય છે, અને તેનો સંબંધ આગળ છે તેથી **ऋजुव्यवहारी च**-અને સરળ મનવાળો હોય ૪, ગુરૂની સેવા કરનાર હોય ૫, પ્રવચનમાં કુશળ એટલે જિનમતના તત્ત્વને જાણનાર હોય ૬. **खलु** શબ્દનો નિશ્ચય અર્થ હોવાથી આવા પ્રકારનોજ શ્રાવક ભાવને વિષે હોય છે એટલે ભાવશ્રાવક હોય છે. ૩૩.

એ છ લિંગોના ભાવાર્થને ગ્રંથકાર પોતેજ કહેવાની ઇચ્છાથી 'જેવો ઉદ્દેશ તેવો નિર્દેશ' એ ન્યાયથી પ્રથમ કૃતવ્રત કર્મ નામના પહેલા લિંગને કહે છે.

तत्थायन्नणजाणण-गिण्हणपडिसेवणेसु उज्जुत्तो ।
कयवयकम्मो चउहा, भावत्थो तस्सिमो होइ ॥ ३४ ॥

મૂલાર્થ--તેમાં સાંભળવું ૧, જાણવું ૨, ગ્રહણ કરવું ૩, અને પાળવું ૪ એટલાને વિષે જે ઉદ્યમવંત હોય તે આ ચાર પ્રકારનો કૃતવ્રતકર્મ કહેવાય છે. તેનો ભાવાર્થ આ રીતે છે.

ટીકાર્થ—તેમાં એટલે તે છ લિંગને મધ્યે કૃતવ્રતકર્મ ચાર પ્રકારે હોય છે એમ સંબંધ કરવો. તે ચાર પ્રકાર આ પ્રમાણે–આકર્ણન એટલે શ્રવણ કરવું તે ૧, જ્ઞાન એટલે અવબોધ-જાણવું તે ૨, ગ્રહણ એટલે સ્વીકારવું તે ૩, અને પ્રતિસેવન એટલે સારી રીતે પાળવું તે ૪, આ ચાર શબ્દોનો દ્વંદ્વ સમાસ છે. વ્રતોના શ્રવણાદિકને વિષે જે ઉદ્યમવંત હોય તે કૃતવ્રતકર્મ કહેવાય છે. તે ચારે પ્રકારનો ભાવાર્થ હમણાંજ કહેવાશે તેવો છે. ૩૪

તે ભાવાર્થને જ કહે છે.

विणयबहुमाणसारं, गीयत्थाओ करेइ वयसवणं
भंगयभेयइयारे, वयाण सम्मं वियाणाइ ॥ ३५ ॥

મૂલાર્થ--વિનય અને બહુમાન સહિત ગીતાર્થની પાસે વ્રતનું શ્રવણ કરે ૧. વ્રતના ભંગ, ભેદ અને અતિચારોને સારી રીતે જાણે ૨.

ટીકાર્થ—વિનય એટલે ઉભા થવું વિગેરે. કહ્યું છે કે–"ગુરૂજન

આવે ત્યારે ઉભા થવું, હાથ જોડવા, તેમને આસન આપવું, તથા ભક્તિભાવથી તેના શરીરની સેવા કરવી, તે સર્વ વિનય કહેવાય છે.” તથા બહુમાન એટલે મનની વિશેષ પ્રકારની પ્રીતિ. કહ્યું છે કે-“ માનવા લાયક જનને વિષે આ જ ગુરૂ છે, પંડિત છે, અને મહાત્મા છે,એવો હમેશાં ભાવથી-અંતઃકરણથી જે મનનો પરિણામ થાય તે બહુમાન કહેવાય છે.” તે વિનય અને બહુમાને કરીને સાર-પ્રશસ્ત રીતે વ્રતનું શ્રવણ કરે. એવો સંબંધ કરવો. અહીં વિનય અને બહુમાનના ચાર ભાંગાઓ છે. તે આ રીતે—કોઇ ધૂર્ત જાણવાની ઇચ્છા થવાથી વંદનાદિક આપીને વિનય સહિત સાંભળે છે, પણ તે વ્યાખ્યાન આપનાર ઉપર ભારે કર્મી હોવાથી બહુમાનવાળો થતો નથી. ૧. કોઇ બહુમાનવાળો હોય છે, પણ શક્તિરહિત હોવાથી વિનય કરી શકતો નથી, તે ગ્લાન વિગેરે જાણવો. ૨. જેનું નજીકમાં કલ્યાણ થવાનું હોય એવો કોઇ વિનય અને બહુમાન એ બન્ને સહિત સાંભળે છે. ૩. તથા કોઇ અત્યંત ભારે કર્મી જીવ બેમાંથી એકે કરતો નથી, અને સાંભળે છે. ૪. આ ચોથા ભાંગાવાળાને આગમને અનુસારે પ્રવર્તનાર ગુરૂએ ભણાવવો પણ યોગ્ય નથી. કારણ કે આગમમાં કહ્યું છે કે-“ચાર જણ વાચનાને અયોગ્ય કહ્યા છે. તે આ પ્રમાણે- વિનય રહિત ૧, વિગઇમાં આસક્તિવાળો ૨, ક્રોધ જેણે ઉપશમાવ્યો નથી તેવા ૩ અને પ્રબળ કષાયવાળો ૪.” તથા—“ ઓઘે કરીને એટલે સર્વને સામાન્ય રીતે ઉપદેશ દેતા છતાં પણ જે વિનયવંત હોય તેને સર્વથી જુદો પાડીને મધુર વાણી વડે જ્ઞાનાદિકની વૃદ્ધિ કરનારો તે ઉપદેશ આદેશે ( આજ્ઞાએ ) કરીને દેવો.” કારણ કે-“ અવિનીતને કહેવામાં ક્લેશ ( પ્રયાસ ) ઘણો થાય છે, અને કહેલું ફોગટ થાય છે. ( જાય છે. ) કયો માણસ ઘંટા કરવાનું લોઢું જાણીને ( જાણતા છતાં ) તેના વડે સાદડી બનાવવામાં પ્રવૃત્તિ કરે ?” આથી કરીને વિનય અને બહુમાન સહિત વ્રતનું શ્રવણ કરે એ પ્રકૃત સિદ્ધ થયું. કોની પાસેથી? તે કહે છે.-ગીતાર્થ પાસેથી. ગીતાર્થનું લક્ષણ આ પ્રમાણે છે.—“ ગીત એટલે સૂત્ર કહેવાય છે,

અને અર્થ એ તેનું જ વ્યાખ્યાન કહેવાય છે. માટે ગીત અને અર્થ એ બન્ને વડે જે યુકત હોય તે ગીતાર્થ કહેવાય છે." બીજાની પાસે અન્યથા પ્રકારની પ્રરૂપણા પણ સંભવે છે, અને તેથી વિપરીત બોધ થઇ જાય છે. માટે ગીતાર્થ પાસે શ્રવણ કરવું, આ પહેલું વ્રત કર્મ થયું. ૧

વ્રતોના એટલે અણુવ્રતાદિકના ભાંગા, ભેદો અને અતિચારોને સારી રીતે જાણે. તેમાં ભાંગા આ પ્રમાણે—" દ્વિવિધ ત્રિવિધ એ પહેલો ભાંગો ૧, દ્વિવિધ દ્વિવિધ એ બીજો ૨, દ્વિવિધ એક વિધ એ ત્રીજો ૩, એક વિધ ત્રિવિધ એ ચોથો ૪, એક વિધ દ્વિવિધ એ પાંચમો ૫, એકવિધ એકવિધ એ છઠ્ઠો ૬, ઉત્તર ગુણનો સાતમો ૭ અને અવિરત સમ્યગ્દૃષ્ટિનો આઠમો ભાંગો છે. ૮" આ દરેકના છ છ ભેદો છે. તથા બબે વિગેરેના સંયોગીયા ભાંગા કરીયે તો અનેક પ્રકારો થાય છે. કહ્યું છે કે-" પાંચ અણુવ્રતોમાં એક સંયોગીયા ભાંગા ૫ છે, દ્વિક સંજોગીયા ૧૦ છે, ત્રિક સંયોગીયા ૧૦ છે, ચાર સંજોગીયા ૫ છે, અને પાંચ સંજોગીયો એક ભાંગો છો. તેમાં પાંચે વ્રતોના થઇને એક સંજોગીયા ૩૦ ભાંગા છે, દ્વિક સંજોગીયા જે દશ ભાંગા છે તેના કુલ ૩૬૦ ભાંગા થાય છે, ત્રિક સંજોગીયા જે દશ ભાંગા છે, તેના ૨૧૬૦ ભાંગા છે, ચાર સંજોગીયા જે પાંચ ભાંગા છે તેના ૬૪૮૦, પાંચ સંજોગીયાનો જે એક ભાંગો છે તેના ૭૭૭૬ ભાંગા થાય છે, તથા ઉત્તર ગુણ અને અવિરતના બે ભાંગા મેળવવાથી કુલ ૧૬૮૦૮ ભાંગા થાય છે. આ પ્રમાણે શ્રાવકોને સંક્ષેપથી વ્રત ગ્રહણ કરવાનો વિધિ કહેલો છે." આ જ પ્રમાણે એક એક વ્રતના નવ નવ ભાંગાની કલ્પના કરવાથી, એકવીશ એકવીશ ભાંગાની કલ્પના કરવાથી અને ઓગણપચાસ ઓગણપચાસ ભાંગાની કલ્પના કરવાથી શ્રાવકના વ્રતના ભાંગાઓ અનેક પ્રકારે થાય છે. તે ભાંગાઓ સાવધાન પણે ઇંદ્રિયો વિગેરેને આશ્રીને થાય છે. તેની માત્રિકા આ પ્રમાણે છે. યોગને[1] આશ્રીને પ્રથમ ત્રણ

[1] મન, વચન, કાયાના યોગ.

ત્રિક, પછી ત્રણ દ્વિક અને પછી ત્રણ એકેક મૂકવા. તથા [1]કરણાદિકને આશ્રીને ત્રણ બે એક, ત્રણ બે એક તથા ત્રણ બે એક એમ મૂકવા. તેની સ્થાપના આ પ્રમાણે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |

આ પ્રથમ નવ ભાંગા છે. કહ્યું છે કે—" ન કરવું, ન કરાવવું, અને કરતા એવા બીજાને ન અનુમોદવું. તે પણ મન, વચન અને કાયાએ કરીને. આ પ્રમાણે એક વ્રતને આશ્રીને નવ ભાંગા થયા. તે પ્રમાણે બીજા વ્રતોમાં પણ જાણવું." આ નવમાંથી જ અનુમતિના પ્રત્યાખ્યાનવાળા પહેલા ત્રણ ત્રિક કાઢી નાંખીએ તો બાકી છ રહે છે. એ સર્વમાંથી એક અનુમતિને દૂર કરીયે તો એકવીશ થાય. તે આ પ્રમાણે—" પહેલા પદમાં એક ભાંગો, બીજામાં ત્રણ, ત્રીજામાં ત્રણ, ચોથામાં બે, પાંચમામાં છ અને છઠ્ઠામાં છ, એ સર્વ મળી એકવીશ થાય છે." તથા ઓગણપચાસ ભાંગા આ રીતે થાય છે.—" પ્રથમ એક, (૧) પછી ત્રણ સ્થાને ત્રણ ત્રણ (૯), પછી બે સ્થાને નવ નવ (૧૮), પછી ત્રણ (૩) અને પછી બે સ્થાને નવ નવ (૧૮), આ સર્વ મળી ૪૯ ભંગ થાય છે." આ પ્રમાણે વ્રતના ભાંગા અનેક રીતે થાય છે તે સર્વને જાણે. તથા સૂક્ષ્મ, બાદર, સંકલ્પજ, આરંભજ સાપરાધ અને નિરપરાધ વિગેરે ભેદોને જાણે. તથા વધ, બંધ, છવિચ્છેદ વિગેરે અતિચારોને જાણે, વ્રત એટલે અણુવ્રતાદિકના સારી રીતે વિચારેલા ભાંગાદિકને વિશેષે કરીને જાણે. તે બીજું વ્રતકર્મ ૨. ૩૫.

## હવે ત્રીજું ( તથા ચોથું ) વ્રતકર્મ કહે છે.—

**गिण्हइ गुरूण मूले, इत्तरमियरं व कालमह ताइं ।**
**आसेवइ थिरभावो, आयंकुवसग्गसंगेवि ॥ ३६ ॥**

[1] કરવું, કરાવવું અને અનુમોદવું.

**મૂલાર્થ**—ત્યાર પછી તે વ્રતો ગુરૂની સમીપે થોડા કાળ પર્યંત અથવા યાવજ્જીવ પર્યંત ગ્રહણ કરે. ૩. (ગ્રહણ કર્યા પછી) વ્યાધિ અથવા ઉપસર્ગોની પ્રાપ્તિ થાય તો પણ મન દૃઢ રાખીને તેનું સેવન કરે. ૪

**ટીકાર્થ**— ગુરૂની એટલે આચાર્યાદિકની સમીપે ગ્રહણ કરે. કહ્યું છે કે-" સંવેગ પામેલો શ્રાવક ઉપયોગી થઈ ગુરૂની સમીપે થોડા કાળ પર્યંત અથવા જાવજીવ પર્યંત ( ગ્રહણ કરી ) હંમેશાં તેનું સ્મરણ કરી વિશુદ્ધ પરિણામે તેનું પાલન કરે. " અહીં કોઇ શંકા કરે કે-જે શ્રાવક વ્રતોનો અંગીકાર કરે તે દેશવિરતિનો પરિણામ હોય તો ગ્રહણ કરે ? કે તેવો પરિણામ ન હોય તો ગ્રહણ કરે ? તેમાં જો પહેલો પક્ષ કહેશો તો તે શ્રાવકને ગુરૂ પાસે જવાની શી જરૂર છે ? કારણ કે જે સાધવું છે તે સિદ્ધ જ થઇ ગયું છે. એટલે કે વ્રતો અંગીકાર કરીને પણ દેશવિરતિનો પરિણામ જ સાધવો છે, તે તો તેને પોતાની મેળે જ ( ગુરૂ વિના જ ) સિદ્ધ થયો છે. વળી ગુરૂ પાસે જવાથી ગુરૂને વ્રત આપવામાં પરિશ્રમ પડશે અને તેના યોગમાં અંતરાય થશે. એ દોષો ગુરૂ પાસે નહીં જવાથી દૂર થશે, અને જો બીજો પક્ષ કહેશો તો ગુરૂ તથા શ્રાવક બન્નેને મૃષાવાદનો પ્રસંગ આવશે, કેમકે તેવો પરિણામ નહીં હોય તો તે પાળી શકશે નહીં. આ પ્રમાણે કોઇ શંકા કરે તો તેનું સર્વ કહેલું અયુક્ત છે. કેમકે બન્ને પક્ષમાં ગુણની પ્રાપ્તિ જ છે. તે આ પ્રમાણે.—જો દેશ વિરતિનો પરિણામ હશે તો ગુરૂની પાસે વ્રત લેવાથી તેના માહાત્મ્યને લીધે ' મારે સદ્‌ગુણી ગુરૂની આજ્ઞા આરાધવા લાયક છે ' એમ ધારી પોતાની પ્રતિજ્ઞાનો નિશ્ચય થવાથી વ્રતમાં તેની દ્રઢતા થશે. અને જિનેશ્વરની પણ આજ્ઞા આરાધી કહેવાશે. કહ્યું છે કે-" ગુરૂની સાક્ષીએ ધર્મ અંગીકાર કરવાથી સંપૂર્ણ વિધિ કરેલો હોવાથી વિશેષ ગુણ થશે. અને વળી સાધુની સમીપે પાપનો ત્યાગ કરવાથી તીર્થંકરની આજ્ઞા પણ પાળી કહેવાય." વળી ગુરૂની ધર્મદેશના સાંભળવાથી અત્યંત શુભ અધ્યવસાય-પરિણામ ઉત્પન્ન થશે, અને

તેથી કરીને કર્મનો ક્ષયોપશમ અત્યંત અધિક થશે, અને તેથી કરીને થોડા વ્રત લેવાની ઇચ્છા હશે તો પણ તેને વધારે વ્રત લેવાની ઈચ્છા થશે. એ વિગેરે અનેક ગુણો ગુરૂની પાસે વ્રત લેવાથી થાય છે. તથા જો કદાચ વિરતિનો ભાવ નહીં હોય તો પણ ગુરૂનો ઉપદેશ સાંભળવાથી અથવા નિશ્ચયથી તે વ્રત પાળવાથી સરળ હૃદયવાળા શ્રાવકને અવશ્ય વિરતિ પરિણામ થશે. માટે ગુણનો લાભ થવાથી ગુરૂ અને શ્રાવક એ બન્નેને મૃષાવાદનો પ્રસંગ આવતો જ નથી. અને જો કદાચ તે વ્રત લેનાર શઠજ હોય તો તો તેવાને ગુરૂએ વ્રત આપવાનાં જ નથી. છતાં છદ્મસ્થપણાને લીધે કદાચ ગુરૂએ તેની શઠતા ન ઓળખી તો પણ ગુરૂનો શુદ્ધ ભાવ હોવાથી તેને તો દોષ લાગતો જ નથી. આ કાંઇ અમે અમારી જ બુદ્ધિથી કહીયે છીયે તેમ નથી. તે વિષે શ્રાવકપ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે કે—" દેશવિરતિનો પરિણામ છતાં પણ ગુરૂ પાસે વ્રત લેવાથી તેમાં દ્રઢતા, તીર્થંકરની આજ્ઞાનું પાલન અને કર્મના ક્ષયોપશમની વૃદ્ધિ, એટલા ગુણો થાય છે. આ પ્રમાણે ફળનો અધિક લાભ હોવાથી બન્નેને કાંઇ પણ દોષ લાગતો નથી. અને તેવો પરિણામ ન હોય તોપણ ગુણ કારક હોવાથી બન્નેમાંથી એકેને મૃષાવાદનો દોષ લાગતો નથી. કારણ કે તે વ્રત ગ્રહણ કરવાથી કાળે કરીને પણ અશઠ હૃદયવાળાને તેવો પરિણામ થશે જ. અને જો તે શઠ હૃદયવાળો હોય તો તો તેને વ્રત આપવાનું જ નથી. છતાં ગુરૂ છેતરાઇને આપે તો પણ ગુરૂ પોતે અશઠ હોવાથી શુદ્ધ જ છે." આ વિષે વધારે વિસ્તાર કરવાથી સર્યું.

વળી કોઇ ફરી શંકા કરે છે કે—આપ વિસ્તારના ભીરૂ છો તો પણ ચાલતા વિષયમાં કાંઇક શંકા થવાથી પૂછું છું કે-હાલમાં દુઃષમ કાળના દોષને લીધે ગુણી ગુરૂઓ મળતા નથી, તેથી સ્થાપનાચાર્યની પાસે શ્રાવક વ્રતનો અંગીકાર કરી શકે ? કે નહીં ? તેના જવાબમાં ગુરૂ કહે છે કે—હે ભદ્ર ! કેમ ગુણી ગુરૂ મળતા નથી ? દૂર દેશમાં હોવાથી ? કે તેવા ગુરૂનો અત્યંત ( કેવળ ) અભાવ જ છે ? તેમાં જો

દૂર દેશમાં હોવાના કારણે મળતા ન હોય તો તેના અર્થીઓએ ત્યાંજ જવું ઉચિત છે. અન્યથા ધર્મનું અર્થીપણું જ નહીં કહેવાય. અને જો તેના નહીં મળવાના કારણમાં તેવા ગુરૂનો અત્યંત અસંભવ કહીશ તો તેવું વચન અત્યંત અનુચિત છે. કેમકે તેથી તો સૂત્રનો વિરોધ આવે છે. કહ્યું છે કે—" નિર્ગ્રંથ વિના તીર્થ નથી, અને તીર્થ વિના નિર્ગ્રંથ નથી. માટે જ્યાંસુધી છ કાયનો સંયમ છે, ત્યાંસુધી બન્ને વિદ્યમાનજ છે." અહીં બન્ને એટલે સામાયિક અને છેદોપસ્થાપનીય ( ચારિત્ર ) અથવા બકુશ અને કુશીલ ( સાધુઓ ) સમજવા.

વળી ગુરૂ વાદીને કહે છે કે—જો કદાચ તમે આગમના વિરોધના ભયથી તેવા સાધુનો અત્યંત અભાવ નથી માનતા, પરંતુ તેવા ગુરૂ વિદ્યમાન છતાં કોઇ ઠેકાણે અમને મળતા નથી એમ તમે કહેતા હો તો તે પણ તમારી મહા ધૃષ્ટતા છે. કેમકે પાંચ મહાવ્રતોને ધારણ કરનાર, પાંચ સમિતિને પ્રધાન ગણનારા, ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં તત્પર, સમયોચિત યતના કરવામાં ઉદ્યમી, નિરંતર સિદ્ધાંત રસનું પાન કરવામાં લાલસાવાળા અને મનમાં કદાગ્રહનો ત્યાગ કરનારા સેંકડો મહા મુનિઓ છે. તો તેઓ મધ્યસ્થ બુદ્ધિવાળા ધાર્મિક જનોને કેમ ન મળી શકે ? તેથી કરીને આવા ગુરૂ વિદ્યમાન છતાં તેની જે અપ્રાપ્તિ કહેવી તે ( નિજ ) દૃષ્ટિનું મોટું દૂષણ છે. અને જો તે દૃષ્ટિદોષ હોય તો પછી વ્રત ગ્રહણ કરવાથી જ શું ફળ છે ? કાંઇ જ નથી. તથા ગુરૂની પાસે મૂળ ગુણને અંગીકાર કરનાર સાધુની જેમ શ્રાવકને પણ તેવા ગુરૂને વિરહે સ્થાપના ગુરૂ કહેલા છે. તેને માટે કહ્યું છે કે—" પૂર્વાચાર્યોએ સિદ્ધાંતમાં ગુરૂના વિરહે સ્થાપના કહેલી છે આકુટ્ટી–નિઃશૂકતા ( હિંસા ) અને દર્પ ( સ્વેચ્છાચાર ) રહિત અપ્રમાદજ કલ્પમાં ( વખાણેલ છે ) " ગુરૂનો સંયોગ ન હોય અથવા ગુરૂ પોતેજ વિદ્યમાન ન હોય તો એકાંતપણે તેના વિરહનો સંભવ નથી. તેથી વ્યવહાર નયનો આશ્રય કરીને કહ્યું કે કાળને ઉચિત ક્રિયા કરનાર, ગીતાર્થ, નિઃસ્પૃહ મતિવાળા અને સર્વ પ્રાણીઓને વત્સલ

એવા ગુરૂની પાસે ગૃહસ્થી મહાવ્રતોની જેમ અણુવ્રતોને ગ્રહણ કરે, પરંતુ સ્થાપના ગુરૂ પાસે ગ્રહણ ન કરે એમ સિદ્ધ થયું. વળી તે વ્રત **इत्वरं**—ચાતુર્માસ વિગેરે થોડા કાળ પર્યંતનું અથવા **इतरं** જાવજીવ પર્યંતનું ગ્રહણ કરે. **अथ**—વ્રતનું જ્ઞાન થયા પછી, **तानि**—તે પ્રસ્તુત **વ્રતોને.** આ ત્રીજું વ્રતકર્મ કહ્યું. ૩.

આતંક-રોગ અને ઉપસર્ગ-દિવ્યાદિક ઉપદ્રવ તેમનો સંબંધ થયા છતાં પણ સ્થિરભાવ-ચિત્તમાં કંપ્યા વિના સમ્યક્ પ્રકારે પાળે. ( આ ચોથું વ્રતકર્મ. ૪ ) તેમાં વ્યાધિના સંબંધમાં આરોગ્યદ્વિજનું દૃષ્ટાંત અને ઉપસર્ગના સંબંધમાં કામદેવ શ્રાવકનું દૃષ્ટાંત જાણવું. ૩૬.

## આરોગ્ય દ્વિજની કથા.

ઉજ્જયિની નગરીમાં દેવગુપ્ત નામનો બ્રાહ્મણ હતો. તેને નંદા નામની ભાર્યા હતી. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલો તેને એક પુત્ર હતો. તે કોઇ પણ પૂર્વ જન્મના દુષ્કૃતથી રોગોવડે વ્યાપ્ત હતો, તેથી તેનું નામ પાડયું નહોતું, પણ લોકમાં તેનું રોગ એવું નામ પ્રસિદ્ધ થયું હતું. એકદા ઇશ્વર નામના મુનિ ગોચરી માટે અટન કરતા તેને ઘેર આવ્યા. તે વખતે બ્રાહ્મણે તે પુત્રને સાધુના પગમાં પાડી વિનંતિ કરીકે—“ હે ભગવાન ! તમે સર્વ જાણો છો, તેથી કરૂણા કરીને આ પુત્રના રોગની શાંતિનો ઉપાય કહો. ” સાધુએ કહ્યું—“ ગોચરી માટે નીકળેલા અમે કોઇ સાથે કાંઇ પણ વાત કરતા નથી. ” ત્યારે તે બ્રાહ્મણ મધ્યાન્હ સમયે પુત્રને સાથે લઇ ઉદ્યાનમાં ગયો. ત્યાં ગુરૂને વાંદી તેણે પૂછ્યું. ત્યારે ગુરૂ બોલ્યા કે—“ દુઃખ પાપથી થાય છે, તે પાપ ધર્મથી અવશ્ય નાશ પામે છે. કેમકે અગ્નિથી બળતું ઘર જળના સમૂહથી બૂઝાઇ જાય છે. સારી રીતે આચરેલા ધર્મવડે સમગ્ર દુઃખો શીઘ્રપણે નાશ પામે છે, અને બીજા ભવમાં પણ ફરીને તે દુઃખો

અવશ્ય ઉત્પન્ન થતાં નથી.” આ પ્રમાણે દેશના સાંભળી ત બન્ને પ્રતિબોધ પામ્યા, અને તેથી તે બન્ને શ્રાવક થયા. તેમાં પણ તે પુત્ર ધર્મમાં વિશેષ દ્રઢ થઇ શુભ ભાવના પૂર્વક રોગને સહન કરવા લાગ્યો, અને તે સાવદ્ય ઔષધને પણ કરાવતો નહી. એકદા ઇંદ્રે તેના દ્રઢ ધર્મની પ્રશંસા કરી. તેના પર શ્રદ્ધા નહીં થવાથી બે દેવો વૈદ્યનું રૂપ કરી ત્યાં આવી બોલ્યા કે—“અમે આ બટુકને સાજો કરીએ. પરંતુ અમારા કહ્યા પ્રમાણે ક્રિયા કરવી જોઇએ.” તેના સ્વજનો બોલ્યા કે—“તે ક્રિયા કેવી રીતે છે?” તેઓ બોલ્યા—“પ્રાત:કાળે મધ ખાવાનું છે, સાંજને વખતે મદિરા પીવાની છે, રાત્રે ભોજન કરવાનું છે, માખણની સાથે કૂરીયા ખાવાના છે, અને ઔષધની સાથે જળચર, સ્થળચર અને ખેચરનું માંસ ભક્ષણ કરવાનું છે.” તે સાંભળી બટુકે કહ્યું—“વ્રતના ભંગના ભયને લીધે તેમાંનું એક પણ હું કરીશ નહીં.” ત્યારે વૈદ્યો બોલ્યા—“ધર્મનું સાધન શરીર છે. તેથી તેને કોઇ પણ પ્રકારે કરીને સાજું કરવું જોઇયે. તેમ કરતાં જો વ્રતનો ભંગ થાય તો પછીથી પ્રાયશ્ચિત્ત લેવાથી તે વ્રત શુદ્ધ થઇ શકે છે.” આ પ્રમાણે તેમના કહ્યા પછી તેના સ્વજનોએ અને છેવટે રાજાએ પણ તેને ઘણી યુક્તિઓથી કહ્યું. તો પણ તેણે અંગીકાર કર્યું નહીં. ત્યારે પ્રસન્ન થયેલા દેવોએ પ્રગટ થઇ તેની પ્રશંસા કરી, અને તેનું શરીર રોગ રહિત કર્યું. સર્વે સ્વજનો આનંદ પામ્યા. બીજા લોકો પણ ખુશી થયા. અને ‘અહો! ધર્મનું માહાત્મ્ય અદ્ભુત છે!’ એમ જાણી ઘણા લોકો પ્રતિબોધ પામ્યા. ત્યારથી તેનું આરોગ્યદ્વિજ એવું નામ પ્રસિદ્ધ થયું. આ પ્રમાણે આરોગ્યદ્વિજનું ચરિત્ર સંક્ષેપથી કહ્યું. વિસ્તારથી જાણવું હોય તેણે પૃથ્વીચંદ્રનું ચરિત્ર જોઈ લેવું. આ પ્રમાણે વ્યાધિનો સંગ થયા છતાં શ્રાવકે સ્થિરચિત્તવાળા થવું. તથા કામદેવનું ચરિત્ર પ્રસિદ્ધ હોવાથી અહીં લખ્યું નથી.

પહેલું કૃતવ્રતકર્મ કહી દીધું. હવે શીળવંતને કહે છે.

---

**आयययणं खु निसेवइ, वज्जइ परगेहपविसणमकज्जे ।**
**निच्चमणुब्भडवेसो, न भणइ सविियारवयणाइं ॥ ३७ ॥**
**परिहरइ बालकीलं, साहइ कज्जाइँ महुरनीईए ।**
**इय छव्विहसीलजुओ, विन्नेओ सीलवंतोऽत्थ ॥ ३८ ॥**

મૂલાર્થ—આયતનનું સેવન કરે ૧, કાર્ય વિના પરઘરમાં પ્રવેશ ન કરે ૨, નિરંતર અનુદ્‌ભટ વેષ રાખે ૩, વિકારવાળાં વચનો બોલે નહીં ૪, બાળક્રીડાનો ત્યાગ કરે ૫, અને સારી નીતિથી કાર્ય સાધે ૬, આ છ પ્રકારના શીળથી જે યુક્ત હોય તે અહીં શીળવંત જાણવો.

ટીકાર્થ—આયતન એટલે ધર્મિષ્ઠ માણસોને એકઠા થવાનું સ્થાન. કહ્યું છે કે—" જે સ્થાને ઘણા સાધર્મિકો, શીળવાળા, બહુશ્રુત અને ચારિત્રાચાર સહિત જનો એકઠા થતા-રહેતા હોય, તે સ્થાનને આયતન જાણવું." खु શબ્દ અવધારણ અર્થવાળો છે. તે પ્રતિપક્ષનો નિષેધ કરવા માટે છે. તેથી કરીને ભાવ શ્રાવક આયતનને જ સેવે, અનાયતનને સેવે નહીં. એવો સંબંધ જાણવો. કહ્યું છે કે-"ભિલ્લની પલ્લીમાં, ચોરના નિવાસસ્થાનમાં પર્વતના માણસો રહેતા હોય તેવા સ્થાનમાં, તથા હિંસક અને દુષ્ટ મનવાળા લોકોની પડોશમાં કદાપિ વસવું નહીં. કારણ કે સત્પુરૂષો કુસંગતિની નિંદા કરે છે." તથા-"જ્યાં સમકિતનો નાશ કરનારી અને ચારિત્રનો નાશ કરનારી વિકથા નિરંતર પ્રવર્તતી હોય, તેવું અનાયત સ્થાન મહાપાપનું કારણ છે." આ પહેલું શીળ કહ્યું. ૧. તથા કાર્ય વિના બીજાના ઘરમાં જવું વર્જે છે. કારણ કે તેની કોઇ પણ વસ્તુ ખોવાઇ કે ચોરાઇ હોય તો તે બાબતની તેના પર શંકા ઉત્પન્ન થાય. અહીં આ પ્રમાણે સામાચારી છે-"જો કે શ્રાવકને અંતઃપુરને છોડીને પરઘરમાં પ્રવેશ કરવાનું કહેલું છે, તો

પણ તેણે પુરૂષ રહિત પરઘરમાં એકલાએ પ્રવેશ કરવો નહીં. કદાચ કાંઇ કાર્યને લીધે જવું પડે તો મોટી વયના પુરૂષને સાથે લઇને જવું," આ બીજું શીળ કહ્યું ૨. તથા હમેશાં શ્રાવકે અનુદ્ભટ ( સાદો ) વેષ પહેરવો. પરંતુ [1]ખિડ્ગની જેવો આછકડો વેષ પહેરવો નહીં. ખિડ્ગ પુરૂષનો વેષ આવો હોય છે.-" જેમ લંખ પુરૂષોનું પરિધાન (ધોતીયું) અંગ દેખાય તેવું હોય છે, અંગરખું કસકસતું હોય છે, અને મસ્તકની પાઘડી વાંકી અને અર્ધું માથું દેખાય તેવી હોય છે. તેવોજ વેષ ખિડ્ગ પુરૂષોનો પણ જાણવો. તેમ સ્ત્રીઓના સેંથાનો અગ્રભાગ તથા નાભિનો ભાગ ઉઘાડો હોય છે, પડખાનો ભાગ અર્ધ ઢાંકેલો હોય છે, અને કાંચળી કસકસતી તથા ખભા સુધીનો ભાગ ઉઘાડો રહે તેવી હોય છે. આવો વેશ્યાનો વેષ જાણવો." અહીં ભાવાર્થ એ છે કે-પુરૂષોને તથા સ્ત્રીઓને જૂદા જૂદા દેશોમાં જૂદા જૂદા વેષો હોય છે, તેથી જે ઠેકાણે જે વેષ નિંદા રહિત અને સત્પુરૂષોને ઈષ્ટ હોય તેવો વેષ શ્રાવક અને શ્રાવિકાએ રાખવો જોઇયે. અહીં કોઈ કહે છે કે-" કુળ અને દેશને વિરૂદ્ધ એવો વેષ રાજાને પણ શોભાકારક થતો નથી. તો વણિક જનોને વિશેષે કરીને અને તેમાં પણ તેમની સ્ત્રીઓને તો અવશ્ય વિરૂદ્ધ વેષ શોભા કારક નથી. તથા નીચેનું વસ્ત્ર પગની પાની સુધી રાખવું, ચોળી વિગેરે શરીર ઢંકાય તેવું રાખવું અને ઓઢવાનું વસ્ત્ર સારૂં જાડું રાખવું-આવો વેષ રાખવાથી ધર્મ, લક્ષ્મી અને યશ પ્રાપ્ત થાયછે. તથા નીચેનું વસ્ત્ર અનુદ્ભટ એટલે પગના અગ્રભાગ સુધી પહોંચે તેવું અને તે વસ્ત્રનોસ્પર્શ કરે તેટલી ( કેડ સુધી પહોંચે તેટલી ) લાંબી અને જાડા લુગડાની ચોળી રાખવી." આ રીતે કેટલાક કહે છે તે પણ યોગ્યજ છે. પરંતુ આવો વેષ કોઇક દેશમાં અને કોઇક કુળમાં સંભવે છે, અને શ્રાવકો તો જુદા જુદા દેશોમાં તથા જુદા જુદા કુળમાં સંભવે છે, તેથી દેશ અને કુળને વિરૂદ્ધ ન હોય તેવો વેષ રાખવો એવું સર્વને લાગુ પડે તેવું સામાન્ય વ્યાખ્યાન અહીં કર્યું છે, તે યુક્તિ યુક્ત જ છે.

---

૧ હલકા માણસની જેવો.

આ ત્રીજું શીળ કહ્યું. ૩. તથા રાગ દ્વેષ રૂપી વિકારને ઉત્પન્ન કરવામાં કારણરૂપ વચનોને હાંસીએ કરીને, નિંદાના સ્વભાવે કરીને અથવા વાચાળપણાએ કરીને પણ બોલવાં નહીં. તેમાં રાગને ઉત્પન્ન કરનાર વચનો શ્રૃંગાર રસવાળાં હોય છે. તે આ પ્રમાણે–" રાજાને આખા રાજ્યમાં પૃથ્વી સારભૂત છે, પૃથ્વીમાં પણ પોતાની રાજધાનીનું નગર સારભૂત છે, નગરમાં પણ પોતાનો રાજમહેલ સારભૂત છે, મહેલમાં પણ પોતાની શય્યા સારભૂત છે, અને શય્યામાં પણ કામદેવનું સર્વસ્વ રૂપ શ્રેષ્ઠ પ્રિયા સારભૂત છે. આ સંસાર અસાર છે તો પણ દહીં, શીતળ જળ, તાંબૂલ અને સુંદર વેશ્યાઓએ કરીને જાણે સારવાળો હોય તેમ દેખાય છે. " તથા–" અમારે પ્રિયાનુંજ એક દર્શન હો. બીજા બીજા ( બૌદ્ધાદિક ) દર્શનથી શું ફળ છે ? કારણ કે પ્રિયારૂપ દર્શનથી તો સરાગચિત્તે કરીને પણ નિર્વાણ[1] પ્રાપ્ત થાય છે. " દ્વેષને ઉત્પન્ન કરનાર વચનો આ પ્રમાણે છે.–" રે દાસીપુત્ર ! રે માયાવી ! તારી માયા લોકપ્રસિદ્ધ જ છે. " આવા કઠોર વચનથી ક્રોધ પામીને માણસ કાંતો પોતે મરે છે, અથવા સામાને મારે છે. 'વળી–આ ચોર છે, જાર છે, આણે છાની રીતે નિધાન પ્રાપ્ત કર્યું છે, આ રાજાનો વિરોધી છે, અથવા આ માંસ ખાનારો છે, રાજાઓ પાપી જ હોય છે. કારણ કે શાસ્ત્રમાં રાજાને દશ વેશ્યા સમાન કહેલો છે, આ રાજાનો પુરોહિત મદિરા પીયે છે, વળી તે દાસીનો પતિ છે, તેથી તે ગુરૂ કેમ કહેવાય ? આવાં આવાં કઠોર વચનો કે જે પોતાને અને પરને ઉપઘાત કરનારાં છે, તથા કુળનો ક્ષય કરવાનાં કારણ રૂપ છે, તેવાં સર્વ વચનો શાસ્ત્રમાં નિષેધ કરેલાં છે. " તથા જે ભાવશ્રાવક હોય તે ધર્મવિરૂદ્ધ વચનો પણ બોલતો નથી. ધર્મવિરૂદ્ધ વચન આ પ્રમાણે છે.— " હાથમાં આવેલા આ કામભોગો ભવિષ્યના કામભોગની ઇચ્છાથી કેમ જતા કરાય ? કારણ કે પરલોક છે કે નહીં ? તેની જ કોને ખબર છે ? " ઇત્યાદિ આ ચોથું શીળ કહ્યું ૪. તથા મૂર્ખ માણસને આનંદ

૧ સુખ, મોક્ષ.

પમાડે તેવી બાળક્રીડાનો ત્યાગ કરે-સેવે નહીં. કહ્યું છે કે— "શેત્રંજ, સોગઠા બાજી, પાનાં, કુકડા વિગેરેનાં યુદ્ધો, પ્રશ્નોત્તર, યમક અને પ્રહેલિકા વિગેરે વડે ક્રીડા કરવી નહીં. આ પાંચમું શીળ કહ્યું ૫. તથા મધુર નીતિએ કરીને એટલે સામ વચન કહેવા પૂર્વક કાર્યોને સાધે. તે આ પ્રમાણે—"હે સૌમ્ય ! હે સુંદર ! તું આ પ્રમાણે કર. આવી રીતે કરવું જોઇએ. આમ કરવાથીજ તે સારૂં થાય છે." આવા પ્રકારની શિખામણ આપીને પરિવાર અને ચાકર વિગેરે લોકને મધુર વાણી વડે કાર્યમાં પ્રવર્તાવે છે. કહ્યું છે કે—"પ્રિય વચન બોલવાથી સર્વ પ્રાણીઓ ખુશ થાય છે. તેથી તેવુંજ વચન બોલવું યોગ્ય છે. કેમકે વચન બોલવામાં શા માટે દરિદ્રતા (કૃપણતા) રાખવી ? વળી-જો પોતાનો પરિવાર વર્ગ અશિક્ષત એટલે કેળવણી વિનાનો હોય તો તેના સ્વામીને ઘણો ખેદ કરવો પડે છે. માટે હમેશાં પોતે સ્વામીએ કોમળ વચનથી તેને શિખામણ આપવી જોઇયે." તથા-મધુરતા (મીઠાશ) પોતાને જ આધીન છે, અને વાકયોમાં મધુર અક્ષરોજ જોઇયે છીયે, તો શા માટે સત્ત્વવાળા પુરૂષો કઠોર વચનો બોલતા હશે ? બીજાઓ પણ કહે છે કે—"ક્ષમાવાન પુરૂષ જે કાર્ય કરે છે તે ક્રોધ પામેલો પુરૂષ કરી શકતો નથી. કારણ કે કાર્યને સાધનારી બુદ્ધિ જ છે, અને તે બુદ્ધિ ક્રોધ કરવાથી નષ્ટ થાય છે." કોઇના મતમાં દુરારાધ્યતા નામનું આ છઠ્ઠું શીળ કહેલું છે. ૬. ભાવ-શ્રાવકને આ છ શીળ સીવાય બીજું કોઇ શીળ નથી એવું કહેવાપૂર્વક શીળવાળાનો ઉપસંહાર કરે છે-આ પ્રમાણે-ઉપર દેખાડેલા છ પ્રકારના શીળે કરીને જે યુકત હોય તેજ આ શ્રાવકના અધિકારમાં શીળવાન જાણવો. ૩૭-૩૮

## આ શીળનો જ ગુણ અને દોષ દેખાડવા પૂર્વક વિચાર કરે છે.—

आययणसेवणाओ, दोसा झिज्जंति वड्ढइ गुणोहो ।
परगिहगमणं पि कलं–कपंकमूलं सुसीलाणं ॥ ३९ ॥

सहइ पसंतो धम्मी, उब्भडवेसो न सुंदरो तस्स ।
सवियारजंपियाइं, नूणमुइरंति रागग्गिं ॥ ४० ॥

बालिसजणकीलाऽवि हु, लिंगं मोहस्सऽणत्थदंडाओ ।
फरुसवयणाभिओगो, न संगओ सुद्धधम्माणं ॥ ४१ ॥

મૂલાર્થ—આયતન સેવવાથી દોષો નાશ પામે છે; અને ગુણનો સમૂહ વૃદ્ધિ પામે છે ૧, શીળવાળાને જે પરના ઘરને વિષે જવું તે પણ કલંકરૂપી પંકનું મૂળ–કારણ છે ૨, ધર્મી માણસ પ્રશાંત વેષવાળોજ શોભે છે તેથી તેને ઉદ્ભટ વેષ પહેરવો સારો નથી ૩, વિકારવાળાં વચનો અવશ્ય રાગરૂપી અગ્નિને પ્રદીપ્ત કરે છે ૪. બાળજનની ક્રીડા પણ અનર્થદંડરૂપ હોવાથી મોહનું કારણ છે ૫, તથા શુદ્ધ ધર્મિષ્ઠોને કઠોર વચન વડે આજ્ઞા કરવી યોગ્ય નથી. ૬.

ટીકાર્થ—આયતનનો અર્થ પૂર્વે કહ્યો છે, તેને સેવવાથી મિથ્યાત્વાદિક દોષો નાશ પામે છે, અને જ્ઞાનાદિક ગુણનો સમૂહ વૃદ્ધિ પામે છે. કહ્યું છે કે—“ અગ્નિથી તપાવેલા લોઢા ઉપર પાણીનું બિંદુ પડ્યું હોય તો તેનું નામ પણ દેખાતું નથી–તરતજ તે નાશ પામે છે, તેજ બિંદુ કમળના પાંદડા ઉપર પડ્યું હોય તો તે મોતીની જેવું શોભે છે, તથા તેજ બિંદુ સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપલીની મધ્યે પડ્યું હોય તો તે મોતીજ થાય છે.” માટે પ્રાયે કરીને અધમ, મધ્યમ અને ઉત્તમ ગુણ સંવાસથીજ થાય છે. ” પરગૃહ પ્રવેશનો અર્થ પૂર્વે

કહ્યો છે. अपि (પણ) શબ્દનો સંબંધ આગળ કરશે. પરગૃહમાં પ્રવેશ કરવો તે સારા શીળવાળા સાધુને પણ કલંકરૂપી પંકનું કારણરૂપ એટલે ખોટા આળની પ્રાપ્તિનો હેતુ છે. કેમકે સાધુ ભિક્ષાને માટે પર ગૃહમાં પ્રવેશ કરે તોપણ તેણે ત્યાં જરાપણ બેસવું નહીં એમ આગમમાં બેસવાનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે—" ગોચરીને માટે ગયેલો જે સાધુ તે ઘરમાં બેસે છે, તેને અનાચાર તથા બોધિનો અભાવ થાય છે, બ્રહ્મચર્ય નષ્ટ થાય છે, પ્રાણીઓની હિંસા થાય છે, બીજા ભિક્ષુઓને અંતરાય થાય છે, ગૃહસ્થીને અનાદર થવાથી ક્રોધ થાય છે, બ્રહ્મચર્યની ગુપ્તિનો નાશ થાય છે, અને સ્ત્રીઓને શંકા ઉત્પન્ન થાય છે, માટે આવું કુશીળને વૃદ્ધિ કરનારૂં સ્થાન દૂરથી વર્જવું જોઇયે." વળી શ્રાવક તો અત્યંત શંકાનું સ્થાન થાય છે, અને ઇંદ્રિયો વશમાં નહીં રહેવાથી વ્રતની હાનિને પણ પામે છે. કહ્યું છે કે—"જ્યાં સુધી ભ્રકુટીરૂપી ધનુષ ઉપર ચડાવીને મૂકેલા, કર્ણ સુધી પહોંચેલા, કાળી પાંખો-પીછાંવાળા અને પુરૂષના ધૈર્યનો નાશ કરનારા સ્ત્રીઓના દૃષ્ટિરૂપી બાણો પુરૂષના હૃદયમાં પડ્યા નથી, ત્યાં સુધીજ પુરૂષ સન્માર્ગે રહી શકે છે, ત્યાંસુધીજ ઇંદ્રિયોને નિયમમાં રાખી શકે છે, ત્યાં સુધીજ લજ્જાને ધારણ કરે છે, અને ત્યાં સુધીજ વિનય રાખી શકે છે." તથા ધર્મી એટલે ધર્મવાળો શ્રાવક કે યતિ શાંત વેષવાળો જ શોભે છે. તેથી કરીને તે ધાર્મિકને ઉદ્ભટ વેષ એટલે રાગમાં અંધ થયેલા નીચ માણસની જેવો વેષ સારો લાગતો નથી-શોભાકારી થતો નથી. કારણ કે તેવા વેષથી તે અત્યંત હાંસીનું સ્થાન થાય છે. લોકમાં કહેવત છે કે—" જે અકામી પુરૂષ હોય તેને મંડન ઉપર-સારા વેષ ઉપર પ્રીતિ હોતી નથી. " આ કહેવત સ્ત્રીઓએ અને તેમાં પણ વિધવાએ અવશ્ય આદરવા યોગ્ય છે. એટલે કે તેઓએ બિલકુલ ઉદ્ભટ ( આછકડો ) વેષ રાખવો નહીં. આ વિષય ઉપર કોઇયે કહ્યું છે કે— "

તથા સવિકાર વચનો—શ્રૃંગાર રસવાળાં વચનો અવશ્ય રાગરૂપી અગ્નિને ઉદ્દીપન કરે છે. કહ્યું છે કે—" જે કથા સાંભળવાથી મનમાં કામની ઉત્પત્તિ થાય, તેવી કથા સાધુએ કે શ્રાવકે કરવી નહીં. " આ ઉપલક્ષણથી એમ પણ સમજવું કે દ્વેષરૂપી અગ્નિ પણ જેનાથી પ્રગટ થાય તેવી કથા કરવી નહીં. દ્વેષાગ્નિ પ્રગટ કરનારાં પણ કેટલાંક વચનો હોય છે, જેમકે કહ્યું છે કે—કોઇના મર્મ, કર્મ અને જન્મ આ ત્રણ કદાપિ પ્રગટ કરવાં નહીં. કારણ કે મર્મ અને કર્મથી વિંધાયેલો માણસ મરે છે, અથવા મારે છે. " તથા બાળ જનની ક્રીડા પણ મોહનું-અજ્ઞાનનું ચિન્હ છે. કારણ કે તેમાં અનર્થદંડની એટલે ફોગટ પાપના આરંભની પ્રાપ્તિ થાય છે. તથા શુદ્ધ ધર્મવાળાએ—જિનેશ્વરના મતને અંગીકાર કરનારાએ 'અરે દરિદ્ર! અરે દાસીપુત્ર!' આવાં કઠોર વચન બોલી આજ્ઞા આપવી, તે યોગ્ય નથી. કારણ કે કઠોર વચન ધર્મની હાનિ તથા ધર્મની લઘુતા કરનાર છે. તે વિષે કહ્યું છે કે—" કઠોર વચન બોલવાથી એક દિવસના તપનો નાશ થાય છે, તિરસ્કાર કરવાથી એક માસનો તપ નાશ પામે છે, ગાળો દેવાથી એક વર્ષનો તપ નષ્ટ થાય છે, અને માર મારવાથી ચારિત્ર નાશ પામે છે. " ઇત્યાદિક આપ્ત વચનથી ધર્મની હાનિ થાય છે. તથા ધર્મની લઘુતા આ રીતે થાય છે.—" અહો! આ શ્રાવકો મોટા ધાર્મિક, પરની પીડાનો ત્યાગ કરનાર અને બહુ વિવેકી છે કે જેથી આ રીતે બળતા અંગારાના સમૂહ જેવી વાણી બોલે છે. " ઇત્યાદિક લોકો હાંસી કરે છે. તેમજ—" કોઇ પુરૂષને અપ્રિય વચન કહીયે તો તેઓ ઉલટું બમણું અપ્રિય વચન બોલે છે, તેથી કરીને જે પુરૂષ અપ્રિય વચન સાંભળવા ઇચ્છતો ન હોય તેણે બીજાને અપ્રિય વચન કહેવું નહીં. " તથા—" નિરંતર કઠોર ભાષા બોલવાથી તેનો પરિવાર વિરાગી—રાગ રહિત થાય છે, અને પરિવાર વિરાગી થવાથી મનુષ્યોનું પ્રભુપણું-સ્વામીપણું નષ્ટ થાય છે. " આવા આવા આ લોકમાં જ કઠોર વચન બોલનારને અનર્થોની પ્રાપ્ત થાય છે. જૈનોને સર્વથા પ્રકારે કષાયરૂપી અગ્નિનું ઉદ્દીપન કરવું સારૂં નથી. કહ્યું છે

કે-" જો કદાચ લોકમાં કુશાસ્ત્રરૂપી પવનથી દીપ્ત થયેલો કષાયાગ્નિ જાજ્વલ્યમાન થાય તો ભલે થાય, ( તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ) પરંતુ જિનેશ્વરના વચનરૂપી જળથી સિંચન કરાયા છતાં પણ તે કષાયાગ્નિ જાજ્વલ્યમાન થાય તો તે મોટું આશ્ચર્ય છે. " આ કારણથી જ ભગવાન શ્રીમહાવીર સ્વામીએ મહાશતક નામના શ્રાવકને સત્ય છતાં પણ કઠોર વચન બોલવાથી પ્રાયશ્ચિત્ત આપ્યું હતું.

## મહાશતકની કથા.

રાજગૃહનગરમાં મહાશતક નામે ગાથાપતિ હતો. તેને આઠ કરોડ સોનૈયા નિધાનમાં દાટેલા હતા, આઠ કરોડ વ્યાજે હતા અને આઠ કરોડ દેશ પરદેશના વ્યાપારમાં વિસ્તારેલા હતા, તથા દરેકમાં દશ દશ હજાર ગૌ હોય તેવા દશ ગોકુળ હતા. તેને રેવતી વિગેરે તેર ભાર્યાઓ હતી. તેમાં રેવતીને તેના પીયર તરફથી મળેલા આઠ કરોડ સોનૈયા નિધાનમાં, આઠ કરોડ વ્યાજમાં અને આઠ કરોડ વેપારમાં હતા, તથા દશ દશ હજાર ગાયોવાળા આઠ ગોકુળ હતા. અને બાકીની બાર ભાર્યાઓને તેમના પીયર તરફથી મળેલા ત્રણે સ્થાનોમાં એક એક કરોડ સોનૈયા તથા દશ દશ હજાર ગાયોવાળું એક એક ગોકુળ હતું. આ પ્રમાણે તે મહાશતક મોટી ઋદ્ધિવાળો, દેદીપ્યમાન, કોઇથી પરાભવ નહીં પામનાર, ઘણા શ્રેષ્ઠી અને સાર્થવાહોને મધ્યે મુખ્ય તથા સ્વજનો અને પરિવારજનોને પ્રિય હતો.

એકદા ભગવાન શ્રીમહાવીર સ્વામી ગામે ગામ વિહાર કરતાં રાજગૃહ નગરની બહાર ગુણશીલ નામના ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. ભગવાનને વંદન કરવા શ્રેણિક રાજા, નગરના લોકો અને મહાશકત એ સર્વે ગયા. સર્વે વાંદીને યોગ્ય સ્થાને બેઠા, તે વખતે ભગવાને આ પ્રમાણે દેશના આપી.-" હે ભવ્ય પ્રાણીઓ !

આ સંસાર જન્મ, જરા, મરણ, રોગ અને શોક વિગેરે મહા શત્રુથી ઉત્પન્ન થતા સંતાપથી ભરેલો છે, તેથી તે અસાર છે. ઉંચ જાતિ, ઉંચ કુળ, સારૂં રૂપ અને આરોગ્યતાવાળો મનુષ્ય ભવ પામવો દુર્લભ છે. નિરંતર વહેતું આ જીવિત-આયુષ્ય અનિત્ય છે. મૃત્યુરૂપી મહા રાક્ષસ કયારે આવશે ? તેની કોઇને ખબર નથી. તેથી વિદ્વાન જનોએ સમસ્ત અનર્થના સમૂહરૂપી હસ્તીનું નિવારણ કરવામાં સિંહ સમાન ધર્મમાંજ સર્વથા પ્રકારે ઉદ્યમ કરવો યોગ્ય છે." ઇત્યાદિ અમૃતરસની જેવી મનોહર જિનેશ્વરની દેશના સાંભળીને ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા, અને પોતપોતાને ઉચિત ધર્મને ગ્રહણ કરી સર્વે પોતપોતાને સ્થાને ગયા. મહાશતક પણ સમ્યક્ત્વવડે ચિત્તને પવિત્ર કરી પાંચ અણુવ્રતપૂર્વક સાત શિક્ષાવ્રતે કરીને સુશોભિત શ્રાવકવ્રતને અંગીકાર કરી મોટા નિધાનના લાભથી પણ અત્યંત સંતુષ્ટ થઇ ભગવાનને નમસ્કાર કરી પોતાને ઘેર ગયો, અને પ્રતિદિન ચડતે પરિણામે શ્રાવકધર્મ પાળવા લાગ્યો. તેના સત્સંગથી પણ ગુરૂકર્મી હોવાથી તે રેવતી જરા પણ પ્રતિબોધ પામી નહીં. ઉલટી વધારે વધારે વિષયોમાં લુબ્ધ અને મદિરા માંસમાં ગૃદ્ધિવાળી થઈ. એકદા અમારીની ઉદ્‌ઘોષણા થવાથી તેણીને માંસની પ્રાપ્તિ થઇ નહીં. તેથી તેણીએ પોતાના નોકરોને કહ્યું કે-" આજે મારા ગોકુળમાંથી બે વાછરડા મારીને તેનું માંસ લાવી આપો." તે સાંભળી તેઓએ તે પ્રમાણે કર્યું. ત્યારથી તે હંમેશાં બબે વાછરડાનો વધ કરાવવા લાગી. એકદા તે દુષ્ટ રેવતીએ વિષયલાલસાની વૃદ્ધિને લીધે પોતાની બારે સપત્નીઓને વિષના પ્રયોગથી તથા શસ્ત્રના પ્રયોગથી કોઇ ન જાણે તેમ મારી નંખાવી. તેમનું સુવર્ણ, હિરણ્ય, ગોકુળ વિગેરે સર્વસ્વ ગ્રહણ કરી આનંદ પામી.

ત્યારપછી તે મહાશતક ચૌદ વર્ષ પછી મોટા પુત્ર ઉપર ગૃહનો કાર્યભાર નાંખી પૌષધશાળામાં જઇ ધર્મક્રિયામાં તત્પર થયો. ત્યાં તેણે શ્રાવકની પ્રતિમાઓ વહન કરવા માંડી. તેને એકદા મદ્યમાંસથી મત્ત થયેલી રેવતી ઉપસર્ગ કરવા આવી. તે બોલી કે-"હે પ્રાણવલ્લભ!

આવું કષ્ટ અનુષ્ઠાન શા માટે કરો છો ? આ તમારૂં શરીરકોમળ અને સુખમાં લાલન કરાયેલું છે. તેથી પૂર્વે કરેલા ધર્મનું ફળ ભોગવો. અંતઃકરણથી રાગવાળી અને તમારી દાસીપણાને પામેલી મને રાંકડીને તિરસ્કાર ન કરો." આ પ્રમાણે તેણીના કરેલા ઉપસર્ગો તેણે નિશ્ચળ ચિત્તથી સહન કર્યા. અને અનુક્રમે અગ્યારે શ્રાવક પ્રતિમાઓ તેણે વહન કરી. પછી અવસર જાણીને તેણે અનશન ગ્રહણ કર્યું. શુભ ભાવનામાં તત્પર થયેલા તેને કર્મના ક્ષયોપશમને લીધે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તે પૂર્વદિશાએ લવણસમુદ્રમાં હજાર યોજન સુધી જાણવા જોવા લાગ્યો, એજ રીતે દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પણ તેને તેટલું જ જ્ઞાન થયું, તથા ઉત્તર દિશામાં ક્ષુલ્લ હિમવાન વર્ષધર પર્વત સુધીના પદાર્થોને જાણવા જોવા લાગ્યો. નીચે રત્નપ્રભા નામની પહેલી નરકના લોલુય નામના નરકાવાસા સુધી જાણવા જોવા લાગ્યો. ત્યારપછી એકદા તે પાપિષ્ઠ રેવતી મદિરાપાનથી મદોન્મત્ત થઇ ફરીથી ઉપસર્ગ કરવા આવી. તે જોઇ મહાશતકે વિચાર્યું કે-" આ આવી કેમ થઇ છે ? " એવો વિતર્ક કરી તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ આપ્યો. તેથી તેણે તેણીનું સમગ્ર ચરિત્ર જાણ્યું, અને તે મરીને નરકે જશે તે પણ જાણ્યું. તે જોઇ તેણે રેવતીને કહ્યું કે—" હે પાપણી ! હજુ કેટલું પાપ ઉપાર્જન કરવું છે ? તું સાત રાત્રીને અંતે [1]અલસયના વ્યાધની પીડાથી મરીને લોલુય નામના નરકમાં જવાની છે." તે સાંભળી રેવતીનો મદ ઉતરી ગયો, મરણના ભયથી તે અત્યંત વ્યાકુળ થઇ, અને ' આજે આ મહાશતક મારાપર અત્યંત ગુસ્સે થયો છે.' એમ ધારી આર્તધ્યાનમાં મગ્ન થઇ પોતાને ઘેર ગઇ. તે દિવસે ભગવાન શ્રીમહાવીરસ્વામી તેજ નગરના ઉદ્યાનમાં પધાર્યા હતા. તેણે ગૌતમસ્વામીને આજ્ઞા કરી કે—" હે ગૌતમ ! તું મહાશતક શ્રાવકની પાસે જઇ તેને કહે કે શ્રાવકને સત્ય છતાં પણ અન્યને પીડા કરનારૂં વચન બોલવું યોગ્ય નથી. તેમાં પણ ઉત્તમ

૧ અલશીયાનો વ્યાધિ–શરીરમાં જીવડા પડે તે.

ગુણસ્થાનકને પામેલા અને અનશનને અંગીકાર કરનારા તારે તો વિશેષે કરીને તેવું વચન બોલવું યોગ્ય નથી. તેથી તું તેવા દુર્વચન બોલ્યાનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કર." આ પ્રમાણે ભગવાનની આજ્ઞાને અંગીકાર કરી ગૌતમસ્વામીએ મહાશતકની પાસે જઇ તેને ભગવાનનો આદેશ કહી સંભળાવ્યો. તે સાંભળી મહાશતક ચિત્તમાં અત્યંત સંવેગના ભારથી ભરપૂર થયો. ભગવાનને વંદના કરી તેણે સમ્યક્ પ્રકારે તે દુર્વચનની આલોચના, નિંદા અને ગર્હા કરી. પછી ગૌતમ સ્વામીની પાસે તેનું પ્રાયશ્ચિત્ત લઇ શરીરનો ત્યાગ કરી તે સૌધર્મ દેવલોકમાં અરૂણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિવાળો દેવ થયો. આ પ્રમાણે મહાશતકનું ચરિત્ર સંક્ષેપથી કહ્યું. વિસ્તારના અર્થીએ ઉપાસક દશાંગથી જાણવું.

## હવે ભાવશ્રાવકનું ત્રીજું લક્ષણ કહેવાની ઇચ્છાથી પ્રથમ તેના સંબંધની ગાથા કહે છે.

**जइवि गुणा बहुरूवा, तहवि हु पंचहि गुणेहि गुणवंतो ।**
**इह मुणिवरेहि भणिओ, सरूवमेसिं निसामेहि ॥ ४२ ॥**

મૂલાર્થ—જો કે ગુણો ઘણા પ્રકારના છે, તોપણ અહીં મુનિવરો એ પાંચ ગુણે કરીને ગુણવાન કહેલો છે. એ પાંચ ગુણોનું સ્વરૂપ સાંભળો.

ટીકાર્થ—અહીં **यदि** શબ્દ અભ્યુપગમ-સ્વીકારવું એવા અર્થમાં છે, તેથી તેનો અર્થ આ પ્રમાણે થાય છે-મેં આ સ્વીકાર્યું છે કે ગુણો બહુરૂપા એટલે અક્ષુદ્રપણું વિગેરે, ઉદારતા વિગેરે અને બીજા પ્રિયંવદતા-મીઠા બોલવાપણું વિગેરે, ઘણા પ્રકારના છે, તોપણ મુનિવરોએ-ગીતાર્થ ગુરૂઓએ અહીં શ્રાવકના વિચારમાં પાંચ ગુણે કરીને

ગુણવાન કહ્યો છે. એ ગુણોનું સ્વરૂપ-તત્ત્વ તું સાંભળ. 'સાંભળ' એ ક્રિયાપદ શિષ્યને ઉત્સાહ આપવા માટે લખ્યું છે, તેથી પ્રમાદી શિષ્યને ઉત્સાહ પમાડીને પછી તેને શ્રવણ કરાવવું એમ જણાવ્યું છે. ૪૨.

## તે પાંચ ગુણોનું સ્વરૂપ જ બતાવે છે.—

**सज्झाए करणम्मि य, विणयम्मि य निच्चमेव उज्जुत्तो ।**
**सव्वत्थणभिनिवेसो, वहइ रुइं सुट्ठु जिणवयणे ॥ ४३ ॥**

મૂલાર્થ—સ્વાધ્યાયમાં ૧, ક્રિયાનુષ્ઠાનમાં ૨ અને વિનયમાં ૩ નિરંતર ઉદ્યમ કરે, સર્વત્ર કદાગ્રહ રહિત રહે ૪, તથા જિનેશ્વરના વચન ઉપર અત્યંત રૂચી રાખે. ૫.

ટીકાર્થ—**सु** એટલે શોભન ( સારૂં ) **अध्ययन**-ભણવું તે **स्वध्याय**, અથવા **स्वेन** પોતાની મેળે **अध्याय**-ભણવું તે **स्वाध्याय**. તેને વિષે નિરંતર ઉદ્યમવંત રહે એવો સંબંધ કરવો. ૧. તથા **करणे** એટલે ક્રિયાનુષ્ઠાનને વિષે ૨, **विनये**-ગુરૂજનને માન આપવા ઉભા થવું એ વિગેરે વિનયને વિષે નિત્ય-હમેશાં ઉદ્યુકત-પ્રયત્નવાળો થાય એમ દરેકની સાથે સંબંધ કરવાથી ત્રણ ગુણ થયા. ૩. તથા સર્વત્ર-આ લોક તથા પરલોક સંબંધી સર્વ પ્રયોજનોને વિષે **अनभिनिवेश** જેને કદાગ્રહ નથી એવો એટલે સારી સમજણવાળો થાય, એ ચોથો ગુણ થયો ૪. તથા જિનેશ્વરના વચનને વિષે **रुचि**-ઇચ્છા અથવા શ્રદ્ધાને અત્યંત ધારણ કરે, એ પાંચમો ગુણ થયો. ૫. ૪૩.

આ રીતે ગણતરીથી ગુણોને દેખાડી હવે તેમનો ભાવાર્થ કહીને તે પાંચે ગુણો દેખાડે છે.—

---

पढणाईसज्झायं, वेरग्गनिबंधणं कुणइ विहिणा ।
तवनियमवंदणाई-करणम्मि य निच्चमुज्जमइ ॥ ४४ ॥
अब्भुट्ठाणाईयं, विणयं नियमा पउंजइ गुणीणं ।
अणभिनिवेसो गीयत्थ-भासियं नन्नहा मुणइ ॥ ४५ ॥
सवणकरणेसु इच्छा, होइ रुई सद्दहाणसंजुत्ता ।
एईए विणा कत्तो, सुद्धी सम्मत्तरयणस्स ॥ ४६ ॥

મૂલાર્થ—વિધિએ કરીને વૈરાગ્યના કારણરૂપ પઠન વિગેરે સ્વાધ્યાય કરે ૧, તપ, નિયમ અને વંદનાદિક કરવામાં નિત્ય ઉદ્યમ કરે ૨, ગુણીજનોનો અભ્યુત્થાનાદિક વિનય અવશ્ય કરે ૩, કદાગ્રહ રહિત થઇને ગીતાર્થનું કહેલું વચન અન્યથા ન માને ૪, તથા શ્રવણ કરવામાં અને સાંભળ્યા પ્રમાણે કરવામાં શ્રદ્ધા સહિત જે ઇચ્છા-તીવ્ર અભિલાષ તે રૂચિ કહેવાય છે ૫. આ રૂચિ વિના સમ્યકત્વરત્નની શુદ્ધિ ક્યાંથી હોય ?

ટીકાર્થ—વિધિએ કરીને એટલે વિનય અને બહુમાન સહિત વૈરાગ્યના કારણરૂપ પઠનાદિક સ્વાધ્યાય કરે. તેમાં પઠન એટલે અપૂર્વ-નવું શ્રુત ગ્રહણ કરવું તે. આદિ શબ્દથી પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ ચારે ગ્રહણ કરવા. આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કહેવાય છે. તેમાં પઠનનો વિનય આ પ્રમાણે છે.—" ભણતી વખતે ગુરૂની સમીપે [૧] પર્યસ્તિકા, અવષ્ટંભ—અઠીંગણ, પગ લાંબા કરવા, વિકથા અને મોટેથી હસવું. આટલા વર્જવા લાયક છે. "

---

૧ પગ પર પગ ચડાવી પલાંઠી વાળવી તે.

પૃચ્છના વિનય આ પ્રમાણે—"પોતાના આસનપર બેઠા બેઠા શિષ્યે ગુરૂને પૂછવું નહીં, તથા શય્યામાં રહીને પણ પૂછવું નહીં, પરંતુ ગુરૂ પાસે આવી, ઉત્કુટુક આસને (ઉભડક) બેસી તથા હાથ જોડી નમ્રતાથી પૂછવું." પરાવર્તનાનો વિધિ આ પ્રમાણે—"પ્રાસુક (નિર્જીવ) સ્થંડિલ ઉપર બેસી, ઇર્યાનું પ્રતિક્રમણ કરી, સામાયિક ગ્રહણ કરી તથા વસ્ત્રના છેડા વડે મુખ ઢાંકી શ્રાવકે પદચ્છેદ પૂર્વક ભણેલાની આવૃત્તિ કરવી. (વારંવાર-ફેરવવું)." અનુપ્રેક્ષા એટલે ભાવના. તેનો વિધિ આ પ્રમાણે—"ચારિત્ર લેવાની ઇચ્છાવાળા અને જેણે શ્રુતનું ગ્રહણ યથાર્થ રીતે કર્યું હોય એવા શ્રાવકે બાધા રહિતપણે એટલે સ્વસ્થ ચિત્તે સંસારના નાશને માટે પ્રશસ્ત ભાવનાઓનું ચિંતવન કરવું." ધર્મકથાનો વિધિ આ પ્રમાણે—"પોતાને તથા પરને ઉપકાર કરનાર શુદ્ધ ધર્મોપદેશ કે જે ગુરૂના પ્રસાદથી યથાર્થ રીતે જાણવામાં આવ્યો હોય તે ધર્માર્થી શ્રાવકે બીજા યોગ્ય માણસને આપવો." આ રીતે પહેલો સ્વાધ્યાય ગુણ કહ્યો ૧. તથા તપ, નિયમ અને વંદનાદિક કરવામાં મૂળ ગાથામાં **च** શબ્દનું ગ્રહણ છે તેથી કરાવવામાં અને અનુમોદના કરવામાં નિરંતર ઉદ્યમ કરે—પ્રયત્ન કરે. તેમાં તપ અનશન વિગેરે બાર પ્રકારનો છે. તે વિષે કહ્યું છે કે—"અનશન, ઊનોદરી, વૃત્તિનો સંક્ષેપ, રસનો ત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારે બાહ્ય તપ છે. તથા પ્રાયશ્ચિત, ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય એ છ પ્રકારનો અભ્યંતર તપ છે." નિયમ એટલે ગ્લાન અને થાકેલા સાધુની વિશ્રામણા કરવી, તથા ઉત્તર પારણાવાળા અને જેણે લોચ કર્યો હોય એવા સાધુને ઘી વિગેરેનું દાન આપવું એ વિગેરે અભિગ્રહો કરવા તે. કહ્યું છે કે—"માર્ગમાં ચાલીને આવતાં થાકી ગયેલા, ગ્લાન, આગમ ભણવામાં શ્રમ કરનાર, લોચ કર્યો હોય તેવા તથા ઉત્તર પારણાવાળા સાધુને જે દાન અપાય તે ઘણા ફળવાળું થાય છે." તથા ચૈત્ય અને ગુરૂની વંદના, મૂળ ગાથામાં આદિ શબ્દ છે તેથી પૂજા વિગેરે કરવામાં નિરંતર ઉદ્યમ કરે. આ બીજો ગુણ કહ્યો. (૪૪.)

તથા સન્મુખ ઉભા થવું તે અભ્યુત્થાન કહેવાય છે. તે છે આદિ જેને તે અભ્યુત્થાનાદિ કહેવાય છે. આદિ શબ્દ લખ્યો છે તેથી અભ્યુત્થાનમાં રહેલા અનેક ભેદો ગ્રહણ કરવાના છે, તે ભેદો, વિનયસમાધિ નામના અધ્યયનથી જાણી લેવા. આવી પ્રકારનો વિનય આચાર્યાદિક ગુણીજનોનો અવશ્ય કરે છે. કારણ કે ગુણ સમૂહનું કારણ વિનયજ છે. કહ્યું છે કે—"વિનયનું ફળ સુશ્રૂષા (સેવા) છે, ગુરૂની સુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન છે, જ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિનું ફળ આશ્રવોનો નિરોધ (સંવર) છે, સંવરનું ફળ તપસ્યા છે, તપસ્યાનું નિર્જરારૂપ ફળ દેખ્યું છે, તે નિર્જરાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે, ક્રિયાની નિવૃત્તિ થવાથી અયોગીપણું થાય છે, યોગોના નિરોધથી ભવની પરંપરાનો ક્ષય થાય છે, અને ભવની પરંપરાનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. તેથી કરીને સર્વે કલ્યાણોનું ભાજન (આધાર) વિનયજ છે." આ ત્રીજા ગુણનું ફળ કહ્યું. તથા કદાગ્રહ રહિત એવો શ્રાવક ગીતાર્થનું કહેલું ( વચન )—અધિક શ્રુતજ્ઞાનીનો ઉપદેશ અન્યથા પ્રકારે એટલે અસત્યપણે માનનો નથી. કેમકે અધિક મોહના અભાવને લીધે તે કદાગ્રહી હોતો નથી. કહ્યું છે કે—" મોહનું અધિકપણું ન હોય તો કોઇ પણ વિષયમાં કદાગ્રહ થતો નથી, અને તે મોહને ઓછો કરવાનું સાધન ગુરૂજનને આધીન રહેવું તેજ છે." આ ચોથા ગુણનો સંબંધ કહ્યો. આ રીતે બીજી ગાથાનો અર્થ પૂર્ણ થયો. ૪૫. તથા શ્રવણ એટલે સાંભળવું અને કરણ એટલે ક્રિયાનું અનુષ્ઠાન, એ બન્નેને વિષે શ્રદ્ધા સહિત જે ઇચ્છા--તીવ્ર અભિલાષ તે રૂચિ કહેવાય છે. એ પાંચમો ગુણ કહ્યો. આ રૂચિનુંજ મુખ્યપણું જણાવવા માટે કહે છે—આ બે પ્રકારની રૂચિ વિના સમકિત રત્નની શુદ્ધિ કયાંથી હોય ? અર્થાત્ ન જ હોય. કારણ કે શુશ્રૂષા અને ધર્મ ઉપરનો રાગ એ સમકિતનું સ્વરૂપ છે. કેમકે શુશ્રૂષા, અને ધર્મરાગ સમકિતની સાથે થનારા લિંગપણે પ્રસિદ્ધ છે કહ્યું છે કે—"સુશ્રૂષા ધર્મરાગ તથા ગુરૂ અને દેવની યથાશકિતએ વૈયાવચ્ચ કરવાનો નિયમ એ સમકિતવાળાનાં લિંગો ( ચિન્હો ) છે. " આ પંચમ ગુણની ભાવના થઇ. કેટલાક આચાર્યો પાંચ ગુણો આ પ્રમાણે કહે

છે.—" સૂત્રરૂચિ ૧, અર્થ રૂચિ ૨, કરણરૂચિ ૩, [1] અનભિનિવેશ રૂચિ ૪ તથા પાંચમી અનિષ્ઠિતોત્સાહતા ( ઉત્સાહનો નાશ ન થવો તે) ૫. આ પાંચ ગુણો શ્રાવકના હોય છે. " આ પાંચ ગુણો પણ પ્રથમના પાંચ ગુણોની સાથે મળતાજ છે, કેમકે સૂત્રરૂચિ એટલે પઠન વિગેરે સ્વાધ્યાયમાં પ્રવૃત્તિ ૧, અર્થરૂચિવાળો જે હોય તે ગુરૂનો અભ્યુત્થાનાદિક વિનય કરે છે જ ૨, કરણ અને અનભિનિવેશ (કદાગ્રહ રહિત) એ બે તો પૂર્વે કહ્યા તેની તુલ્યજ છે ૪, અને ઉત્સાહનું અભંગપણું એ ઇચ્છાની વૃદ્ધિ જ છે. ૫. આથી કરીને પૂર્વે ગણાવેલાની સાથે આનો કાંઇ પણ વિરોધ શંકા કરવા જેવો નથી. ૪૬.

અહીં કોઇને શંકા થાય કે-માત્ર ઇચ્છાથી જ ફળની પ્રાપ્તિ કેમ થઇ શકે ? તેનો જવાબ એ છે જે સાચા ભાવથી ઇચ્છા હોય તો તેનું ફળ મળે જ છે. તે ઉપર યશ અને સુયશની કથા નીચે પ્રમાણે.—

એક ગામમાં એક કુળપુત્રને યશ અને સુયશ નામના બે પુત્રો હતા. તે બન્ને યુવાન અવસ્થાને પામ્યા ત્યારે કોઇ એક દિવસ ધર્મદેવ નામના સૂરિની પાસે ધર્મદેશના સાંભળીને પ્રતિબોધ પામ્યા. તેમણે પ્રવ્રજ્યા લેવાની ઉત્કંઠા થવાથી માબાપની પાસે રજા માગી. પરંતુ સ્નેહથી મોહ પામેલા તે માબાપે તેમને રજા આપી નહીં. બન્નેએ ઘણા આગ્રહથી રજા માગી ત્યારે તેઓએ કહ્યું કે-" તમારા બેમાંથી એક જણ દીક્ષા ગ્રહણ કરો, અને એક અમારી વૃદ્ધાવસ્થાનું પાલન કરવા રહો. " તે સાંભળી મોટા ભાઇએ નાનાભાઇને કહ્યું કે-" તું ઘરમાં રહે. હું પ્રવ્રજ્યા લઉં. " નાનો બોલ્યો કે-" હું જ પ્રવ્રજ્યા લઇશ. " તે સાંભળી યશે વિચાર કર્યો કે-" ભલે આ મારો નાનોભાઈ દીક્ષા લઇ તરી જાય. મારાથી તો પ્રત્યુપકાર ન કરી શકાય તેવા માબાપની અવગણના કેમ થાય ? " એમ વિચારીને તેણે સુયશને રજા આપી. એટલે તેણે વિધિ પ્રમાણે દીક્ષા ગ્રહણ કરી. પછી તે વિશુદ્ધ પરિણામથી જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવા લાગ્યો.

---

૧ કદાગ્રહ ન કરવો તે.

મોટાને તેના માબાપે તેની ઇચ્છા વિના પણ સારા કુળની એક કન્યા સાથે પરણાવ્યો, અને તે ખેતી વિગેરે કર્મ કરવા પ્રવર્ત્યો. તે ઘરના કામકાજમાં પ્રવર્તતો હતો, તોપણ તેનું ચિત્ત નિરંતર ચારિત્ર ગ્રહણ કરવામાં જ તત્પર રહેતું હતું. આ પ્રમાણે તે કાળને નિર્ગમન કરવા લાગ્યો. અનુક્રમે તેના માબાપ મરણ પામ્યા, ત્યારે તે હમેશાં દાક્ષિણ્યતાને લીધે દીક્ષા લેવા માટે ભાર્યાની રજા લેવા સમજાવવા લાગ્યો. તે વખતે તે દીન મુખ કરી રોવા લાગતી, પણ તેને રજા આપતી નહીં. તેણીને પ્રતિબોધ કરવાનો કોઇપણ ઉપાય નહીં સૂઝવાથી તે દુઃખે રહેવા લાગ્યો.

એકદા વિવિધ તપસ્યાવડે શરીરને ક્ષીણ કરી અવધિજ્ઞાનને પામેલા સુયશ મુનિ પોતાના ભાઇને પ્રતિબોધ પમાડવાનો અવસર જાણી ગુરૂની આજ્ઞા લઇ વિહારના અનુક્રમે તેને ઘેર આવ્યા. તેને તેના ભાઇની વહુએ ઓળખ્યા, અને તેને બહુમાનપૂર્વક વંદના કરી. પછી તેણીએ આપેલા યોગ્ય ઉપાશ્રયમાં તે રહ્યા. મુનિએ તેણીને પૂછ્યું કે-' ઘરનો સ્વામી ક્યાં છે ? " તેણીએ કહ્યું કે-" કામ કરવા માટે ખેતરમાં ગયા છે. " પછી ભોજન સમયે તેણીએ ઉચિત ભાત પાણીવડે સાધુને વહોરાવ્યું. સાધુએ પણ વિધિપૂર્વક આહાર કર્યો. સમય વીતી ગયા છતાં યશ ખેતરથી ઘેર આવ્યો નહીં, તેથી તેની સ્ત્રી તેને માટે ભાત લઇ ખેતર તરફ ચાલી. પરંતુ માર્ગમાંથી જ પાછી ફરી રોતી રોતી ઘેર આવી. મુનિએ તેને પૂછ્યું કે-' કેમ શોક કરે છે ? ' તે બોલી-" તે તમારો ભાઇ હમેશાં એકજવાર જમે છે. તે ભૂખ્યા થયા હશે, તેને માટે હું ભાત લઇને જતી હતી, પરંતુ માર્ગમાં નદી ભરપૂર વહે છે, તેથી હું જઇ શકતી નથી. એજ મારા શોકનું મોટું કારણ છે. " મુનિ બોલ્યા-" હે ભદ્રે ! તું જા. અને નદીને કહેજે કે-હે નદી ! મારા દીયરે બાર વર્ષથી દીક્ષા ગ્રહણ કરી છે, તેમાં તેણે કોઇ પણ દિવસ ભોજન કર્યું ન હોય અને નિરંતર ઉપવાસી હોય તો તું મને માર્ગ આપ. આમ કહેવાથી નદી તને માર્ગ આપશે. " તે

સાંભળી તેણીએ વિચાર્યું કે-" આ મુનિએ મારી સમક્ષ જ ભોજન કર્યું છે છતાં શી રીતે તે ઉપવાસી છે ? અથવા તો ગુરૂના વચન ઉપર શંકા લાવવી યોગ્ય નથી. આ જે પ્રમાણે કહે છે, તેજ પ્રમાણે કરૂં." એમ વિચારીને તે ફરીથી ગઇ. તેજ પ્રમાણે કહેવાથી નદીએ તેણીને માર્ગ આપ્યો. એટલે તે સ્વામી પાસે ગઈ. તેણે પૂછયું-' તું શી રીતે નદી તરીને આવી ?' ત્યારે તેણીએ સુશય સાધુ આવ્યા છે એ વિગેરે સર્વ વૃત્તાંત કહ્યો. યશે ભોજન કર્યા પછી તેણીને રજા આપી, ત્યારે તે બોલી કે-' હજુ નદીમાં અપાર જળ છે. શી રીતે જઉં ?' યશે કહ્યું-" હવે તું નદીને એમ કહેજે કે-હે નદી ! મારા ભર્તારે મને કોઈવાર પણ ભોગવી ન હોય તો મને માર્ગ આપ." તે સાંભળી તે અત્યંત આશ્ચર્ય પામી નદી પાસે જઇ તેજ પ્રમાણે બોલી માર્ગ મળવાથી સુખે કરીને ઘેર ગઇ. તેણીએ મુનિને વંદના કરી પૂછયું કે—" હે પૂજ્ય ! તમે બન્ને ભાઇઓએ આ પ્રમાણે મને કહ્યું અને તેના પ્રભાવથી મને નદીએ માર્ગ આપ્યો. તો તેનો પરમાર્થ શો છે ?" મુનિ બોલ્યા—" હે ભદ્રે ! જો રસની લોલુપતાથી ભોજન કરાય તો તે ભોજન કર્યું કહેવાય છે. પરંતુ જે સંયમ યાત્રાને માટે પ્રાસુક અને એષણીય આહાર કરાય છે, તે ભોજન કર્યું કહેવાતું નથી. તેથી કરીને જ આગમમાં કહ્યું છે કે—નિર્દોષ આહાર કરનાર સાધુ નિરંતર ઉપવાસીજ છે. એજ પ્રમાણે બ્રહ્મચર્યના મનોરથવાળો તારો પતિ તારા આગ્રહથી ભોગ કરે છે તેથી તે અભોગ જ કહેવાય છે." આ પ્રમાણે સાંભળી તેણીએ વૈરાગ્ય પામી વિચાર કર્યો કે—" અહો ! આ મારો પતિ કેવો મોટા પ્રભાવવાળો અને દાક્ષિણ્યતાનો સમુદ્ર છે ! કે જેથી તેનું મન સંસારથી વિરકત છતાં મેં ચિરકાળ સુધી તેના ધર્મ આચરણમાં અંતરાય કર્યો. તેથી મેં મોટું અંતરાય કર્મ ઉપાર્જન કર્યું. તો હવે મારે તેની સાથે જ દીક્ષા ગ્રહણ કરવી યોગ્ય છે. આજ સ્નેહનું ફળ છે." આ પ્રમાણે તે ભાવના ભાવતી હતી, તેટલામાં યશ પણ ઘેર આવ્યો. સાધુને વંદના કરી તેની સમીપે બેઠો. સાધુએ તે બન્નેને ધર્મદેશના આપી. તેઓએ પ્રતિ-

બોધ પામી દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે તેઓ કાળધર્મ પામી સ્વર્ગે ગયા. આ પ્રમાણે આ યશની ચારિત્રના વિષયમાં માત્ર ઇચ્છા જ હતી, તેથી તે પાપના આરંભથી લીંપાયો નહીં.

—❀—

## હવે ભાવ શ્રાવકનું ચોથું લક્ષણ કહે છે.

---

**उजुववहारो चउहा, जहत्थभणणं अवंचिगा किरिया ।**
**हुंतावायपगासण, मेत्तीभावो य सब्भावा ॥ ४७ ॥**

મૂલાર્થ—ઋજુવ્યવહાર નામનો ગુણ ચાર પ્રકારનો છે.-યથાર્થ બોલવું ૧, કોઇને પણ વંચના ( દુઃખ ) નહીં કરનારી ક્રિયા ૨, ભવિષ્યમાં થનારા કષ્ટોનો પ્રકાશ ૩ અને સાચો મૈત્રીભાવ ૪.

ટીકાર્થ—ઋજુ એટલે સરલ એવો વ્યવહાર એટલે વર્તન-આચરણ તે ઋજુવ્યવહાર નામનો ભાવ શ્રાવકનો ચોથો ગુણ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે—યથાર્થભણન એટલે ધર્મના વ્યવહારમાં, ક્રય વિક્રયના વ્યાપારમાં, સાક્ષી પૂરવાના વ્યવહારમાં અને રાજવ્યાપારાદિકમાં અવિપરીત-અવિરોધી વચન બોલવું તે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે—" ભાવશ્રાવકો પરના ચિત્તને રંજન કરવાની બુદ્ધિથી ( અથવા પરને છેતરવાની બુદ્ધિથી ધર્મને અધર્મરૂપે તથા અધર્મને ધર્મરૂપે કદી કહેતા નથી, પરંતુ જે સત્ય હોય તેજ મધુર રીતે કહે છે. ખરીદ કરવામાં, વેચવામાં અને સાટું કરવામાં પણ ન્યૂન કે અધિક મૂલ્ય કહેતા નથી. કોઇની સાક્ષી પૂરવામાં તેમને બોલાવ્યા હોય તો તેઓ અસત્યવાદી થતા નથી. રાજસભા વિગેરે સ્થળે ગયા હોય તો પણ તેઓ અસત્ય વચન બોલીને કોઇપણ માણસને દૂષિત કરતા નથી તથા ધર્મમાં રક્ત થયેલા તેઓ ધર્મની હાંસી થાય તેવું વચન વર્જે છે-બોલતા નથી. " ૧. તથા અવંચિકા એટલે પરને દુઃખનું કારણરૂપ

ન થાય તેવી ક્રિયાનો-શરીરનો વ્યાપાર એ બીજું ઋજુવ્યવહારનું લક્ષણ છે. કહ્યું છે કે—"જે શુદ્ધ ધર્મનો અર્થી હોય તે કત્રિમ તોલા માપ બનાવી તે વડે ઓછું દઈને અને વધારે લઈને બીજાને છેતરતો નથી. ૨. તથા હુંતિ એ શબ્દ પ્રાકૃત ભાષાનો છે, તેનો અર્થ ભાવી-થવાનું એવો થાય છે. તેથી ભવિષ્યમાં થવાના જે અપાયો-કષ્ટો તેનો પ્રકાશ કરે છે. એટલે કે ભાવશ્રાવક પોતાના આશ્રિતને "હે ભદ્ર! ચોરી વિગેરે પાપ કર્મ કરવા યોગ્ય નથી. કારણ કે તે પરભવમાં અનર્થ કારક છે." ઈત્યાદિક ઉપદેશ આપે છે. પરંતુ અન્યાયમાં પ્રવર્તેલા તેની ઉપેક્ષા કરતો નથી. એ ભાવાર્થ છે. કેટલાક આચાર્યો '**हुंतोवायपगासण**' એવો પાઠ મૂળ ગાથામાં કહે છે. તેનો અર્થ આ પ્રમાણે થાય છે.— **हुंतो** એટલે સદ્ભૂત—સાચા ઉપાયનો પ્રકાશ કરે છે એટલે કે ધર્મ અને અર્થના વિષયમાં જે સારો ઉપાય હોય તેને પૂછવાથી અથવા નહીં પૂછવાથી પણ પ્રકાશ કરે છે. આ ત્રીજું ઋજુવ્યવહારનું સ્વરૂપ છે. તેમાં દાન, શીળ, તપ અને ભાવ એ ધર્મનો ઉપાય છે, નીતિથી ચાલવું, ઉધારે વેપાર ન કરવો, એ વિગેરે અર્થનો ઉપાય છે, કામના ઉપાયને અનર્થ ફળદાયક હોવાથી પ્રકાશતો નથીજ, અને મોક્ષ તો ફળરૂપ હોવાથી તેનો પ્રકાશ કરે છે. આ રીતે આ પાઠાંતર પણ સન્માર્ગને અનુસરતું હોવાથી યોગ્ય જ છે. તથા સદ્ભાવથી એટલે નિષ્કપટપણાથી મૈત્રી-મિત્રપણું કરે છે, પરંતુ કત્રિમ મૈત્રી કરતો નથી. કેમકે કપટ અને મૈત્રી એ બન્નેને છાયા અને તકડાની જેમ પરસ્પર વિરોધ છે. કહ્યું છે કે—"જેઓ કપટપણાથી મિત્રને ઇચ્છે છે, મનના મલિનપણાથી ધર્મ કરવા ઇચ્છે છે, અન્યને પીડા ઉત્પન્ન કરી સમૃદ્ધિ મેળવવા ઇચ્છે છે, સુખ ભોગવીને વિદ્યા મેળવા ઇચ્છે છે, અને કઠોરતાથી સ્ત્રીને આધીન કરવા ઇચ્છે છે, તે મનુષ્યો ખરેખર અપંડિત મૂર્ખ જ છે." આ ચોથું ઋજુવ્યવહારનું સ્વરૂપ કહ્યું. ૪૭.

## આનાજ વિપરીતપણાને વિષે દોષ દેખાડવા પૂર્વક [1]વિધેયપણાને કહે છે,

**अन्नहभणणाईसुं, अबोहिबीयं परस्स नियमेण ।**
**तत्तो भवपरिवुड्ढी, ता होज्जा उज्जुववहारी ॥ ४८ ॥**

**મૂલાર્થ**—અસત્ય ભાષણાદિક કરવાથી શ્રાવક અવશ્ય બીજાના અબોધિનું કારણ થાય છે, અને તેથી કરીને તેના ભવની વૃદ્ધિ થાય છે. આ કારણથી શ્રાવકે ઋજુવ્યવહારી થવું જોઇએ.

**ટીકાર્થ**—અન્યથા ભણન એટલે યથાર્થ (સત્ય)વચન ન બોલવું તે. મૂળ ગાથામાં આદિ શબ્દ લખેલો છે, માટે પરને દુઃખ ઉત્પન્ન કરે તેવી ક્રિયા, દોષની ઉપેક્ષા અને કપટ મૈત્રીનું ગ્રહણ કરવું. આટલી બાબત શ્રાવકને હોય તો તે બીજા મિથ્યાદૃષ્ટિઓને અવશ્ય અબોધિનું-ધર્મની અપ્રાપ્તિનું બીજ-મૂળ કારણ થાય છે. કારણ કે શ્રાવકને અન્યથા ભાષણાદિકમાં પ્રવર્તતા જોઇને બીજાઓ આ પ્રમાણે બોલે છે કે—" જિન શાસનને ધિક્કાર છે, કે જે શાસનમાં શ્રાવકને સજ્જનોએ નિંદેલા અસત્ય ભાષણાદિક અકાર્યથી નિવૃત્તિ કરવાનો ઉપદેશ જ કર્યો નથી. " આ પ્રમાણે નિંદા કરવાથી તે મનુષ્યો સેંકડો જન્મમાં પણ બોધિને પામી શકતા નથી, તેથી તે અબોધિ બીજ કહેવાય છે. અને તે અબોધિ બીજ થકી તે ( જિનશાસન ) ની નિંદા કરનારને તથા તેના નિમિત્ત રૂપ બનેલા શ્રાવકને પણ ભવની ( સંસારની ) વૃદ્ધિ થાય છે. તે વિષે કહ્યું છે કે—" જે શ્રાવક અજાણપણે પણ શાસનની લઘુતા કરાવવામાં પ્રવર્તે છે, તે બીજા પ્રાણીઓના મિથ્યાત્વનો હેતુ-કારણ થાય છે, તેથી તે શ્રાવક પણ અત્યંત સંસારના કારણરૂપ, પરિણામે દારૂણ, ઘોર અને સર્વ અનર્થોને વધારનારા તે જ મિથ્યાત્વને

૧ કરવા લાયક.

અત્યંત બાંધે છે ( તેવું કર્મ બાંધે છે. )" તે કારણથી ભાવ શ્રાવકે ઋજુવ્યવહારી થવું. ૪૮.

## અહીં ધર્મનંદનું દૃષ્ટાંત છે. તેનો સંપ્રદાય આ પ્રમાણે છે—

નાસિક નામના નગરમાં નંદ નામના બે વણિક રહેતા હતા. તેમાં એક શ્રાવક હતો, તે શુદ્ધ-ન્યાયયુકત વેપાર કરતો હતો. તેથી લોકમાં તેનું ધર્મનંદ એવું નામ પ્રસિદ્ધ થયું અને બીજો લોભના દોષને લીધે ખોટા તોલા માપ વિગેરે વડે વેપાર કરતો હતો તેથી તે લોભનંદ નામે પ્રસિદ્ધ થયો હતો. અન્યદા તે ગામની બહાર રાજાએ તળાવ ખોદાવા માંડયું. તેમાં એકદા ખોદતાં ખોદતાં મજુર લોકોને એક નિધાન પ્રાપ્ત થયું. તે નિધાનમાં કેવળ સોનાની કોશો (મોટા ખીલા) જ હતી. તે ચોતરફથી કાદવવડે લીંપાયેલી હોવાથી તે મજુરોએ તેને લોઢાની કોશો જાણી. પછી તેમાંથી બે કોશો લઇને તેઓ ધર્મનંદની દુકાને ગયા, અને કહ્યું કે—" હે શેઠ ! આ લોઢાની કોશો લઇને અમને તેલ વિગેરે વસ્તુ આપો. " શેઠે તે કોશો હાથમાં લીધી તો અતિ ભારવાળી જોઇને તેણે 'આ તો સુવર્ણ છે' એમ જાણ્યું. પણ અધિકરણના ભયને લીધે તેણે તે મજુરોને તે સત્ય વાત કહી નહીં, અને તેઓને કહ્યું કે—' આ કોશોનું મારે કાંઇ કામ નથી. ' ત્યારે તેઓ લોભનંદની દુકાને ગયા. તેને પણ તેજ પ્રમાણે કહીને તેઓએ તેના હાથમાં કોશો આપી. તેણે પણ સુવર્ણની કોશો છે એમ જાણ્યું અને વિચાર્યું કે—" લોઢાના મૂલ્યથી સોનું આવે છે તે તો સારૂં થયું. તેથી આ લોકોને જો બમણું મૂલ્ય આપું તો તેઓ બીજી કોશો પણ લાવે." એમ વિચારીને તેણે તેમને કહ્યું કે—" મારે આ લોઢાની કોશોની જરૂરીયાત છે, તેથી જો તમારી પાસે બીજી કોશો હોય તો

લાવજો. હું તમને આટલું બમણું મૂલ્ય આપીશ. ” ત્યારપછી તેઓ હમેશાં બબે કોશો લાવવા લાગ્યા. અનુક્રમે શ્રેષ્ઠીએ ઘણી કોશો ગ્રહણ કરી. પરંતુ અત્યંત ગૂઢ ચિત્તવાળા તેણે પોતાના પુત્રોને પણ તેનો પરમાર્થ કહ્યો નહીં. તેથી તેઓ તેને અધિક મૂલ્ય આપતો જોઇ તમે ગાંડા થયા છો એમ કહી તેની નિંદા કરવા લાગ્યા, તોપણ તેણે પુત્રોને તેનું રહસ્ય કહ્યું નહીં, તેમજ તે એક ક્ષણમાત્ર પણ દુકાનને છોડતો નહીં. એકદા સમીપના ગામમાં તેનો એક મિત્ર રહેતો હતો, તેણે પોતાને ઘેર વિવાહનો પ્રસંગ હોવાથી તેને નિમંત્રણ કર્યું. તેની જવાની ઇચ્છા નહોતી, પરંતુ મિત્રના બળાત્કારથી તેને જવું પડયું, તેથી જતી વેળાએ તેણે પુત્રને કહ્યું કે—‘કોશો આવે તેનો તું નિષેધ કરીશ નહીં’ એમ કહ્યું, પરંતુ રહસ્ય કહ્યું નહીં. તેના ગયા પછી તે મજુર લોકો કોશો લઇને તેની દુકાને આવ્યા. તેનું તે શ્રેષ્ઠીના પુત્રે લોઢાનુંજ મૂલ્ય આપ્યું. ત્યારે તે લોકો વારંવાર કહેવા લાગ્યા કે—“ શ્રેષ્ઠીએ કહ્યું છે તેટલું મૂલ્ય આપ ” ત્યારે વ્યાપારમાં ગુંચવાયેલા તેણે કોપ કરીને તે કોશો તેની સન્મુખ ફેંકી. તે વખતે તે કોશો પથ્થર ઉપર પડવાથી તેની ઉપરનો કાદવ ખરી ગયો, તેથી સુવર્ણ પ્રગટ દેખાવા લાગ્યું. તે ત્યાંથી નીકળેલા-જતા આરક્ષકે ( કોટવાળે ) જોયું, તેથી તે મજુરોને તે રાજા પાસે લઇ ગયો. રાજાના પૂછવાથી તે લોકોએ સત્ય હકિકત કહી. રાજાએ પૂછયું—“ કોને કોને તમે કોશો આપી છે ? ” તેઓ બોલ્યા કે—“ અમે તે કોશો પ્રથમ ધર્મનંદને દેખાડી હતી. પરંતુ તેણે ગ્રહણ કરી નહીં, તેથી અમે આ લોભનંદ શ્રેષ્ઠીની પાસે ગયા. તેણે રાખી. અમે સર્વ મળીને આજસુધીમાં આટલી કોશો તેને આપી છે. ” તે સાંભળી ‘ અહો ! આ તો મહા ચોર છે ’ એમ જાણી કોપ પામેલા રાજાએ આજ્ઞા આપી, તેથી આરક્ષકોએ તેના ઘરનાં સર્વ મનુષ્યોને પકડ્યાં. તેના ઘરમાંથી સર્વ સાર વસ્તુ બહાર કાઢી. આ અવસરે બહાર ગામ ગયેલા શ્રેષ્ઠીને વિચાર થયો કે—‘ પુત્ર કોશોને ગ્રહણ નહી કરે. ’ એમ ધારી મિત્રની રજા લીધા વિનાજ તે શીઘ્રપણે

પાછો આવ્યો. ઘરનો વૃત્તાંત જોઇ મોટા પશ્ચાત્તાપ રૂપી અગ્નિથી તે બળવા લાગ્યો, પોતાના પાપકર્મ ઉપર તે ક્રોધાયમાન થયો, અને મનમાં કહેવા લાગ્યો કે—" આ પાપ કર્મેજ મને બહાર ગામ મોકલ્યો." પછી કુહાડાવડે પોતાના બન્ને પગ કાપી નાંખી તે શ્રેષ્ઠી મરણ પામ્યો. પછી રાજાએ ધર્મનંદને બોલાવી પૂછ્યું કે—" હે શ્રેષ્ઠી! તમે તે કોશો કેમ ન લીધી ?" તેણે જવાબ આપ્યો કે-" તે લેવાથી મારા બે વ્રતનો ભંગ થતો હતો, એક તો મારે ચોરીનો નિયમ છે, અને બીજું મારે પરિગ્રહનું પ્રમાણ છે. તેથી તે લેવાથી બન્ને વ્રતનો ભંગ થાય તેમ હતું. તથા અધિકરણના ભયને લીધે તેઓને મેં તેનું રહસ્ય કહ્યું નહીં. " તે સાંભળી—"અહો ! તું ખરેખરો ધર્મનંદ છે." એમ કહી રાજાએ તેનો સત્કાર કરી તેને વિદાય કર્યો. આવા પ્રકારનો ઋજુવ્યવહારી ભાવ શ્રાવક આ લોક અને પરલોકના કલ્યાણનું સ્થાન થાયછે.

## હવે ભાવશ્રાવકનું પાંચમું લક્ષણ કહે છે.

**सेवाए[१] कारणेण[२] य, संपायण[३]भावओ[४] गुरुजणस्स ।**
**सुस्सूसणं कुणंतो, गुरुसुस्सूसो हवइ चउहा ॥ ४६ ॥**

મૂલાર્થ—પોતે સેવા કરવાથી ૧, બીજાને સેવામાં પ્રવર્તાવવાથી ૨, ઔષધાદિક આપવાથી ૩, અને ભાવથી એટલે ચિત્તમાં બહુ માન કરવાથી ૪. ગુરૂજનની સેવા કરતો શ્રાવક ચાર પ્રકારે ગુરૂશુશ્રૂષક કહેવાય છે.

ટીકાર્થ—સેવા એટલે પર્યુપાસનાવડે ૧, કારણ એટલે અન્ય જનને સેવામાં પ્રવર્તાવવાવડે ૨, સંપાદન એટલે ગુરૂને ઔષધાદિક આપવું તે ૩, અને ભાવ એટલે ચિત્તને વિષે બહુમાન ૪ આ બેને આશ્રીને એટલે કે સંપાદનથી અને ભાવથી ગુરૂ જનની

એટલે પૂજ્યવર્ગની ( સેવા કરતો ) અહીં જો કે માતા પિતા વિગેરે પણ ગુરૂ કહેવાય છે, તો પણ ધર્મનો અધિકાર હોવાથી અહીં ગુરૂ શબ્દે કરીને આચાર્ય વગેરે જ કહેલા છે. તેથી તેમને આશ્રીને જ ગુરૂશુશ્રૂષકની વ્યાખ્યા કરવી. ગુરૂનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે. —"ધર્મને જાણનાર, ધર્મને કરનાર, નિરંતર ધર્મને પ્રવર્તાવનાર તથા પ્રાણીઓને ધર્મશાસ્ત્રનો ઉપદેશ કરનાર ગુરૂ કહેવાય છે." તથા—" સારા રૂપવાળો ઓજસ્વી-તેજસ્વી, ( જેને દીઠા ગૌતમાદિક મહાપુરૂષ સાંભરે તેવો ) યુગપ્રધાન આગમને જાણનાર ( જે કાળે જેટલું આગમ વર્તતું હોય તેને જાણનાર ), મધુર વચનવાળા, ગંભીર, બુદ્ધિમાન અને ધર્મનો ઉપદેશ આપવામાં તત્પર આટલા ગુણવાળા આચાર્ય હોય છે." તથા—" અપરિસ્રાવી (ગુપ્તવાત પ્રકાશ ન કરે તેવા), સૌમ્ય-સુંદર મૂર્તિવાળા, સંગ્રહશીળ -ઉપધિ વિગેરેનો સંગ્રહ કરનાર, અભિગ્રહ ધારણ કરવાની મતિવાળા, અન્યની નિંદા નહીં કરનાર, ચપળતા રહિત-સ્થિર ચિત્તવાળા અને પ્રસન્ન હૃદયવાળા ગુરૂ હોય છે." તથા આચાર્યના ૩૬ ગુણો આ રીતે કહ્યા છે.-સંવિગ્ન વૈરાગ્યવાળા ૧, મધ્યસ્થ ૨, શાંત ૩, મૃદુ-સ્વભાવે કોમળ ૪, ઋજુ-સરળ પ્રકૃતિવાળા ૫, સંતોષી ૬, ગીતાર્થ, ૭, જેણે યોગોદ્વહન કર્યું હોય તે ૮, અન્યના ભાવ ( અભિપ્રાય ) ને જાણનાર ૯, લબ્ધિવાળા, ૧૦, દર્શનીય ૧૧, આદેય નામ કર્મવાળા ૧૨, બુદ્ધિમાન ૧૩, વિજ્ઞાન ( કળા ) વાન ૧૪, નીરોગી ૧૫, વાદ કરવામાં કુશળ ૧૬, નિમિત્તશાસ્ત્ર જાણનાર ૧૭, ઓજસ્વી-પરાક્રમી ૧૮, પરોપકારી ૧૯, ધારણામાં બળવાન-નિપુણ ૨૦, બહુદષ્ટ-જેણે ઘણું જાણ્યું જોયું હોય તે ( અથવા દીર્ઘદષ્ટિવાળા ) ૨૧, નયમાં નિપુણ ૨૨, પ્રિય વચન બોલનાર ૨૩, સુંદર સ્વરવાળા ૨૪, તપ કરવામાં તત્પર ૨૫, સુંદર શરીરવાળા ૨૬, સારી બુદ્ધિવાળા ૨૭, ત્યાગી-દાતાર ગુણવાળા ૨૮, નિરંતર આનંદમાં રહેનાર ૨૯, ચોખ્ખા-શુદ્ધ મનવાળા ૩૦, ગંભીર ૩૧, અનુવર્તી-ગચ્છ સામુદાયાદિ ભવ્ય જનોનું હિત

થાય એમ સમયાનુકૂળ ચાલનાર ૩૨, પ્રતિપન્ન પાલક-જે કાંઇ અંગીકાર કર્યું હોય તેનું પાલન કરનાર ૩૩, સ્થિર ૩૪, ધીર ૩૫ અને ઉચિતને જાણનાર ૩૬ આ છત્રીશ સૂરિના ગુણો સિદ્ધાંતમાં કહેલા છે." આ પ્રમાણે આગમમાં કહેલા ગુણવાળા ગુરૂજન, અહીં જન શબ્દ મૂકયો છે. તે બહુવચન જણાવવા માટે છે, તેથી કરીને જે કોઇ આવા ગુણવાળા હોય તે સર્વે ગુરૂજન કહેવાય છે, તેવા ગુરૂજનની શુશ્રૂષાને -સેવાને કરનાર શ્રાવક ગુરૂશુશ્રૂષક કહેવાય છે. તે ઉપર કહેલા ચાર પ્રકારનો છે. ૪૯.

## તે ચાર પ્રકારના ભાવાર્થને સૂત્રકાર જ કહે છે.

**सेवति कालम्मि गुरुं, अकुणंतो ज्झाणजोगवाघायं ।**
**सय वन्नवायकरणा, अन्नेऽवि पवत्तई तत्थ ॥ ५० ॥**

મૂલાર્થ—ગુરૂને યોગ્યકાળે તેના ધ્યાન અને યોગમાં અંતરાય-વિઘ્ન કર્યા વિના સેવે. તથા નિત્ય તેના સદ્‌ગુણોનું કીર્તન કરીને બીજાઓને પણ તેમાં-ગુરૂની સેવામાં પ્રવર્તાવે. ૨

ટીકાર્થ—કાળે એટલે પ્રતિક્રમણ અને શ્રવણાદિકના હેતુ રૂપ અવસરે ગુરૂની સેવા કરે. કેવી રીતે ? ધ્યાન એટલે ધર્મધ્યાનાદિક અને યોગ એટલે પ્રત્યુપેક્ષણ, ભોજન વિગેરે, તેમના વ્યાઘાત એટલે અંતરાયને કર્યા વિના સેવે, કારણ કે સાધુઓને આગમમાં આ પ્રમાણે ઉપદેશ આપ્યો છે કે-" જિનશાસનને વિષે યોગે યોગે એટલે પડિલેહન, ભોજન વિગેરે દરેક યોગોનો પ્રયોગ કરવાથી દુઃખનો-કર્મનો ક્ષય થાય છે. તેથી તે યોગો પરસ્પર બાધા ન આવે તેમ અસપત્ન ( નિષ્કંટક ) પણે કરવા લાયક છે. " આ શુશ્રૂષા નામનો પહેલો ભેદ થયો. ૧. તથા સદા વર્ણવાદ કરવાથી એટલે નિત્ય ( ગુરૂના ) સત્ય ગુણોનું કીર્તન કરવાથી તે સેવામાં બીજા પ્રમાદીઓને પણ પ્રવર્તાવે

છે. તે ગુણ કીર્તન આ પ્રમાણે-" મનુષ્યપણું, ઉત્તમ ધર્મ અને જ્ઞાનાદિકથી યુક્ત ગુરૂ આ સામગ્રી મળવી અત્યંત દુર્લભ છે, માટે તું આત્માનું હિત જાણ. આવા મહાત્મા ગુરૂ ધન્ય મનુષ્યોની જ દૃષ્ટિગોચર થાય છે. આનું સમગ્ર સુખકારક વચનામૃત ધન્ય મનુષ્યો જ પીયે છે. આ મહામુનિના ઉપદેશરૂપી રસાયણ નહીં કરવાથી પ્રાપ્ત થઇને નષ્ટ થયેલા નિધાનની જેમ પાછળથી પશ્ચાત્તાપ થશે. " ઇત્યાદિ. આ બીજો શુશ્રૂષાનો વિધિ કહ્યો. ૨. ૫૦

## હવે ત્રીજો અને ચોથો ભેદ કહે છે.

**ओसहभेसज्जाइं, सओय परओ य संपणामेइ ।**
**सइ बहु मन्नेइ गुरुं, भावं चणुवत्तए तस्स ॥ ५१ ॥**

મૂલાર્થ—પોતે ગુરૂને ઔષધ ભૈષજ્ય વિગેરે આપે તથા બીજા પાસે અપાવે ૩. તથા હમેશાં ગુરૂનું બહુમાન કરે અને તેના ભાવને ( ચિત્તની વૃત્તિને ) અનુસરે. ૪

ટીકાર્થ—એક વસ્તુથી બનેલું અથવા જેનો બહારથી ઉપયોગ થાય તે ઔષધ કહેવાય છે, અને ઘણી વસ્તુઓના સંયોગથી બનેલું અથવા જેનો અંદર એટલે ખાવામાં ઉપયોગ થતો હોય તે ભૈષજ્ય કહેવાય છે. મૂળમાં **भैषज्यादि** એ પદમાં આદિ શબ્દ છે તેથી બીજી પણ ચારિત્રને ઉપકાર કરનારી વસ્તુઓ **स्वत:**—પોતે દાન કરીને તથા **परत:**-બીજા પાસે દાન કરાવીને ગુરૂને પ્રાપ્ત કરે, કહ્યું છે કે- " અન્ન, પાણી, ઘણા પ્રકારનું ઔષધ, ધર્મધ્વજ ( ઓઘો ), કામળી, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, વિવિધ પ્રકારના દાંડા વિગેરે ધર્મના ઉપકરણ, ઉત્તમ પુસ્તક, પીઠ વિગેરે તથા બીજું જે કાંઇ ચારિત્ર ધર્મને યોગ્ય હોય તે સર્વ વસ્તુ વિચક્ષણ દાતાર પુરૂષોએ મોક્ષના અર્થી ભિક્ષુને

આપવા યોગ્ય છે. ” તથા-“ મન, વચન અને કાયાની ગુપ્તિવાળા મુનિઓને જે મનુષ્ય ઔષધાદિક આપે છે, તે ભવે ભવે શુદ્ધ અધ્યવસાયના (બોધિના) વિસ્તારને પામે છે, તથા નીરોગી થાય છે. ” આ પ્રમાણે સંપાદન નામનો ત્રીજો શુશ્રૂષાનો પ્રકાર જાણવો. ૩. તથા સદા ગુરૂનું બહુમાન કરે એટલે મનની પ્રસન્નતાપૂર્વક શ્લાઘા કરે અને તે ગુરૂના ભાવને-ચિત્તવૃત્તિને અનુસરે-અનુકૂળ વ્યાપાર કરે, અર્થાત્ તેને જે અસંમત-અરૂચતું હોય તે આચરે નહીં. કહ્યું છે કે-“ગુરૂ ક્રોધવાળા થાય તો નમસ્કારપૂર્વક તેની સ્તુતિ કરે, તેને જે ઇષ્ટ હોય તેનાપર પ્રેમ રાખે, તેનો જે દ્વેષી હોય તેનાપર દ્વેષ કરે, તેને ઉપયોગી વસ્તુનું દાન આપે, તથા તેના ઉપકારનું કીર્તન કરે. આ સર્વ મંત્ર અને મૂળ (ચૂર્ણ) વિનાનું વશીકરણ છે. ” અન્ય સ્થળે પણ કહ્યું છે કે-“ ગુરૂ કદાચ આજ્ઞા કરે કે-આ સર્પને આંગળીઓ ભરીને માપ કર, અથવા તેના દાંતના સમૂહને ગણ. આવી આજ્ઞા થતાંજ ઇચ્છં-ઇચ્છું છું અર્થાત્ બહુ સારું એમ કહી આજ્ઞાનો સ્વીકાર કરે અને ‘ તેમ કરવાથી શું કાર્ય છે ? તે ગુરૂ જાણે’ એમ મનમાં વિચારે ” આ પ્રમાણે ગુરૂના મનને અનુસરવું. એ ચોથો શુશ્રૂષાનો ભેદ થયો. ૪.

## સંપ્રતિ રાજાનું દૃષ્ટાંત.

કોઇ વખત વિહારના ક્રમથી સુહસ્તિ સૂરિ પરિવાર સહિત કૌશાંબી નગરીમાં પધાર્યા. તે વખતે ત્યાં મોટો દુષ્કાળ વર્તતો હતો. તેથી બીજા ભિક્ષુકોને ભિક્ષા મળતી નહોતી. પરંતુ સાધુઓને ધનાઢ્યના ઘરોમાંથી સંપૂર્ણ ગોચરી મળતી હતી. એકદા કોઇ રંક ભીખારીએ ધનિકના ગૃહોમાં સાધુઓને આદરપૂર્વક ભિક્ષા મળતી જોઇ, તેથી તે રંક જ્યારે તે સાધુઓ ભિક્ષા લઇને પાછા ફર્યા ત્યારે તેમની આગળ જઇને તેમના પગમાં પડી પ્રાર્થના કરવા લાગ્યો કે-“ હે મુનિઓ ! તમે પુણ્યવંત છો, તેથી તમને સર્વ વસ્તુ સર્વ ઠેકા-

ણુથી મળે છે તો તેમાંથી મને રંકને કાંઇક આપો." સાધુઓએ જવાબ આપ્યો કે-" અમે આમાંથી આપી શકતા નથી. આ બાબત અમારા ગુરૂ જાણે. " તે સાંભળી તે રંક તેઓની જ સાથે તેમના ગુરૂ પાસે ગયો, અને તે જ પ્રમાણે તેણે ગુરૂપાસે યાચના કરી. ત્યારે ગુરૂએ તેને કહ્યું કે-" હે ભદ્ર જો તું પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો તારી જે ઇચ્છા હોય તે આપીએ. પરંતુ ગૃહસ્થાશ્રમીને કાંઇ પણ આપી શકાતું નથી." તે સાંભળી તેણે ગુરૂનું વચન અંગીકાર કર્યું. ત્યારે ગુરૂએ લાભ જોઇ તેને પ્રવ્રજ્યા આપી. પછી તેને ઇચ્છા પ્રમાણે સ્નિગ્ધ મધુર આહાર ખવરાવ્યો. તેથી તે તુષ્ટમાન થયો, અને વિચાર કરવા લાગ્યો કે-" અહો ! આ ધર્મ બહુ સુંદર છે, તથા આ ગુરૂમહારાજ પણ ઉત્તમ ચરિત્રવાળા, સર્વ પ્રાણીઓને વત્સલ, દયાળુ અને મહા પ્રભાવવાળા છે, કે જેઓએ હું નિર્ભાગીને વિષે શિરોમણિ છતાં મારા ઉપર આટલો બધો ઉપકાર કર્યો. " આ પ્રમાણે શુભ પરિણામવાળો અને અવ્યક્ત સામાયિક વ્રતવાળો તે મધ્યરાત્રિને સમયે વિસૂચિકાના વ્યાધિથી મરણ પામ્યો. ત્યારપછી તે કયાં ઉત્પન્ન થયો ? તે કહે છે —

પાટલીપુત્ર નગરમાં ચંદ્રગુપ્તનો પૌત્ર અને બિંદુસાર રાજાનો પુત્ર અશોકશ્રી નામે રાજા હતો. તેને કુણાલ નામે પુત્ર હતો. તે પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય હતો. તેની પરના સ્નેહના અતિશયને લીધે પિતાએ તેને બાલ્યાવસ્થામાં જ યુવરાજપદે સ્થાપન કર્યો હતો. અને તેને કુમારભુક્તિને માટે ઉજ્જયિની નગરી આપી ( સપત્ની માતાના ભયથી ) તેને ત્યાંજ રાખ્યો હતો. તથા તેનો પિતા સેવક પુરૂષદ્વારા હમેશાં તેના કુશળ સમાચાર મંગાવતો હતો. તેમ જ તેને પ્રસન્નતાથી ઉત્તમ વસ્તુઓ મોકલતો હતો. એકદા તે કુમારને કળા ગ્રહણ કરવામાં યોગ્ય થયો જાણી રાજાએ પ્રધાન પુરૂષો ઉપર લેખ લખ્યો તેમાં ' **अधीयतां कुमारः**'-' કુમારને ભણાવવો.' ઇત્યાદિક લખી તે લેખ બંધ કર્યા વિના ત્યાં જ મૂકીને રાજા શરીરચિંતાને માટે ઉઠ્યો. તે અવસરે કુમારની સપત્ની માતા ત્યાં આવી ' આ

લેખમાં શું લખ્યું છે ?' એમ વિચારી કૌતુકથી તેણીએ તે લેખ વાંચ્યો. તે વખતે ઇર્ષ્યાને લીધે આંગળીના નખવડે નેત્રમાંથી કાજળ કાઢી અકારના ઉપર અનુસ્વાર કરી શીઘ્રપણે તે ત્યાંથી જતી રહી. પછી રાજા આવ્યો ત્યારે તેણે ફરી વાંચ્યા વિના જ તેને બંધ કરી સેવક જનની સાથે કુમારને તે લેખ મોકલ્યો. કુમારે પણ વાંચીને પ્રધાનોને કહ્યું-"રાજાના આદેશ પ્રમાણે કરો. મને જલદી અંધ કરો." તેઓ બોલ્યા-" રાજાનો આવો આદેશ સંભવતો નથી. તેથી અમે ફરી પૂછી તેની ખાત્રી કરીએ." ત્યારે કુમાર બોલ્યો કે-" મૌર્ય વંશમાં અત્યારસુધી કોઇએ પિતાની આજ્ઞાનું ખંડન કર્યું નથી. તો આ પિતાની પ્રગટ આજ્ઞાને હું અન્યથા કેમ કરૂં ? " એમ બોલતા તે કુણાલ કુમારે પ્રધાનોએ નિષેધ કર્યા છતાં પણ અગ્નિથી તપાવેલી શલાકાને નેત્રામાં આંજી તેનો નાશ કર્યો. તે વૃત્તાંત સાંભળી રાજાએ 'આ દોષ મારો જ છે.' એમ ધારી મોટો પશ્ચાત્તાપ કર્યો. પછી તે રાજ્યને અયોગ્ય થયો જાણી પિતાએ તેને સારૂં ગામ આપી તેનો સ્વામી કર્યો. ત્યાં તે સુખેથી રહ્યો. તે ગીતકળામાં ઘણો નિપુણ હોવાથી તેના જ અભ્યાસમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એકદા પૂર્વે કહેલો રંક તે કુણાલની ભાર્યાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે વખતે તેણીએ ઉત્તમ સ્વપ્ન જોયું, તેથી કુણાલે ઉત્તમ પુત્રનો લાભ થશે એમ ધારી વિચાર્યું કે-" જો પિતા પ્રસન્ન થશે તો કોઇપણ વખત મારો પુત્ર રાજા થશે. તેથી કરીને પિતાનું આરાધન કરવાનો કાંઇક પ્રયત્ન કરૂં." એમ વિચારી ઉપાયનો નિશ્ચય કરી તે પ્રિયા સહિત પાટલીપુરમાં ગયો. ત્યાં પોતાની ગીતકળાવડે પુરજનોને વશ કરવા લાગ્યો. તેથી નિર્દોષ ગીતવિદ્યારૂપી વજ્રવડે ગંધર્વોના પણ ગર્વરૂપી પર્વતોને ચૂર્ણ કરી અત્યંત પ્રસિદ્ધિને પામ્યો. તે સાંભળી કૌતુકથી રાજાએ ગીત સાંભળવા માટે તેને બોલાવ્યો. તે વખતે કોઇએ રાજાને કહ્યું કે-" હે દેવ ! અમૃત જેવું સુંદર તેનું ગીત છે, તે સત્ય છે. પરંતુ તે નેત્ર રહિત હોવાથી આપને જોવા લાયક નથી. " તે

સાંભળી ' પડદાને આંતરે રહી તેની પાસે ગીત ગવરાવવું ' એમ કહી રાજાએ તેને બોલાવ્યો. તે આવી ગીત ગાવા લાગ્યો. તે સાંભળી હૃદયમાં હર્ષ પામી રાજાએ કહ્યું કે-" હે ગાયક ! તેં બહુ સારૂં ગાયું છે. માટે કાંઈક વરદાન માગ. " આ અવસરે જ કુણાલને તેના સેવકે વધામણી આપી કે-"તમારી સ્ત્રીએ દેવકુમાર જેવો પુત્ર પ્રસવ્યો છે." આ અવસર જાણીને કુણાલે ગીતમાં ગાયું કે-" ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર, બિંદુસારનો પૌત્ર અને અશોકશ્રીનો પુત્ર અંધ કાગણી યાચે છે. " તે સાંભળી " અહો ! શું આ કુણાલ છે ? " એમ ઉત્કંઠાથી બોલી પડદાને દૂર કરી રાજાએ તેને આલિંગન કર્યું, પોતાના ઉત્સંગમાં બેસાડ્યો, અને કહ્યું કે-" હે વત્સ ! તેં અત્યંત તુચ્છ યાચના કેમ કરી ? " ત્યારે મંત્રીએ રાજાને કહ્યું કે-" હે દેવ ! તમારા વંશમાં કાગણી શબ્દે કરીને રાજ્ય કહેવામાં આવે છે, તો તેણે તુચ્છ યાચના કરી કેમ કહેવાય ? " તે સાંભળી રાજાએ કુમારને કહ્યું-" હે વત્સ ! તું રાજ્યને ઉચિત નથી. તો શું રાજ્યને લાયક તારે પુત્ર છે ? કે જેથી તું આવી પ્રાર્થના કરે છે ? " કુણાલે કહ્યું—" હા. મારે પુત્ર છે. પણ તે **સંપ્રતિ** એટલે હમણાંજ જન્મ્યો છે. " રાજાએ કહ્યું—" જો એમ છે તો મેં તેને રાજ્ય આપ્યું. " ત્યાર પછી દશ દિવસ વિત્યા ત્યારે રાજાએ તેનું સંપ્રતિ નામ પાડી તેને રાજ્યાભિષેક કર્યો. પછી મંત્રી વિગેરેને તે પુત્ર સોંપી અશોકશ્રી રાજાએ પોતાનું પરલોક હિત સાધ્યું. ત્યારપછી પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યના પ્રભાવથી તેની શરીર સંપત્તિ અને રાજ્ય લક્ષ્મી વૃદ્ધિ પામી તે રૂપ અને લાવણ્ય વડે સંપૂર્ણ યુવાવસ્થા પામ્યો.

એકદા તે સંપ્રતિ રાજા પોતાના મહેલના ગવાક્ષમાં બેઠો હતો. તેવામાં જિનેશ્વરના રથની સાથે મહેલની સમીપે આવેલા, રાજમાર્ગ ઉપર રહેલા, ગ્રહસમૂહથી પરિવરેલા ચંદ્રની જેમ અને કમળવચનની મધ્યે રહેલા હંસની જેમ ચતુર્વિધ સંઘથી પરિવરેલા, અને વિહારના અનુક્રમથી આવેલા પૂજ્ય આર્યસુહસ્તી આચાર્યને જોયા. તરતજ

" કોઇ પણ ઠેકાણે મેં આ સાધુને પૂર્વે જોયા છે." એમ તર્ક વિતર્ક કરવાથી રાજાને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને તેણે ગુરૂને ઓળખ્યા. તેથી તે રાજા મનમાં અપાર હર્ષથી પૂર્ણ થઇ સામગ્રી સહિત ગુરૂની સમીપે ગયો, નમ્રતા સહિત તેના ચરણ કમળને નમ્યો, અને વારંવાર પોતાના કપાળ વડે ગુરૂના ચરણનો સ્પર્શ કરી હર્ષના જળ વડે નેત્રને ભરપૂર કરી પૂછવા લાગ્યો કે—" હે ભગવન્! સામાયિક ચારિત્રનું શું ફળ?" ગુરૂએ જવાબ આપ્યો—" હે રાજન! અવ્યકત સામાયિકથી રાજ્યાદિકની સમૃદ્ધિનું ફળ મળે છે, અને વ્યકત સામાયિકનું ફળ મોક્ષ અથવા સ્વર્ગ છે." તે સાંભળી રાજાને ખાત્રી થઇ તેથી તેણે ફરી પ્રણામ કરી પૂછયું કે—" શું આપ પૂજ્ય મને ઓળખો છો કે નહીં?" ગુરૂએ ઉપયોગ આપી કહ્યું કે—" અમે તમને સારી રીતે ઓળખીયે છીયે. તમે પૂર્વ ભવે કૌશાંબી નગરીમાં એક દિવસ મારા શિષ્ય હતા, અને અત્યારે સંપ્રતિ નામના રાજા થયા છો." તે સાંભળી " અહો! ભગવાનનું જ્ઞાન તો અતિશય આશ્ચર્ય કારક છે." એમ વિચારી તુષ્ટમાન થઇ હાથ જોડી રાજાએ ફરીથી કહ્યું કે—" તો હે ભગવન્! મને આજ્ઞા આપો હવે હું શું કરૂં?" ગુરૂએ કહ્યું—" હે રાજન્! સાધુધર્મ કે શ્રાવકધર્મને અંગીકાર કરો." ત્યારે વિચાર કરી રાજા અણુવ્રત અને ગુણવ્રતને અંગીકાર કરી શ્રાવક થયો. ત્યારથી આરંભીને રાજા બહુમાન પૂર્વક ગુરૂની સેવા કરવા લાગ્યો. તેણે ગુરૂના ઉપદેશથી ઘણાં ચૈત્યો કરાવ્યાં, પોતાના રાજ્યમાં રથયાત્રાઓ પ્રવર્તાવી, સામંત રાજાઓને પ્રતિબોધ પમાડયા, તેઓને પણ ચૈત્યભવન કરાવવામાં પ્રવર્તાવ્યા, સાધુઓને દાનાદિક વાત્સલ્ય કર્યું, તથા સાધર્મિક જનોને અત્યંત ઉન્નતિ પમાડયા. ઘણું શું કહેવું? અનાર્ય દેશોમાં પણ તેણે લોકોને ઉપશમ પમાડયા કે જેથી તે દેશોમાં પણ સાધુઓ સુખે કરીને વિચરવા લાગ્યા.

એકદા દુષ્કાળને સમયે રાજાએ વિચાર કર્યો કે—" મારો પિંડ સાધુઓના ઉપકારમાં આવતો નથી, તો પણ કાંઇ પણ ઉપાય કરીને

તેમનો ઉપકાર કરૂં." એમ વિચારી દીનાદિકને નિમિત્તે તેણે દાનશાળાઓ કરાવી, અને તેના નિયોગી પુરૂષોને કહ્યું કે—" અહીં દીનાદિકને દાન આપતાં જેટલું વધે તેટલું મેં તમનેજ આપ્યું છે-તેના માલિક તમેજ છો. પરંતુ તે અન્ન તમારે સાધુઓને વહોરાવવું. અને તેનું જે મૂલ્ય થશે તે હું તમને આપીશ." તથા બીજા કંદોઇ, સુખડીયા, ઘી વાળા, ગોળવાળા તથા સાથવો વેચનાર વિગેરેને પણ રાજાએ તેજ પ્રમાણે કહ્યું. તેથી તે સર્વે ઇચ્છા પ્રમાણે સાધુઓને માગ્યું તથા નહીં માગ્યું એવું પણ સર્વ આપવા લાગ્યા. આ પ્રમાણે પ્રભુત પુણ્યનો સમૂહ ઉપાર્જન કરી પૃથ્વી મંડળને જિન ચૈત્યોથી મંડિત કરી સમ્યક્ પ્રકારે શ્રાદ્ધ ધર્મની આરાધના કરી અંતે તે સંપ્રતિ રાજા સમાધિ મરણ પામી દેવલોકમાં ગયો. આવી રીતે ગુરૂની શુશ્રૂષા કરનાર ભાવ શ્રાવક હોય છે.

## ભાવ શ્રાવકનું પાંચમું લક્ષણ કહ્યું હવે છઠ્ઠું લક્ષણ કહે છે—

**सुत्ते[1] अत्थे[2] य तहा, उस्सग्ग[3]ववाय[4]भाव[5]ववहारे[6] ।**
**जो कुसलत्तं पत्तो, पवयणकुसलो तओ छद्धा ॥ ५२ ॥**

મૂલાર્થ—સૂત્ર, અર્થ, ઉત્સર્ગ, અપવાદ, ભાવ અને વ્યવહાર એ છ બાબતમાં જે કુશળપણું પામેલો હોય તે પ્રવચન કુશળ કહેવાય છે.

ટીકાર્થ—અહીં જે પ્રકૃષ્ટ વચન તે પ્રવચન એટલે આગમ કહેવાય છે. તે સૂત્ર વિગેરે છ પ્રકારે છે. તેથી તેને આશ્રીને જે કુશળપણું તે પણ છ પ્રકારનું છે, અને તેના સંબંધથી કુશળ પણ છ પ્રકારે જ થાય છે. તે જ કહે છે—સૂત્રે એટલે સૂત્રના વિષયમાં ૧ જે કુશળ-

પણાને પામ્યો હોય, એમ દરેક ઠેકાણે કહેવું. તથા અર્થે એટલે સૂત્રના અર્થના વિષયમાં ૨, च શબ્દનો અર્થ અહીં સમુચ્ચય થાય છે. તથા–તેજ પ્રકારે ઉત્સર્ગ એટલે સામાન્ય વચનના વિષયમાં ૩, અપવાદ એટલે વિશેષ વાકયના વિષયમાં ૪, ભાવમાં એટલે નિશ્ચય નયના અભિપ્રાયમાં ૫, અને વ્યવહારમાં એટલે ગીતાર્થે આચરણ કરેલા વ્યવહારમાં ૬, અહીં મૂળમાં ઉત્સર્ગ, 'અપવાદ, ભાવ અને વ્યવહાર એ ઠેકાણે સમાહાર દ્વંદ્વ સમાસ હોવાથી સમાસને છેડે એક વચન કરેલું છે, તો પણ અહીં વ્યાખ્યાનમાં જે પૃથક્ પૃથક્ સપ્તમી વિભક્તિનો અર્થ કર્યો છે તે બાળ જીવોના બોધને માટે કર્યો છે. આ છને વિષે સદ્ગુરૂની કૃપાથી જે કુશળપણાને પામ્યો હોય તે પ્રવચનકુશળ છ પ્રકારે કહેવાય છે.

## ઉપર કહેલા છ પ્રકારના ભાવાર્થને પ્રકરણકાર પોતે જ કહે છે—

**उचियमहिज्जइ सुत्तं, सुणइ तयत्थं तहा सुतित्थम्मि ।**
**उस्सग्गववायाणं, विसयविभागं वियाणाइ ॥ ५३ ॥**
**वहई सइ पक्खवायं, विहिसारे सव्वधम्मणुट्ठाणे ।**
**देसद्धादणुरूवं, जाणइ गीयत्थववहारं ॥ ५४ ॥**

મૂલાર્થ—શ્રાવક યોગ્ય સૂત્રને ભણે છે ૧, તથા સુગુરૂની પાસે તેનો અર્થ સાંભળે છે ૨, ઉત્સર્ગ અને અપવાદના વિષયનો વિભાગ જાણે છે ૪, વિધિ છે પ્રધાન જેમાં એવી સર્વ ધર્મક્રિયામાં હમેશાં પક્ષપાત કરે છે, ૫ તથા દેશ કાળને અનુસરી ગીતાર્થના વ્યવહારને જાણે છે. ૬.

ટીકાર્થ—શ્રાવકની ભૂમિકાને યોગ્ય અષ્ટ પ્રવચન માતૃકાથી

આરંભીને ષટ્જીવનિકા નામના અધ્યયન સુધીનાં સૂત્રને ભણે છે તે વિષે કહ્યું છે કે—"**पवयणमाई छज्जीवणियंता उभयओ वि इयरस्स**" શ્રાવકને સૂત્રથી અને અર્થથી ( બંનેથી ) પ્રવચનમાતૃકાને આરંભીને ષટ્જીવનિકા પર્યંત ગ્રહણ શિક્ષા છે એટલે ભણવાનું છે " આ વચન ઉત્તમ શ્રાવકને આશ્રીને કહ્યું છે. પરંતુ સામાન્ય શ્રાવકને તો સંગ્રહણી, કર્મ ગ્રંથ, ઉપદેશમાળા વિગેરે પ્રકરણોના સમૂહ તથા આચાર્યાદિકે પ્રસન્નતાથી કહેલા બીજા ગ્રંથો પણ ભણવાના છે. આ પ્રમાણે શ્રાવક સૂત્રને વિષે કુશળતાને પામે છે. ૧. તથા તે જ પ્રમાણે એટલે પોતાની ભૂમિકાના ઉચિતપણાએ કરીને સુતીર્થની પાસે એટલે સુગુરૂની પાસે સૂત્રના અર્થને સાંભળે છે તે વિષે કહ્યું છે કે-" તીર્થને વિષે ( પાસે ) વિધિ પ્રમાણે સૂત્ર અને તેના અર્થનું ગ્રહણ કરવું, અહીં તીર્થ એટલે સૂત્ર અને અર્થ બન્નેને જાણનાર ગુરૂ સમજવા, અને વિધિ એટલે વિનય વિગેરે ઉચિતપણું કરવું તે " ઇત્યાદિ. આ કહેવાથી યતિને અને શ્રાવકને ગુરૂની સમીપે જ સૂત્ર અને તેનો અર્થ ગ્રહણ કરવો યોગ્ય છે એમ સૂચવ્યું છે. કારણ કે કહ્યું છે કે-" શાસ્ત્રમાં કહેલી સર્વ ક્રિયાઓ ગુરૂને જ આધીન છે, તેથી કરીને હિતની ઇચ્છાવાળાએ ગુરૂની આરાધનામાં તત્પર થવું." આ પ્રમાણે બીજી અર્થની કુશળતા કહી. ૨. તથા જિનમતને વિષે પ્રસિદ્ધ એવા ઉત્સર્ગ અને અપવાદના વિષયનો વિભાગ વિશેષે કરીને જાણે છે. અહીં ભાવાર્થ એ છે જે-કેવળ ઉત્સર્ગનું જ અવલંબન કરવું એમ નથી, તેમજ કેવળ અપવાદ માર્ગને જ પ્રમાણરૂપ ગણવો એમ પણ નથી. પરંતુ ગુરૂના ઉપદેશથી તે બન્નેનો અવસર જાણવો જોઇએ. કહ્યું છે કે—" ઉંચાની અપેક્ષાએ નીચાની પ્રસિદ્ધિ છે, અને નીચાની અપેક્ષાએ ઉંચાની પ્રસિદ્ધિ છે, તે જ પ્રમાણે અન્યોન્યની અપેક્ષાએ ઉત્સર્ગ અને અપવાદ બંને તુલ્ય છે. [1]દ્રવ્યાદિકે કરીને યુક્ત ( સમર્થ ) પુરૂષને ઉત્સર્ગ માર્ગને આશ્રી અનુષ્ઠાન કરવું તે યોગ્ય છે, અને દ્રવ્યાદિકથી રહિત જનને અપવાદ

૧ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

સેવવો યોગ્ય છે, આ પ્રમાણે ઉત્સર્ગ તથા અપવાદને જાણીને અવસર પ્રમાણે ઉચિત વિધિએ કરીને મુનિ જનને પથ્યાદિક દેવામાં પ્રવર્તે છે. તે માટે કહ્યું છે કે—"પ્રાશુક અને એષણીય આહાર હોય છતાં પણ તે બીજાથી ઉપહાસ થયેલ હોય, અથવા ખરીદવામાં આવ્યો હોય અથવા દુર્ગંધ મિશ્રીત હોય તેવા આહારના આધાકર્મી દોષ થકી જયણાએ વર્તવું." ઇત્યાદિ. એક સાથે બે કુશળતા કહેવાથી ત્રીજી અને ચોથી કુશળતા કહી. ૩. ૪. તથા ભાવ એટલે નિશ્ચયવાળો પરિણામ તેને વિષે કુશળતા આ પ્રમાણે—વિધિસાર એટલે જેમાં વિધિજ પ્રધાન છે એવા દેવવંદન, ગુરૂવંદન, અને દાનધર્મ વિગેરે સર્વ ધર્મના અનુષ્ઠાનમાં હમેશાં પક્ષપાત એટલે બહુમાન ધારણ કરે. ભાવાર્થ એ છે જે-વિધિ પ્રમાણે ક્રિયા કરનાર અન્ય જનને બહુ માને-તેની પ્રશંસા અનુમોદનાદિક કરે, તથા પોતે શક્તિ પ્રમાણે વિધિપૂર્વક પ્રવૃત્તિ કરે. શક્તિ ન હોય તોપણ ક્રિયાનુષ્ઠાનના મનોરથનો ત્યાગ ન કરે. આ રીતે કરવાથી પણ તે આરાધક જ કહેવાય છે, આ પ્રમાણે નિશ્ચય નયનો અભિપ્રાય છે. તે વિષે આગમમાં કહ્યું છે કે "જેઓએ સમગ્ર ગણિપિટક (બાર અંગ) નો સાર ખેંચી કાઢયો છે, તથા જેઓ નિશ્ચય નયને અવલંબન કરનારા છે, તે મુનિઓ પરિણામ (મનના ભાવ) ને જ પરમ રહસ્યરૂપ અને પ્રમાણ ભૂત માને છે, તેથી કરીને બુદ્ધિમાન પુરૂષે સર્વ પ્રયત્ને કરીને નિરંતર પરલોકના હિતને માટે ગુરૂના યોગ થકી શુદ્ધ ભાવ ધારણ કરવો." આ પ્રમાણે કરનાર શ્રાવક ભાવકુશળ કહેવાય છે. ૫. તથા દેશ એટલે સારી સ્થિતિવાળો કે નબળી સ્થિતિવાળો વિગેરે, કાળ એટલે સુકાળ કે દુષ્કાળ વિગેરે, ગાથામાં આદિ શબ્દ છે તેથી દ્રવ્ય એટલે સુલભ કે દુર્લભ વસ્તુ વિગેરે અને ભાવ એટલે હર્ષયુક્ત કે ખેદયુક્ત વિગેરે આ પ્રમાણે દેશ, કાળ, દ્રવ્ય અને ભાવને યોગ્ય એવા ગીતાર્થના વ્યવહારને જે જાણે, એટલે કે–ઉત્સર્ગ અપવાદને જાણનાર, ગૌરવ લાઘવના જ્ઞાનમાં નિપુણ અને દેશ, કાળ તથા ભાવને આશ્રીને પ્રવૃત્તિ કરનારા ગીતાર્થોએ જે વ્યવ-

હાર આચર્યો હોય તે વ્યવહારને દૂષિત કરે નહીં. તે વિષે સૂત્રમાં કહ્યું છે કે-" કોઇપણ અશઠે-ગીતાર્થે કોઇ પણ ઠેકાણે કોઇપણ વખતે જે કાંઇ નિરવદ્ય આચરણ કર્યું હોય અને તે બીજા (ગીતાર્થો) એ નિષિદ્ધ કર્યું ન હોય તો તે બહુમત છે એમ ધારી આચરવું." આવી રીતે જે વ્યવહારમાં કુશળતા તે છઠ્ઠી કુશળતા કહેવાય છે. ૬. આ વ્યવહારની કુશળતા જે કહી છે તેના ઉપલક્ષણથી જીવ અને પુદ્ગળ વિગેરે સર્વ સૂક્ષ્મ પદાર્થોમાં જે કુશળ હોય તે તેવા પ્રકારના શ્રાવક રાજાની જેમ પ્રવચન કુશળ જાણવો. ૫૪.

## શ્રાવકધર્મી રાજાની કથા—

પૃથ્વીપુર નામના નગરમાં પદ્મશેખર નામે રાજા હતો. તેણે બાલ્યાવસ્થાથી જ સાધુઓની સેવા કરીને જીવાદિક પદાર્થોનું જ્ઞાન ઉપાર્જન કર્યું હતું, તે પ્રવચનની પ્રભાવના કરવામાં મુખ્ય હતો, અને ઉત્કૃષ્ટ શ્રાવક હતો. તે સમગ્ર પ્રાણીઓ ઉપર વત્સલતાને લીધે સર્વ લોકોની પાસે જિનધર્મની પ્રરૂપણા કરતો હતો, જીવદયાના ગુણોનું વર્ણન કરતો હતો, સાધુધર્મને વખાણતો હતો, સાધુઓના પ્રમાદ રહિતપણાની પ્રશંસા કરતો હતો, અને અપ્રમાદ જ મોક્ષ સુખની સંપત્તિ છે એમ કહેતો હતો. તેથી તેણે પોતાના રાજ્યમાં પ્રાયે કરીને સમગ્ર લોકમાં જૈનધર્મ પ્રવર્ત્તાવ્યો. અને જેઓ અન્ય મતના વાદી હતા તેઓનો પણ તેણે જિનાગમમાં પ્રસિદ્ધ એવા હેતુ, દૃષ્ટાંત અને યુક્તિએ કરીને પરાજય કર્યો હતો, કે જેથી તે રાજાના વચનને તેઓ અન્યથા કરી શકતા નહીં. પરંતુ એક શ્રેષ્ઠીપુત્ર કોઇ પણ રીતે બોધ પામ્યો નહીં. તે દુઃખી જીવોને મારી નાંખવામાં પુણ્ય માનતો હતો, કેમકે દુઃખી જીવોને મારવાથી તેઓ દુઃખનો ત્યાગ કરી ફરીને સારી ગતિ પામે છે એવી તે પ્રરૂપણા કરતો હતો. તેમજ અપ્રમાદ ધર્મનું મૂળ છે એવા જિનેશ્વરના ઉપદેશને મસ્તકની વેદના ઉપશમાવવા

માટે તક્ષક નાગના મસ્તક પર રહેલા મણિનું જળ છાંટવાના ઉપદેશ સમાન માનતો હતો. કારણ કે પવનથી ફરકતા ધ્વજપટના અગ્રભાગ જેવું ચંચળ ચિત્ત એક જ વિષયમાં સ્થિર કરવું અશક્ય છે, અને પોતપોતાના વિષયોમાં દોડતી–પ્રવર્તતી ઇંદ્રિયોનું નિવારણ કરવું પણ અશક્ય છે. આ પ્રમાણે તે વાચાળપણાએ કરીને ધર્મી લોકોને પણ મોહ પમાડતો હતો. તેની રાજાને ખબર પડી, તેથી તેને સમજાવવાના હેતુથી રાજાએ જક્ષ નામના પોતાના સેવકને તે કાર્યમાં નીમ્યો, તેને યોગ્ય શિક્ષા આપી મોટા મૂલ્યવાળું માણિક્યનું એક આભૂષણ આપ્યું અને કહ્યું કે–" આ આભૂષણ તે શ્રેષ્ઠીપુત્રના રત્નના અલંકારોની પેટીમાં ગુપ્ત રીતે નાંખીને મને ખબર આપવા. " તે સાંભળી જક્ષે પણ કહ્યું કે—" આપનો જે મત છે તે મારે પણ સંમત છે. " એમ કહી તેણે તે શ્રેષ્ઠીપુત્રની સાથે મૈત્રી કરી. કોઇ વખત અવસર જોઇ તેણે તે આભરણ તેના અલંકારની પેટીમાં નાંખ્યું, અને રાજાને તે વાત જણાવી. પછી રાજાએ પડહ વગડાવી સમગ્ર નગરમાં આઘોષણા કરાવી કે–" રાજાનું આભરણ ખોવાયેલું છે, તે જો કોઇને હાથ લાગ્યું હોય અથવા કોઇએ કોઇ પાસે વેચ્યું હોય તો તેણે હમણાં લાવીને રાજાને આપવું. તેમ કરવાથી તેનો અપરાધ ગણાશે નહીં, પરંતુ ઉલટો તેનાપર રાજા પ્રસન્ન થશે. અને જો પાછળથી જાણવામાં આવશે તો તેનો દેહાંત દંડ થશે. " આ પ્રમાણે ત્રણ વાર આઘોષણા કરાવી. પછી પુરના લોકો સહિત પોતાના સેવકોને રાજાએ દરેક ઘરની જડતી લેવાની આજ્ઞા આપી. ત્યારે તેઓએ દરેક ઘરમાં ગવેષણા કરતાં અનુક્રમે તે શ્રેષ્ઠીપુત્રના ઘરની જડતી લેતાં તેની પેટીમાં તે આભરણ જોયું. તેઓએ તેને પૂછયું કે—"આ આભરણ અહીં ક્યાંથી ?" તે બોલ્યો– "હું કાંઇ જાણતો નથી, અને આ મારૂં પણ નથી." તેઓએ પૂછયું— " કોનું છે ? " તેણે જવાબ આપ્યો—" તે પણ હું જાણતો નથી. " તે સાંભળી " અરે ! કેમ તું જાણતો નથી ? " એમ કહી રાજાના સુભ-

ટોએ તેને પકડ્યો, અને રાજાની પાસે લઇ ગયા. રાજાએ પણ તેને વધની શિક્ષા કરવા આજ્ઞા આપી. તે પ્રત્યક્ષ રીતે ચોર સિદ્ધ થયો તેથી કોઇએ તેને મૂકાવ્યો નહીં. ત્યારે તેની જીવિતની આશા નષ્ટ થઇ, તે દીન થયો, તેના મનમાં તે અત્યંત દુઃખી થયો, અને છેવટ જક્ષના મુખ સામું જોઇ તે બોલ્યો કે—"હે મિત્ર! તું રાજાને વિનંતિ કર, અને દુષ્કર દંડથી પણ મને પ્રાણભિક્ષા અપાવ." તે સાંભળી જક્ષે રાજાને વિજ્ઞપ્તિ કરી કે—"હે દેવ! આ મારો મિત્ર છે, તેથી તેના જીવિતની રક્ષા કરવા કૃપા કરો, અને બીજો કોઇપણ દંડ કરો." રાજાએ કહ્યું કે—"મારેલા જીવો સારી ગતિને પામે છે, તો કેમ તું તારા મિત્રની સારી ગતિ ઇચ્છતો નથી?" જક્ષ બોલ્યો—"સદ્ગતિથી સર્યું. જીવતો નર ભદ્રા પામે છે." ત્યારે રાજાએ કહ્યું કે—"જો મારી પાસેથી તેલનું પરિપૂર્ણ ભરેલું પાત્ર બે હાથે ગ્રહણ કરી તેમાંથી એક બિંદુને પણ પાડ્યા વિના આખા નગરમાં ત્રિક, ચતુષ્ક, ચત્વર અને શેરી વિગેરે સર્વ સ્થળોમાં ભમી મારી પાસે લાવી તે પાત્ર મૂકે તો હું તેને છોડું." તે સાંભળી જીવિતના અર્થી શ્રેષ્ઠીપુત્રે તે પણ અંગીકાર કર્યું. પછી રાજાએ આખા નગરમાં ઠેકાણે ઠેકાણે વિવિધ પ્રકારના કૌતુક અને કોલાહલે કરીને સહિત એવાં નાટકો કરવાની આજ્ઞા કરી. શ્રેષ્ઠીપુત્ર તે વિષયોમાં વિશેષ રસિક હતો અને રાજાએ સાથે રાખેલા સુભટો તેને વારંવાર ભય પમાડતા હતા તોપણ જીવિતના લોભથી તેલના પાત્ર ઉપરજ નેત્રને અને ચિત્તને સ્થિર કરી આખા નગરમાં ભમી રાજાની સમીપે આવ્યો. તેની પાસે પાત્ર મૂકી તેના ચરણમાં નમ્યો. રાજાએ કહ્યું—"હે શ્રેષ્ઠીપુત્ર! મન અને લોચન અત્યંત ચપળ છે, તેમજ નાટક વિગેરે તને અત્યંત પ્રિય છે તોપણ તેં શી રીતે તેને રૂંધ્યાં?" તે બોલ્યો—"હે સ્વામી! મરણના ભયથી મેં રૂંધ્યાં." રાજાએ કહ્યું—"જો તેં એકજ મરણના ભયથી આ પ્રમાણે અપ્રમાદ સેવ્યો તો અનંત જન્મ અને મરણથી ભય પામેલા સાધુઓ કેમ ન સેવે?" તે સાંભળી તે શ્રેષ્ઠીપુત્ર પ્રતિબોધ

પામ્યો. તેથી તે મુખ્ય શ્રાવક થયો. આ પ્રમાણે તે રાજાએ ઘણા જીવોને જિનધર્મ પમાડ્યો. આવો જે પ્રવચન કુશળ હોય તે ભાવશ્રાવક કહેવાય છે.

## હવે પ્રવચન કુશળતાને સમાપ્ત કરે છે.

**एसो पवयणकुसलो, छब्भेओ मुणिवरेहि निद्दिट्ठो ।**
**किरियागयाइं छ च्चिय, लिंगाइं भावसड्ढस्स ॥ ५५ ॥**

મૂલાર્થ—મુનિવરોએ આ છ પ્રકારનો પ્રવચન કુશળ કહ્યો છે. ભાવશ્રાવકના ક્રિયાને આશ્રીને આ છ જ લિંગ છે.

ટીકાર્થ—આ ઉપર કહેલા સ્વરૂપવાળો પ્રવચન કુશળ છ પ્રકારે મુનિવરોએ—પૂર્વાચાર્યોએ કહેલો છે. આ કહેવાથી છ પ્રકારનું શ્રાવકલિંગ સમાપ્ત થયું, તે કહે છે—ક્રિયાગત એટલે ક્રિયાથી ઓળખાતાં **चिय** શબ્દનો નિશ્ચય અર્થ હોવાથી છ જ લિંગો-લક્ષણો ભાવશ્રાવકનાં છે. જેમ અગ્નિનું લિંગ-લક્ષણ ધૂમાડો છે, તેમ ભાવશ્રાવકનાં આ પૂર્વોક્ત લિંગો છે. ૫૫.

## અહીં કોઇ શંકા કરે કે—ક્રિયાને આશ્રીને આ છ લિંગો કહ્યાં ત્યારે શું બીજાં પણ લિંગો છે? તેનો જવાબ આપે છે કે—હા છે. તે વિષે કહે છે.—

**भावगयाइं सतरस, मुणिणो एयस्स बिंति लिंगाइं ।**
**जाणियजिणमयसारा, पुव्वायरिया जओ आहु ॥ ५६ ॥**

મૂલાર્થ—આનાં ભાવગત સતર લિંગોને મુનિઓ કહે છે. કારણ કે જિનમતના તત્ત્વને જાણનારા પૂર્વાચાર્યો તે વિષે આ પ્રમાણે કહેછે.

ટીકાર્થ—મુનિઓ એટલે સૂરિઓ આનાં એટલે શ્રાવકનાં ભાવગત એટલે ભાવના વિષયવાળાં સતર લિંગો કહે છે. જેથી કરીને જાણ્યો છે જિનમતનો સાર જેણે એવા પૂર્વાચાર્યો આ પ્રમાણે કહે છે. આમ કહેવાથી ગ્રંથકારે એવું સૂચવ્યું કે હું મારી બુદ્ધિની કલ્પનાથી કહેતો નથી. ૫૬

## પૂર્વાચાર્યો શું કહે છે? તે જ કહે છે.—

**इत्थिदियत्थसंसार–विसयआरंभगेहदंसणओ ।**
**गड्डरिगाइपवाहे, पुरस्सरं आगमपवित्ती ॥ ५७ ॥**
**दाणाइ जहासत्ती, पवत्तणं विहिररत्तदुट्ठे य ।**
**मज्झत्थमसंबध्धे, परत्थकामोवभोगी य ॥ ५८ ॥**
**वेसा इव गिहवासं, पालइ सत्तरसपयनिबध्धं तु ।**
**भावगय भावसावग–लक्खणमेयं समासेण ॥ ५६ ॥**

મૂલાર્થ—સ્ત્રી ૧, ઇંદ્રિય ૨, અર્થ ૩, સંસાર ૪, વિષય ૫, આરંભ ૬, ઘર ૭, દર્શન ૮, ગાડરીયો પ્રવાહ ૯, આગમ પૂર્વક પ્રવૃત્તિ ૧૦, દાનાદિકમાં યથાશક્તિ પ્રવૃત્તિ ૧૧, લજ્જા રહિત ૧૨, રાગ દ્વેષ રહિત ૧૩, મધ્યસ્થ ૧૪, અસંબદ્ધ ૧૫, પરને અર્થે કામ ઉપભોગને સેવનાર ૧૬, અને વેશ્યાની જેમ ગૃહવાસને પાળે ૧૭. આ પ્રમાણે સતર પદવાળું ભાવને આશ્રીને ભાવશ્રાવકનું લક્ષણ સંક્ષેપથી કહેલું છે.

ટીકાર્થ—આ પૂર્વાચાર્યોની રચેલી ગાથાઓની વ્યાખ્યા આ

પ્રમાણે છે—સ્રી, ઇંદ્રિય, અર્થ વિગેરે શબ્દોનો દ્વંદ્વ સમાસ છે. તેથી સ્રી, ઇંદ્રિય, અર્થ, સંસાર, વિષય, આરંભ, ઘર અને દર્શન એટલા શબ્દોનો દ્વંદ્વ સમાસ કરી છેડે દર્શન શબ્દને સપ્તમીના અર્થમાં **તસ્** પ્રત્યય લગાડયો છે તેથી **दर्शनतः** એવું રૂપ થયું છે. તેથી કરીને આ સ્રી વિગેરેના વિષયમાં ભાવને આશ્રીને ભાવ શ્રાવકનું લક્ષણ થાય છે એમ ત્રીજી ગાથા સાથે સંબંધ કરવો. તથા ગડુરિકાદિક પ્રવાહના વિષયમાં, તથા **पुरस्सरं आगमप्रवृत्तिः** અહીં પ્રાકૃતપણાને લીધે અને છંદોભંગના ભયને લીધે **आगम** શબ્દ પહેલો નહીં મૂકતાં પાછળ લખ્યો છે તેથી આગમ પૂર્વક પ્રવૃત્તિ એટલે ધર્મકાર્યમાં પ્રવર્તવું તે પણ ભાવગત લિંગ છે, તથા દાનાદિકમાં યથાશક્તિ પ્રવર્તવું તે પણ ભાવગત લિંગ છે. અહીં મૂળમાં **जहासत्ती** એ ઠેકાણે પ્રાકૃત હોવાથી **त्ती** દીર્ઘ થયો છે. તથા **विह्रीकः**—લજ્જા રહિત એટલે કે ધર્મક્રિયા કરતાં લજ્જા પામે નહીં, અને સંસારના પદાર્થો ઉપર રાગદ્વેષ કરે નહીં, તથા મધ્યસ્થ એટલે ધર્મના વિચારમાં રાગદ્વેષથી બાધા પામે નહીં, તથા અસંબદ્ધ એટલે ધન, સ્વજન વિગેરે ઉપર ભાવ પ્રતિબંધ ( મૂર્છા ) રાખે નહીં, તથા પરાર્થ કામોપભોગી એટલે પરના આગ્રહથી જ શબ્દાદિક પાંચ પ્રકારના કામભોગમાં પ્રવૃત્તિ કરે, તથા કામુક પુરૂષની સાથે વેશ્યાની જેમ આસક્તિ રહિત ગૃહવાસનું પાલન કરે, એટલે કે આજકાલ હું આ સંસારનો ત્યાગ કરીશ એવી ભાવના ભાવે. આ પ્રમાણે સતર પ્રકારના પદમાં બાંધેલું—કહેલું ભાવગત એટલે મનના પરિણામરૂપ ભાવ શ્રાવકનું લક્ષણ સમાસે કરીને એટલે સૂચન માત્રે કરીને ( સંક્ષેપે કરીને ) કહેલું છે. મૂળગાથામાં **भावगतं** એ પદ જાતિને માની એક વચનમાં લખ્યું છે, તથા અનુસ્વારનો લોપ પ્રાકૃતને લીધે કર્યો છે.

## હવે તે સતર પ્રકારના લિંગને વિસ્તારથી કહેવા માટે સતર ગાથાઓ કહે છે—

**इत्थीमणत्थभवणं, चलचित्तं नरयवत्तिणी भूयं ।**
**जाणंतो हियकामी, वसवत्ती होइ न हु तीसे ॥ ६० ॥**

મૂલાર્થ—સ્ત્રી અનર્થનું સ્થાન છે, તેનું ચિત્ત ચલાયમાન છે, અને તે નરક ગતિના માર્ગરૂપ છે. એમ જાણી હિતના અર્થી પુરૂષે તેણીને વશ થવું નહીં.

ટીકાર્થ—સ્ત્રી અનર્થોનું એટલે દોષોનું ભવન એટલે આશ્રયસ્થાન છે. કહ્યું છે કે—" અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, અતિલોભ, અપવિત્રતા અને નિર્દયતા આટલા સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે. " તથા સ્ત્રીઓનું ચિત્ત ચંચળ હોય છે, એટલે કે તેઓ અન્ય અન્યની ઇચ્છા કરનારી હોય છે. કહ્યું છે કે—" સ્ત્રી પોતાના મનમાં અન્યને ચિંતવે છે, બીજાની સાથે મધુર વાણીથી વાતો કરે છે, દૃષ્ટિએ કરીને બીજાની સન્મુખ જુએ છે, અને શરીરવડે બીજાની સાથે ક્રીડા કરે છે. " તથા સ્ત્રી નરકના માર્ગતુલ્ય છે, એ પ્રમાણે જાણતો હિતકામી એટલે પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છનાર પુરૂષ તેવી સ્ત્રીને આધીન થતો નથી. પરંતુ તે આ પ્રમાણે વિચાર કરે છે—" સ્ત્રીઓ જાણે કે મત્સ્યસમૂહને પકડવાની જાળ હોય, પાશમાં પકડાયેલા પ્રાણીઓનું (પક્ષીઓનું જ) દૃઢ બંધન હોય, મૃગોના સમૂહને પકડવા માટે સર્વ દિશાઓમાં પાથરેલી વાગુરા હોય તથા ઇચ્છા પ્રમાણે ભ્રમણ કરનારા પક્ષીઓના સમૂહને પૂરવાના પાંજરા હોય તેમ આ સંસારમાં વિવેકરહિત મનવાળા પુરૂષોના બંધનને માટે જ છે. " ૬૦.

તથા—

**इंदियचवलतुरंगे, दोग्गइमग्गाणुधाविरे निच्चं ।**
**भावियभवस्सरूवो, रुंभइ सन्नाणरस्सीहिं ॥ ६१ ॥**

મૂલાર્થ—નિરંતર દુર્ગતિના માર્ગ તરફ દોડનારા ઇંદ્રિયોરૂપી ચપળ અશ્વોને સંસારનું સ્વરૂપ જાણનાર પુરૂષ સત્યજ્ઞાનરૂપી ચોકડાએ કરીને રોકી રાખે છે.

ટીકાર્થ—ઇંદ્રિયો જ શીઘ્ર ગતિ કરનાર હોવાથી ચપળ ઘોડા જેવી છે. અને તે દુર્ગતિના માર્ગ તરફ એટલે કુયોનિના માર્ગ તરફ દોડવાના સ્વભાવવાળી છે, તેથી તેને હમેશાં જેણે વારંવાર સંસારનું સ્વરૂપ ભાવ્યું-વિચાર્યું હોય તેવો પુરૂષ સત્ય જ્ઞાનરૂપી રશ્મિએ કરીને એટલે શ્રુતરૂપી ચોકડાએ કરીને રોકી રાખે છે એટલે પાછી વાળે છે. તે આ પ્રમાણે—" ઇંદ્રિયોને વશ થયેલા પ્રાણીઓ તપ, કુળ અને કાંતિથી ભ્રષ્ટ થાય છે, તેનું પંડિતપણું નાશ પામે છે. તેઓ અનિષ્ટ માર્ગે ગમન કરે છે અને રણસંગ્રામ વિગેરેનાં દુઃખો અનુભવે છે." તથા—" આ જીવોરૂપી પૃથ્વી ઉપર સમયરૂપી ચોપાટનું પાટીયું માંડેલું છે, તેમાં શુકલ અને કૃષ્ણ પક્ષરૂપી ઘર (ખાનાં) છે, દિવસ અને રાત્રિરૂપી સોગઠાં છે. તેમાં ક્રીડા કરતાં કોઇકજ જીવ ઇંદ્રિયોરૂપી પાસાને સવળા નાંખી મોક્ષરૂપી દ્રવ્યને જીતે છે, અને બીજાઓ તે પાસાને અવળા નાંખી પ્રાપ્ત થયેલી જીતને પણ હારી જાય છે. ૬૧.

તથા—

**सयलाणत्थनिमित्तं, आयासकिलेसकारणमसारं ।**
**नाऊण धणं धीरो, न हु लुब्भइ तम्मि तणुयं पि ॥ ६२ ॥**

મૂલાર્થ—ધન સમગ્ર અનર્થોનું નિમિત્ત છે, અને આયાસ તથા કલેશનું કારણ છે. તેમ જ અસાર છે. એમ જાણીને ધીરપુરૂષ તેમાં લેશ માત્ર પણ લોભ કરતો નથી.

ટીકાર્થ—અહીં ધનને આવા પ્રકારનું જાણી તેમાં ધીર પુરૂષ લોભ કરતો નથી એવો સંબંધ કરવો. ધન કેવું છે ? તે કહે છે—સકલ અનર્થનું નિમિત્ત છે એટલે સમસ્ત દુઃખનું કારણ છે. કહ્યું છે કે—

"ધનને ઉપાર્જન કરવામાં દુઃખ છે, ઉપાર્જન કર્યા પછી તેનું રક્ષણ કરવામાં પણ દુઃખ છે, તેનો નાશ થાય તે વખતે પણ દુઃખ છે તથા તેનો ખર્ચ કરવામાં પણ દુઃખ છે. માટે ધિક્કાર છે કે ધન જ દુઃખનું સ્થાન છે " તથા આયાસનું એટલે ચિત્તના ખેદનું કારણ છે. કહ્યું છે કે—" શું મારૂં ધન રાજા લૂંટી લેશે ? કે અગ્નિ બાળી નાંખશે ? કે બળવાન થયેલા પિત્રાઇઓ લઇ લેશે ? ચારા ચારી જશે ! કે પૃથ્વીમાં દાટયા છતાં નાશ પામશે ? આ પ્રમાણે નિરંતર ધ્યાન કરતો ધનિક પુરૂષ રાત દિવસ અત્યંત દુઃખી રહે છે. " તથા કલેશનું એટલે શરીરના પરિશ્રમનું કારણ છે. કહ્યું છે કે—" ધનને માટે થઇને કેટલાએક મનુષ્યો મગર વિગેરે જળચરાના સમૂહથી ભરેલા સમુદ્રને તરે છે, બીજા કેટલાએક મનુષ્યો તીક્ષ્ણ શસ્ત્રોના આઘાતથી ઉત્પન્ન થયેલા અગ્નિના કણિયાઓથી ભયંકર એવા યુદ્ધમાં પ્રવેશ કરે છે, કેટલાએક ટાઢ, તડકો, પાણી અને વાયુવડે શરીરને ગ્લાનિ પમાડી ખેતીનું કર્મ કરે છે, કેટલાએક અનેક પ્રકારના શિલ્પકર્મને કરે છે, અને કેટલાએક નાટક વિગેરે કરે છે. " તથા ધન અસાર છે, કેમકે તે સારૂં ફળ આપતું નથી. કહ્યું છે કે—" ધન વ્યાધિઓને રૂંધી શકતું નથી, મરણ, જન્મ અને વૃદ્ધાવસ્થાનો ક્ષય કરવામાં સમર્થ નથી, ઇષ્ટના વિયોગનો નાશ કરી શકતું નથી, અનિષ્ટના સંયોગનું હરણ કરી શકતું નથી, અન્ય જન્મમાં સાથે આવતું નથી, તથા પ્રાયે કરીને ચિંતા, બંધુ સાથે વિરોધ, વધ, બંધન અને ત્રાસનું સ્થાનરૂપ છે. તેથી કરીને વિદ્વાન પુરૂષ ધનને એક ક્ષણમાત્ર પણ સુખકારક માનતો નથી. " આવા પ્રકારનું ધન જાણીને બુદ્ધિમાન પુરૂષ તે દ્રવ્ય ઉપર જરા પણ લોભ પામતો નથી, ઘણો લોભ તો શાનો જ કરે ? એ ' પણ ' શબ્દનો ભાવાર્થ છે. જે ભાવશ્રાવક હોય તે અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવામાં પ્રવર્તતો નથી, તેમજ ઉપાર્જન કરેલા દ્રવ્ય ઉપર અતિ તૃષ્ણાવાળો થતો નથી. પરંતુ તે આ પ્રમાણે વર્તે છે—" આવકમાંથી ચોથો ભાગ નિધાનમાં નાંખવો, ચોથો ભાગ વેપારમાં રાખવો,

ચોથો ભાગ ધર્મ અને ઉપભોગમાં વાપરવો અને ચોથો ભાગ ભરણ-પોષણ કરવા લાયક કુટુંબાદિકના પોષણમાં રાખવો. ઈચ્છાથી અથવા અનિચ્છાથી પણ મારૂં સર્વ ધન હંમેશાં દરેક ભવે ચૈત્ય અને સાધુજનોના ઉપયોગમાં આવો." આ પ્રમાણે મનોરથ કરી દ્રવ્યનું પાલન વિગેરે કરે છે. ૬૨.

તથા—

**दुहरूवं दुक्खफलं, दुहाणुबंधिं विडंबणारूवं।**
**संसारमसारं जा–णिऊण न रइं तहिं कुणइ ॥ ६३ ॥**

મૂલાર્થ—સંસાર દુઃખરૂપ છે, દુખરૂપ ફળને આપનાર છે, દુઃખનો અનુબંધ કરનાર છે, વિટંબણા રૂપ છે અને અસાર છે, એમ જાણી ( ભાવશ્રાવક ) તેમાં પ્રીતિ કરતો નથી.

ટીકાર્થ—ઉપરની ગાથાની જેમ અહીં પણ તેવા સંસારમાં પ્રીતિને કરતો નથી એમ સંબંધ કરવો. શું કરીને ? સંસારને આવો જાણીને. સંસાર કેવો ? તે કહે છે-દુઃખરૂપ એટલે સંસાર દુઃખના સ્વભાવવાળો છે. કહ્યું છે કે-" સંસારમાં જે જન્મ થવો તે દુઃખ છે, જે વૃદ્ધાવસ્થા તે પણ દુઃખ જ છે, જે વ્યાધિઓ તે પણ દુઃખ જ છે અને જે મરણ થવું તે પણ દુઃખ જ છે. અહો ! આ સંસાર જ દુઃખ-રૂપ છે કે જેમાં રહેલા જંતુઓ કેવળ કલેશને જ પામે છે." તથા સંસાર દુઃખના ફળવાળો છે, કારણ કે જન્માંતરમાં નરકાદિક દુઃખને આપનાર છે. તથા સંસાર દુઃખનો અનુબંધી છે એટલે વારંવાર દુઃખની શ્રેણીનો સંબંધ કરે છે. કહ્યું છે કે-" જયાંસુધી આ સંસાર વિદ્યમાન છે અને જ્યાંસુધી આ સંસારમાં જીવનો નિવાસ છે ત્યાંસુધી અનંતા જન્મમરણોનો અંત ક્યાંથી હોય ?" તથા વિડંબનાની જ જેમ આ સંસારમાં જીવોનાં વિચિત્ર રૂપો છે. તે વિષે કહ્યું છે કે-" આ જીવ કોઇવાર દેવ થાય છે તો કોઇ વાર નારકી થાય છે, કોઇવાર કીટ પતંગ થાય છે તો કોઇવાર મનુષ્ય થાય છે, કોઇવાર રૂપવાન થાય છે

તો કોઇવાર વિરૂપ થાય છે અને કોઈવાર સુખી થાય છે તો કોઇવાર દુ:ખી થાય છે." ઇત્યાદિ આવા પ્રકારના ચાર ગતિરૂપ સંસારને સુખરૂપી સારનો અભાવ હોવાથી અસારરૂપ જાણીને ભાવ શ્રાવક તેમાં રતિ-પ્રીતિ કરતો નથી. પરંતુ તે આ પ્રમાણે વિચારે છે-" જેઓ અનુત્તર મોક્ષમાં ગયા છે તે સત્પુરૂષોને ધન્ય છે, કે જેથી કરીને ત્યાં જીવોને કર્મબંધનું કારણ રહેતું નથી." ૬૩.

તથા—

**खणमेत्तसुहे विसए, विसोवमाणे सयावि मन्नंतो ।**
**तेसु न करेइ गिद्धिं, भवभीरू मुणियतत्तत्थो ॥ ६४ ॥**

મૂલાર્થ--ક્ષણમાત્ર સુખ આપનારા વિષયોને સર્વદા વિષ સમાન માનતો, ભવભીરૂ અને તત્ત્વાર્થને જાણનાર પુરૂષ તેમાં આસક્તિ કરતો નથી.

ટીકાર્થ—જેનાથી ક્ષણ માત્ર સુખ થાય છે તેવા શબ્દાદિક વિષયોને હમેશાં વિષ સમાન-પરિણામે દારૂણ જાણનાર એટલે કે જેમ વિષ ખાતી વખતે મધુર સ્વાદ આવે છે, પરંતુ પરિણામે પ્રાણનો વિનાશ કરે છે, તેમ આ વિષયો પણ પરિણામે નીરસ થાય છે. તે વિષે વાચકવર કહે છે કે-" વિષયો આરંભમાં અતિ અભ્યુદયવાળા લાગે છે, મધ્યમાં શૃંગાર અને હાસ્યના દેદીપ્યમાન રસને આપે છે, તથા પરિણામે બીભત્સ, કરૂણા, લજ્જા અને ભયને આપનારા થાય છે. જો કે વિષયો સેવન કરતી વખતે મનની તુષ્ટિને કરનારા થાય છે, તો પણ પાછળથી કિંપાક ફળના ભક્ષણની જેમ તેનું પરિણામ અત્યંત દુ:ખકારક થાય છે." આ પ્રમાણે જાણતો ભાવ શ્રાવક તે વિષયોમાં અતિ આસક્તિ કરતો નથી. અને ભવભીરૂ એટલે સંસાર વાસથી ચકિત મનવાળો તે આ પ્રમાણે વિચાર કરે છે કે-" સમકિત દૃષ્ટિવાળો અને આગમનો અભ્યાસી હોય તો પણ જો અત્યંત વિષય રાગના સુખને વશ થયેલો હોય તો તે સત્યકિની જેમ આ દુરંત સંસારમાં ભ્રમણ

કરે છે." શામાટે તે આસક્તિ કરતો નથી? જેથી કરીને તે તત્ત્વાર્થનો જાણ છે એટલે કે જિનવચનનું શ્રવણ કરવાથી તેણે વિષયોનુ અસારપણું જાણેલું છે. જિનેશ્વરનું વચન આ પ્રમાણે છે.-" વિષયોમાં લેશ પણ સુખ નથી, તોપણ તેમાં જીવોને જે સુખની માન્યતા છે તે નેત્રમાં પિત્તના ( કમળાના ) વ્યાધિવાળા મનુષ્યને પથ્થર ઉપર સુવર્ણની બુદ્ધિ થાય તેવું છે." તથા-" કિંપાકના ફળની જેમ વિષયો ભોગવતી વખતે મધુર લાગે છે પણ પરિણામે નીરસ થાય છે, કચ્છૂની[1] ખરજની જેમ પ્રથમ સુખની બુદ્ધિ આપીને પરિણામે દુ:ખ ઉત્પન્ન કરે છે, મધ્યાન્હ સમયની મૃગતૃષ્ણાની જેમ મિથ્યાભ્રાંતિને કરનારા છે, તથા મહા શત્રુ જેવા ભોગો ભોગવ્યાથી નીચ યોનિમાં જન્મ પરંપરાને આપે છે. ૬૪.

તથા—

**वज्जइ तिव्वारंभं, कुणइ अकामो अनिव्वहंतो उ ।**
**थुणइ निरारंभजणं, दयालुओ सव्वजीवेसु ॥ ६५ ॥**

મૂલાર્થ—ભાવશ્રાવક તીવ્ર આરંભને વર્જે છે, નિર્વાહ નહીં પામવાથી કદાચ આરંભ કરે તોપણ તેમાં મંદ આદરવાળો હોય છે, આરંભ રહિત જનોની સ્તુતિ કરે છે અને સર્વ જીવો ઉપર દયાળુ હોય છે.

ટીકાર્થ—તીવ્ર આરંભ એટલે ઘણા પ્રાણીઓની પીડાના હેતુરૂપ ખરકર્માદિક વેપારને ઢંઢણ કુમારાદિકના વૃત્તાંત સાંભળવાથી કરતો નથી. આરંભ વિના જો નિર્વાહ ન થતો હોય તો મંદ આદરથી કરે છે. ગાથામાં **તુ** શબ્દ છે તે વિશેષણના અર્થવાળો છે તેથી તેનું વિશેષણ આ પ્રમાણે છે-સશૂક એટલે ગુરૂ અને લઘુપણાનો વિચાર કરવા પૂર્વક આરંભમાં પ્રવર્ત્તે છે, પરંતુ નિર્દયવૃત્તિથી પ્રવૃત્તિ કરતો નથી. કહ્યું છે કે-" જો કે સમકિતદષ્ટિ જીવ કાંઇક પણ પાપનો આરંભ

૧ ખસ અથવા દાદર.

કરે છે તોપણ તેને કર્મનો બંધ અલ્પ જ હોય છે. કારણ કે તે નિર્દયપણે કરતો નથી.” તથા આરંભ રહિત એટલે સાધુજનોની સ્તુતિ-પ્રશંસા કરે છે. તે આ પ્રમાણે-“મહામુનિઓને ધન્ય છે. કારણ કે તેઓ મનવડે પણ પરપીડા ઉપજાવતા નથી, આરંભના પાપથી રહિત છે, અને ત્રિકોટિ[૧] શુદ્ધ આહારને ગ્રહણ કરે છે.” તથા સર્વ પ્રાણીઓ ઉપર દયાળુ હોય છે. કહ્યું છે કે—“જે કોઇ મનુષ્ય એક પોતાના જીવિતને માટે થઇને ઘણા કરોડો જીવોને દુઃખમાં સ્થાપન કરે છે તેઓનું જીવિત શું શાશ્વતું છે?” ઇત્યાદિક ભાવશ્રાવક વિચારે છે. ૬૫.

**गिहवासं पासं पि व, मन्नंतो वसइ दुक्खिओ तम्मि ।**
**चारित्तमोहणिज्जं, निज्जिणिउं उज्जमं कुणइ ॥ ६६ ॥**

મૂલાર્થ—“ભાવશ્રાવક ગૃહવાસને પાશ જેવો માની તેમાં દુઃખે જ વસે છે, અને ચારિત્ર મોહનીય કર્મને જીતવા માટે ઉદ્યમ કરે છે.

ટીકાર્થ—ગૃહવાસને એટલે ગૃહસ્થાશ્રમને પાશની જેમ માનતો ભાવશ્રાવક તે ગૃહવાસને વિષે દુઃખવાળો જ વસે છે-રહે છે. જેમ પાશમાં પડેલો પક્ષી ઉડી શકતો નથી, તથા તેમાં રહેવું તે કષ્ટકારક માને છે, તેમ અમે પણ સંસારથી ભય પામેલા છીયે તોપણ પ્રવ્રજ્યા લેવા શક્તિમાન નથી. તેમજ—“કાદવવાળા જળમાં ખુંચી ગયેલો હાથી જેમ સ્થળને જુએ છે તો પણ તે કાંઠે જઇ શકતો નથી તેજ પ્રમાણે અમે કામભોગમાં લુબ્ધ થયેલા છીયે તેથી સાધુના માર્ગને જોતા છતાં પ્રવ્રજ્યા લઇ શકતા નથી.” ઇત્યાદિ વિચાર કરતો ભાવશ્રાવક ગૃહને વિષે દુઃખી જ રહે છે. અને તેથી કરીને જ ચારિત્ર મોહનીય કર્મને જીતવા માટે-તેનો પરાભવ કરવા માટે ઉદ્યમ કર્યા કરે છે. એટલે કે ચારિત્રવાળા (સાધુઓ) ને દાન

૧ કરવું, કરાવવું અને અનુમોદવું.

દેવામાં, સન્માન કરવામાં, વિનય કરવામાં અને પ્રભાવનાદિક કરવામાં સર્વ પ્રકારે આદરપૂર્વક પ્રવર્તે છે, તેમના પર અપ્રીતિ કે નિંદાના લેશને પણ કરતો નથી. કહ્યું છે કે—" મોક્ષના કારણરૂપ આ મુનિઓના ગુણો તેમની નિંદા કરનાર મનુષ્યોને પામવા દુર્લભ છે, અને તેમની સ્નેહ સહિત પૂજા કરનારાઓને તે ગુણ અન્ય ભવમાં પણ સુલભ છે. તેથી મોક્ષના અર્થીએ આ પ્રમાણે વિચારીને મુનિજન ઉપર સર્વથા આદર કરવો, અને અનર્થ તથા કદર્થનાના સ્થાનરૂપ દ્વેષને હમેશાં દૂરથી જ તજવો યોગ્ય છે. ૬૬.

તથા—

**अत्थिक्कभावकलिओ, पभावणावन्नवायमाईहिं ।**
**गुरुभत्तिजुओ धीमं, धरेइ सइ दंसणं विमलं ॥ ६७ ॥**

મૂલાર્થ—આસ્તિક્યપણાએ કરીને સહિત, પ્રભાવના અને વર્ણવાદ વિગેરેવડે ગુરૂને વિષે વિશેષ ભક્તિવાળો અને બુદ્ધિમાન એવો ભાવશ્રાવક સર્વદા નિર્મળ સમકિતને ધારણ કરે છે.

ટીકાર્થ—ભાવશ્રાવક સમકિતને નિર્મળ એટલે કલંક રહિત ધારણ કરે છે એ પ્રમાણે ગાથાને અંતે સંબંધ કરવો. કેવો થઈને ધારણ કરે ? તે કહે છે.—દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વને વિષે આસ્તિકપણાનો જે ભાવ-પરિણામ તેણે કરીને યુક્ત એટલે કે— " જિનેશ્વરને મૂકીને, જિનધર્મને મૂકીને તથા જિનમતમાં રહેલા સાધુઓને મૂકીને બાકી રહેલો સર્વ સંસાર અરણ્ય જેવો શૂન્ય છે." ( સંસારમાં સાર માત્ર ઉપરોક્ત દેવ, ગુરૂ અને ધર્મ જ છે. ) એ પ્રમાણે નિશ્ચયવડે કરીને યુક્ત હોય છે. તથા પ્રભાવના આઠ પ્રકારની છે, તે આ પ્રમાણે—" પ્રાવચનિક ૧, ધર્મકથા કરનાર ૨, વાદી ૩, નિમિત્તજ્ઞ ૪, તપસ્વી ૫, વિદ્યાવાન ૬, સિદ્ધ ૭, અને કવિ ૮. આ આઠ પ્રભાવકો કહેલા છે. " આ પ્રકારની પ્રભાવનાને શક્તિ હોય તો પોતે કરે અને શક્તિ ન હોય તો પ્રભાવના કરનારને આશ્રય આપે

તથા તેનું બહુમાન કરે. તથા વર્ણવાદ એટલે પ્રશંસા, આદિ શબ્દ છે તેથી ચૈત્ય કરાવવું, તીર્થ યાત્રા કરવી એ વિગેરેએ કરીને ગુરૂને વિષે-ધર્માચાર્યને વિષે વિશેષભક્તિ યુક્ત થાય છે. કૃતજ્ઞતાના સાર રૂપ આ પ્રમાણે વિચાર કરે કે—“ સમકિત આપનાર ગુરૂનો પ્રત્યુપકાર ઘણા ભવોમાં હજારો અને કરોડો ઉપચારો કરવાથી પણ થઈ શકતો નથી. ” આ પ્રમાણે વિચારીને બુદ્ધિમાન ભાવશ્રાવક નિરંતર કલંક રહિત સમકિતને ધારણ કરે છે. ૬૭.

તથા—

**गड्डरिगपवाहेणं, गयाणुगइयं जणं वियाणंतो ।**
**परिहरइ लोगसन्नं, सुसमिक्खियकारओ धीरो ॥ ६८ ॥**

મૂલાર્થ--ગાડરીયા પ્રવાહે કરીને ગતાનુગતિક લોકને જાણી સારી રીતે વિચારીને કરનાર ધીર પુરૂષ લોકસંજ્ઞાનો ત્યાગ કરે છે.

ટીકાર્થ—ગડ્ડરિકા એટલે ગાડર, તેમનો પ્રવાહ એટલે એકની પાછળ સર્વનું ચાલવું તે. ગડ્ડરિકા પ્રવાહની દ્વાર ગાથા ( ૫૭ ) માં આદિ શબ્દ લખેલો છે તેથી કીટિકાદિ પ્રવાહ પણ જાણવો. તે પ્રવાહે કરીને ગતાનુગતિક એટલે વિચાર વિના આચરણ કરનાર લોકને જાણીને.

અહીં ઉદાહરણ એ છે જે—વારાણસી નામની નગરીમાં એકદા કોઇ મહોત્સવ હોવાથી લોકો સ્નાન કરવા માટે ગંગા નદીએ ગયા. ત્યાં કોઇ એક બ્રાહ્મણ આવ્યો, તેના હાથમાં તામ્રપત્ર હતું, તે સ્નાન કરવાની ઇચ્છાવાળો થયો, તેથી ચોરના ભયને લીધે તેણે તે તામ્રપાત્ર નદીની રેતીમાં દાટયું. પછી નિશાનીને માટે ઉપર રેતીનો ઢગલો કર્યો,અને પછી તે પાણીમાં ઉતર્યો. તે જોઇ અન્ય અન્ય જનોએ પણ તેજ પ્રમાણે કર્યું. તેથી તે નદીનો સમગ્ર કાંઠો રેતીના સેંકડો ઢગલાથી વ્યાપ્ત થયો. પછી તે બ્રાહ્મણ સ્નાન કરી બહાર નીકળ્યો. પરંતુ

કયા ઢગલામાં પોતાનું તામ્રપાત્ર છે ? તે તે ઓળખી શકયો નહીં. નવા નવા મનુષ્યોને નવા નવા ઢગલા કરતા જોઇ તેણે પૂછયું કે—"હે લોકો ! તમે કેમ આ ઢગલા કરો છો ?" ત્યારે તેઓ પોતાની પહેલાં જેણે ઢગલા કર્યા હતા તેને બતાવવા લાગ્યા. પરંપરાએ કરીને છેવટ એક મનુષ્યે કહ્યું કે—"હે ભટ્ટ ! તને જ મેં ઢગલો કરતો જોયો. તેથી મેં ધાર્યું કે આવો જ અહીં વિધિ હશે, એમ જાણીને મેં પણ ઢગલો કર્યો." તે સાંભળી ભટ્ટ બોલ્યો કે—"મેં વિધિ ધારીને ઢગલો કર્યો નથી પરંતુ મેં મારૂં ભાજન દાટયું હતું તેની નિશાનીને માટે કર્યો હતો, તે તમો સર્વેએ ઢગલા કરીને મારો ઢગલો મને ભૂલવી દીધો છે." એમ કહી તે બ્રાહ્મણ બોલ્યો કે—"લોક ગતાનુગતિક છે, પણ લોક પરમાર્થને સમજતો નથી, જુઓ ! મૂર્ખ લોકે તામ્રપાત્ર ખોવરાવ્યું."

આવા પ્રકારના લોકોને જાણીને લોકસંજ્ઞાનો એટલે વિચાર કર્યા વિના જ રમણીય લાગે તેવી લોકરૂઢિનો ત્યાગ કરે છે. અને સારી રીતે વિચાર કરીને કાર્ય કરનાર બુદ્ધિમાન ભાવ શ્રાવક હોય છે. ૯૮ તથા—

**नत्थि परलोगमग्गे, पमाणमन्नं जिणागमं मोत्तुं ।**
**आगमपुरस्सरं चिय, करेइ तो सव्वकिच्चाइं ॥ ९९ ॥**

મૂલાર્થ—પરલોકના માર્ગમાં જિનાગમ વિના બીજું કાંઇ પણ પ્રમાણ છે નહીં. તેથી ભાવ શ્રાવક સર્વ ક્રિયાઓ આગમ પૂર્વક જ કરે છે.

ટીકાર્થ—પર એટલે પ્રધાન એવો લોક એટલે મોક્ષ, તેના માર્ગમાં એટલે જ્ઞાનાદિક ત્રણમાં, જિનાગમ એટલે રાગાદિકને જીતનારા જિનેશ્વરોએ રચેલા સિદ્ધાંતને મૂકીને બીજું કાંઇ પ્રમાણ એટલે પ્રતીતિનું કારણ છે નહીં. કારણકે તે જિનાગમમાં જ અસત્યપણાનો અભાવ છે. કહ્યું છે કે—"રાગથી, દ્વેષથી કે મોહથી અસત્ય વચન બોલાય છે. જેને આ દોષો ન હોય તેને અસત્ય બોલવાનું કારણ શું હોય ?"

વળી જિનાગમમાં પૂર્વાપર વિરોધ આવતો નથી કારણ કે—" જિનેશ્વરોએ જે પ્રમાણે ધર્મનું મૂળ દયા કહી છે તેજ પ્રમાણે સર્વ પ્રાણીઓને હિતકારક ક્રિયા પણ કહી છે. તથા જેમ આરંભમાં સામાયિક કહ્યું છે તે જ રીતે તેને પાલન કરનારા ક્ષમાદિક ગુણો પણ કહેલા છે." તેથી કરીને ચૈત્યવંદનાદિક સમગ્ર ક્રિયાઓ આગમ પૂર્વક જ એટલે આગમનના વચનનો વિચાર કરવા પૂર્વક જ કરે છે. અહીં **વિય** શબ્દનો અર્થ નિશ્ચયરૂપ થાય છે.

તેમાં ચૈત્યવંદનનો વિધિ દશ ત્રિકની આરાધના રૂપ કહેલો છે. તે વિષે આગમમાં કહ્યું છે કે—" ત્રણ નિસીહિ ૧, ત્રણ પ્રદક્ષિણા ૨, ત્રણ પ્રણામ ૩, ત્રણ પ્રકારની પૂજા ૪, ત્રણ અવસ્થાની ભાવના ૫, ત્રણ દિશામાં જોવાની વિરતિ ૬, ત્રણ વાર પગ નીચેની ભૂમિનું પ્રમાર્જન ૭, ત્રણ વર્ણાદિક ૮, ત્રણ મુદ્રા ૯ તથા ત્રણ પ્રકારનું પ્રણિધાન ૧૦. આ પ્રમાણે જે મનુષ્ય ઉપયોગ પૂર્વક ત્રણ કાળ જિનેશ્વરને દશ ત્રિક સહિત વંદના કરે તે મોક્ષ સ્થાન મેળવે છે. " ઇત્યાદિ હવે પૂજાવિધિ આ પ્રમાણે છે—દેવના ગુણોનું જ્ઞાન થવાથી તેવા પ્રકારના મનના પરિણામને અનુસરતું જે આદર સહિત પૂજન થાય તેજ દેવપૂજન ઇચ્છેલું છે. કહ્યું છે કે—" પૂજાને સમયે પવિત્ર થઇને ઉત્તમ પુષ્પાદિકવડે વિધિ પ્રમાણે ઉત્તમ સ્તુતિ અને સ્તોત્રની રૂચિવાળાએ જિન પૂજા કરવી. તે વખતે વસ્ત્રવડે નાસિકા બાંધવી અથવા જેમ સમાધિ ( મનની પ્રસન્નતા ) થાય તેમ વર્તવું, તથા શરીરને વિષે કંડૂયનાદિક પણ કરવું નહી. " હવે ગુરૂવંદના આ પ્રમાણે છે—છ સ્થાનકની આરાધનારૂપ, પચીશ આવશ્યકવડે વિશુદ્ધ અને બત્રીશ દોષ રહિત દ્વાદશાવર્ત વંદન કરવું જોઇયે. તેમાં છ સ્થાન આ પ્રમાણે કહ્યાં છે—" ઇચ્છા ૧, અનુજ્ઞા ૨, અવ્યાબાધ ૩, યાત્રા ૪, યાપના ૫ અને અપરાધની ક્ષામણા ૬, આ છ સ્થાનો વંદનને વિષે હોય છે. " પચીશ આવશ્યક આ પ્રમાણે છે—" બે અવનામના ( નમસ્કાર ) ૨, એક યથાજાતરૂપતા ૩, બાર આવર્ત ૧૫, ચાર વાર મસ્તક ૧૯,

ત્રણ ગુપ્તિ ૨૨, બે પ્રવેશ ૨૪ અને એકવાર નિર્ગમ ૨૫ એ પચીશ આવશ્યક છે. હવે બત્રીશ દોષોનાં નામ આ પ્રમાણે કહ્યાં છે—" અનાદત ૧, સ્તબ્ધ ૨, અપવિદ્ધ ૩, પરિપિંડિત ૪, ટોલક ૫, અંકુશ ૬, કચ્છપરિંગિત ૭, મત્સ્યોદ્વર્ત ૮, મનઃપ્રદુષ્ટ ૯, વેદિકાબદ્ધ ૧૦, ભયભીત ૧૧, ભજના ૧૨, મૈત્રી ૧૩, ગૌરવ ૧૪, કારણ ૧૫, સ્તેનિક ૧૬, પ્રત્યનીક ૧૭, રૂષ્ટ ૧૮, તર્જિત ૧૯, શઠ ૨૦, હીલિત ૨૧, વિલુપ્ત ( પલિકુંચિત ) ૨૨, દષ્ટ અદષ્ટ ૨૩, શ્રૃંગ ૨૪, કરવંદન ૨૫, મોચન ૨૬, શ્લિષ્ટાશ્લિષ્ટ ૨૭, ઊન ૨૮, ઉત્તર ચૂલિકા ૨૯, મૂક ૩૦, ઢઢ્ઢર ૩૧ અને ચુડલિ ૩૨. " આ બત્રીશ દોષોની વ્યાખ્યા આ પ્રમાણે છે–" આદર રહિત વાંદવાથી અનાદત નામનો દોષ લાગે છે ૧, મન અને શરીરને શૂન્ય ( અક્કડ ) રાખી વાંદે તેને સ્તબ્ધ દોષ લાગે છે ૨, ઉપચાર રહિત અનિયમિતપણે વાંદે તેને અપવિદ્ધ દોષ લાગે છે ૩, આચાર્ય વિગેરે ઘણાને એકી સાથે વાંદે અથવા વાંદતાં ગુંચવાયેલા વચન બોલે તે પરિપિંડિત દોષ ૪, ટોલ એટલે ટીડની જેમ કૂદતાં કૂદતાં વાંદે તે ટોલક દોષ ૫, ગુરૂના ઉપકરણ વિગેરે પકડીને તેને નીચે બેસાડી વાંદે તે અંકુશ દોષ ૬, કાચબાની જેમ એકને વાંદી આગળ પાછળ ચાલી બીજાને વાંદે તે કચ્છપરિંગિત દોષ ૭, ઉઠતાં અને બેસતાં મત્સ્યની જેમ ઉછળી ઉછળીને વાંદે, અથવા એકને વાંદીને મત્સ્યની જેમ પાછો ફરે તે મત્સ્ય દોષ ૮, પોતાના અથવા પરના કારણને લીધે ગુરૂપર મનમાં દ્વેષ રાખીને વાંદે તે મનઃપ્રદુષ્ટ દોષ ૯, વેદિકા[1] પંચકને સારી રીતે વર્જ્યા વિના વાંદે તે વેદિકાબદ્ધ દોષ ૧૦, કાઢી મૂકવાદિકના ભયથી કૃતિકર્મ-વંદના

૧ વેદિકા પંચક આ રીતે છે–બે જાનુ ઉપર બે હાથ રાખવા ૧, અથવા જાનુની નીચે રાખવા ૨, અથવા પડખે રાખવા ૩, અથવા ઉત્સંગમાં બે હાથ રાખવા ૪, અથવા બે હાથની વચ્ચે એક જાનુ રાખવો તે ૫. આ રીતે રાખીને વાંદવાથી વેદિકાબદ્ધ દોષ લાગે છે.

કરે, પરંતુ નિર્જરાના હેતુથી વાંદે નહીં તે ભય દોષ ૧૧, આ મને ભજે છે અથવા ભજશે એવી બુદ્ધિથી વાંદે તે ભજના દોષ ૧૨, મિત્રાઈને માટે વાંદે તે મૈત્રી દોષ ૧૩, પોતાની ગૌરવતા થવાના હેતુથી વાંદે તે ગૌરવ દોષ ૧૪, હું વિધિનો જાણકાર છું, હું વિનયવાળો છું એવું દેખાડવાના કારણથી વાંદે તે કારણ દોષ. આ રીતે વાંદવાથી વંદનાનું કાંઇ ફળ મળતું નથી ૧૫, પોતાની લઘુતા થવાના ભયથી ગુપ્ત રીતે વાંદે તે સ્તૈન્ય દોષ ૧૬, ગુરૂને આહાર નીહારાદિકને સમયે વાંદે તે પ્રત્યનીક દોષ ૧૭, રોષથી કપાળ અને નેત્રના વિકાર સહિત વાંદે તે રૂષ્ટ દોષ ૧૮, અંગુલિ વિગેરે વડે ગુરૂને તર્જના કરી વાંદે તે તર્જિત દોષ ૧૯, આત્મવીર્યને ગોપવીને વાંદે તે શઠ દોષ ૨૦, હે વાચક ! હે ગણિ! એમ હાંસીના શબ્દ બોલવા પૂર્વક વાંદે તે હીલિત દોષ ૨૧, અર્ધ વંદના કરીનેજ વચ્ચે વિકથા કરતો વાંદે તે પલિકુંચિત દોષ ૨૨, આંતરે અથવા અંધારે ન દેખાય તેમ હોય તો ન વાંદે અને દેખાય તેમ હોય તો વાંદે તે દૃષ્ટાદૃષ્ટ દોષ ૨૩, પડખા તરફ મસ્તકને નમાવી વાંદે તેને પૂર્વના મુનિઓએ શ્રૃંગ દોષ કહ્યો છે ૨૪, આ ગુરૂને વાંદવા તે પણ કર છે એમ ધારી વાંદે તેને શ્રુતમાં કરવંદન દોષ કહ્યો છે ૨૫, વાંદણા દેવાથી જ મૂકાઇશ, અન્યથા હું નહીં મૂકાઉં એમ ધારી વાંદે તેને મોચન દોષ લાગે છે ૨૬, રજોહરણ અને મસ્તકને હસ્તવડે સ્પર્શ કરવો અથવા ન કરવો, તેના કુલ ચાર ભાંગા થાય છે, તેમાં હસ્તવડે રજોહરણ અને મસ્તકને સ્પર્શ કરી વાંદવું તે શુદ્ધ ભાંગો છે, બાકીના ત્રણ ભાંગા અશુદ્ધ છે તેથી તેમાં શ્લિષ્ટાશ્લિષ્ટ નામનો દોષ લાગે છે ૨૭, આવશ્યક સૂત્રનો પાઠ ઉતાવળથી બોલતાં અક્ષરો પડ્યા રહે તો તે ઊન દોષ છે ૨૮, વાંદીને મોટા સ્વરથી **मत्थएण वंदामि** એમ બોલે તે ઉત્તરચૂલિકા દોષ છે ૨૯, શબ્દનો ઉચ્ચાર કર્યા વિના વાંદે તે મૂક દોષ ૩૦, મોટા સ્વરથી ઉચ્ચાર કરી વાંદે તે ઢઢ્ઢર દોષ ૩૧ અને [1]ચુડલિની જેમ રજોહરણને

૧ સળગતું લાકડું એટલે ઉંબાડીયું.

છેડેથી પકડી અથવા સર્વને હું વાંદું છું, એમ બોલી રજોહરણને હાથમાં ભમાડીને વાંદે તે ચુડલિ નામનો બત્રીશમો દોષ છે ૩૨.

હવે પ્રત્યાખ્યાનનો વિધિ આ પ્રમાણે છે—" ગુરૂને વંદના કરી, કાયાને નમ્ર કરી, બે હાથ જોડી રાખી, ગુરૂના વચનનો અનુવાદ કરતાં ( શ્રાવકે ) પ્રત્યાખ્યાન ગ્રહણ કરવું." હવે દાનવિધિ આ પ્રમાણે છે—" ન્યાયથી ઉપાર્જન કરેલા અને ગુરૂને કલ્પે તેવા અન્ન પાનાદિક દ્રવ્યોવડે દેશ, કાળ, શ્રદ્ધા અને સત્કારના ક્રમ પૂર્વક અત્યંત ભક્તિથી આત્માના અનુગ્રહની બુદ્ધિએ કરીને મુનિજનોને દાન આપવું." આવી રીતે આપ્તાગમમાં કહ્યું હોય તે પ્રમાણે ભાવશ્રાવક સર્વ ધર્મકૃત્યોને કરે છે. ૬૯.

તથા—

**अनिगूहिंतो सत्तिं, आयाबाहाए जह बहुं कुणइ ।**
**आयरइ तहा सुमई, दाणाइचउव्विहं धम्मं ॥ ७० ॥**

મૂલાર્થ—સારી મતિવાળો શ્રાવક શક્તિને ગોપવ્યા વિના પોતાને બાધા રહિત તે પ્રકારે દાનાદિક ચાર પ્રકારના ધર્મનું આચરણ કરે છે કે જેથી તે ઘણા કાળ સુધી કરી શકાય છે. ( અથવા ઘણો ધર્મ કરી શકાય છે. )

ટીકાર્થ—શક્તિને એટલે સામર્થ્યને ગોપવ્યા વિના આત્માની બાધા રહિત એટલે પોતાની અને પરિવારની બાધાને દૂર કરતો શ્રાવક દાનાદિક ચાર પ્રકારના ધર્મને આચરે છે એ પ્રમાણે યોગ ( સંબંધ ) કરવો. કહ્યું છે કે—" ભૃત્યાદિક પરિવારને પીડા ન ઉપજે તેમ ન્યાયથી ઉપાર્જન કરેલું થોડું પણ અન્નાદિક દ્રવ્ય ગુરૂની આજ્ઞાનુસાર દીન અને તપસ્વી વિગેરેને જે અપાય છે તે મહાદાન કહેવાય છે, તે સિવાય બીજું દાનમાત્ર જ કહેવાય છે." જે પ્રકારે તે દાનને બહુ કરે છે એટલે ઘણા કાળ સુધી કરી શકે છે. અહીં ભાવાર્થ એ છે જે-વૈભવ હોય તો અતિ તૃષ્ણાવાળા-લોભવાળા થવું નહીં, અને

થાડા વૈભવ હોય તો અતિ ઉદાર થવું નહીં. કેમકે અતિ ઉદાર થવાથી સર્વ વૈભવનો નાશ સંભવે છે. તેથી કરીને જ પંચસૂત્રમાં કહ્યું છે કે—" લાભ ( આવક ) ને ઉચિત દાન કરવું, લાભને ઉચિત ભોજન કરવું, લાભને ઉચિત પરિવારનું પોષણ કરવું અને લાભને અનુસારે નિધાન કરવું. ( અર્થાત્ લાભમાંથી આ રીતે ચાર ભાગ પાડવા. ) " આ પ્રમાણે કરનાર મનુષ્ય ઘણા કાળે કરીને ઘણું દાન આપે છે. બીજાઓ પણ કહે છે કે—" અંજનનો ક્ષય થતો જોઇને તથા રાફડાની વૃદ્ધિ થતી જોઇને દાન, અભ્યાસ અને ધર્મકર્મમાં અવંધ્ય-સફળ દિવસ કરવો. " આ જ પ્રમાણે શીળ, તપ અને ભાવનાને વિષે પણ જાણવું. તે પ્રકારે સુમતિ-પારિણામિકી બુદ્ધિવાળો શ્રાવક દાનાદિક ચાર પ્રકારના ધર્મને આચરે છે-સેવે છે. ૭૦

તથા—

**हियमणवज्जं किरियं, चिंतामणिरयणदुल्लहं लहिउं ।**
**सम्मं समायरंतो, न हु लज्जइ मुद्धहसिओऽवि ॥ ७१ ॥**

મૂલાર્થ—હિતકારક, પાપરહિત અને ચિંતામણિરત્નની જેવી દુર્લભ ધર્મક્રિયાને પામીને તેનું આચરણ કરતો શ્રાવક મુગ્ધ માણસો હસે તોપણ લજ્જા પામતો નથી.

ટીકાર્થ—હિત એટલે આલોક અને પરલોકમાં હિતકારક, અનવદ્ય એટલે પાપ રહિત તથા ચિંતામણિ રત્નની જેવી દુર્લભ એવી ક્રિયાને એટલે વંદન, પ્રતિક્રમણ વિગેરે અનુષ્ઠાનને પામીને સમ્યક્ એટલે ગુરૂએ ઉપદેશ કરેલા વિશેષ પ્રકારના વિધિએ કરીને આચરણ કરતો એટલે સેવન કરતો શ્રાવક લજ્જા પામતો નથી, એવો સંબંધ કરવો. મુગ્ધ માણસોએ હાંસી કર્યા છતાં પણ લજ્જા પામતો નથી. ભાવાર્થ કથા ઉપરથી જાણવો. તે આ પ્રમાણે—

હસ્તિનાપુર નગરમાં નાગદેવ નામે એક શ્રેષ્ઠી હતો. તેને વસુંધરા નામની પ્રિયાથી ઉત્પન્ન થયેલો જયદેવ નામે પુત્ર હતો. તે

બાર વર્ષ સુધી લેખશાળામાં અભ્યાસ કરી રત્નની પરીક્ષા કરતાં શીખ્યો હતો. તેણે રત્નના સર્વ ગુણો અને તેમનાં લક્ષણો જાણ્યાં. તેથી તેણે વિચાર કર્યો કે—" એક ચિંતામણિ રત્ન જ વાંછિત અર્થને આપનાર છે, પથ્થરના કાંકરા જેવાં બીજાં રત્નો શા કામનાં છે ? ચિંતામણિ જ વિદ્વાનોને ગ્રહણ કરવા યોગ્ય છે. માટે હું પણ સર્વ પ્રયત્નથી તેની જ શોધ કરૂં. " એમ વિચારીને તે ઘેર ઘેર અને હાટે હાટ ભ્રમણ કરી રત્નોની પરીક્ષા કરવા લાગ્યો. પછી જ્યારે પોતાના નગરમાં ચિંતામણિને પામ્યો નહીં, ત્યારે તે પિતાની રજા લઇ વિદેશમાં જવા નીકળ્યો. તે વખતે તેના પિતાએ તેને કહ્યું કે-" હે પુત્ર ! શાસ્ત્રના વચને કરીને શું ફળ છે ? એવો મણિ કયાંઇ પણ હોય જ નહીં. એ તો પંડિત લોકોએ ઉપમા કરેલી છે. તેથી પ્રત્યક્ષ દૃષ્ટિએ જોઇ શકાય તેવા વેપારને તું કર, કે જેથી તું ઘણી લક્ષ્મીનું ભાજન થાય. " આ પ્રમાણે પિતાએ કહ્યા છતાં પણ તે બળાત્કારે પિતાની રજા લઇ ચિંતામણિના શાસ્ત્રનું સ્મરણ કરતો તેની પ્રાપ્તિ માટે ઉત્સુક થઇ નગરમાંથી નીકળ્યો. દરેક નગરમાં રત્નોની શોધ કરવા લાગ્યો. તે નગરોમાં પણ ચિંતામણિને નહીં જોવાથી તે પર્વતોના શિખરો ઉપર ચડયો, અને વેળા ( ભરતી ) એ કરીને વ્યાપ્ત એવા સમુદ્રના કિનારાઓ ઉપર પણ ભટકયો. તો પણ કોઇ ઠેકાણે તે પામ્યો નહીં. ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે-" શું પૃથ્વીપર ચિંતામણિ છે જ નહિ એ વાત સાચી હશે ? અથવા તો શાસ્ત્રમાં કહેલી હકિકત અન્યથા ( અસત્ય ) હોય જ નહીં. " એ પ્રમાણે મનમાં નિશ્ચય કરી તે ફરીથી ભ્રમણ કરવા લાગ્યો.

એકદા ગામે ગામ તે મણિની ખાણો પૂછવા લાગ્યો, ત્યારે તેને કોઇ એક વૃદ્ધ પુરૂષે કહ્યું કે-" અમુક ઠેકાણે મણિવતી નામનો પર્વત છે. ત્યાં જે મનુષ્ય પુણ્યશાળી હોય તેને મણિઓ પ્રાપ્ત થાય છે. " તે સાંભળીને તે મણિની શોધને માટે પૂછતાં પૂછતાં મહાકષ્ટે કરીને ત્યાં પહોંચ્યો. તે ઠેકાણે કોઇ એક પશુપાળ ( ભરવાડ ) બેઠો હતો તેને તે મળ્યો. તેના હાથમાં એક ગોળ પથ્થર જોઇ તેણે પોતાના હાથમાં

લઇ પરીક્ષા કરી તો તે જયદેવે તેને ઓળખ્યો કે આ ચિંતામણિ જ છે, તેથી હર્ષ પામીને તેણે તે માગ્યો. પશુપાળે તે આપ્યો નહીં અને કહ્યું કે-' આનું તારે શું કામ છે ? ' જયદેવે કહ્યું-" હું ઘેર જઇશ ત્યારે બાળકને રમવા આપીશ." પશુપાળે કહ્યું-" અહીં આવા ઘણા પથ્થરો છે તો તું જ કેમ શોધીને લેતો નથી ? " તે બોલ્યો-" મારે ઉતાવળથી મારે ગામ જવાનું છે, અને તું તો અહીંનો જ રહીશ છે તેથી બીજા ઘણા પથ્થર તને મળશે, માટે આ પથ્થર મને આપ. " તે સાંભળી પરોપકારનો સ્વભાવ નહીં હોવાથી તેણે કોઇ પણ પ્રકારે તે પથ્થર આપ્યો નહીં, ત્યારે " ભલે આ પશુપાળનો પણ ઉપકાર થાય, પણ આ મણિ નિષ્ફળ ન થાઓ. " એમ વિચારી તે વણિકે તેને સદ્ભાવ કહ્યો કે-" હે ભદ્ર ! આનું નામ ચિંતામણિ કહેવાય છે. જો તું આ મને ન આપે તો તું જ તેનું આરાધન કર. આનાથી તું વાંછિત સુખને પામીશ. " પશુપાળ બોલ્યો-" જો આ સાચો ચિંતામણિ હોય તો મેં બોરને ચિંતવ્યા. તે મને જલદી આપે. " જયદેવે કહ્યું-" એ પ્રમાણે ચિંતવવું ન જોઇયે. પરંતુ ત્રણ ઉપવાસ કરી છેલ્લી ( ત્રીજી ) રાત્રિના આરંભમાં સારી રીતે સાફ કરીને લીપેલી પૃથ્વીપર ચંદન વડે લીપેલો અને કર્પૂરના ચૂર્ણથી પૂજેલો એક શ્રેષ્ઠ પાટલો મૂકી તેના પર અહત ( કોરૂં ) વસ્ત્ર પાથરી તેના પર આ માણને નવરાવી ચંદનનો વિલેપ કરી મૂકવો, પછી તેને સુગંધિ પુષ્પોવડે ઢાંકી દેવો. ત્યારપછી તેને પ્રણામ કરી લાખ અથવા કોટિ દ્રવ્યનું ચિંતવન કરી સુઇ જવું. પછી પ્રભાતકાળે ચિંતવેલું સર્વ તેની પાસે ઢગલારૂપ કરેલું પ્રાપ્ત થશે. " આ પ્રમાણે સાંભળી સંતુષ્ટ થયેલા તે ભરવાડે પોતાના ગામ તરફ બકરીઓ વાળી-ચલાવી. માર્ગમાં તે મણિને કહેવા લાગ્યો કે-"આ બકરાંઓ વેચી કર્પૂર વિગેરે વસ્તુઓ લઇ તે વડે તારી પૂજા કરીશ, અને પંથિકે કહેલો સર્વ વિધિ હું કરીશ, પરંતુ તું મારા ચિંતિતને વ્યર્થ કરીશ નહીં, કે જેથી તારૂં ચિંતામણિ નામ સત્ય (સફળ) થાય." આ પ્રમાણે મણિની સાથે વાતો કરતો તે ભરવાડ

ગામની સન્મુખ ચાલ્યો. જયદેવ પણ તે મણિનો લાભ ન થવાથી ખેદ સહિત વિચારવા લાગ્યો કે-" નિર્ભાગ્યને વિષે શિરોમણિ સમાન આ ભરવાડ આ મણિરત્નને ધારણ કરી શકશે નહીં, તેથી હું તેની પાછળ પાછળ જઇને જોઉં કે તે શું કરે છે ?" એમ વિચારી તે તેની પાછળ ચાલ્યો. તેવામાં તે આભીર ફરીથી બોલ્યો કે-" હે ચિંતામણિ ! માર્ગ લાંબો છે માટે કાંઇક વાર્તા કહે, કે જેથી સુખે કરીને માર્ગ ઉલ્લંઘન થાય. જો કદાચ તું ન જાણતો હોય તો હું તને વાર્તા કહું." એમ કહી તે ભરવાડ કથા કહેવા લાગ્યો. જ્યારે તે મણિએ હુંકાર પણ આપ્યો નહીં ત્યારે તે આભીર કોપ કરીને બોલ્યો કે-" તું આવો દાક્ષિણ્યતા રહિત જ છે ? કે જેથી હુંકાર પણ આપતો નથી ? તો પછી લાખ કે કરોડની આશા શી રાખવી ? આથી કરીને તું ચિંતામણિ જ નથી જણાતો, અથવા તું ચિંતામણિ સાચો જ છો, કારણ કે જ્યારથી હું તને પામ્યો છું ત્યારથી જ મારા મનની ચિંતા જતી નથી. તેમજ જે હું હંમેશાં પ્રભાતમાં ઉઠીનેજ ટાઢી રાબ, છાશ અને રોટલો ખાધા સીવાય એક ડગલું પણ ચાલી શકતો નથી, તે હું ત્રણ ઉપવાસ કરવાથી કેમ ન મરૂં ? તો હું ધારૂં છું કે તે મારા વેરી વાણિયાએ મને મારી નાંખવા માટે જ તારૂં આ પ્રમાણે વર્ણન કર્યું છે. તેથી હું તને દેખું નહીં એવે સ્થાને તું જતો રહે." એમ કહી તેણે તે મણિ દૂર ફેંકી દીધો, અને બકરાંઓ લઇને અટવી તરફ ચાલ્યો. જયદેવ પણ હર્ષ પામી પ્રણામ કરી તે મણિને હાથમાં લઇ મનોરથ પૂર્ણ થયા જાણી પોતાના નગર તરફ ચાલ્યો. તે મણિના પ્રભાવથી તેનું રૂપ અને લાવણ્ય ઉલ્લાસ પામ્યું, રત્નના પુંજની જેમ તે દેદીપ્યમાન દેખાવા લાગ્યો, અને દરેક ગામમાં તથા નગરમાં ગૌરવપણું પામતો તે મહાપુર નામના નગરમાં ગયો. ત્યાં કોઇ શ્રેષ્ઠીની દુકાને તે બેઠો. તે દુકાનના નાયકે ગૌરવતા સહિત તેની સન્મુખ જોયું. તેને સુંદર આકૃતિવાળો જોઇ પોતાની પ્રાણથી પણ વધારે વહાલી પુત્રીની સાથે પરણાવ્યો. તેણીની સાથે દઢ પ્રેમ સહિત ભોગવિલાસ કરતો તે કેટલોએક કાળ ત્યાં જ સુખે રહ્યો.

એકદા તે જયદેવે વિચાર કર્યો કે–" વ્યાપાર વિના રહેવું એ શરમ ભરેલું કહેવાય." એમ વિચારીં તેણે પોતાની ભાર્યાને કહ્યું કે– " હે પ્રિયા ! તારા બાપ પાસેથી મને મુડી અપાવ, કે જેણે કરીને હું વેપાર કરી દ્રવ્ય ઉપાર્જન કરૂં. " તે સાંભળી તેણીએ પોતાના પિતાને તે વાત કહી. તે સાંભળી તેણે પણ હર્ષ પામી તેને લાખ સોનામહોરો આપી. તેનાથી તેણે કર્પૂર, અગરૂચંદન વિગેરે વસ્તુઓ વડે તે ચિંતામણિની પૂજા કરી શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે વાસભવનના એક ભાગમાં સ્થાપન કર્યો. પછી તેને નમસ્કાર કરી તેણે કોટિ સોનામહોરો ચિંતવી. પ્રભાતકાળે તેની પાસે કરોડ સોનામહોરનો રાશિ પડેલો તેને પ્રાપ્ત થયો. 'મને ચિંતામણિ સિદ્ધ થયો.' એમ જાણી હર્ષ પામી તેણે ભાર્યાને કહ્યું કે–" આ ધન તારા પિતાને આપ. " તેણીએ પણ વિસ્મય પામી તે પ્રમાણે કર્યું. તે જોઇ શ્વશુરનું કુટુંબ હર્ષ પામ્યું. ' અને જમાઇનું બહુમાન કરવા લાગ્યું.

ત્યારપછી એકદા તે જયદેવ મોટા ઉત્સવ પૂર્વક હસ્તિનાપુર નગરમાં ગયો. તેને જોઇ તેનો પિતા ઘણો હર્ષિત થયો, સ્વજનોએ તેને ઘણું માન આપ્યું, અને બીજા સમગ્ર લોકોએ તેની પ્રશંસા કરી. આ પ્રમાણે તે જયદેવ ઉત્તમ સુખનું ભાજન થયો.

આ કથાનો ઉપનય આ પ્રમાણે છે—જેમ તે વણિકપુત્રે ચિરકાળ ભ્રમણ કરી કષ્ટવડે મણિવતી નામનો પર્વત પ્રાપ્ત કર્યો, અને ત્યાં પણ મોટા કષ્ટથી ચિંતામણિ રત્ન મેળવી તેનું આરાધન કરી તેણે પ્રધાનસુખની સંપત્તિ પ્રાપ્ત કરી, તે જ પ્રમાણે આ સંસાર સાગરમાં ભ્રમણ કરતા જીવોને મણિવતી પર્વત સમાન મનુષ્યગતિ પ્રાપ્ત થવી દુર્લભ છે, તેમાં પણ અચિંત્ય ચિંતામણિ સમાન જિનધર્મ રૂપી રત્ન મોટા કષ્ટથી પ્રાપ્ત થાય છે. તેનું આરાધન કરવાથી સ્વર્ગ અને મોક્ષનાં સુખ હસ્તતળમાંજ રહેલાં છે, અને તેનો ત્યાગ કરવાથી ભરવાડની જેમ દુ:ખ અને દારિદ્રય નિશ્ચે પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અતિ દુર્લભ એવી ધર્મ આરાધનની ક્રિયાને કરતો

**ભાવશ્રાવક મૂર્ખ જનોથી હાંસી કરાતા છતાં પણ લજ્જા પામતો નથી, તેથી તે દત્ત નામના વહાણના વેપારીની જેમ સ્વાર્થસિદ્ધિને પામે છે.**

## દત્ત શ્રેષ્ઠીની કથા.

પશ્ચિમ સમુદ્રને કાંઠે રહેલી વિશ્વપુરી નામની નગરી છે. તેના સુંદરપણાથી રંજિત થયેલો રત્નાકર (સમુદ્ર) તેને નિરંતર પોતાના દીર્ઘ અને ચપળ તરંગો રૂપી હસ્તોવડે આલિંગન કરે છે. તે નગરીમાં સમગ્ર પ્રજાનું પ્રિય (હિત) સંપાદન કરવામાં તત્પર મનવાળો પ્રિયંકર નામે રાજા હતો. તે જ નગરીમાં દત્ત નામે એક શ્રેષ્ઠી હતો. તેને કુળક્રમથી આવેલી અગણિત સમૃદ્ધિ હતી તેથી તેની નિર્મળ પ્રસિદ્ધિ વિસ્તાર પામી હતી, તથા તે રાજા વિગેરે સર્વ લોકોમાં માનવા લાયક હતો. તે એકદા ઘરના સાર ધનવડે ઉત્તમ કરીયાણાંનાં વહાણો ભરી સમુદ્રમાં પ્રવેશ કરી સામે કાંઠે જઇ પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કરી પોતાની નગરી તરફ પાછો વળ્યો. માર્ગમાં કર્મ પરિણામ (દૈવ) ના પ્રતિકૂળપણાથી તેનું વહાણ ભાંગી ગયું. તેથી તે એક પાટીયાને આધારે તરી શરીર માત્રે કરીને પોતાને ઘેર આવ્યો. પછી "સમુદ્રમાં નાશ પામેલું દ્રવ્ય સમુદ્રમાંથી જ પ્રાપ્ત થાય છે. એવી કહેવત છે તેથી હું ફરીથી સમુદ્રમાં પ્રવેશ કરૂં." એમ નિશ્ચય કરી ઘરમાં રહેલા વસ્ત્ર, આભૂષણ વિગેરે સર્વ [1] ઉપસ્કરને વેચી ઘણાં મૂલ્યવાળાં કરીયાણાંનો સંગ્રહ કરી ફરીથી વહાણમાં ચડ્યો. ભવિતવ્યતાને લીધે પાછા ફરતાં તે વહાણ પણ ભાંગ્યું, અને માત્ર શરીર લઇને જ ઘેર આવ્યો. દત્ત દરિદ્ર થયો એમ લોકોમાં પ્રસિદ્ધિ થઇ, તોપણ તેણે પુરૂષાર્થ છોડ્યો નહીં. ફરીથી પણ સમુદ્રમાં જવાની

૧ વસ્તુઓને.

તેની ઇચ્છા થઇ, પરંતુ પોતાની પાસે મુડી નથી, તેમજ બીજો કોઇ પણ તેને પુણ્યરહિત ધારી ધન આપતો નથી, તેથી તે અત્યંત ખેદ પામવા લાગ્યો, તેની ક્ષુધા અને નિદ્રા પણ નાશ પામી, અને તે નિરંતર ઉપાયને શોધતો ધ્યાન જ કરતો હતો.

એકદા પ્રભાત સમયે દત્તને પિતાનું વચન યાદ આવ્યું કે—"મારા પિતાએ પરલોકમાં જતી વખતે મને કહ્યું હતું કે—'હે પુત્ર! વિધિના વિલાસો વિચિત્ર પ્રકારના હોય છે, સંપત્તિઓ શરદ ઋતુના વાદળા જેવી અસ્થિર છે, તેથી કદાચિત અસંભવિત પણ સંભવે છે. તો જો કોઇ પણ પ્રકારે તારે વિભવનો નાશ થાય તો અહીં ઘરના એક પ્રદેશમાં કોઇથી ભેદી ન શકાય એવું અને દ્વાર રહિત એક ભૂમિગૃહ છે, તેની અંદર તાંબાની પેટીમાં એક તામ્રપત્ર છે, તેમાં જે કાંઇ લખેલું હોય તે પ્રમાણે તું કરજે. તેમ કરવાથી તારૂં સર્વ શુભકારક થશે.' આ પ્રમાણે પિતાનું વચન છે તે અન્યથા પ્રકારે હોય જ નહીં" એમ વિચારી દત્તે હર્ષ સહિત તે ભૂમિગૃહ ઉઘાડયું, તેમાંથી તાંબાની પેટી પ્રાપ્ત થઇ, તેમાં રહેલું તામ્રપત્ર વાંચ્યું, તેમાં આ પ્રમાણે લખેલું હતું કે—"પશ્ચિમ દિશાએ સમુદ્રની મધ્યે ગૌતમ નામનો દ્વીપ છે. તેનું ભૂમિતળ અત્યંત કઠણ સ્પર્શવાળા પથ્થરાઓમય છે, તે દ્વીપમાં રત્નતૃણનો ચારો કરનારી ઘણી ગાયો છે, તે ગાયો મનુષ્યના દર્શનને પણ સહન કરતી નથી. તેથી તે દ્વીપમાં અતિ કોમળ છાણનાં ભરેલાં વહાણો લઇને જવાય છે, ત્યાં પાંદડાંની ઘટાવાળા વૃક્ષની છાયામાં તે છાણ પાથરવું, અને પોતાનો નિવાસ ત્યાંથી દૂર સ્થાને કરવો. પછી વિશ્વાસ પામેલી તે ગાયો તે વૃક્ષની છાયામાં છાણના કોમળ સ્પર્શમાં લુબ્ધ થઇને મધ્યાન્હ સમયે અને રાત્રિને સમયે આવીને બેસશે, અને ત્યાં છાણને મૂકશે. પછી પ્રભાતે તે ગાયો ત્યાંથી ઉઠીને ચરવા જાય ત્યારે તેનું છાણ અન્ય સ્થળે લઇ જઇ તેના પિંડા (છાણા) કરવા. તે પિંડા સુકાઇ જાય ત્યારે તેનાં વહાણ ભરવાં. પછી પોતાને ઘેર આવી તે પિંડા સળગાવવાથી શ્રેષ્ઠ

રત્નો પ્રગટ થશે, તેમ કરવાથી અખૂટ સમૃદ્ધિ વિસ્તાર પામશે. આ વૃત્તાંત સર્વથા પ્રકારે ગુપ્ત રાખવાનો છે, અને તેથીજ પરિણામે સર્વ સારૂં થાય છે (થશે)." આ પ્રમાણે તેમાં લખેલું વાંચી દત્તે વિચાર્યું કે—" આ લખાણ ઘણું ઉત્તમ છે, પરંતુ મેં પહેલું આ પત્ર જોયું નહીં, અને હમણાં તો હું અત્યંત નિર્ધન છું તેથી તે દ્વીપમાં જઇ શકાય તેમ નથી, તેમજ દરિદ્રી લોકોને કોઇપણ ઉધારે ધન આપતું નથી, વળી આ લેખમાં આ વૃત્તાંત ગુપ્ત રાખવાનું લખેલું છે. તેમ છતાં કદાચ કોઇને સત્યવાત કહીયે તોપણ તેને પ્રતીતિ ( વિશ્વાસ ) આવે તેવું નથી માટે આ બાબતમાં હવે શું કરવું યોગ્ય છે ? અથવા તો પ્રથમ હું ઘેલા માણસની જેવી ચેષ્ટા કરૂં. તેમ કરવાથી કદાચ કોઇ મને અનુકંપાએ કરીને કાંઇક આપશે." આ પ્રમાણે વિચાર કરી તે દત્ત શ્રેષ્ઠી ' બુદ્ધિ છે પણ વૈભવ નથી ' એમ બોલતો ત્રિક, ચતુષ્ક, ચત્વર વિગેરેમાં ભ્રમણ કરવા લાગ્યો. જે કોઇ તેને કાંઇ પણ પૂછે તેને તે તેજ પ્રમાણે પ્રત્યુત્તર આપવા લાગ્યો. તેથી ' આ દત્ત ઘેલો થયો છે ' એમ આખા નગરમાં પ્રસિદ્ધ થયું, અને ' ધનના નાશને લીધે બિચારો દત્ત ઉન્મત્ત ( ગાંડો ) થયો છે ' એમ રાજાએ પણ સાંભળ્યું. ત્યારે તેણે વિચાર કર્યો કે-" આ મહાનુભાવને હું ધન આપી સ્વસ્થ કરૂં " એમ વિચારી રાજાએ તેને બોલાવી પૂછ્યું કે-" હે દત્ત ! તું આ પ્રમાણે કેમ બબડે છે ? " તે બોલ્યો કે—" બુદ્ધિ છે, પણ વૈભવ નથી. " ત્યારે રાજાએ કહ્યું કે—" તું એવું વચન ન બોલ. તારે જેટલું ધન જોઇતું હોય તેટલું ગ્રહણ કર, " એમ કહી રાજાએ તેને ધનનો કોશ બતાવ્યો. ત્યારે તુષ્ટમાન થઇને દત્તે તેમાંથી માત્ર એક લાખ જ ધન ગ્રહણ કર્યું અને કહ્યું કે-" મારે આટલુંજ ધન જોઇયે છીયે. પછી તે બબડતો વિરામ પામ્યો, તે જોઇ રાજા પણ હર્ષ પામ્યો.

ત્યાર પછી દત્ત શ્રેષ્ઠીએ ગૌતમદ્વીપ જવાની વિધિને જાણનારા ખલાસીઓ ગ્રહણ કર્યા, વહાણો તૈયાર કર્યાં, નોકરો રાખ્યા, અને ઉકરડા ખોદાવીને જૂના છાણના ઢગલા કર્યા. તે જોઇ ' અહો ! દત્તે

ઉત્તમ કરીયાણું લીધું ' એમ કહી લોકો હસવા લાગ્યા. બીજા લોકો બોલ્યા કે-" સજજન એવા રાજાનું કલ્યાણ થજો કે જેણે આવા વણિકને પણ વિભવવાળો કર્યો. બીજા કેટલાક બોલવા લાગ્યા કે-"હવે દત્તે આવું કરીયાણું લેવાથી દારિદ્રને જળાંજળિ આપી. " વળી કેટલાક કહેવા લાગ્યા કે-" આ બિચારો તો ગાંડો છે, પરંતુ આશ્ચર્ય તો એ છે જે રાજા પણ ઘેલો થયો છે કે જેણે આને પણ મૂડી આપી. " આ પ્રમાણે અનેક પ્રકારે લોકો હાંસી કરવા લાગ્યા, તથા દયાળુ જનો તેને નિવારવા લાગ્યા. તોપણ તેને તામ્રપત્રના લેખથી પરમાર્થ પ્રાપ્ત થયો હતો તેથી તે ખાતર ખોદાવવા વિગેરેનું કામ કરતાં લજ્જા પામ્યો નહીં. ધૂળ વડે ધૂસર અંગવાળો અને કછોટો તથા કેડ બાંધી તે દત્ત પોતે તથા તેના કર્મકરો છાણને વહેવા લાગ્યા. તે સર્વ વહાણોમાં ભરી તે પોતાના નામાંકિત કર્યાં. ઘણું શું કહેવું ? ઘણાં વહાણો છાણથી જ ભરીને તે ગૌતમદ્વીપે પહોંચ્યો. લેખમાં લખ્યા પ્રમાણે કરી તે ગાયોના છાણના પીંડાઓથી ઘણાં વહાણો ભરી તે પાછો પોતાને નગર આવ્યો. તે જોઇ ' અહો ! કરીયાણાને અનુસરતું સામું કરીયાણું જ આ લાવ્યો. ' એમ કહી લોકો હસવા લાગ્યા. દાણવાળાઓ પણ ઉપહાસની બુદ્ધિથી જ દત્તને રાજા પાસે લઇ ગયા. રાજાએ તેને પૂછયું કે—" શું કરીયાણું તું લાવ્યો છે ? " તે બોલ્યો " હે દેવ ! છાણના પિંડ લાવ્યો છું. " તે સાંભળી હસીને રાજાએ કહ્યું કે-" જા તારૂં દાણ માફ કરૂં છું. તારૂં કરીયાણું ગુપ્ત કરીને રાખજે, અને સુખનું ભાજન થજે. " તે સાંભળી " આપનો મોટો પ્રસાદ " એમ બોલી રાજાને પ્રણામ કરી દત્ત પોતાને ઘેર ગયો. તે પિંડો ગુપ્ત સ્થળે રાખ્યા. પછી વિધિ પૂર્વક તેને સળગાવ્યા. ત્યારે તેમાંથી મોટા મૂલ્યવાળાં રત્નો નીકળ્યાં. તેથી પૂર્વની જ જેમ તેનું ઘર લક્ષ્મીથી ભરપૂર થયું. ' અહો ! આ દત્ત પુણ્યવંત છે. ' એમ કહી રાજાદિક સર્વ લોકોએ તેની પ્રશંસા કરી. આ પ્રમાણે આ લોકની સિદ્ધિને માટે આ દૃષ્ટાંત આપ્યું તે પરલોકને વિષે પણ એ જ પ્રમાણે જાણી લેવું.

તથા—

**देहट्ठिइनिबंधण-धणसयणाहारगेहमाईसु ।**
**निवसइ अरत्तदुट्ठो, संसारगएसु भावेसु ॥ ७२ ॥**

મૂલાર્થ—દેહની સ્થિતિનાં કારણરૂપ ધન, સ્વજન, આહાર અને ઘર વિગેરે સંસારમાં રહેલા પદાર્થોમાં ભાવશ્રાવક રાગદ્વેષ રહિત રહે છે.

ટીકાર્થ—દેહની સ્થિતિના નિબંધન એટલે શરીરને ટેકો ( આધાર ) આપવાનાં કારણો કે જે ધન, સ્વજન, આહાર અને ઘર એ વિગેરે એટલે ક્ષેત્ર, સ્ત્રી, વસ્ત્ર, શસ્ત્ર, યાન અને વાહન વિગેરે સંસારમાં રહેલા પદાર્થો ઉપર જાણે રાગ દ્વેષ રહિત હોય તેમ ભાવશ્રાવક ગૃહસ્થાશ્રમને વિષે રહે છે. અહીં ભાવાર્થ એ છે જે-ભાવશ્રાવક શરીર નિર્વાહના કારણ રૂપ વસ્તુઓ ઉપર પણ મંદ આદર રાખે છે, અને તે આ પ્રમાણે ભાવના ભાવે છે કે-" આ જગતમાં કોઇ સ્વજન નથી, શરીર પણ પોતાનું નથી, તથા ભોગ ઉપભોગ પણ પોતાના નથી. કારણ કે જીવ એ સર્વ વસ્તુ મૂકીને જ પરભવની ગતિમાં જાય છે. " તથા વિનય રહિત પરિવાર ઉપર પણ અત્યંત દ્વેષ કરવો નહીં, પરંતુ બાહ્યવૃત્તિથી માત્ર દેખાવ જ કરવો. કારણ કે કોપનું ફળ આ પ્રમાણે કહ્યું છે—" કોપના આવેશવાળો પુરૂષ કાર્ય કે અકાર્યને, હિત કે અહિતને, ધર્મ કે અધર્મને તથા કાર્યના વિનાશને કે હાનિને જાણી શકતો નથી. " તથા કહ્યું છે કે—" ક્ષમાવાન પુરૂષ જે કાર્ય કરે છે તે કાર્ય કોપને વશ થયેલો પ્રાણી કરી શકતો નથી. કારણ કે કાર્યને સાધનારી બુદ્ધિ છે, અને તે બુદ્ધિ ક્રોધી માણસને નાશી જાય છે.

તથા—

**उवसमसारवियारो, बाहिज्जइ नेय(व) रागदोसेहिं ।**
**मज्झत्थो हियकामी, असग्गहं सव्वहा चयइ ॥ ७३ ॥**

મૂલાર્થ—ભાવશ્રાવક ઉપશમના જ વિચારવાળો હોય છે. કારણ કે તે રાગદ્વેષથી બાધા પામતો નથી. પરંતુ મધ્યસ્થ અને હિતાર્થી હોવાથી તે સર્વથા કદાગ્રહનો ત્યાગ કરે છે.

ટીકાર્થ—ઉપશમ એટલે કષાયનો અનુદય, તેજ સાર--પ્રધાન છે એમ ધર્માદિકના સ્વરૂપનો જે વિચાર કરે તે ઉપશમસાર વિચારવાળો ભાવશ્રાવક હોય છે. શીરીતે તે એવો હોય ? તે ઉપર કહે છે—કારણ કે તે ભાવશ્રાવક વિચાર કરવાથી રાગદ્વેષવડે બાધા પામતો નથી—પરાભવ પામતો નથી. તે આ રીતે—" મેં ઘણા લોકોની સમક્ષ અમુક પક્ષ અંગીકાર કર્યો છે, અને ઘણા લોકોએ તેને પ્રમાણરૂપ માન્યો છે, તો હવે મારા આત્માને હુંજ કેમ અપ્રમાણ રૂપ કરૂં ?" આ પ્રમાણે વિચાર કરીને તે ( ભાવશ્રાવક ) પોતાના પક્ષના રાગવડે પરાભવ પામતો નથી. તથા " મારા પક્ષને દૂષિત કરવાથી આ મારો શત્રુ છે તેથી હું લોક મધ્યે તેનો તિરસ્કાર કરૂં. " એમ વિચારી તેના સામા ખોટા દૂષણો ઉઘાડાં કરવાં, તેને ગાળો દેવી વિગેરે પ્રવૃત્તિના કારણરૂપ દ્વેષે કરીને પણ તે પરાભવ પામતો નથી. પરંતુ મધ્યસ્થ એટલે સર્વત્ર તુલ્ય ચિત્તવાળો અને હિતકામી એટલે હિતની જ અભિલાષાવાળો તે ભાવશ્રાવક સ્વપરના ઉપકારને ઇચ્છતો હોવાથી મધ્યસ્થ અને ગીતાર્થ ગુરૂના ઉપદેશે કરીને સર્વથા પ્રકારે અસદ્ગ્રાહનો—કદાગ્રહનો ત્યાગ કરે છે. કહ્યું છે કે—" મોહરૂપી મોટા સાગરને તરીને પણ તથા તીરની સમીપે પ્રાપ્ત થયા છતાં પણ જીવ કદાગ્રહ રૂપી *ગ્રાહ વડે ઉન્માર્ગે લઇ જવાય છે. " અહીં ગોષ્ઠામાહિલ અને રોહગુપ્ત વિગેરેનાં દૃષ્ટાંતો જાણી લેવાં.

તથા—

भावेंतो अणनरयं, खणभंगुरयं समत्थवत्थूणं।
संबद्धोऽवि धणाइसु, वज्जइ पडिबंधसंबंधं ॥ ७४ ॥

---

* હાથી જેવા બળવાન પશુને પણ પાણીમાં બળાત્કારે ખેંચી જવાનું સામર્થ્ય ધરાવનાર જળચર પ્રાણી.

મૂલાર્થ—નિરંતર સમગ્ર વસ્તુઓનું ક્ષણભંગુરપણું વિચારતો ભાવશ્રાવક ધનાદિકને વિષે સંબંધવાળો છતાં પણ પ્રતિબંધના સંબંધને ( મૂર્છાને:) વર્જે છે.

ટીકાર્થ—નિરંતર (ક્ષણે ક્ષણે )સમગ્ર પદાર્થોનું ક્ષણભંગુરપણું એટલે સતત વિનશ્વરપણું વિચારતો, તે આ પ્રમાણે—" ઇષ્ટ જનનો સંયોગ, સમૃદ્ધિ, વિષયસુખ, સંપત્તિ, આરોગ્ય, શરીર, યુવાવસ્થા અને જીવિત એ સર્વ અનિત્ય છે. મનુષ્યોને સર્વ સમૃદ્ધિના સમુદાયો ક્ષણવારમાં નષ્ટ ધર્મવાળા થાય છે, અને જેના અંતમાં અવશ્ય વિયોગ રહેલો છે એવા સર્વ સંયોગો શોકને ઉત્પન્ન કરનારા છે." આવા પ્રકારની ક્ષણભંગુરતાને વિચારતો ભાવશ્રાવક સંબદ્ધ છતાં પણ એટલે બાહ્યવૃત્તિથી ધનાદિકનું રક્ષણ, ઉપાર્જન વિગેરે વડે યુક્ત છતાં પણ તે ધન સ્વજનાદિકને વિષે પ્રતિબંધરૂપ-મૂર્છારૂપ સંબંધને-સંયોગને વર્જે છે—કરતો નથી. અને આ પ્રમાણે તે ભાવના ભાવે છે—"દ્વિપદ, ચતુષ્પદ, ક્ષેત્ર, ઘર, ધન, ધાન્ય વિગેરે સર્વનો ત્યાગ કરીને કર્મરૂપી બીજ સહિત આ પરાધીન જીવ સારા અથવા નરસા પરભવમાં જાય છે." ઇત્યાદિ.

તથા—

**संसारविरत्तमणो, भोगुवभोगा न तित्तिहेउ त्ति ।**
**नाउं पराणुरोहा,पवत्तई (ए)कामभोगेसु ।। ७५ ॥**

મૂલાર્થ—સંસારથી વિરક્ત મનવાળો ભાવશ્રાવક 'આ ભોગ ઉપભોગ તૃપ્તિના હેતુ નથી' એમ જાણી પરના આગ્રહથી કામ ભોગમાં પ્રવર્તે છે.

ટીકાર્થ—આ સંસાર અનેક દુઃખોનું સ્થાન છે. કહ્યું છે કે-"આ સંસારમાં પ્રથમ મનુષ્યોને સ્ત્રીની કુક્ષિને મધ્યે ગર્ભાવાસમાં દુઃખ રહેલું છે, ત્યાર પછી બાલ્યાવસ્થામાં મળથી વ્યાપ્ત શરીરવાળી સ્ત્રીના સ્તનપાનથી મિશ્રિત દુઃખ છે, ત્યાર પછી યુવાવસ્થામાં પણ વિયોગથી

ઉત્પન્ન થયેલું દુઃખ છે, ત્યારપછી વૃદ્ધાવસ્થા અસાર છે. એ તો સ્પષ્ટજ દેખાય છે. તો હે મનુષ્યો ! આ સંસારમાં જો લેશ માત્ર પણ સુખ હોય તો તે તમે કહો." આવા સંસારથી વિરક્ત મનવાળો ( ભાવશ્રાવક ) આ ભોગ ઉપભોગો એટલે-"જે આહાર, પુષ્પ વિગેરે એકજ વાર ભોગવાય તે ભોગ કહેવાય છે, અને જે ઘર, સ્ત્રી વિગેરે વારંવાર ભોગવાય તે ઉપભોગ કહેવાય છે." આ પ્રમાણે આગમને વિષે પ્રસિદ્ધ તે પ્રાણિઓને તૃપ્તિના હેતુરૂપ નથી. કહ્યું છે કે—"જેમ સ્વપ્નમાં અનુભવેલું ઇચ્છિત સુખ સાચું નથી, તેમ આ ભૂતકાળમાં ભોગવેલું સુખ સ્વપ્ન જેવું જ છે." તથા-"નિર્મળ દેવપણામાં (દેવના ભવમાં) દેવાંગનાના સમૂહના શરીરાદિક વડે પવિત્ર અને મનોહર ભોગોને અનેક સાગરોપમ અને પલ્યોપમ સુધી ભોગવીને પણ મનુષ્યો જે અશુચિથી ભરેલા સ્ત્રીના કલેવરોને વિષે આસક્ત થાય છે. તે ઉપરથી હું માનું છું કે ભોગો ચિરકાળ સુધી ભોગવ્યા છતાં પણ જીવોને તૃપ્ત કરનારા થતા નથી. આ પ્રમાણે ભોગના સુખનું ફળ જાણીને ભાવશ્રાવક બીજાના અનુરોધથી એટલે અન્ય જનના દાક્ષિણ્યાદિકથી કામ ભોગમાં પ્રવર્તે છે. અહીં વજ્રસ્વામીના પિતા ધનગિરિનું દૃષ્ટાંત જાણવું.

તથા—

**वेस व्व निरासंसो, अज्जं कल्लं चयामि चिंतंतो ।**
**परकीयं पिव पालइ, गेहावासं सिढिलभावो ॥ ७६ ॥**

મૂલાર્થ—વેશ્યાની જેમ આશંસા રહિત ( ભાવશ્રાવક ) 'હું આજ કાલ આ સંસારને તજીશ ' એમ કરતો ( કરી ) જાણે પારકો હોય એમ ગૃહાસ્થાશ્રમને મંદ આદરથી પાળે છે.

ટીકાર્થ—વેશ્યાની જેમ નિરાશંસ એટલે ( મારાપણાની ) આસ્થાની બુદ્ધિ રહિત, જેમ વેશ્યા નિર્ધન કામુક પાસેથી વિશેષ લાભની આશા નહીં રાખતી અને કાંઇક ધન તેની પાસેથી પામતી

'આજ અથવા કાલ હું આનો ત્યાગ કરૂં' એમ વિચારી મંદ આદરવાળી થઇને તેને સેવે છે, તેમ ભાવશ્રાવક પણ 'આજ કાલ મારે આ ( ગૃહાવાસ ) મૂકવાનો જ છે' એવા મનોરથ કરતો અને કોઇ પણ કારણથી ત્યાગ નહીં કરી શકતો છતાં પણ મંદ આદરવાળો થઇને જાણે આ ગૃહાવાસ પારકો જ છે એમ જાણી તેનું પાલન કરે છે. આવો ભાવશ્રાવક કદાચ ચારિત્રની પ્રાપ્ત ન થાય તો પણ વસુ શ્રેષ્ઠીના પુત્ર સિદ્ધની જેમ કલ્યાણને અવશ્ય પામે છે.

## વસુ શ્રેષ્ઠીના પુત્ર સિદ્ધની કથા—

તગરા નામની નગરીમાં વસુ નામે શ્રેષ્ઠી હતો. તેને સેન અને સિદ્ધ નામના બે પુત્રો હતા. તેઓ સ્વભાવથી જ વિનયવાળા, ભદ્રિક ( ભોળા ), પ્રિય વચન બોલનારા અને ધર્મની ઇચ્છાવાળા હતા. એકદા શીળચંદ્ર નામના ગુરૂની પાસે ધર્મદેશના સાંભળીને સેને દીક્ષા ગ્રહણ કરી. પરંતુ તે ચરણ અને કરણને વિષે અત્યંત પ્રમાદી થયો. બીજો સિદ્ધ ( કે જે માબાપની સેવા કરવા ઘરમાં જ રહ્યો હતો તે ) મુનિની ક્રિયાને અંગીકાર કરવા માટે ધર્મકથાને વાંચતો હતો અને શુદ્ધ ચારિત્રની ઇચ્છાથી નિરંતર પોતાના આત્માને ભાવતો હતો. તે ચિંતવતો હતો કે—" ઇંદ્રિયોનું દમન કરીને અને શરીરને પણ સર્વ ઉપસર્ગો સહન કરી શકે તેવું કરીને મારે સદ્ગુરૂની પાસે સમ્યક્ પ્રકારે ચારિત્ર અંગીકાર કરવું છે. જો વ્રતને અંગીકાર કર્યા પછી કોઇ પણ રીતે હું ઇદ્રિયોના વિષયો વડે બાધા પામીશ તો ફાળથી ચૂકેલા વાંદરની જેમ હું અત્યંત દુ:ખી થઇશ. તેથી કરીને આ મારો જીવ શુદ્ધ સાધુધર્મને ક્યારે પામશે ?" આ પ્રમાણે જેનું મન મનોરથ રૂપી મોટા રથપર આરૂઢ થયું હતું એવો તે સિદ્ધ કાળને નિર્ગમન કરવા લાગ્યો. એકદા સેન સાધુ તે સિદ્ધને જોવા માટે તગરા

નગરીમાં આવ્યો, અને પરસ્પર પ્રેરણા કરીને એટલે સુખશાતા પૂછીને તે બન્ને ભાઇઓ એક ઠેકાણે ધર્મગોષ્ઠી કરવા બેઠા. તેવામાં કર્મના વશથી તે બન્નેના ઉપર વીજળી પડી તેથી તેઓ મરણ પામ્યા. તે જોઇ તેમનો પિતા તથા સર્વ પરિવાર અત્યંત દુઃખી થયા. ત્યારપછી એકદા તે નગરીમાં મહાત્મા યુગંધર નામના કેવળી પધાર્યા. તેને વંદના કરી વસુ શ્રેષ્ઠીએ પોતાના બન્ને પુત્રોની ગતિ પૂછી. ત્યારે કેવળી ભગવાન બોલ્યા કે-" તે તારો સિદ્ધ નામનો પુત્ર સૌધર્મ દેવલોકમાં ગયો છે, અને સેન સાધુ મોટી ઋદ્ધિવાળો વ્યંતર દેવ થયો છે. તેનું કારણ એ છે જે સિદ્ધને શુદ્ધ સાધુધર્મ પાળવાની ઇચ્છા હતી અને બીજાએ ( સેને ) ચારિત્ર ગ્રહણ કર્યા છતાં પણ સારી રીતે પાળ્યું નથી." આ પ્રમાણે પરમાર્થને જાણીને ચારિત્રના મનોરથને મૂકયા વિના જ ભાવશ્રાવક ગૃહકાર્યમાં મંદ આદરવાળો થઇને ગૃહવાસમાં પણ વસે છે.

આ પ્રમાણે ભાવશ્રાવકના સતર ગુણો કહ્યા. અહીં કોઇ શંકા કરે કે—આ સતર ગુણો પૈકી સ્ત્રી, ઇંદ્રિય અને વિષય, તથા અરક્તદ્વિષ્ટ, મધ્યસ્થ અને અસંબદ્ધ, તથા ગેહ અને ગેહવાસ, આમાનો વિષય એક જ હોવાથી અર્થનો ભેદ ( તફાવત ) જણાતો નથી, માટે તેમાં પુનરૂક્ત નામનો દોષ કેમ ન લાગે ? તેનો ઉત્તર આપતાં ગુરૂ કહે છે કે-આ શંકા સાચી છે. પરંતુ દેશવિરતિ વિચિત્ર રૂપવાળી હોવાથી એક જ વિષયમાં જૂદા જૂદા પરિણામ હોઇ શકે છે. એટલું જ નહીં, પરંતુ એક પરિણામના પણ વિષયનો ભેદ સંભવે છે. માટે સર્વ ભેદોનો નિષેધ કરવાના ઇરાદાથી આ સર્વ વિસ્તાર કર્યો છે, તેથી અહીં પુનરૂક્ત દોષ આવતો નથી. અને તે જ રીતે વ્યાખ્યાનની ગાથાઓ વડે સ્પષ્ટ જણાવેલું છે, માટે સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરીને સમાધાન કરવું. આ પ્રમાણે સતર ગાથાનો અર્થ સમાપ્ત થયો.

હવે ચાલતા પ્રકરણને સમાપ્ત કરવા પૂર્વક બીજા પ્રકરણનો સંબંધ કરે છે.

**इय सतरसगुणजुत्तो, जिणागमे भावसावगो भणिओ ।**
**एस उण कुसलजोगा, लहइ लहु भावसाहुत्तं ॥ ७७ ॥**

મૂલાર્થ—આ પ્રમાણે જિનાગમને વિષે સતર ગુણે કરીને યુક્ત ભાવશ્રાવક કહ્યો છે. અને તે જ ( ભાવશ્રાવક ) કુશળયોગથી શીઘ્રપણે ભાવસાધુપણું પામે છે.

ટીકાર્થ—ઇતિ એટલે ઉપર કહેલા પ્રકારે કરીને જિનાગમને વિષે સતર ગુણે કરીને યુક્ત ભાવશ્રાવક કહેલો છે. અને **एषः पुनः** અહીં **पुनः** શબ્દ વિશેષણના અર્થમાં છે, તેથી શું વિશેષ કહે છે? વળી આગમમાં આ ( ભાવશ્રાવક ) દ્રવ્યસાધુ કહેલો છે તે વિષે કહ્યું છે કે—" જેમ માટીનો પિંડ દ્રવ્યઘટ કહેવાય છે તેમ સુશ્રાવક દ્રવ્યસાધુ કહેવાય છે. અને જે સાધુ છે તે દ્રવ્ય દેવ કહેવાય છે. એમ સર્વ શુદ્ધ નયનો મત છે." આવા પ્રકારનો ભાવશ્રાવક વિશેષ પ્રકારના પરિણામ ( અધ્યવસાય ) થી મન વચન અને કાયાના કુશળ યોગને ઉપાર્જન કરી શીઘ્રપણે ભાવસાધુપણાને એટલે યથાર્થ યતિપણાને પામે છે."

ભાવસાધુ કેવો હોય? તે કહે છે—" મોક્ષને સાધનારા યોગોને નિરંતર સાધે છે અને સર્વ પ્રાણીઓને વિષે સમાન પણે વર્તે છે તેથી તે સાધુ કહેવાય છે. જે ક્ષાંતિ વિગેરે ગુણોવડે સહિત હોય, મૈત્રી, વિગેરે ગુણો વડે ભૂષિત હોય અને સદાચારમાં અપ્રમાદિ હોય તે ભાવસાધુ કહેવાય છે." આવો ભાવસાધુ છદ્મસ્થ જીવોએ શી રીતે જાણી શકાય? લિંગોએ કરીને જાણી શકાય. તે લિંગો કયાં છે? તે કહે છે —

**एयस्स उ लिंगाइं, सयला मग्गाणुसारिणी किरिया ।**
**सद्धा पवरा धम्मे पन्नवणिज्जत्तमुजुभावा ॥ ७८ ॥**
**किरियासु अप्पमाओ, आरंभो सक्कणिज्जणुट्ठाणे ।**
**गुरूओ गुणाणुराओ, गुरुआणाराहणं परमं ॥ ७९ ॥**

મૂલાર્થ—તેના આ લિંગો છે—તેની સમગ્ર ક્રિયા માર્ગાનુસારી હોય ૧, ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા હોય ૨, સરલભાવને લીધે પ્રજ્ઞાપનીયપણું હોય ૩, ક્રિયા કરવામાં અપ્રમાદ હોય ૪, બની શકે તેવા અનુષ્ઠાનમાં આરંભ હોય ૫, ગુણને વિષે અત્યંત અનુરાગ હોય ૬, અને અત્યંત ગુરૂની આજ્ઞાનું આરાધન હોય ૭. આ સાત લિંગ ભાવસાધુનાં છે.

ટીકાર્થ—આના એટલે ભાવસાધુના લિંગો-ચિન્હો આ પ્રમાણે છે-સમગ્ર પ્રત્યુપેક્ષણાદિક ક્રિયા માર્ગાનુસારી એટલે મોક્ષમાર્ગને અનુસરનારી હોય ૧, તથા ધર્મને વિષે-સંયમને વિષે ઉત્કૃષ્ટ શ્રદ્ધા હોય ૨, તથા ઋજુભાવથી-અકુટિલપણાથી પ્રજ્ઞાપનીયપણું-સદ્બોધમાં લંપટપણું હોય ૩, તથા ક્રિયાઓમાં-શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોમાં અપ્રમાદ-અશિથિલતા હોય ૪, તથા શકય-બની શકે તેવા તપશ્ચર્યાદિક અનુષ્ઠાનને વિષે આરંભ-પ્રવૃત્તિ હોય ૫, તથા મોટો ગુણાનુરાગ-ગુણને વિષે પક્ષપાત હોય ૬, તથા પરમ-ઉત્કૃષ્ટ ગુર્વારાધન-આચાર્યાદિક ગુરૂની આજ્ઞામાં વર્તવાપણું હોય ૭. આ સાત લક્ષણો ભાવસાધુનાં છે. આ રીતે બે ગાથાનો સંક્ષેપ અર્થ કહ્યો.

## હવે વિસ્તારથી અર્થ સૂત્રકાર પોતે જ કહે છે-

**मग्गो आगमनीई, अहवा संविग्गबहुजणाइन्नं ।**
**उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिया ॥८०॥**

મૂલાર્થ—માર્ગ એટલે આગમની નીતિ અથવા ઘણા સંવિગ્ન જનોનું આચરણ. આ બન્નેને અનુસરતી જે ક્રિયા તે માર્ગાનુસારી ક્રિયા કહેવાય છે.

ટીકાર્થ—ઉચ્છિત સ્થાનની પ્રાપ્તિને માટે પુરૂષોએ જે શોધાય છે તે માર્ગ કહેવાય છે એટલે કે 'मृग्' શોધવું એ ધાતુ ઉપરથી

માર્ગ શબ્દ થયો છે. તે માર્ગ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનો છે. તેમાં ગામ વિગેરે તરફ જવાનો જે માર્ગ તે દ્રવ્યમાર્ગ અને મુક્તિપુરી તરફ જવાનો જે માર્ગ તે ભાવમાર્ગ કહેવાય છે. એટલે કે સમ્યક્જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ અથવા ક્ષાયોપશમિક ભાવરૂપ ભાવમાર્ગ કહેવાય છે, અને તેજ ભાવમાર્ગનો અહીં અધિકાર છે. વળી તે માર્ગ કારણને વિષે કાર્યનો ઉપચાર [1]કરવાથી આગમનીતિ–સિદ્ધાંતમાં કહેલો આચાર અથવા સંવેગી ઘણા જનોનો આચાર એમ બે પ્રકારનો કહેલો છે. તેમાં આગમ એટલે વીતરાગનું વચન કહ્યું છે કે-" આગમ એટલે આપ્ત પુરૂષનું વચન, જેના દોષનો ( દ્વેષનો ) ક્ષય થયો હોય તેને આપ્ત કહેલા છે. વીતરાગ અસત્ય વચન બોલે જ નહીં. કેમકે તેમને અસત્ય બોલવાનું કાંઇ પણ (રાગદ્વેષાદિક) કારણ નથી." તે આગમની નીતિ એટલે ઉત્સર્ગ અને અપવાદ રૂપ શુદ્ધ સંયમનો ઉપાય તે માર્ગ કહેવાય છે. કહ્યું છે કે—" આ પૃથ્વી ઉપર અંતરાત્માનું વચનજ પ્રવર્તક અને નિવર્તક છે અને ધર્મ પણ તે વચનમાંજ રહેલો છે, અને તેવું ઉત્કૃષ્ટ વચન આ જગતમાં મુનીંદ્ર ( જિનેંદ્ર ) નું જ છે. આ વચન હૃદયમાં રહ્યું હોય તો તત્ત્વથી મુનીંદ્ર જ હૃદયમાં રહેલા છે એમ જાણવું. અને તે મુનીંદ્ર હૃદયમાં રહેવાથી અવશ્ય સર્વ અર્થની સિદ્ધિ થાય છે." તથા સંવિગ્નો એટલે મોક્ષના અભિલાષી એવા જનો એટલે બીજાઓને સંવેગનો અભાવ હોવાથી ગીતાર્થો, તેઓએ જે ક્રિયારૂપ અનુષ્ઠાન કર્યું હોય તે પણ માર્ગ કહેવાય છે. અહીં જે સંવિગ્ન શબ્દ ગ્રહણ કર્યો છે તે અસંવિગ્નો ઘણા હોય તો પણ તેમનું અપ્રમાણપણું દેખાડે છે, અને બહુ જન શબ્દનું ગ્રહણ કર્યું છે તે એક સંવિગ્ન પણ કદાચ અનાભોગ અને અજ્ઞાનતાદિકના કારણથી અશુભ આચરણ કરે તેથી તે પણ પ્રમાણ ભૂત નથી, એમ જણાવે છે. આ હેતુથી સંવિગ્ન એવા

---

૧ આગમનીતિ કારણ અને મોક્ષમાર્ગ કાર્ય છે. કારણને કાર્યરૂપે માનવાથી આગમનીતિ મોક્ષ માર્ગ કહેવાય છે.

ઘણા જનોએ જે આચરેલો હોય તે જ માર્ગ છે એમ જાણવું. આ બન્ને માર્ગને અનુસરનારી એટલે આગમની બાધા રહિત અને સંવિગ્ન જનોના વ્યવહારમાં આવેલી જે ક્રિયા તે માર્ગાનુસારી ક્રિયા કહેવાય છે.

અહીં કોઇ શંકા કરે છે કે—એકલા આગમને જ માર્ગ કહેવો યોગ્ય છે, પણ ઘણા જનોના આચરણને માર્ગ કહેવો તે અયુક્ત છે. તેમ કહેવાથી બીજા શાસ્ત્ર[1] સાથે વિરોધ આવશે, અને આગમનું અપ્રમાણપણું પ્રાપ્ત થશે. કેમકે તે વિષે આગમમાં અન્ય સ્થળે કહ્યું છે કે—"જો ઘણા જનોની માત્ર પ્રવૃત્તિ ( આચરણ ) ને જ ઇછીએ તો લૌકિક ધર્મ જ ત્યાગ કરવા લાયક નહીં થાય. કેમકે તેમાં ઘણા જનો પ્રવર્તે છે. તેથી આગમમાં જે આજ્ઞા કરી હોય તે જ પ્રમાણે ડાહ્યા પુરૂષે કરવું જોઇએ. ઘણા જનોની પ્રવૃત્તિનું શું કામ છે ? કારણ કે શ્રેયના અર્થી ઘણા જનો હોતા નથી." તથા વળી કહ્યું છે કે—"જેમ ઉચિત એવો જ્યેષ્ઠ પુરૂષ વિદ્યમાન છતાં [2]અનુજ્યેષ્ઠની પૂજા કરવી અયોગ્ય છે તેમ ભગવાનનું વચન ( આગમ ) પ્રગટ ( વિદ્યમાન ) છતાં ઘણા લોકના આચરણનું ઉદાહરણ ( કહેવું ), તે પણ અયુક્ત છે." વળી આગમને કેવળી પણ અપ્રમાણ કરતા નથી. કહ્યું છે કે—"શ્રુતના ઉપયોગવાળા શ્રુતજ્ઞાની જો કદાચ અશુદ્ધ આહાર ગ્રહણ કરે તો પણ તે આહારને કેવળી ગ્રહણ પણ કરે. અન્યથા શ્રુતની અપ્રમાણતા થાય." વળી આગમ વિદ્યમાન છતાં આચરણને પ્રમાણભૂત કરવાથી તે આગમની લઘુતા થાય એ સ્પષ્ટ જ છે.

આ પ્રમાણે કોઇ શંકા કરે તેને ગુરૂ જવાબ આપે છે કે—"તે એમ નથી. કેમકે આ શાસ્ત્રના તેમજ બીજા શાસ્ત્રના વિષયના વિભાગનું જ્ઞાન ન હોવાથી તને આવી શંકા થાય છે. તે આ પ્રમાણે—આ સૂત્રમાં સંવિગ્ન ગીતાર્થો આગમની અપેક્ષા વિના કાંઇ પણ આચરણ કરતા નથી. પરંતુ "જેનાથી નવા દોષો થતા અટકે છે અને જેનાથી પૂર્વ કર્મનો ક્ષય થાય છે, તે તે રોગની અવસ્થામાં શમન ( ઔષધ )

---

૧ આગમના બીજા વચન સાથે. ૨ મોટાથી નાનાની.

ની જેમ મોક્ષનો ઉપાય છે." ઇત્યાદિ આગમનું સ્મરણ કરી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરૂષાદિકની યોગ્યતાનો વિચાર કરી સંયમની વૃદ્ધિ કરનારૂં જે કાંઈ હોય તેનું જ આચરણ કરે છે, અને તેને બીજા પણ સંવિગ્ન ગીતાર્થો પ્રમાણભૂત કરે છે. તેથી તે માર્ગ કહેવાય છે. તે કહેલાં બીજાં શાસ્ત્રો તો અસંવિગ્ન અને અગીતાર્થ જનોની અયોગ્ય પ્રવૃત્તિને આશ્રીને પ્રવર્તેલાં છે. તેથી તેની સાથે શી રીતે વિરોધ સંભવે ? વળી સંવિગ્નના આચારને પ્રમાણ ગણવાથી આગમની અપ્રમાણતા થઇ શકતી નથી, પણ ઉલટી આગમની પ્રતિષ્ઠા મજબૂત થાય છે. કારણ કે આગમમાં પણ આગમ વ્યવહાર ૧, શ્રુત વ્યવહાર ૨, આજ્ઞા વ્યવહાર ૩, ધારણા વ્યવહાર ૪ અને જીત વ્યવહાર ૫ એ પાંચ પ્રકારનો વ્યહાર કહેલો છે. તે વિષે સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે—" પાંચ પ્રકારનો વ્યવહાર કહ્યો છે. તે આ પ્રમાણે—આગમ વ્યવહાર ૧, શ્રુત વ્યવહાર ૨, આજ્ઞા વ્યવહાર ૩, ધારણા વ્યવહાર ૪ અને જીત વ્યવહાર ૫." અહીં જીત અને આચરણ એ બન્નેનો એક જ અર્થ હોવાથી આચરણની પ્રમાણતા સિદ્ધ થયે આગમની પ્રતિષ્ઠા અત્યંત સિદ્ધ થાય છે. પરંતુ જે મોહાંધ પુરૂષો બીજા મનુષ્યોના આચરણનું દૃષ્ટાંત આપી ગીતાર્થના આચરેલા માર્ગને દૂષિત કરે છે તે બિચારા " અમે આગમની રૂચિવાવાળા છીયે." એવી મિથ્યા આઘોષણા કરે છે. કહ્યું છે કે—" મૂઢ જનો અનાદિ કાળના મોહને લીધે અમે તેના ( આગમના ) ભક્ત છીએ એમ કહી તેની કદર્થના કરતા અને તેને જ માનતા છતાં તેની અવગણના કરે છે તે તેઓ જાણતા જ નથી." તેથી કરીને આગમથી અવિરૂદ્ધ જે આચરણ તે પ્રમાણભૂત છે એમ સિદ્ધ થયું. ૮૦

**अन्नह भणियं पि सुए, किंचीं कालाइकारणावेरकं ।**
**आइन्नमन्नह च्चिय, दीसइ संविग्गगीएहिं ॥ ८१ ॥**

મૂલાર્થ—શ્રુતમાં અન્યથા પ્રકારે કહેલું હોય તો પણ કાંઇક

કાળાદિકની અપેક્ષાએ કરીને સંવિગ્ન ગીતાર્થોએ તેથી બીજું જ કાંઈક આચરેલું દેખાય છે.

ટીકાર્થ—શ્રુતમાં એટલે જિનેશ્વરના આગમમાં કાંઇક વસ્તુ અન્યથા એટલે જૂદા પ્રકારે કહેલી હોય તોપણ કાળાદિક કારણની અપેક્ષાએ એટલે દુઃષમાદિક રૂપ કાળનો વિચાર કરવા પૂર્વક સંવિગ્ન ગીતાર્થોએ અન્યથા પ્રકારે જ આચરેલી સાક્ષાત્ દેખાય છે. ૮૧.

તે શું ? તે કહે છે—

**कप्पाणं पाउरणं, अग्गोयरचाय झोलियाभिक्खा ।**
**ओवग्गहियकडाहय–तुंबयमुहदाणदोराई ॥ ८२ ॥**

મૂલાર્થ—કલ્પોનું પ્રાવરણ, અગ્રાવતારનો ત્યાગ, ઝોળી વડે ભિક્ષા, તથા કટાહક, તુંબક, મુખદાન અને દોરા વિગેરે ઔપગ્રહિકનો સ્વીકાર.

ટીકાર્થ—સાડા ત્રણ હાથ લાંબા અને અઢી હાથ પહોળા વસ્ત્રનું કલ્પ એવું નામ આગમમાં પ્રસિદ્ધ છે, તે કલ્પોનું પ્રાવરણ એટલે ચોતરફ શરીરે વીંટવું તે, આ કલ્પો કારણ વિના ભિક્ષાચર્યાદિકમાં જતા સાધુએ સંવૃત્ત એટલે સંકેલેલા જ સ્કંધ ઉપર રાખવા એમ આગમમાં કહ્યું છે, છતાં હાલ તે પહેરવામાં આવે છે. અગ્રાવતાર એ પહેરવાનું વસ્ત્ર વિશેષ સાધુજનમાં પ્રસિદ્ધ છે, તેનો ત્યાગ એટલે ચોલપટ્ટાનો કરેલો ફેરફાર તથા ઝોળી એટલે હાથ ઉપર લટકતી પાત્રાં રાખવાની ઝોળી, તેણે કરીને ભિક્ષા માટે જવું તે આગમમાં પાત્રબંધના બે છેડા મૂઠીમાં પકડવાના કહ્યા છે, તથા બે કોણીની પાસે બાંધવાના કહ્યા છે. તથા ઔપગ્રહિક ઉપગરણ, જેવા કે કટાહક, તુંબક, મુખદાન અને દોરા વિગેરે પ્રસિદ્ધ છે. તે હાલમાં સાધુએ આચરેલા છે. અર્થાત આગમમાં કહેલા નથી. ૮૨

તથા--

**सिक्किगनिक्खिवणाई, पज्जोसवणाइतिहिपरावत्तो ।**
**भोयणविहिअन्नत्तं, एमाई विविहमन्नं पि ॥ ८३ ॥**

મૂલાર્થ—સીકામાં પાત્ર નાંખવા વિગેરે, પર્યુષણાદિકની તિથિનો ફેરફાર, ભોજનવિધિનો ફેરફાર એ વિગેરે બીજી ઘણી બાબતોમાં ફેરફાર આચરણ થયેલા છે.

ટીકાર્થ—સિક્કિક એટલે દોરાનો બનાવેલો પાત્રનો આધાર વિશેષ. તેમાં નિક્ષેપ એટલે પાત્રનું બાંધવું તે, આદિ શબ્દથી પડલા, પાયકેસરીયા વિગેરે ધારણ કરવાં. તથા યુકિતના લેપ વડે પાત્રોને લેપ કરવો તે, તથા પર્યુષણાદિકતિથિનો પરાવર્ત-પર્યુષણા એટલે સંવત્સરી, આદિ શબ્દથી ચાતુર્માસિક, કોઇના મનમાં પાક્ષિક પણ ગ્રહણ કરાય છે. આ પર્વોની તિથિનો પરાવર્ત એટલે ફેરફાર કરેલો છે તે સુપ્રસિદ્ધ છે. તથા ભોજન વિધિનું અન્યત્વ એટલે યતિઓને ભોજન વિધિમાં ફેરફાર કર્યો તે પણ પ્રસિદ્ધ છે. પરંતુ બીજાની પાસે આ ભોજનવિધિની વ્યાખ્યા કરવી નહીં, કારણકે આગમમાં તેને ગુપ્ત રીતેજ કરવાનું કહ્યું છે. તે આગમ આ પ્રમાણે છે--"યતિઓ છ કાયની ઉપર દયાવાળા છે તો પણ આહાર, નિહાર,ને દુગંછનીક પિંડ ગ્રહણ કરતાં તેઓ દુર્લભ બોધિને કરે છે." **एमाई** આ પદમાં પ્રાકૃત ભાષાને લીધે **एवं** ના **व**કારનો લોપ થયો છે. **आदि** શબ્દે કરીને વાચનાવડે ગ્રહણ અને ધારણ કરવામાં અશકિતવાળા મંદબુદ્ધિ મનુષ્યોને જાણી પાટીમાં ભણવાની પ્રવૃત્તિ કરી, કાંઇક સંયમની વિરાધના છતાં પણ સિદ્ધાંતને પુસ્તકમાં આરૂઢ કર્યું, તથા પ્રવચનના અવિચ્છેદને માટે કવળિકા વિગેરે ધારણ કર્યાં. આ સર્વે ગીતાર્થનાં આચરણ **आदि** શબ્દથી ગ્રહણ કરાય છે. બીજું પણ વિવિધ પ્રકારનું આચરણ પ્રમાણભૂત જ છે. તેને માટે વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે--" શસ્ત્રપરિજ્ઞાને બદલે છકાય સંયમ અને પિંડેષણાને બદલે ઉત્તરાધ્યયન હાલમાં શિખાય છે. તેમાં વૃક્ષ, વૃષભ, ગોપ, યોદ્ધા, શોધિ અને પુષ્ક-

રિણીનાં દૃષ્ટાંતો છે.” આનો ભાવાર્થ એ છે જે—“ શસ્ત્રપરિજ્ઞા અધ્યયન સૂત્રથી અને અર્થથી ભણ્યા પછી સાધુનું ઉત્થાપન કરવું એટલે વડી દીક્ષા આપવી એમ આગમમાં કહ્યું છે. અને હાલનો આચાર એવો છે કે—છકાય સંયમ એટલે દશવૈકાલિક સૂત્રનું ષડ્જીવનિકા નામનું ચોથું અધ્યયન સૂત્ર અને અર્થથી ભણ્યા પછી સાધુની ઉત્થાપના-વડી દીક્ષા કરાય છે. તથા આગમને અનુસારે પ્રથમ પિંડેષણા અધ્યયન ( આચારાંગ ) ભણ્યા પછી ઉત્તરાધ્યયન ભણવામાં આવતું હતું, અને હાલમાં ઉત્તરાધ્યયન ભણ્યા પછી આચારાંગ શીખાય છે. પૂર્વે કલ્પવૃક્ષો લોકના શરીરના નિર્વાહનું સાધન હતા, હાલમાં આમ્રવૃક્ષ અને કરીર વિગેરે વૃક્ષોથી વ્યવહાર ( નિર્વાહ ) ચાલે છે. તથા પૂર્વે વૃષભો અતુલ બળવાન અને શ્વેત વર્ણવાળા હતા, હાલમાં અલ્પ બળવાન ધુસરા વર્ણવાળાથી પણ લોક વ્યવહાર કરે છે. તથા પૂર્વે ગોપજનો ખેડુત હતા અને તેઓ ચક્રવર્તીના ગૃહપતિ નામના રત્નની જેમ એક જ દીવસમાં ધાન્ય નીપજાવતા હતા, હાલમાં તેવા ખેડુતો નહીં છતાં પણ બીજા ખેડુતોથી લોકો નિર્વાહ કરે છે. તથા પૂર્વે યોદ્ધાઓ [1]સહસ્ત્ર યોદ્ધાદિક હતા, હાલમાં અલ્પ બળ અને પરાક્રમવાળા છે તો પણ તેનાથી રાજાઓ શત્રુઓનો પરાભવ કરી રાજ્યનું પાલન કરે છે. તેજ પ્રમાણે સાધુઓ પણ હાલમાં જીતવ્યવહારે કરીને સંયમને આરાધે છે, એ પ્રમાણે ઉપનય કરવો. તથા શોધિ એટલે પ્રાયશ્ચિત્ત પહેલાં છ માસનું આવતું તે હાલ જીત વ્યવહારમાં પાંચ ઉપવાસનું કહેલું છે. તથા પુષ્કરિણી એટલે વાવો પણ પહેલાંના કરતાં હીન છે તો પણ લોકોનો ઉપકાર કરે જ છે. અહીં દાર્ષ્ટાંતિકની યોજના પ્રથમની જેમ કરી લેવી. આ પ્રમાણે અનેક પ્રકારે જીતવ્યવહાર જોવામાં આવે છે. ૮૩

અથવા ઘણું શું કહેવું ?

---

૧ એક યોદ્ધો હજાર યોદ્ધાઓ સાથે એકી વખતે યુદ્ધ કરી શકે તે સહસ્ત્રયોધ કહેવાય છે.

**जं सव्वहा न सुत्ते, पडिसिद्धं नेय जीववहहेऊ।**
**तं सव्वं पि पमाणं, चारित्तधणाण भणियं च ॥८४॥**

મૂલાર્થ—સૂત્રમાં જેનો સર્વથા પ્રકારે નિષેધ કરેલો ન હોય તથા જે જીવના વધનું કારણ ન હોય તે સર્વ ચારિત્ર રૂપી ધનવાળા સાધુઓને પ્રમાણભૂત છે. તે વિષે કહ્યું છે કે—

ટીકાર્થ—જે વસ્તુ સર્વથા પ્રકારે સિદ્ધાંતમાં મૈથુનની જેમ નિષેધી ન હોય. કહ્યું છે કે—"જિનેશ્વરે એક મૈથુનને મૂકીને બીજી કોઇ પણ વસ્તુનો સર્વથા નિષેધ કર્યો નથી, તથા અનુજ્ઞા પણ આપી નથી. કારણ કે તે મૈથુન રાગ દ્વેષ વિના થઇ શકતું નથી તેથી તેનો સર્વથા નિષેધ છે." તથા જે આધાકર્મના ગ્રહણની જેમ જીવવધનો હેતુ ન હોય, તે સર્વ જીતવ્યવહાર ચારિત્ર રૂપી ધનવાળાને આગમની આજ્ઞા હોવાથી પ્રમાણભૂત છે. તે વિષે આગમમાં કહ્યું છે કે-૮૪

## આગમમાં જે કહ્યું છે તેજ કહે છે—

**अवलंबिऊण कज्जं, जं किं पि समायरंति गीयत्था।**
**थेवावराह बहुगुण, सव्वेसिं तं पमाणं तु ॥ ८५ ॥**

મૂલાર્થ—ગીતાર્થો કાર્યને આશ્રીને જે કાંઇ પણ થોડા દોષ વાળું અને ઘણા ગુણવાળું આચરણ કરે છે, તે સર્વને પ્રમાણભૂત છે.

ટીકાર્થ—આગમના તત્વને જાણનારા ગીતાર્થો કાર્યને આશ્રીને સંયમને ઉપકાર કરનાર કાંઇ પણ અલ્પ દોષવાળું અને બહુને ઉપકાર કરનારૂં આચરણ કરે છે, તે સર્વ ચારિત્રીઓને પ્રમાણ જ છે. અહીં તુ શબ્દ અવધારણ-નિશ્ચય અર્થમાં છે.

અહીં કોઇ વક્ર માણસ શંકા કરે છે કે—જો આ પ્રમાણે આચરણાને જ તમે પ્રમાણ કરતા હો તો અમારા પિતા, પિતામહ વિગેરે પૂર્વજો વિવિધ પ્રકારના આરંભ અને મિથ્યાત્વની ક્રિયામાં પ્રવર્તતા

હતા, તેથી અમારે પણ તેજ પ્રમાણે વર્તવું ઉચિત છે. આનો ઉત્તર આપે છે કે-હે સૌમ્ય ! અમે તને સન્માર્ગે લઇ જઇયે છીયે તેમાં તું ઉન્માર્ગે ન જા. કારણ કે અમે તો સંવિગ્નનો આચાર સ્થાપન કર્યો છે, પણ સર્વ પૂર્વ પુરૂષોએ જે આચરણ કર્યું હોય તેનું સ્થાપન કર્યું નથી. માટે તું આ ઉન્મત્ત મનુષ્યની જેવો પ્રલાપ કરે છે, તે અયોગ્ય છે આ કારણથી જ કહે છે કે—

**जं पुण पमायरूवं, गुरुलाघवचिंतविरहियं सवहं ।**
**सुहसीलसढाइन्नं, चरित्तिणो तं न सेवंति ॥ ८६ ॥**

મૂલાર્થ—વળી જે આચરણ પ્રમાદરૂપ હોવાથી ગુરૂ લાઘવના વિચાર રહિત હોય અને તેથી કરીને જ હિંસાત્મક હોય એવું સુખ શીલીયા શઠ પુરૂષોએ આચરેલું તે આચરણ ચારિત્રિઓ આચરતા નથી.

ટીકાર્થ—વળી જે આચરણ સંયમનો બાધ કરનાર હોવાથી પ્રમાદ રૂપ હોય, અને એજ કારણથી ગુરૂલાઘવની ચિંતા રહિત એટલે આ ગુણવાળું છે કે ગુણ વિનાનું છે ? એવી આલોચના રહિત હોય અને તેથી કરીને જ યતના રહિત હોવાને લીધે સવધ-હિંસાવાળું હોય, આવા પ્રકારનું કે જે સુખશીલ એટલે આ લોકના સુખની જ આકાંક્ષાવાળા અને શઠ એટલે અસત્યનું જ આલંબન કરનારા પુરૂષોએ આચરેલું હોય, તેવા આચરણને શુદ્ધ ચારિત્રવાળા મુનિઓ સેવતા નથી-આચરતા નથી.

એનો જ ઉલ્લેખ ( સ્પષ્ટતા ) બતાવે છે—

**जह सड्ढेसु ममत्तं, राढाए असुद्धउवहिभत्ताई ।**
**निद्देज्जवसहितूली-मसूरिगाईण परिभोगो ॥ ८७ ॥**

મૂલાર્થ—જેમકે શ્રાવકોને વિષે મમતા રાખવી, શરીરની શોભાને માટે અશુદ્ધ ઉપધિ અને ભાતપાણી વિગેરે ગ્રહણ કરવા, તથા

કાયમને માટે આપેલા ઉપાશ્રય, તળાઈ, ગાલમુસરીયા વિગેરેનો ઉપભોગ કરવો ( એ સર્વ પ્રમાદાચરણ છે. )

ટીકાર્થ—**यथा** ( જેમકે ) શબ્દ દૃષ્ટાંતને માટે લખ્યો છે. શ્રાવકોને વિષે મમત્વ-મમકાર એટલે આ મારો શ્રાવક છે એવો અતિગાઢ આગ્રહ રાખવો. " ગામ, કુળ, નગર કે દેશ વિગેરે કોઇપણ ઠેકાણે મમતા કરવી નહીં." એ પ્રમાણે આગમને વિષે મમતાનો નિષેધ કર્યો છતાં પણ કેટલાક સાધુઓ મમતા કરે છે. તથા **राढया** એટલે શરીરની શોભાની ઇચ્છાથી કેટલાક સાધુઓ અશુદ્ધ ઉપધિ અને ભકતાદિક ગ્રહણ કરે છે. તેમાં અશુદ્ધ એટલે ઉદ્‌ગમ વિગેરેના દોષવાળી ઉપધિ વસ્ત્ર, પાત્ર વિગેરે અને ભકત એટલે ભાત પાણી વિગેરે અશન, આદિ શબ્દથી ઉપાશ્રય વિગેરે, આ સર્વનો પણ આગમને વિષે નિષેધ કરેલો છે. કારણ કે આગમને વિષે આ પ્રમાણે કહ્યું છે- " પિંડ, શય્યા, વસ્ત્ર અને ચોથું પાત્ર, એ અકલ્પ્ય ( અશુદ્ધ ) હોય તો તે ઇચ્છવાં નહીં-લેવાં નહીં. પરંતુ કલ્પ્ય ( શુદ્ધ ) હોય તો જ તે ગ્રહણ કરવાં. અહીં **राढा** શબ્દનું ગ્રહણ કર્યું છે તે કદાચ પુષ્ટાલંબને કરીને દુષ્કાળ અથવા માંદગી વિગેરેના કારણે યતના પૂર્વક અશુદ્ધ ગ્રહણ કરવામાં પણ દોષ નથી એમ જણાવવા માટે કર્યું છે. તે વિષે પિંડનિર્યુકિતમાં કહ્યું છે કે-" આ આહારનો વિધિ સર્વ પદાર્થોને જોનારા તીર્થંકરોએ જે પ્રકારે કહ્યો છે તે પ્રકારે ધર્મ અને આવશ્યક ક્રિયાના યોગોની હાનિ ન થાય તેમ કરવો. " તથા- "કારણે જે દોષ સેવવો પડે તે ભાવથી સેવ્યો નથી એમ જાણવું. કેમ કે આજ્ઞાએ કરીને તે પ્રમાણે કરતાં તેનો ભાવ તો શુદ્ધ જ રહ્યો છે અને તેથી કરીને તે મોક્ષનો હેતુ જ છે. " તથા **निद्देज्ज**-પત્રમાં લેખ લખીને ચંદ્ર સૂર્ય રહે ત્યાં સુધીને માટે આપેલી **वसति**-ઘર એ પણ સાધુને અકલ્પ્યજ છે કેમકે તે લેતાં અનગારપણું નષ્ટ થાય છે, અને તેને ભાંગ્યા તુટ્યાને સુધારતાં જીવવધનો સંભવ છે. કહ્યું છે કે—" જીવોની હિંસા કર્યા વિના ઘરની સાર સંભાળ શી

રીતે થઇ શકે ? તેથી તેમ કરનારા સાધુઓ અસંયતિના માર્ગમાં પડે છે, ” આવી દોષવાળી વસતિને પણ કેટલાક સાધુઓ ગ્રહણ કરે છે. તથા તૂલી ( તળાઇ ) અને મસૂરક ( ગાલ-મૂસરીયા ) વિગેરેનો પણ કેટલાએક ઉપભોગ કરે છે. તેમાં તૂલી અને મસૂરકનો અર્થ પ્રસિદ્ધ છે. આદિ શબ્દથી કાંસા અને તાંબાનાં પાત્ર વિગેરે જાણવાં. આ સર્વે યતિઓને ગ્રહણ કરવા યોગ્ય નથી. કહ્યું છે કે—“ જે અજીવ પદાર્થ પણ ગ્રહણ કરવાથી અસંયમ થાય તે પદાર્થો ગ્રહણ કરવા લાયક નથી. જેમકે પુસ્તકપંચક, દૂષ્ય ( વસ્ત્ર ) પંચક, તૃણપંચક અને ચર્મપંચક એ અગ્રાહ્ય છે. તેમાં ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટફલક અને છેદપાટી એ પાંચ પ્રકારનાં પુસ્તક જિનેશ્વરોએ કહ્યાં છે. તેમાં લંબાઇ, પહોળાઇ અને જાડાઇમાં જે તુલ્ય હોય તે ગંડી પુસ્તક કહેવાય છે. ૧. છેડે પાતળું અને મધ્યમાં પહોળું હોય તે કચ્છપી પુસ્તક જાણવું. ૨. જે ચાર આંગળ લાંબું અને ગોળાકારે હોય અથવા ચાર આંગળ લાંબું અને ચતુરસ્ર-સમચોરસ હોય તે મુષ્ટિપુસ્તક કહેવાય છે. ૩. જે બે આદિક ફલક જોડવાથી થાય તે સંપુટ ફલક ( ચોપડાને આકારે ) કહેવાય છે. ૪. તથા જેનાં પાનાં ટુંકાં હોય અને ઉંચાઇમાં વધારે હોય તે છેદપાટી પુસ્તક કહેવાય છે, એમ પંડિતો કહે છે. અથવા બીજી રીતે કહીયે તો જે પુસ્તક લાંબું અને હ્રસ્વ હોય પણ તે જો જાડાઈમાં વધારે હોય અને પહોળાઇમાં ઓછું હોય તો તેને સિદ્ધાંત જાણનારાઓ છેદપાટી પુસ્તક કહે છે. ૫. હવે દૂષ્ય પંચક સંક્ષેપથી બે પ્રકારનું હોય છે એમ જાણવું. તેમાં એક [1]અપ્રતિલેખ્ય અને બીજું [2]દુષ્પ્રતિલેખ્ય એ બે ભેદ જાણવા. તેમાં અપ્રતિલેખ્ય પાંચ દૂષ્ય આ પ્રમાણે છે.—તળાઇ ૧, ઓશીકું ૨, ગંડોપધાન એટલે ગાલમસૂરીયું ૩, આલિંગિણિ એટલે ગોઠણીયું ૪ તથા મસૂર એટલે ચાકળો ૫. દુષ્પ્રતિલેખ્ય પાંચ દૂષ્ય આ પ્રમાણે છે.—પલ્હવિ, ૧, કોયવિ ૨, પ્રાવારક ૩, નવતક ૪ અને દૃઢગાલી. ૫. તેમાં પલ્હવિ એટલે હાથીની

૧ જેની પડિલેહણ ન થઇ શકે તે. ૨ જેની પડિલેહણ મુશ્કેલીથી થઇ શકે તે.

પીઠ ઉપરનું આસ્તરણ ઝૂલ વિગેરે ૧, કોયવિ એટલે રૂનું ભરેલું વસ્ત્ર તથા શાલ જોટો વિગેરે ૨, દઢગાલી એટલે દશીયો સહિત પહેરવાનું ધોતીયું વિગેરે વસ્ત્ર ૩, બાકીના પ્રાવારક અને નવતક એ બે ભેદ પ્રસિદ્ધ છે, તેમાં પ્રાવારક એટલે માણુકી વિગેરે લોમ સહિત વસ્ત્ર. બીજા ગ્રંથકારો તેને મોટો કંબલ તથા પરિછિ એવું પણ કહે છે. ૪. અને નવતક એટલે જીર્ણ વસ્ત્ર. ૫. દુષ્ટ અષ્ટ કર્મને મથન કરનારા જિનેશ્વરોએ તૃણ પંચક આ પ્રમાણે કહ્યું છે.—શાલ ( કલમશાલિ ) ૧, વ્રીહિ ૨, કોદરાં ૩, રાલક ( કાંગ ) ૪ અને અરણ્ય એટલે શ્યામાક વિગેરેનાં તૃણ ૫. હવે ચર્મપંચક કહે છે—અજ-બકરો, એલગ-ઘેટો, ગાય, ભેંશ અને હરણ એ પાંચના ચર્મ જાણવા. અથવા બીજે પ્રકારે કહે છે—ચામડાના તળીયાં ૧, જોડા ૨, વાધરી ૩, કોશક-પગના અંગુઠા વિગેરેમાં પહેરાય તેવી ખોળી ૪, અને કત્તીય એટલે ચામડાનું વસ્ત્ર ૫. તથા પ્રગટ સુવર્ણ વિગેરે પણ સાધુને ગ્રહણ કરવા લાયક નથી. કારણકે તેથી અસંયમ થાય છે. એ વિગેરે શાસ્ત્રમાં નિષેધ કરેલું સર્વ ચારિત્રીઓને કલ્પતું નથી. તથા જાયફળ અને સોપારી વિગેરે અચિત્ત હોય તોપણ તે સાધુને અગ્રાહ્ય છે. કારણકે તે રાગનું કારણ છે તેથી તેનું દાન અથવા ગ્રહણ યોગ્ય નથી. ”

હવે પ્રસ્તુતને સમાપ્ત કરતા કહે છે—

इच्चाई असमंजस- मणेगहा खुद्दचिट्ठियं लोए ।
बहुएहि वि आयरियं, न पमाणं सुद्धचरणाणं ॥ ८८ ॥

મૂલાર્થ—ઈત્યાદિક અનેક પ્રકારનું ક્ષુદ્રજનોનું અયોગ્ય આચરણ લોકમાં ઘણા મનુષ્યોએ આચરેલું હોય તોપણ તે શુદ્ધ ચારિત્રવંતને પ્રમાણભૂત નથી.

ટીકાર્થ—ઇત્યાદિ એટલે એવા પ્રકારનું અસમંજસ એટલે

સત્પુરૂષોને બોલવાને પણ અયોગ્ય અનેક પ્રકારનું તુચ્છ પ્રાણીઓનું ચેષ્ટિત-આચરણ લોકમાં એટલે વેષધારી લોકોમાં ઘણા જનોએ આચરેલું હોય તો પણ તે શુદ્ધ-કલંક રહિત ચારિત્રવાળાઓને પ્રમાણભૂત-આલંબનનો હેતુ નથી. તેવા આચરણનો આગમમાં નિષેધ કરેલો હોવાથી, સંયમને વિરૂદ્ધ હોવાથી અને કારણ વિના પ્રવર્તાવેલું હોવાથી તેનું અપ્રમાણપણું જાણવું.

—◎◎—

## આ પ્રમાણે આનુષંગિકને કહીને હવે પ્રસ્તુતની સમાપ્તિ કરે છે—

**गीयत्थपारतंता, इय दुविहं मग्गमणुस्सरंतस्स ।**
**भावजइत्तं जुत्तं, दुप्पसहंतं जओ चरणं ॥ ८९ ॥**

મૂલાર્થ—આ પ્રમાણે ગીતાર્થની પરતંત્રતાએ કરીને બે પ્રકારના માર્ગને અનુસરનાર સાધુને ભાવયતિપણું કહેવું યુક્ત છે. કારણ કે દુષ્પ્રસહ આચાર્ય પર્યંત ચારિત્ર કહેલું છે.

ટીકાર્થ—આ પ્રમાણે એટલે ઉપર કહેલી નીતિ પ્રમાણે ગીતાર્થના પરતંત્રપણા થકી એટલે આગમ જાણનારની આજ્ઞાએ કરીને બે પ્રકારના માર્ગને અનુસરનાર એટલે તેને અનુસારે વ્યવહાર કરતા સાધુને ભાવયતિપણું કહેવું યોગ્ય છે. કારણ કે દુષ્પ્રસહ આચાર્ય પર્યંત ચારિત્ર રહેશે એમ આગમમાં સંભળાય છે. આ કહેવાનો અભિપ્રાય એ છે જે-જો આવા પ્રકારના સદ્ભાવ પૂર્વક માર્ગાનુસારીની ક્રિયા કરવામાં યત્ન કરનારાઓને ચારિત્રવંત ન માનીએ તો તેમના વિના બીજા કોઇ દેખાતા નથી. તેથી ચારિત્રનો વિચ્છેદ થયો, અને તેના વિચ્છેદથી તીર્થનો પણ વિચ્છેદ થયો એમ કોઇ કહે તો તે ભૂત, વર્તમાન અને ભાવિ એ ત્રણે કાળના પદાર્થના સ્વભાવને પ્રત્યક્ષપણે જોનારા ભગવાન શ્રીમહાવીર સ્વામીના વચનની સાથે વિરોધ આવે છે. તેથી પંડિતો તે વાત અંગીકાર કરતા નથી. કારણ

કે વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે—" કોઇનો મત એવો છે કે હાલના સમયમાં દર્શન અને જ્ઞાન એ બે વડેજ તીર્થ પ્રવર્તે છે, અને ચારિત્રનો તો વિચ્છેદ થયો છે. આમ કહેનારને ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત લાગે છે. હાલના વખતમાં ધર્મ નથી, સામયિક નથી અને વ્રત-ચારિત્ર પણ નથી, એમ જે કોઇ બોલે, તેને સર્વ સંઘે મળીને શ્રમણ સંઘની બહાર કરવો." ઈત્યાદિક આગમના પ્રમાણથી જીત વ્યવહારવાળા એટલે માર્ગાનુસારી ક્રિયાને કરનારા સાધુઓ સુસાધુઓજ છે એમ સિદ્ધ થયું. ૮૯.

## ભાવસાધુનું પહેલું લિંગ કહ્યું. હવે બીજું લિંગ કહે છે.

**सद्धा तिव्वभिलासो, धम्मे पवरत्तणं इमं तीसे ।**
**विहिसेवँ अतित्ती सुद्ध-देसँणा खलियपरिसुद्धी ॥ ९० ॥**

મૂલાર્થ—શ્રદ્ધા એટલે તીવ્ર અભિલાષ, અને તે શ્રદ્ધાનું ધર્મને વિષે પ્રવરપણું આ છે-વિધિસેવા ૧, અતૃપ્તિ ૨, શુદ્ધ દેશના ૩ તથા સ્ખલિતની પરિશુદ્ધિ ૪.

ટીકાર્થ—ધર્મને વિષે શ્રેષ્ઠ શ્રદ્ધા, એ બીજું લિંગ કહ્યું છે. તેમાં તીવ્ર-મનોહર કર્મના ક્ષયોપશમથી અને સમ્યક્ જ્ઞાનથી ઉત્પન્ન થયેલો જે અભિલાષ તે શ્રદ્ધા કહેવાય છે. પરંતુ બાળકને રત્ન ગ્રહણ કરવાના અભિલાષની જેમ કેવળ વિષયનો પ્રતિભાસ થાય તેટલોજ માત્ર નહીં. તે શ્રદ્ધાનું શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મને વિષે પ્રવરપણું એટલે પ્રધાનપણું આ છે—વિધિસેવા ૧, અતૃપ્તિ ૨, શુધ્ધદેશના ૩ અને સ્ખલિતપરિશુધ્ધિ ૪ આ ચાર શ્રધ્ધાના પ્રવરપણાનાં લિંગ છે. ૯૦.

## આ જ દરેક લિંગની વ્યાખ્યા કરવા માટે પ્રથમ વિધિ સેવાને કહે છે.

**विहिसारं चिय सेवइ, सद्धालू सत्तिमं अणुट्ठाणं ।**
**दव्वाइदोसनिहओऽवि, पक्खवायं वहइ तम्मि ॥ ६१ ॥**

મૂલાર્થ—શ્રદ્ધાલુ માણસ શક્તિ હોય ત્યાં સુધી તો મુખ્ય વિધિ પ્રમાણેજ અનુષ્ઠાન ( ક્રિયા ) નું સેવન કરે છે, અને કદાચ દ્રવ્યાદિકના દોષથી પીડા પામે તો પણ તેને વિષેજ ( વિધિપૂર્વક અનુષ્ઠાનને વિષેજ ) પક્ષપાત રાખે છે.

ટીકાર્થ—શ્રધ્ધાળુ એટલે શ્રધ્ધાગુણવાળો માણસ શક્તિમાન એટલે સામર્થ્યયુક્ત હોય ત્યાં સુધી તો પ્રત્યુપેક્ષણાદિક ક્રિયાનુષ્ઠાનને વિધિપ્રધાનજ એટલે વિધિપૂર્વકજ સેવે છે-કરે છે. તે પ્રમાણે ન કરે તો શ્રધ્ધાળુપણું નષ્ટ થાય છે અને જો કદાચ શક્તિમાન ન હોય તો તે શું કરે ? તે ઉપર કહે છે કે—દ્રવ્ય એટલે આહારાદિક, અને આદિ શબ્દ છે માટે ક્ષેત્ર, કાળ અને ભાવ પણ ગ્રહણ કરવા. તે દ્રવ્યાદિકના દોષથી એટલે પ્રતિકુળપણાથી હણાયો છતાં પણ એટલે ગાઢ પીડા પામ્યો છતાં પણ તેને વિષેજ એટલે વિધિપૂર્વક અનુષ્ઠાનને વિષેજ પક્ષપાતને-ભાવના પ્રતિબંધને ધારણ કરે છે. હરકોઇ વાક્ય અવધારણ એટલે નિશ્ચય સહિત થઇ શકે છે તેથી ' **तम्मि** ' નો અર્થ 'તેને વિષેજ ' એવો કરવો. ૯૧.

## અહીં કોઇ શંકા કરે કે—અનુષ્ઠાન ન કરે તો તેને વિષે પક્ષપાત કેમ સંભવે ? તે ઉપર કહે છે.—

**निरुओ भोज्जरसन्नू, कं वि अवत्थं गओ असुहमन्नं ।**
**भुंजं न तम्मि रज्जइ, सुहभोयणलालसो धणियं ॥ ६२ ॥**

મૂલાર્થ—નીરોગી અને ભોજનના રસને જાણનારો માણસ કોઈ પણ અવસ્થાને પામીને કદાચ અશુભ અન્ન ખાય તો તેથી કરીને તે તેમાં રાગી થતો નથી પરંતુ શુભ ભોજનની લાલસાવાળો જ અત્યંત રહે છે.

ટીકાર્થ—નીરોગી એટલે જ્વરાદિક રોગ રહિત અને ખાંડખાજા વિગેરે ભોજનના રસને–આસ્વાદને જાણનાર પુરૂષ જો કદાચ દુકાળ કે દારિદ્રયાદિકથી ઉત્પન્ન થયેલી કોઇ પણ અવસ્થાને પામ્યો હોય, અને તેથી કરીને અશુભ એટલે અનિષ્ટ અન્નનું ભોજન કરે તો પણ તે તેમાં એટલે અશુભ અન્નમાં લુબ્ધ થતો નથી.. એવું સંભવેજ છે, કહ્યું છે કે– " શુભ ભોજનવડે લાલન કરાયેલો પુરૂષ કદાચ દુકાળ કે દારિદ્રયથી પરાભવ પામ્યો હોય તો તે ભાખરી, ભરડકો, કંડુ, કંટી, કડવો ગુવાર, અરણિનાં પાંદડાં, કુલિંજર વિગેરે તથા ઝાડની છાલ અને લીલી ઝાલ વિગેરે પણ ભૂખે મરતો ખાય છે. " તો પણ તેમાં તે ગૃદ્ધિ પામતો નથી. પરંતુ શુભભોજનલાલસ એટલે વિશિષ્ટ આહારને વિષે લંપટ જ અત્યંત રહે છે. અને " હું આ દુર્દશાને ઓળંગું, ત્યારપછી સુભિક્ષને પામીને ફરીથી ઉત્તમ આહારનું હું ભોજન કરીશ. " એવો મનોરથ કર્યા કરે છે. ૯૨.

આ પ્રમાણે દૃષ્ટાંત કહ્યું, હવે તેનું દાષ્ટાંતિક કહે છે.—

इय सुद्धचरणरसिओ, सेवंतो दव्वओ विरुद्धं पि ।
सद्धागुणेण एसो, न भावचरणं अइक्कमइ ।। ६३ ।।

મૂલાર્થ—એજ પ્રમાણે શુદ્ધ ચારિત્રને વિષે રસિક થયેલો સાધુ કદાચ દ્રવ્યથી વિરૂદ્ધનું સેવન કરે, તોપણ તે શ્રદ્ધા ગુણ હોવાથી ભાવ ચારિત્રને ઓળંગતો નથી.

ભાવાર્થ—અહીં **इय** શબ્દ પ્રાકૃત ભાષાનો છે તેનો અર્થ '**एवं**' એટલે 'એજ પ્રમાણે' એવો થાય છે. તેથી કરીને એજ પ્રમાણે એટલે અશુભ ભોજનના દષ્ટાંતે કરીને શુદ્ધચરણ રસિક એટલે કલંક રહિત સંયમને પાળવામાં ઉત્સાહવાળો સાધુ દ્રવ્યથી એટલે બાહ્યવૃત્તિથી વિરૂદ્ધનું એટલે અકલ્પ્ય એવા ઔષધ અને પથ્ય વિગેરેનું સેવન કરે, અને **अपि** શબ્દથી વૈયાવચ્ચ ન કરે તોપણ તે શ્રદ્ધા ગુણે કરીને એટલે સંયમનું આરાધન કરવામાં તન્મય થયેલા પરિણામે કરીને ભાવચારિત્રનું ઉલ્લંઘન કરતો નથી. કહ્યું છે કે— " શુભ ભાવવાળાને પ્રાયે કરીને દ્રવ્યાદિક વિઘ્ન કરી શકતા નથી, એજ રીતે બાહ્ય ક્રિયા પણ હોય છે. લોકમાં પણ આ પ્રમાણે કહ્યું છે કે—સ્વામીની આજ્ઞાવડે ચાલતાં સુભટને કાંટો લાગે તોપણ તે સ્ત્રીના કાને રહેલા કમળના તાડનની જેમ તેને આનંદિત કરે છે. ધીર પુરૂષે મનવાંછિત કાર્ય શરૂ કર્યું હોય તો તેમાં પોતાના દેશની જેમ પરદેશમાં પણ તેનું સત્ત્વ-પરાક્રમ ચલાયમાન થતું નથી. વળી દુર્ભિક્ષાદિકનો કાળ હોય તોપણ દાનશૂર જનોનું અંતઃકરણ રૂપ રત્ન ભેદાતું નથી. પણ ઉલટું અધિક શોભાયમાન થાય છે. એજ પ્રમાણે મહાનુભાવ ભવ્ય ચારિત્રવાળાનો શુભ સમાચારીના વિષયવાળો ભાવ કદાપિ બદલાતો નથી. " વળી ક્રિયા કરતાં ભાવ મોટો છે. તે વિષે કહ્યું છે કે—ક્રિયા વિનાનો ભાવ અને ભાવ વિનાની ક્રિયા એ બન્ને વચ્ચે સૂર્ય અને ખજવા જેટલું આંતરૂં જોયેલું છે. વળી રોગે કરીને પીડા પામેલો અને વૃધ્ધ શરીરવાળો જે સાધુ અસમર્થ હોય અને તેથી સર્વ ક્રિયાઓ યથોક્ત વિધિ પ્રમાણે કરવા કદાચ શક્તિમાન ન થાય, તોપણ તે જો પોતાના પરાક્રમ, ઉદ્યોગ, ધીરજ અને બળને છુપાવે નહીં; અને કપટનું આચરણ મૂકી દઇ યતનાવાળો રહે તો તેને અવશ્ય યતિ ગણવો. ૯૩.

વિધિ સેવા કહી. હવે અતૃપ્તિનું સ્વરૂપ કહે છે.—

**तित्तिं न चेव विंदइ, सद्धाजोगेण नाणचरणेसु ।**
**वेयावच्चतवाइसु, जहविरियं भावओ जयइ ॥ ६४ ॥**

મૂલાર્થ—જ્ઞાન અને ચારિત્રમાં શ્રદ્ધાના યોગે કરીને કદાપિ તૃપ્તિ નજ પામે, અને વૈયાવચ્ચ તથા તપ વિગેરેમાં ભાવથી આત્મવીર્ય પ્રમાણે યતના કરે છે.

ટીકાર્થ—શ્રદ્ધાના સંબંધે કરીને જ્ઞાન અને ચારિત્રને વિષે ' આટલાથી જ હું કૃતાર્થ થયો છું એવી રીતે તૃપ્તિને એટલે સંતોષને ન જ પામે. " જેટલાથી સંયમનો નિર્વાહ થાય તેટલું હું ભણ્યો છું " એમ વિચારીને જ્ઞાન ઉપાર્જન કરવામાં પ્રમાદી ન થાય. પરંતુ નવા નવા જ્ઞાનની સંપત્તિ ઉપાર્જન કરવામાં ઉત્સાહને છોડે નહીં. કહ્યું છે કે—" જેમ જેમ અતિશય રસના પ્રચારથી યુક્ત એવા અપૂર્વ શ્રુતજ્ઞાનને વિષે મુનિ અવગાહે છે તેમ તેમ નવા નવા સંવેગની શ્રદ્ધા ઉત્પન્ન થવાથી તે આહ્લાદ પામે છે. શ્રુતમાં કહ્યું છે કે નિરંતર અભ્યાસવડે કરીને અપૂર્વજ્ઞાનનું ગ્રહણ કરવાથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તેથી તે જ્ઞાન ગ્રહણ કરવામાં અતિ આદર કરવો યુક્ત છે. " તથા—" જેનો અર્થ મોહનો ક્ષય થયા પછી ( કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી) જીનેશ્વરોએ કહેલો છે, જે મહા બુદ્ધિમાન ગૌતમાદિક ગણધરોએ સૂત્રરૂપે રચેલું છે, જે સંવેગાદિક ગુણોને વૃદ્ધિ પમાડનારૂં છે, અને જે તીર્થંકર નામકર્મને ઉપાર્જન કરનારૂં છે, તે નવા નવા જ્ઞાનનું નિરંતર વિધિપૂર્વક ઉપાર્જન કરવું. " તથા ચારિત્રના વિષયમાં વિશુદ્ધ અતિ વિશુદ્ધ સંયમનાં સ્થાનો પ્રાપ્ત કરવા માટે ઉત્તમ ભાવપૂર્વક સર્વ અનુષ્ઠાન ( ક્રિયા ) ઉપયોગ સહિત જ કરે છે, કારણ કે પ્રમાદ રહિત કરેલી સાધુની સર્વ ક્રિયાઓ ઉત્તરોત્તર સંયમના કંડકો ઉપર ચડાવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરનારી થાય છે. તે વિષે આગમમાં

કહ્યું છે કે—“ જિનશાશનમાં રહીને દુઃખના ક્ષયને માટે પ્રયુંજેલા-કરેલા એક એક યોગમાં વર્તતા અનંત જીવો કેવળી થયા છે. ” તથા વૈયાવૃત્ત્ય અને તપ એ બેનો અર્થ પ્રસિદ્ધ છે. તેમાં આદિ શબ્દ છે તેથી પ્રત્યુપેક્ષણા અને પ્રમાર્જના વિગેરે ગ્રહણ કરવા. તે સર્વને વિષે યથાવીર્ય એટલે સામર્થ્ય પ્રમાણે ભાવથી યતના કરે છે. અહીં ભાવાર્થ એ છે જે—“ વૈયાવચ્ચ અને તપને વિષે પણ તૃપ્તિને પામે નહીં, તથા આ પ્રમાણે ભાવના ભાવે કે—“ ભરત, બાહુબળિ અને દશારકુળના પુત્ર વસુદેવ એ સર્વે વૈયાવચ્ચથી તરી ગયા છે માટે યતિની વૈયાવચ્ચ કરવી. કોઇપણ યોગમાં ઉપયુક્ત થયેલો સાધુ સમયે સમયે અસંખ્યાતા ભવના ઉપાર્જન કરેલાં કર્મો ખપાવે છે, અને વૈયાવચ્ચને વિષે રહેલો વધારે ખપાવે છે. ” તપના વિષયમાં પણ આ પ્રમાણે ભાવના ભાવે – “ પરિણામના વશથી પ્રાયે કરીને અનિકાચિત કર્મોની સર્વે પ્રકૃતિઓનો ઉપક્રમ—ક્ષય થાય છે, અને તપે કરીને તો નિકાચિત કર્મોની સર્વ પ્રકૃતિઓનો પણ ક્ષય થાય છે.” તથા –“ નવા વહાણને આશ્રય કર્યા છતાં પણ તે સમુદ્રના પારને પમાડે અથવા ન પણ પમાડે, પ્રસિધ્ધ મહૌષધ ખાવાથી રોગની શાંતિ થાય અથવા ન પણ થાય, અને ઘરમાં પ્રાપ્ત થયેલી લક્ષ્મી મનુષ્યને સુખ આપે અથવા ન પણ આપે; પરંતુ જિનેશ્વરે કહેલો તપ તો એકાંતપણે અશુભના સમૂહનો ક્ષય કરે જ છે. ” ઇત્યાદિ ૯૪.

## આ પ્રમાણે અતૃપ્તિનું સ્વરૂપ કહ્યું. હવે શુભ દેશનાનું સ્વરૂપ કહેવાની ઇચ્છાથી પ્રથમ તેનો અધિકારી બતાવે છે.—

**सुगुरुसमीवे सम्मं, सिद्धंतपयाण मुणियतत्तत्थो ।**
**तयणुन्नाओ धन्नो, मज्झत्थो देसणं कुणइ ॥ ९५ ॥**

મૂલાર્થ— સદ્‌ગુરૂની સમીપે સમ્યક્ પ્રકારે સિદ્ધાંતનાં પદોનો તત્ત્વાર્થ જાણીને ધન્ય અને મધ્યસ્થ થયેલો સાધુ તે ગુરૂની આજ્ઞાથી જ દેશનાને કરે છે.

ટીકાર્થ—સુગુરૂની એટલે સંવેગી ગીતાર્થ આચાર્યની સમીપે સમ્યક્ એટલે પૂર્વાપરના વિચાર સહિત સિદ્ધાંત પદોના એટલે આગમનાં વાકયોના-પદનો અર્થ, વાકયનો અર્થ, મહાવાકયનો અર્થ અને [1]ઐદંપર્ય અર્થ કરવાએ કરીને જેણે તત્ત્વાર્થ—પરમાર્થ જાણ્યો હોય. કહ્યું છે કે—" આ જિનશાસનને વિષે શ્રુતનો ભાવાર્થ જાણવા માટે પદનો, વાકયનો, મહાવાકયનો અને ઐદંપર્યનો અર્થ એ ચાર પ્રકારો કહેલા છે. સંપૂર્ણ એવા આ ચારે કરીને શ્રુતના ભાવાર્થનું જ્ઞાન થાય છે. અન્યથા અર્થનો વિપર્યાસ ( વિપરીતપણું ) પણ થાય છે, અને તે વિપર્યાસ અવશ્ય અનિષ્ટ ફળદાયક થાય છે. " આવો સાધુ જ દેશના દેવાનો અધિકારી થાય છે. બીજાને તો દોષનો સંભવ રહે છે. તે વિષે આગમમાં કહ્યું છે કે—" સાવદ્ય અને નિરવદ્ય વચનના વિભેદને જે જાણતો ન હોય, તેને બોલવું પણ યોગ્ય નથી, તો પછી દેશના દેવી એ તો કયાંથી યોગ્ય હોય ? " આવો છતાં પણ ગુરૂની આજ્ઞાથી જ દેશના આપે, પરંતુ મુખરતા અને અસ્થિરતા ( ચપળતા ) ના અધિકપણાને લીધે સ્વતંત્રપણે આપે નહીં. કહ્યું છે કે—" પાસે રહેલા આચાર્ય ધર્મોપદેશ કરતાં છતાં જે મૂઢ સાધુ પોતાનું શિષ્યપણું દૂર કરીને આચાર્યપણું કરે છે, તે શિષ્ય નથી તેમજ આચાર્ય પણ નથી, પરંતુ સર્વથા પોતાના આચારથી ભ્રષ્ટ થયેલો અને સજ્જનોએ નિંદાયેલો તે કુમાર્ગગામી અને અધર્મી છે એમ જાણવો. " તેથી ગુરૂની આજ્ઞાથી જ ધન્ય એટલે ધર્મરૂપી ધનને યોગ્ય અને મધ્યસ્થ એટલે સ્વપક્ષના રાગ તથા પરપક્ષના દ્વેષથી રહિત અને સત્ય અર્થને કહેનારો એવો સાધુ ધર્મકથાને કરે છે. ૯૫.

---

૧ પૂર્વાપરના સંબંધવાળો અર્થ.

તથા—

**अवगयपत्तसरूवो, तयणुग्गहहेउभाववुड्ढिकरं ।**
**सुत्तभणियं परूवइ, वज्जंतो दूरमुम्मग्गं ॥ ६६ ॥**

મૂલાર્થ—પાત્રના સ્વરૂપને જાણનાર સાધુ ઉન્માર્ગનો દૂરથી ત્યાગ કરી તે ( પાત્ર )નો ઉપકાર કરનાર એવા ભાવની વૃદ્ધિ કરનારા આગમોક્ત સ્વરૂપની પ્રરૂપણા કરે છે.

ટીકાર્થ—પાત્રના એટલે ધર્મશ્રવણ કરાવવા લાયક પ્રાણીના સ્વરૂપને એટલે આશયને જેણે સારી રીતે જાણ્યો હોય, તે અવગતપાત્રસ્વરૂપ કહેવાય છે. તે આ રીતે—શ્રવણ કરાવવા લાયક પાત્ર ત્રણ પ્રકારના હોય છે—બાળ, મધ્યમબુદ્ધિ અને બુધ ( પંડિત ). તેમાં—" જે બાળ પાત્ર હોય તે માત્ર લિંગને-વેષને જ જુએ છે, મધ્યમબુદ્ધિ હોય તે આચરણને વિચારે છે, અને બુધ હોય તે સર્વ પ્રયત્ને કરીને આગમના તત્ત્વની જ પરીક્ષા કરે છે. " તેઓને દેશના દેવાનો વિધિ આ પ્રમાણે છે.—" બાળની પાસે બાહ્ય આચરણ-ક્રિયા જેમાં મુખ્ય હોય એવી દેશના આપવી, અને તેના દેખતાં પોતે ( ગુરૂએ ) પણ તેવોજ આચાર અવશ્ય સેવવો. મધ્યમબુધ્ધિની પાસે ઇર્યાસમિતિ વિગેરે ત્રિકોટિએ કરીને શુધ્ધ તથા આદિ, અંત અને મધ્યના યોગોવડે હિતકારક એવું સાધુનું સદાચરણ બતાવવું. " ઇત્યાદિ જેવું પાત્ર હોય તેવી દેશના આપવી. વળી—"મુનીશ્વરોએ કહ્યું છે કે અપાત્રને વિષે જે દેશના આપવી તે પાપ જ છે, ઉન્માર્ગે જ લઇ જનારી છે અને આ સંસારરૂપી અટવીમાં તેનો વિપાક ભયંકર થાય છે. " અથવા ત્રણ પ્રકારનું પાત્ર આ રીતે જાણવું—[1]ઉત્સર્ગપ્રિય, [2]અપવાદપ્રિય અને [3]પારિણામિક ઇત્યાદિ પાત્રનું સ્વરૂપ સારી રીતે જાણીને શ્રધ્ધાવંત

૧ જેને ઉત્સર્ગમાર્ગ પ્રિય હોય તે. ૨ જેને અપવાદમાર્ગ પ્રિય હોય તે. ૩ પરિણામે કયો માર્ગ હિતકારક છે એવો વિચાર કરનાર.

સાધુ તે પાત્રના અનુગ્રહનો હેતુ એટલે ઉપકાર કરનાર જે ભાવ શુભ પરિણામ તેને વૃદ્ધિ કરનાર અને તે પણ સૂત્રભણિત–આગમમાં કહેલું હોય તેજ પ્રરૂપે–કહે. તેમાં ઉન્માર્ગનો એટલે મોક્ષથી વિપરીત માર્ગનો દૂરથી જ ત્યાગ કરે. ૯૬.

અહીં કોઇ શંકા કરે કે—દેશના એટલે ધર્મોપદેશ છે, અને તે સમભાવમાં રહેલા સાધુએ કંઇપણ વિશેષતા વિના એકસરખી રીતેજ આપવી જોઇએ. પરંતુ સામાયિકને બાધ કરનાર અને વળી [1]અતિસંધાન જેવા પાત્રાપાત્રનો વિચાર કરવાથી શું ફળ ? આનો જવાબ આપતાં ગુરૂ કહે છે કે તે તેમ નથી. કારણ કે તેનો અનુગ્રહ કરવામાં પ્રવૃત્તિ હોવાથી તે અતિસંધાન કહી શકાય નહીં. જેમકે સંનિપાતના વ્યાધિવાળાને દૂધ સાકર વિગેરે નહી આપતાં ઉકાળો વિગેરેજ આપવું પડે છે. અને આથી કરીને જ સમાયિકને પણ બાધ આવતો નથી. કેમકે સર્વ પ્રાણીઓને વિષે અનુગ્રહની બુદ્ધિ તો એકસરખી જ છે.

## સૂત્રકાર જ અહીં બીજી યુક્તિથી કહે છે.—

**सव्वं पि जओ दाणं, दिन्नं पत्तम्मि दायगाण हियं ।**
**इहरा अणत्थजणगं, पहाणदाणं च सुयदाणं ॥ ९७ ॥**

મૂલાર્થ—જેથી કરીને ( કારણ કે ) સર્વ પણ દાન પાત્રને વિષે દેવાયું હોય તો તે તેના દાતારને હિતકર થાય છે, અન્યથા અનર્થને ઉત્પન્ન કરનાર થાય છે. અને વળી સર્વ દાનોમાં શ્રુતદાન તો પ્રધાનદાન કહેલું છે.

ટીકાર્થ—સર્વ એવું પણ દાન પાત્રને વિષે એટલે યોગ્ય પાત્રને આપ્યું હોય તો તે દાતારને કલ્યાણકારક થાય છે. અહીં ઉચિત

૧ જુઠાણું, કપટ, દગો.

પાત્રને માટે ઉમાસ્વાતિ વાચકે આ પ્રમાણે કહ્યું છે કે—" જે જીવાદિક તત્ત્વોને જાણનાર હોય અને જે સમભાવથી સર્વ કોઇ જીવોની રક્ષામાં જ ઉદ્યમવંત હોય, તેવા સાધુ દાતારને ઉચિતપાત્ર છે." ઇતરથી એટલે પરિગ્રહ અને આરંભમાં આસક્ત એવા કુપાત્રને આપ્યું હોય તો તે અનર્થને ઉત્પન્ન કરનારૂં એટલે વિપરીત ફળ આપનારૂં થાય છે. અને વળી આ શ્રુતદાન એટલે દેશનારૂપી દાન તો સર્વ પ્રકારનાં દાનોમાં પ્રધાન મુખ્ય દાન છે.

## તેથી કરીને શું ? તે ઉપર કહે છે.—

**सुट्ठुयरं च न देयं, एयमपत्तम्मि नायतत्तेहिं ।**
**इय देसणाऽवि सुद्धा, इहरा मिच्छत्तगमणाई ॥ ९८ ॥**

મૂલાર્થ—તેથી કરીને તત્ત્વના જાણ સાધુઓએ આ શ્રુતદાન ખાસ કરીને અપાત્રને તો આપવુંજ નહીં એમ કરવાથી દેશના પણ શુદ્ધ થાય છે, અન્યથા મિથ્યાત્વમાં ગમનાદિક થાય છે.

ટીકાર્થ—જ્ઞાતતત્ત્વ એટલે આગમના સદ્‌ભાવને જાણનારા મુનિઓએ અપાત્રે એટલે સપ્તમીનો અર્થ ચતુર્થી જેવો કરવાથી કુપાત્રને સુષ્ઠુતર એટલે અત્યંત-ખાસ કરીને આ શ્રુતદાન **च** શબ્દનો નિશ્ચયરૂપ અર્થ હોવાથી **न देयं** એટલે ન જ આપવું. કહ્યું છે કે—" રાગવાન, દ્વેષવાન, મૂઢ અને કોઇએ વ્યુદ્‌ગ્રાહિત-ભમાવેલો, આ ચાર જાતના મનુષ્યો ઉપદેશને અયોગ્ય છે. પરંતુ જે મધ્યસ્થ હોય તેજ યોગ્ય છે." તથા—" ઓઘે કરીને પણ આ ઉપદેશ વિભાગે કરીને એટલે સામાન્ય પ્રકારે ઉપદેશ પાત્ર જોઇને આપવો. કેમકે આ ઉપદેશ જ્ઞાનાદિકને વૃધ્ધિ કરનારો છે, તે વિનીતને મધુર વાણીવડે આપવો." કારણ કે—" અવિનીતને ઉપદેશ આપતાં ક્લેશ ઉત્પન્ન થાય છે, તથા મૃષા બોલવું પડે છે. ઘંટાલોલાન્યાયે કરીને ફોતરા ખાંડવા પ્રયત્ન ન કરવો.

જિનેશ્વરે પ્રરૂપેલું સૂત્ર વિનીતને આપવું પણ અવિનીતને આપવું નહીં.

આ પ્રમાણે અપાત્રને દૂર કરી પાત્રને ઉચિતપણાએ કરીને દેશના આપવી. તેમ કરવાથી તે દેશના પણ શુધ્ધ કહેવાય છે. અન્યથા જો તે દેશના કરાય તો શ્રોતાઓ મિથ્યાત્વને પામે, આદિ શબ્દથી તેમના અત્યંત દ્વેષને લીધે ઉપદેશકને ભક્ત, પાન અને શય્યાદિકનો વિચ્છેદ અને પ્રાણની હાનિ વિગેરે દોષો થાય. તેથી કરીનેજ શ્રોતાના ભાવને અનુસરનારજ ગીતાર્થ વખાણવા લાયક છે. કહ્યું છે કે—" જે ગીતાર્થ હોય તે શ્રોતાના ભાવને અનુસરીનેજ તેને માર્ગે જોડે છે-દોરે છે. તથા તે શ્રોતાને ઉચિત એવું બોધિ બીજનું આધાન-સ્થાપન પણ કરે છે. ૯૮.

અહીં કોઇ શંકા કરે કે—સૂત્રમાં જે કહ્યું હોય તેની પ્રરૂપણા કરે એમ ઉપર કહ્યું, તો જે બીજું કાંઇક સૂત્રમાં ન કહ્યું હોય અને લોકમાં વિવાદનું સ્થાન હોય તે જો ગીતાર્થને પૂછવામાં આવે, તો તે બાબતમાં ગીતાર્થોને શું ઉચિત છે ? તે ઉપર કહે છે.

**जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणम्मि चिररूढं ।**
**समइविगप्पियदोसा, तं पि न दूसंति गीयत्था ॥ ९९ ॥**

મૂલાર્થ—સૂત્રમાં જે વિધાન કરેલું ન હોય, તેમજ પ્રતિષેધ કરેલું પણ ન હોય, અને લોકમાં ચિરકાળથી ચાલ્યું આવતું હોય, તેને પણ ગીતાર્થો પોતાની મતિથી દોષની કલ્પના કરીને દૂષિત કરતા નથી.

ટીકાર્થ—અહીં च શબ્દનો અર્થ પુનઃ-ફરીને એવો છે. વળી જે અર્થ અથવા અનુષ્ઠાન-ક્રિયા સૂત્રમાં એટલે સિધ્ધાંતમાં ચૈત્યવંદન અને આવશ્યક વિગેરેની જેમ વિધાન કરેલું એટલે કરવાપણે કહેલું ન હોય, તેમજ હિંસાદિકની જેમ નિષેધ કરેલું પણ ન હોય, અને લોકમાં ચિરરૂઢ-ચિરકાળથી ચાલ્યું આવતું હોય અર્થાત્ આ અનુષ્ઠાન

ક્યારથી શરૂ થયું હશે એમ તેની શરૂઆતનો કાળ જણાતો ન હોય, તેને પણ પોતાની મતિથી દોષની કલ્પના કરીને ગીતાર્થો દૂષિત કરતા નથી, એટલે, 'આ યોગ્ય નથી.' એમ બીજાને ઉપદેશ દેતા નથી. તો આગમમાં કહેલી બાબતને દૂષિત ન કરે તેમાં શું કહેવું ? કારણ કે તે ગીતાર્થો સંસારવૃધ્ધિથી ભીરૂ હોય છે. તે વિષે ભગવતીજીમાં કહ્યું છે કે--"હે ગૌતમ ! જે કોઇ માણસ અર્થને, હેતુને, પ્રશ્નને, વ્યાખ્યાનને કે કારણને જાણ્યા વિના, જોયા વિના, સાંભળ્યા વિના અથવા સાબીતિ વિના ઘણા મનુષ્યોની મધ્યે કહે, જણાવે, પ્રરૂપે, દેખાડે, નિદર્શન કરે કે સાબીત કરે તે પુરૂષ અરિહંતની આશાતનામાં વર્તે છે, અરિહંતના પ્રરૂપેલા ધર્મની આશાતનામાં વર્તે છે, કેવળીની આશાતનામાં વર્તે છે, અને કેવળીએ પ્રરૂપેલા ધર્મની આશાતનામાં વર્તે છે. અર્થાત્ તે સર્વની તેણે આશાતના કરી એમ જાણવું." બીજે સ્થળે પણ કહ્યું છે કે--"જે કાંઇ અનુષ્ઠાનાદિક ઘણી ખ્યાતિને પામેલું હોય એટલે કે ઘણા કાળથી ચાલ્યું આવતું હોય, તે કદાચ કોઇ ઠેકાણે શાસ્ત્રમાં વિધાન કરેલું ન દેખાય, તેમજ તેનો નિષેધ પણ દેખાતો ન હોય, તો તેમાં ગીતાર્થોને મૌનપણું જ હોય છે." ૯૯.

## વળી ગીતાર્થો પોતાના મનમાં આ પ્રમાણે ભાવના ભાવે છે. વિચારે છે—

**संविग्गा गीयतमा, विहिरसिया पुव्वसूरिणो आसि ।**
**तददूसियमायरियं, अणइसई को निवारेइ ॥ १०० ॥**

મૂલાર્થ—પૂર્વના સૂરિઓ સંવિગ્ન, અત્યંત ગીતાર્થ અને વિધિના રસિક હતા, તેઓએ જે દૂષિત નહીં કરેલું અને આચરણ કરેલું કાંઇ પણ અનુષ્ઠાનાદિક, તેને હાલના વખતમાં અતિશય રહિત એવો કોણ નિવારી શકે ?

ટીકાર્થ—પૂર્વના સૂરિઓ સંવિગ્ન એટલે શીઘ્રપણે મોક્ષે જવાના અભિલાષી હતા, તથા **गीयतमा** અહીં " શબ્દનો એક ભાગ કહેવાથી આખો શબ્દ સમજવો, જેમકે ભીમ શબ્દ કહેવાથી ભીમસેન." આ ન્યાયે કરીને **गीत** એટલે ગીતાર્થ, તેને **तम** પ્રત્યય લાગવાથી **गीतार्थतम** એટલે અતિશે ગીતાર્થ. અર્થાત તે કાળે ઘણા આગમોનો સદ્ભાવ હતા તેથી તેઓ અત્યંત ગીતાર્થો હતા, તથા જેને વિધિનો રસ લાગ્યો હોય તે વિધિરસિક કહેવાય છે. એટલે કે તેઓ સંવિગ્ન હોવાથી જ વિધિને બહુ માનનારા હતા. તે પૂર્વસૂરિઓએ એટલે અગાઉના મુનિ નાયકોએ અદૂષિત એટલે નહીં નિષેધ કરેલું અને આચરિત એટલે સર્વ ધાર્મિક જનોએ આચરેલું એવું જે કાંઇ અનુષ્ઠાનાદિક જોવામાં આવે તેને અનતિશયી એટલે વિશેષ પ્રકારનું શ્રુતજ્ઞાન કે અવધિજ્ઞાન વિગેરેના અતિશય વિનાનો કોણ પુરૂષ નિવારણ કરે ? પૂર્વ પૂર્વના ઉત્તમ આચાર્યોની આશાતનાથી ભય પામતો કોઇપણ તેનો નિષેધ કરે નહીં. ૧૦૦.

## વળી ગીતાર્થો આ પ્રમાણે પણ વિચાર કરે છે.—

**अइसाहसमेयं जं, उस्सुत्तपरूवणा कडुविवागा ॥**
**जाणंतेहि वि दिज्जइ, निद्देसो सुत्तबज्झत्थे ॥ १०१ ॥**

મૂલાર્થ—ઉત્સૂત્ર પ્રરૂપણા કડવાં ફળને આપનારી છે એમ જાણતા છતાં જે સૂત્ર બાહ્યના અર્થમાં નિશ્ચય આપી દેછે, તે અતિ સાહસ છે.

ટીકાર્થ—જાજ્વલ્યમાન જવાળાવાળા અગ્નિમાં પ્રવેશ કરનાર પુરૂષના સાહસ કરતાં પણ આ અત્યંત સાહસ છે, તે એ કે—ઉત્સૂત્રપ્રરૂપણા એટલે સૂત્રની અપેક્ષા રહિત દેશના કટુવિપાકવાળી એટલે દારૂણ ફળવાળી છે એવું જાણનારાઓ પણ સૂત્રબાહ્ય અર્થમાં એટલે જિનાગમમાં

નહીં કરેલા વસ્તુવિચારમાં નિર્દેશ એટલે નિશ્ચય આપી દે છે. આનો ભાવાર્થ એ છે જે "મરીચિ એકજ સૂત્ર વિરૂધ્ધ વચન કહેવાથી-પ્રરૂપવાથી દુ:ખસાગરને પામ્યો હતો, અને કોટાકોટી સાગરોપમ સુધી સંસારમાં ભટકયો હતો. ઉત્સૂત્રને બોલતો પ્રાણી અતિ ચીકણાં કર્મ બાંધે છે, સંસાર વધારે છે, અને માયામૃષાવાદ કરે છે-બોલે છે. ઉન્માર્ગની દેશના દેનાર, માર્ગનો લોપ કરનાર, ગૂઢ હૃદયવાળો, શઠતાના સ્વભાવવાળો અને પાપરૂપ શલ્યવાળો પ્રાણી તિર્યંચનું આયુષ્ય બાંધે છે. ઉન્માર્ગની દેશનાએ કરીને જિનેંદ્રનું ચારિત્ર નષ્ટ થાય છે, તેવા દર્શનથી ભ્રષ્ટ થયેલા લોકોને જોવા પણ સારા નથી." ઇત્યાદિક આગમનાં વચનો સાંભળ્યા છતાં પણ જેઓનાં ચિત્ત કદાગ્રહ રૂપી ગ્રહથી ગ્રસાયેલાં હોય છે તેઓ જે અન્યથા અન્યથા ( સૂત્ર વિરૂધ્ધ ) પ્રરૂપણા કરે છે તથા આચરે છે, તે મોટું સાહસ જ છે. કારણ કે એ તો અનાદિ અનંત અને અસાર એવા સંસાર રૂપી અપાર સમુદ્રની મધ્યે રહેલા ઘણા દુ:ખોનો ભાર અંગીકાર કરવા જેવું છે. ૧૦૧

અહીં કોઇ શંકા કરે કે—શું આ પ્રમાણે આગમનો અર્થ જાણ્યા છતાં કોઇપણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરવામાં આદરવાળો થાય ? કે જેથી તમે આ પ્રમાણે કહો છો ? તેના જવાબમાં કહે છે કે—હા, આદર કરે છે. તેજ કહે છે.

**दीसंति य ढङ्कसिणोऽणेगे नियमइपउत्तजुत्तीहिं ।**
**विहिपडिसेहपवत्ता, चेइयकिच्चेसु रूढेसु ॥ १०२ ॥**

મૂલાર્થ—અનેક મહાસાહસિકો પોતાની મતિથી પ્રયોગ કરેલી યુકિતઓએ કરીને ચાલતા આવેલા ચૈત્યો સંબંધી કાર્યોમાં વિધિ અને પ્રતિષેધ કરવામાં પ્રવર્તેલા જોવામાં આવે છે.

ટીકાર્થ—જેમાં વક્ર અને જડ પ્રાણીઓ ઘણા હોય છે એવા આ દુષમ કાળને વિષે અનેક એટલે વિવિધ પ્રકારના ઢઙ્કરો એટલે મહાસાહસિકો કે જેઓ આ ભયંકર ભવરૂપી પિશાચથી પણ ભય

પામનારા નથી તેઓ પોતાની મતિથી પ્રયોગ કરેલી એટલે પોતાની બુદ્ધિથી કલ્પી કાઢેલી યુક્તિઓએ કરીને રૂઢ એટલે પૂર્વ પુરૂષોની પરંપરાથી પ્રસિદ્ધ એવા સ્નાત્ર અને પ્રતિમા કરાવવી વિગેરે ચૈત્ય સંબંધી કાર્યોને વિષે વિધિ પ્રતિષેધ કરવામાં પ્રવર્તેલા એટલે આગમમાં નહીં કહેલી કેટલીક ક્રિયાઓનું વિધાન કરવામાં તથા આગમમાં નિષેધ નહીં કરેલી અને ચિરકાળના જનોએ આચરણ કરેલી છતાં કેટલીક ક્રિયાઓનો પ્રતિષેધ એટલે કે "આ અવિધિ છે, આ અયુક્ત છે, ધાર્મિક જનોએ કરવા લાયક નથી." એમ નિષેધ કરવામાં પ્રવર્તેલા જોવામાં આવે છે. અર્થાત્ "પૂર્વની જે રૂઢિ ચાલતી આવે છે તે અવિધિ છે, અને હમણાંની પ્રવૃત્તિજ વિધિ છે." ઇત્યાદિક બોલનારા અનેક સાહસિકો દેખાય છે. ૧૦૨.

અહીં કોઇ શંકા કરે કે-તે ધર્માર્થીઓ સર્વ પ્રયત્ને કરીને તથાપ્રકારે [સ્વમતિએ] પ્રવર્તતા હોય છે, તેઓને ગીતાર્થો વખાણે કે નહીં ? તે ઉપર કહે છે.-

---

**तं पुण विसुद्धसद्धा, सुयसंवायं विणा न संसंति ।**
**अवहीरिऊण नवरं, सुयाणुरूवं परूविंति ॥ १०३ ॥**

મૂલાર્થ—તે પ્રવૃત્તિને શુદ્ધ શ્રદ્ધાવાળા (ગીતાર્થો) શ્રુતના સંવાદ વિના વખાણતા નથી, પરંતુ તેની અવધીરણા-ઉપેક્ષા કરીને જે શ્રુતને અનુસરતું હોય તેનીજ પ્રરૂપણા કરે છે.

ટીકાર્થ—તે તેઓની પ્રવૃત્તિને વિશુદ્ધ એટલે આગમને જ બહુમાન કરનારી શ્રદ્ધાવાળા (ગીતાર્થો) શ્રુતના સંવાદ વિના એટલે આગમના વચન વિના પ્રશંસા કરતા નથી. એટલે અનુમતિ આપતા નથી. પરંતુ

આતો બાળકની (અજ્ઞાની જનની) ક્રીડા છે એવી બુદ્ધિથી તેમની અવધીરણા કરીને એટલે મધ્યસ્થપણાથી ઉપેક્ષા કરીને શ્રુતાનુરૂપનેજ પ્રરૂપે છે એટલે જે પ્રમાણે સૂત્રમાં કહ્યું હોય તેજ પ્રમાણે જિજ્ઞાસુ જનોને ઉપદેશ આપે છે. અહીં આવો અભિપ્રાય છે. હાલમાં પોતાને ધર્મિષ્ઠ માનનારા કેટલાક પુરૂષોને ઘૃતાદિકવડે જિનબિંબના સ્નાત્રમાં દૂષણ આપી કેવળ ગંધોદકવડેજ સ્નાત્ર કરતા કરાવતા જોઇને મધ્યસ્થ ધાર્મિક પુરૂષો "આ બાબતમાં શું કરવું યોગ્ય છે ?" એમ ગુરૂને પ્રશ્ન કરે, ત્યારે સંવિગ્ન ગીતાર્થ ગુરૂઓ તેમને આ પ્રમાણે કહે છે.—વર્તમાન કાળે વર્તતા મૂળ આગમોમાં શ્રાવકોને દ્રવ્યસ્તવ કરવાનો ઉપદેશ આપેલો છે, પરંતુ તે દ્રવ્યસ્તવ કરવાનો વિધિ આપ્યો નથી. તેથી તે વિધિ પૂર્વમાં આપેલો સંભવે છે. અને પૂર્વને જાણનારા શ્રી ઉમાસ્વાતિવાચકે પ્રવચનની ઉન્નતિ કરવાના હેતુથી પ્રશમરતિ પ્રકરણ અને તત્ત્વાર્થ વિગેરે અનેક મહાશાસ્ત્રો રચ્યાં છે. તેમાં—" જિનભવન, જિનબિંબ, જિનપૂજા અને જિનમતને જે પુરૂષ આદરે છે, તે પુરૂષને મનુષ્ય, દેવ અને મોક્ષનાં સુખરૂપી ફળો હસ્તરૂપી પલ્લવમાંજ રહેલાં છે, " ઇત્યાદિક દ્રવ્યસ્તવને કહેનારા પ્રકરણમાં પૂજાનો વિધિ આ પ્રમાણે કહેલો છે.—"નિર્મળ બુદ્ધિવાળા જેઓ ભાવથી ઘી, દૂધ, દહીં, વિકસ્વર પુષ્પો, ધૂપ, જળ, દીપ, ગંધોદક, સુગંધિ ચંદનનો રસ અને તાજા શ્રેષ્ઠ કેસરે કરીને વીતરાગ દેવની પૂજા કરે છે, તેઓ નિરંતર આ લોકનું અને સ્વર્ગલોકનું સુખ ભોગવીને શીઘ્રપણે મોક્ષમાં જાય છે." વળી—" જેઓ જિનેશ્વરે કહેલા વિધિપૂર્વક [1]ગવ્ય, [2]હવ્ય, દહીં અને દૂધથી ભરેલા શ્રેષ્ઠ કળશોવડે જિનેશ્વરોને સ્નાન કરાવે છે, તેઓ સ્વર્ગના વિમાનના વૈભવવાળા (વિમાનવાસી) થાય છે. " આ પ્રમાણે સંવિગ્નને વિષે શિરોમણિ સમાન તે શ્રી ઉમાસ્વાતિવાચકે સિદ્ધાંતમાં જોયા વિના આ અર્થ કહેલો હોયજ નહીં એમ સંભવે છે. તેથી કરીને જ ગોવિંદાચાર્યે સનત્કુમારની સંધિમાં આ અર્થ તેજ પ્રમાણે વર્ણવ્યો છે, પર્વના કર્ત્તાએ

૧ ઘી. ૨ સુગંધી પદાર્થો.

અને પ્રૂપા(મા)વલિકાના કર્તાએ તે જ અર્થનો અનુવાદ કર્યો છે, પ્રમાણિક અને સિદ્ધાંતિકના શિરોમણિ સમાન શ્રી જિનેશ્વર નામના આચાર્યે કથાનકકોષ નામના શાસ્ત્રમાં તે જ અર્થ વિશેષે કરીને સ્થાપન કર્યો છે, અને તેમના શિષ્યશ્રી અભયદેવ સૂરિએ પણ પંચાશકની વૃત્તિમાં--" દેવોએ પણ કાલોદધિ અને પુષ્કરવરોદધિનું જળ સમીપે છતાં પણ ઘૃતોદધિ, ક્ષીરોદધિ અને ઇક્ષુરસોદધિનું જળ મંગાવ્યું, તેથી તેઓએ ઘૃતાદિકનું સ્નાન અનાદિ રૂઢ છે એમ સ્થાપન કર્યું છે," એમ લખેલું છે. તેથી મૂર્ખ વાચાળ પુરૂષે દૂષિત કર્યા છતાં પણ ઘૃતાદિકનું સ્નાન કરાવવું યોગ્યજ છે એમ અમે માનીયે છીયે. તથા અધિવાસનું જળ મંગાવવું, છત્ર, રથભ્રમણ અને દિક્પાળોની સ્થાપના એ વિગેરે કાર્યો પણ પ્રભાવનાના વિશેષ હેતુ હોવાથી પૂર્વ પુરૂષોએ આચરેલાં છે, તેમનો છદ્મસ્થોએ નિષેધ કરવો યોગ્ય નથી. કેમકે આગમમાં કોઇપણ ઠેકાણે તેનો નિષેધ જોવામાં આવતો નથી. અહીં કોઇ શંકા કરે કે—ઇંદ્રાદિએ આ કાર્યો કર્યાં નથી, તે જ આ કાર્યોનો નિષેધ જણાવે છે. આનો જવાબ એ છે જે--દેવ અને મનુષ્યનો આચાર સરખો નથી. કારણ કે દેવો તો માત્ર પ્રથમ ઉત્પન્ન થાય તેજ વખતે ચૈત્યપૂજાદિક કરે છે. અને મનુષ્યો તો યાવજ્જીવ સુધી ત્રિકાલ પૂજા કરે છે. દેવો એકવાર એક કલ્યાણકમાં પૂજા કરે છે. અને તપસ્યા તો કરતા જ નથી, પણ મનુષ્યો તો દરેક વર્ષે તપસ્યા પૂર્વક સર્વ તીર્થંકરોનાં કલ્યાણકોમાં પૂજા કરે છે. તેથી મનુષ્યોને મનુષ્યોનો વ્યાપાર કરવો એ જ કલ્યાણકારક છે.

વળી જિનેશ્વરના મહિમાની વૃદ્ધિ કરવી એ જ શ્રેષ્ઠ છે, પરંતુ વિઘ્ન કરવો એ સારો નથી. કારણ કે કહ્યું છે કે—"નિરંતર પ્રાણવધાદિકમાં પ્રવર્તતો શ્રાવક જિનપૂજા રૂપી મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારો થાય, તો તે અંતરાય કર્મ બાંધે છે, અને તેથી કરીને તે ઇચ્છિત લાભને પામતો નથી." આ કારણથી જ ત્રણ ચોવીશીના જિનેશ્વ-

રોના પટ્ટ વિગેરે કરાવવામાં પણ ગીતાર્થો દૂષણ આપતા નથી. કારણ કે તેઓ ઘણાં બિંબોના અંતરાયથી ભય પામે છે. અને વળી આગમમાં તેનો નિષેધ પણ દેખાતો નથી. તેથી તેઓ મૌન જ ધારણ કરે છે. કારણ કે ગુરૂનો ઉપદેશ આ પ્રમાણે છે—" જે કાર્ય બહુ ખ્યાતિને પામેલું હોય, અને સૂત્રમાં કોઈ પણ ઠેકાણે તે કરવાનું કહ્યું ન હોય તેમજ તેનો નિષેધ પણ જણાતો ન હોય, તેવા કાર્યમાં ગીતાર્થો મૌન જ રહે છે. " તથા—" સૂત્રના ભણિત એટલે વચનને વિષે સૂત્ર જ પ્રમાણ છે, અને સૂત્ર બાહ્યને વિષે સંવિગ્ન ગીતાર્થ બહુ જનોએ સેવેલી જે આચરણા તે પણ પ્રમાણ જ છે. " વળી હરિભદ્રસૂરિએ પણ ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા કહેલી છે. તે વિષે તેમણે કહ્યું છે કે—"વ્યક્તાખ્યા, ક્ષેત્રાખ્યા અને મહાખ્યા એ ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા છે. તેમાં જે કાળે જે તીર્થંકર હોય ( જે તીર્થંકરનું શાસન વર્તતું હોય ) તેની જે પ્રતિષ્ઠા કરવી તે પહેલી વ્યક્તા પ્રતિષ્ઠા છે એમ સિધ્ધાંતને જાણનારાઓ કહે છે. ઋષભસ્વામી વિગેરે સર્વે ( વર્તમાન ચોવીશીના ) તીર્થંકરોની જે પ્રતિષ્ઠા કરવી તે બીજી ક્ષેત્રા નામની પ્રતિષ્ઠા કહેવાય છે, અને એક સો ને સીતેર જિનોની સ્થાપના કરવી તે ત્રીજી મહા પ્રતિષ્ઠા કહેવાય છે," અહીં કોઇ એમ કહે કે–આ પ્રતિષ્ઠા જૂદા જૂદા બિંબને સ્થાપવાની છે. આવું તેનું કહેવું યોગ્ય નથી. કારણ કે દૃષ્ટ પદાર્થમાં કલ્પના કરવી અયોગ્ય છે. કેમકે વિચારપૂર્વક કાર્યને કરનારા વિદ્વાનો દૃષ્ટ પદાર્થનો ત્યાગ કરી અદૃષ્ટની કલ્પના કરતા નથી. આવી રીતે શુદ્ધ શ્રદ્ધાળુ ( સાધુ ) શ્રુતને અનુસારે જ પ્રરૂપણા કરે છે. ૧૦૩.

## આ રીતે ત્રીજું શ્રદ્ધાનું લક્ષણ કહ્યું. હવે શ્રદ્ધાનું ચોથું લક્ષણ (સ્ખલિત પરિશુદ્ધિ) કહે છે.

---

**अइयारमलकलंकं, पमायमाईहिं कहवि चरणस्स ।**
**जणियं पि वियडणाए, सोहिंति मुणी विमलसद्धा ॥१०४॥**

મૂલાર્થ—પ્રમાદાદિકે કરીને કોઇ પણ પ્રકારે ચારિત્રને વિષે અતિચારરૂપી કલંક જેવો મળ ઉત્પન્ન થયો હોય તો તેને પણ નિર્મળ શ્રદ્ધાવાળા મુનિઓ આલોચનાએ કરીને શુદ્ધ કરે છે.

ટીકાર્થ—મૂળ ગુણ અને ઉત્તર ગુણની મર્યાદાનો જે અતિક્રમ-ઉલ્લંઘન કરવું તે અતિચાર કહેવાય છે. તેજ અતિચાર ગુણને મલિન કરવાનો હેતુ હોવાથી મળરૂપ છે. અને તે મળ ચારિત્રરૂપી ચંદ્રના કલંક જેવો હોવાથી કલંકરૂપ છે. તે અતિચાર મળકલંક ચારિત્રને વિષે પ્રમાદાદિકે કરીને એટલે કે આકુટ્ટિકા તો પ્રાયે કરીને ચારિત્રીને સંભવે નહીં તેથી પ્રમાદ, દર્પ અને કલ્પે કરીને કોઇ પણ પ્રકારે એટલે કાંટાથી વ્યાપ્ત એવા માર્ગમાં યત્નપૂર્વક ચાલતાં છતાં કાંટો વાગે તેની જેમ ઉત્પન્ન થાય. અપિશબ્દનો અર્થ સંભાવનારૂપ હોવાથી ચારિત્રીને અતિચાર થવો સંભવે છે એમ જાણવું. અહીં આકુટ્ટિકા વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે–" તીવ્રપણાથી જાણીને કરવું તે આકુટ્ટિકા, દોડમદોડથી કરવું તે દર્પ, વિકથા વિગેરે કરવું તે પ્રમાદ અને કારણે કરવું તે કલ્પ કહેવાય છે. " આ ઉપલક્ષણથી દશ પ્રકારની પ્રતિસેવના પણ સમજી લેવી. તે આ પ્રમાણે–" દર્પ ૧, પ્રમાદ ૨, અનાભોગ ૩, આતુર ( માંદગી ) ૪, આપત્તિ ૫, શંકિત ૬, સહસાકાર ૭, ભય ૮, પ્રદ્વેષ ૯ અને વિમર્ષ ૧૦ ( આ દશ કારણે પ્રતિસેવના–અતિચાર થાય છે ) આ અતિચારને આલોચનાએ કરીને નિર્મળ શ્રદ્ધાવાળા એટલે નિષ્કલંક ધર્મની અભિલાષાવાળા મુનિઓ શોધે છે–દૂર કરે

છે. તેઓ એમ ધારે છે કે-" ઉત્તમ અર્થ સાધવામાં જો ભાવશલ્ય રહી જાય તો તે દુર્લભબોધિને તથા અનંત સંસારને કરે છે, તેવા અનર્થને શસ્ત્ર, વિષ, દુષ્ટ વેતાલ, દુષ્ટ યંત્ર કે ક્રોધ પામેલો સર્પ એ કોઈ પણ કરી શકતા નથી. " ૧૦૪.

## હવે પ્રસ્તુત લિંગને સમાપ્ત કરવા પૂર્વક બીજા લિંગનો સંબંધ કરવા કહે છે.

**एसा पवरा सद्धा, अणुबद्धा होइ भावसाहुस्स ।**
**एईए सब्भावे, पन्नवणिज्जो हवइ एसो ॥ १०५ ॥**

મૂલાર્થ—આ શ્રેષ્ઠ શ્રદ્ધા ભાવસાધુને અનુબદ્ધ-અવિચ્છિન્ન હોય છે. અને આ શ્રદ્ધાના હોવાથી તે ભાવસાધુ પ્રજ્ઞાપનીય હોય છે જ.

ટીકાર્થ—આ ચાર લિંગવાળી શ્રેષ્ઠ શ્રદ્ધા-ધર્માભિલાષા ભાવસાધુને અનુબદ્ધ એટલે અવિચ્છિન્નપણે હોય છે, અને આ શ્રદ્ધાનો સદ્ભાવ એટલે છતાપણું હોવાથી આ ભાવસાધુ પ્રજ્ઞાપનીય એટલે કદાગ્રહરૂપી ગ્રહથી રહિત હોય છે જ. ૧૦૫.

અહીં કોઇ શંકા કરે કે-ચારિત્રવાળાને શું અસદ્ગ્રહ (કદાગ્રહ) સંભવે? જવાબમાં કહે છે કે-હા. મતિમોહના માહાત્મ્યથી સંભવે જ છે. મતિમોહ પણ શાથી હોય એમ જો તું કહેતો હોય તો તે ઉપર કહેવાય છે.—

**विहि¹उज्जम²वन्नय³भय⁴उस्सग्ग⁵ववाय⁶तदुभय⁷गयाइं ।**
**सुत्ताइं बहुविहाइं, समए गंभीरभावाइं ॥ १०६ ॥**

મૂલાર્થ—વિધિ, ઉદ્યમ, વર્ણક, ભય, ઉત્સર્ગ, અપવાદ અને

**તે બન્નેમાં રહેલાં એમ સિદ્ધાંતમાં ગંભીર ભાવાર્થવાળાં ઘણાં પ્રકારનાં સૂત્રો છે.**

ટીકાર્થ—વિધિ, ઉદ્યમ, વર્ણક, ભય, ઉત્સર્ગ, અપવાદ અને તદુભય ( વિધિ અને અપવાદ બન્ને ) એટલા શબ્દનો દ્વંદ્વ સમાસ છે. અને તે દ્વંદ્વ સમાસ સ્વપદ પ્રધાન હોવાથી છેવટનો **गत** શબ્દ દરેકની સાથે જોડાય છે. તે સર્વે સૂત્રશબ્દનાં વિશેષણો છે, અને સૂત્રશબ્દ વિશેષ્ય છે. તેથી કરીને તેનો પ્રયોગ આ પ્રમાણે છે-જિનસિદ્ધાંતમાં કેટલાંક સૂત્રો વિધિગત એટલે વિધિને દેખાડનારાં છે. જેમકે- "ભિક્ષાકાળ પ્રાપ્ત થાય ત્યારે મુનિએ સંભ્રાંતિ રહિત અને મૂર્છારહિત થઇને આ ક્રમના યોગવડે ભાત પાણીની ગવેષણા કરવી." ઇત્યાદિક પિંડગ્રહણના વિધિને જણાવનારાં છે. કેટલાંક ઉદ્યમનાં સૂત્રો છે, જેમકે-" રંગનો સમૂહ જતો રહી પીળાં પડી ગયેલાં વૃક્ષોનાં પાંદડાં જેમ પડી જાય છે તેમ હે ગૌતમ ! આ મનુષ્યનું જીવિત ક્ષણિક છે, માટે એક સમય પણ પ્રમાદ કરવો યોગ્ય નથી." ઇત્યાદિ. તથા- " જિનેંદ્રની પ્રતિમા કરાવવી, તેનું ચૈત્ય કરાવવું, ધૂપ, પુષ્પ અને ગંધ-ચંદનવડે તેની પૂજા કરવી, આવાં કાર્યમાં યુક્ત થયેલો અને સ્તવ તથા સ્તુતિમાં તત્પર થયેલો શ્રાવક બન્ને કાળ ચૈત્યવંદન કરે.' ઈત્યાદિ કાળનું નિરૂપણ કર્યું છે તે પણ ઉદ્યમનો જ હેતુ છે, તેથી અન્યકાળે પણ ચૈત્યવંદન કરે તોપણ તે અધર્મને માટે થતું નથી. કેટલાંક સૂત્રો વર્ણકનાં છે, તે ચરિતાનુવાદ કહેવાય છે. જેમકે-દ્રૌપદીએ પાંચ પુરૂષના કંઠમાં વરમાળા નાંખી, તથા જ્ઞાતાધર્મકથાદિક અંગોને વિષે નગરાદિકનાં વર્ણનો આપ્યાં છે તે સર્વ વર્ણક સૂત્ર કહેવાય છે. કેટલાંક સૂત્રો ભય દેખાડનારાં હોય છે. જેમકે નારકાદિકનાં દુઃખો દેખાડવાં, એ વિગેરે. કહ્યું છે કે-" નરકને વિષે જે માંસ રૂધિરાદિકનું વર્ણન કર્યું છે, તે ભય દેખાડવા માટે માત્ર પ્રસિદ્ધિને લીધે જ કર્યું છે, ખરી રીતે તો તેઓનાં વૈક્રિય શરીર હોવાથી તે રૂધિરાદિક હોતાં નથી." અથવા દુઃખવિપાકમાં જે પાપી જીવોનાં ચરિત્રો કહ્યાં

છે તે ભયસૂત્રો જાણવાં. કેમકે તેના ભયથી પ્રાણીઓ પાપકર્મથી નિવૃત્ત થઇ શકે છે. કેટલાંક ઉત્સર્ગ સૂત્રો છે. જેમકે–" ઇત્યાદિક આ છ જીવનિકાયનો પોતે દંડ ન આરંભે. " ઇત્યાદિક છ જીવનિકાયની રક્ષા બતાવનારાં સૂત્રો. કેટલાંક અપવાદનાં સૂત્રો છે, તે પ્રાયે કરીને છેદ ગ્રંથમાં કહેલાં છે. અથવા–" ગુણાધિક કે સમાન ગુણવાળો નિપુણ સહાયકારક ન મળે તો પાપકર્મને વર્જી તથા કામભોગને વિષે આસક્તિનો ત્યાગ કરી એકલો પણ વિચરે. " ઇત્યાદિક પણ અપવાદ સૂત્રો છે. તથા જેમાં ઉત્સર્ગ અને અપવાદ એકી સાથે કહેલા હોય તે તદુભય સૂત્રો કહેવાય છે. જેમકે–" આર્તધ્યાન ન થતું હોય તો સમ્યક્ પ્રકારે વ્યાધિ સહન કરવો; પરંતુ આર્તધ્યાન થાય તો વિધિપૂર્વક તેનો પ્રતીકાર કરવા પ્રવર્તવું. " આવી રીતે ઘણાં પ્રકારનાં એટલે સ્વસમય, પરસમય, નિશ્ચય, વ્યવહાર, જ્ઞાન અને ક્રિયા વિગેરેવડે નયના મતને પ્રકાશ કરનારાં સૂત્રો સમયમાં એટલે જિનસિદ્ધાંતમાં ગંભીર ભાવાર્થવાળાં એટલે સૂક્ષ્મબુદ્ધિથી અભિપ્રાય જાણી શકાય તેવાં છે. ૧૦૬.

## તેથી કરીને પ્રકૃતમાં શું આવ્યું ? તે કહે છેઃ—

**तेसिं विसयविभागं, अमुणंतो नाणवरणकम्मुदया ।**
**मुज्झइ जीवो तत्तो, सपरेसिमसग्गहं जणइ ॥ १०७ ॥**

મૂલાર્થ—જ્ઞાનાવરણ કર્મના ઉદયથી તે સૂત્રોના વિષયનો વિભાગ નહીં જાણવાથી જીવ મુંઝાય છે—મોહ પામે છે, અને તેથી કરીને સ્વ પરને અસદ્ગ્રહ ઉત્પન્ન કરેછે.

ટીકાર્થ—તે સૂત્રોના વિષયનો વિભાગ એટલે આ સૂત્રનો આ વિષય છે, અને આનો આ વિષય છે એમ જ્ઞાનાવરણ કર્મના ઉદયને લીધે નહિ જાણતો જીવ–પ્રાણી મુંઝાય છે–મોહ પામે છે; અને તેથી

કરીને સ્વપરને એટલે પોતાને અને પોતાના સેવક અન્યને જમાલિની જેમ અસદ્ગ્રહ એટલે અસદ્બોધ ઉત્પન્ન કરે છે. ૧૦૭.

તેથી કરીને

**तं पुण संविग्गगुरू, परहियकरणुज्जयाणुकंपाए ।**
**बोहिंति सुत्तविहिणा, पन्नवणिज्जं वियाणंता ॥ १०८ ॥**

મૂલાર્થ—તે મૂઢને આ પ્રજ્ઞાપના કરવા (સમજાવવા) લાયક છે એમ જાણતા (જાણીને) પરહિત કરવામાં ઉદ્યમવંત એવા સંવિગ્ન ગુરૂ અનુકંપાવડે સૂત્રમાં કહેલા વિધિએ કરીને બોધ કરે છે.

ટીકાર્થ—તે મૂઢને તથા **પુન:** શબ્દ છે તેથી જ્ઞાનના અર્થી અને વિનયવાળા તેને એટલે કે જો તે મૂઢ જ્ઞાનનો અર્થી અને વિનીત હોય તો તેને પરહિત કરવામાં ઉદ્યમવંત એટલે પરોપકાર કરવામાં રસિક એવા સંવિગ્ન ગુરૂઓ-પૂજ્ય આચાર્યો અનુકંપાવડે એટલે આ બિચારો દુર્ગતિમાં ન જાઓ એવી અનુગ્રહ બુદ્ધિથી પ્રેરાઇને સૂત્રના વિધિ પૂર્વક એટલે આગમમાં કહેલી યુક્તિ પૂર્વક બોધ પમાડે છે; પરંતુ જો તે મૂઢને પ્રજ્ઞાપનીય એટલે બોધ પમાડવાને ઉચિત જાણે તો જ બોધ કરે છે, તેવો ન હોય તો સર્વજ્ઞ પણ તેને બોધ પમાડી શકે નહીં. ૧૦૮

ત્યાર પછી—

**सोऽवि असग्गहचाया, सुविसुद्धं दंसणं चरित्तं च ।**
**आराहिउं समत्थो, होइ सुहं उज्जुभावाओ ॥ १०९ ॥**

મૂલાર્થ—તે પણ અસદ્ગ્રહનો ત્યાગ કરી સુખે કરીને સરલપણાથી સુવિશુદ્ધ દર્શન અને ચારિત્રની આરાધના કરવા સમર્થ થાય છે.

ટીકાર્થ—તે પણ પ્રજ્ઞાપનીય (બોધ પમાડવા લાયક) મુનિ અસદ્ગ્રહનો ત્યાગ કરી એટલે પોતે કલ્પેલા જ્ઞાનને મૂકી દઇ ઋજુ-

ભાવથી એટલે આર્જવ ગુણથી સુવિશુદ્ધ એટલે અતિ નિર્મળ દર્શન સમ્યકત્વ અને ચારિત્રને **च** શબ્દ છે તેથી જ્ઞાન અને તપને પણ સુખે કરીને આરાધવા સમર્થ થાય છે; અહીં ઋજુભાવ કહેવાથી પ્રજ્ઞાપનીય મુનિ પણ જો આર્જવથીજ આલોચના તથા પ્રતિક્રમણ કરે તો જ તેની શુદ્ધિ થાય છે એણુ જણાવ્યું છે. તે વિષે આગમમાં કહ્યું છે કે- " આર્જવગુણવાળાનીજ શુદ્ધિ થાય છે, અને શુદ્ધ થયેલાનેજ ધર્મ પણ સ્થિર થાય છે. અને ઘૃતથી સીંચાયેલા અગ્નિની જેમ તે પરમ નિર્વાણને પામે છે. " ૧૦૯

આ પ્રમાણે ભાવસાધુનું ત્રીજું લિંગ કહ્યું. હવે ચોથું ક્રિયાપરત્વ નામનું લિંગ કહે છે, અને તે ક્રિયાપરત્વ પ્રમાદીને સંભવતું નથી, તેથી પ્રથમ પ્રમાદને દૂર કરવાનોજ ઉપદેશ આપે છે.-

**सुगइनिमित्तं चरणं, तं पुण छक्कायसंजमो चेव ।**
**सो पालिउं न तीरइ, विगहाइपमायजुत्तेहिं ॥ ११० ॥**

મૂલાર્થ—સુગતિનું કારણ ચારિત્ર છે, અને છ કાય જીવની જે રક્ષા તે જ ચારિત્ર વિકથાદિક પ્રમાદ વડે યુક્ત એવા મનુષ્યો પાળી શકતા નથી.

ટીકાર્થ—સારી ગતિ તે સુગતિ એટલે સિદ્ધિ, તેનું નિમિત્ત એટલે કારણ ચારિત્ર-યતિધર્મ છે કહ્યું છે કે—" જેથી કરીને અન્યથા પ્રકારે સિદ્ધિ પમાતી નથી તેથી કરીને આ ( સિદ્ધિ ) નો ઉપાય આજ છે કે આરંભમાં પ્રવર્તવું નહીં. " તથા—" વહાણ વિનાના બુદ્ધિમાન પુરૂષો ભુજદંડે કરીને પણ કોઇ પણ રીતે પ્રચંડ સમુદ્રને ઓળંગી શકે છે; પરંતુ સિદ્ધિ તો શીળ વિના કોઇ પણ પ્રકારે સાધી શકાતી નથી. એમ જાણીને તમે ચિત્તને યતિધર્મમાં દૃઢ કરો. " વળી ચારિત્ર ષટ્કાયનો સંયમ એટલે છ કાય જીવનું રક્ષણ જ છે. **च** શબ્દ છે તેથી ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ એ પણ ચારિત્ર છે એમ સૂચવે છે. વળી તે સંયમ વિકથાદિક પ્રમાદે કરીને યુક્ત એવા પુરૂષોએ પાળી શકાતો નથી-વૃદ્ધિ પમાડી શકાતો નથી.

અહીં વિકથા એટલે વિરૂદ્ધ કથા, અને આદિ શબ્દ છે તેથી મદ્યાદિક જાણવા. કહ્યું છે કે—" મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા એ પાંચ પ્રમાદો કહેલા છે, તે જીવને સંસારમાં પાડે છે." તેમાં મદિરા સાધુને અકલ્પ્યજ છે. મદ્ય અને મદ્ય જેવા અન્ય રસોને સાધુ પોતાના આત્માના યશની રક્ષા માટે–આત્મસાક્ષીએ પીવે નહિં.

તથા વિષયરૂપ પ્રમાદ પણ વર્જવા યોગ્ય છે કહ્યું છે કે–" પુદ્ગળોનો પરિણામ અનિત્ય છે એમ જાણીને મનોજ્ઞ વિષયો ઉપર પ્રેમનો અભિનિવેશ ( આગ્રહ ) કરવો નહીં. " તથા કષાયરૂપી પ્રમાદ પણ કરવા લાયક નથી. કહ્યું છે કે–" આત્માનું હિત ઇચ્છનાર પુરૂષે પાપને વધારનારા ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે દોષો વમી નાંખવા–દૂર કરવા." તથા નિદ્રારૂપી પ્રમાદ પણ ઉચિત હોય તેટલો જ કરવો. તે આ રીતે–" રાત્રિની પહેલી પોરસીએ સ્વાધ્યાય કરવો, બીજી પોરસીએ ધ્યાન ધરવું, ત્રીજીમાં નિદ્રાનું સુખ લેવું અને ચોથી પોરસીએ પાછો સ્વાધ્યાય કરવો." કથાને વિષે પણ આવો ઉપદેશ છે.–" આક્ષેપ, વિક્ષેપ અને ઉન્માર્ગનો નિષેધ કરવામાં જેની સ્થાપના સમર્થ છે, તથા માતાની જેમ જે શ્રોતાજનના શ્રોત્ર અને મનની પ્રસન્નતાને ઉત્પન્ન કરનારી છે એવી સંવેદની, નિર્વેદની અને ધર્મ્ય એ નામની કથાઓ સર્વદા કરવા લાયક છે. અને સ્ત્રીકથા, ભક્તકથા, ચોરકથા તથા દેશકથા દૂરથી જ ત્યાગ કરવા લાયક છે." આ પ્રમાણે આગમને વિષે નિષેધ કરેલા વિકથાદિક પ્રમાદવાળા પુરૂષોએ સંયમ પાળી શકાતો નથી, તેથી તે પ્રમાદ કરવા યોગ્ય નથી. એ આ ગાથાનો ભાવાર્થ છે. ૧૧૦.

### પ્રમાદ જ વિશેષે કરીને અનર્થનું કારણ છે એમ બતાવે છે–

पव्वज्जं विज्जं पि व, साहिंतो होइ जो पमाइल्लो ।
तस्स न सिज्झइ एसा, करेइ गरुयं च अवयारं ॥ १११ ॥

મૂલાર્થ—વિદ્યાની જ જેમ પ્રવ્રજ્યાને સાધનાર જે પુરૂષ પ્રમાદવાળો થાય છે, તેને તે સિદ્ધ થતી નથી, પરંતુ ઉલટો મોટો અનર્થ કરે છે.

ટીકાર્થ—વિદ્યાની જ જેમ પ્રવ્રજ્યાને એટલે જિનેંદ્રની દીક્ષાને સાધતો જે પુરૂષ પ્રમાદવાળો થાય છે. અહીં "પમાઇલ્લો" એ શબ્દમાં **मतुप्** ના અર્થમાં आल, इल्ल, मण અને **इत्त** એ પ્રત્યયો લાગે છે એમ જાણવું. તેથી અહીં **इल्ल** પ્રત્યય લાગેલો છે. તે પ્રમાદી પુરૂષને આ દીક્ષા વિદ્યાની જેમ સિધ્ધ થતી નથી. એટલે ફળદાયક થતી નથી. **च** શબ્દનો ભિન્નક્રમ હોવાથી **करेइ** ક્રિયાપદની પછી છે એમ જાણવો, અને ઉલટા મોટા અપકારને એટલે અનર્થને કરે છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે.—પ્રમાદવાળા સાધક પુરૂષોને જેમ વિદ્યા ફળદાયક થતી નથી, અને ઉલટો ગ્રહાદિકના આવેશ રૂપ અનર્થને પ્રાપ્ત કરે છે, તેમ [1]શીતળ વિહારી સાધુને જિનદીક્ષા પણ કેવળ મોક્ષાદિકને પ્રાપ્ત કરતી નથી એટલું જ નહીં પણ ઉલટી દીર્ઘ સંસારમાં ભ્રમણરૂપ અનર્થને પ્રાપ્ત કરે છે. તે વિષે કહ્યું છે કે—"શીતળ વિહારથી અવશ્ય ભગવંતની આશાતના થાય છે, અને તેથી કરીને ઘણા કલેશવાળો દીર્ઘસંસાર પ્રાપ્ત થાય છે. જેથી કરીને કહ્યું છે કે—તીર્થંકર, પ્રવચન (સંઘ) શ્રુત, આચાર્ય ગણધર અને બીજા મહર્ધ્ધિક તપસ્વીની આશાતના કરનાર અનંતસંસારી થાય છે." આ કારણથી સાધુએ અપ્રમાદી થવું. ૧૧૧.

બીજી યુક્તિવડે પ્રમાદનો જ નિષેધ કરે છે—

**पडिलेहणाइचेट्ठा, छक्कायविघाइणी पमत्तस्स ।**
**भणिया सुयम्मि तम्हा, अपमाई सुविहिओ होइ ॥ ११२ ॥**

૧ ઠંડો--શીતળ

મૂલાર્થ—પ્રમાદીની પડિલેહણાદિક ચેષ્ટા-ક્રિયા શાસ્ત્રને વિષે છકાયને વિઘાત કરનારી કહી છે. તેથી સાધુ અપ્રમાદી જ હોય છે.

ટીકાર્થ—સિધ્ધાંતને વિષે પ્રમત્ત સાધુની પડિલેહણા અને આદિ શબ્દથી ગમનાદિક ચેષ્ટા એટલે ક્રિયા-વ્યાપાર છકાયને વિઘાત કરનાર કહેલ છે. તે આ પ્રમાણે—" જો પડિલેહણ કરતાં પરસ્પર વાત કરે, જનપદ ( દેશ ) ની વાત કરે, પચ્ચખ્ખાણ આપે, પોતે વાંચે, અથવા સાંભળે, તો પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છયે કાયનો પડિલેહણામાં પ્રમાદી થયેલો સાધુ વિરાધક થાય છે. તેથી સુવિહિત સાધુએ સર્વ વ્યાપારમાં અપ્રમાદી થવું. આ વાક્ય પૂર્વ ગાથામાં પણ જોડવું. તે અર્થમાં તેજ પ્રમાણે કહી ગયા છીયે. ૧૧૨.

## અપ્રમાદી કેવો હોય ? તે કહે છે—

**रक्खइ वएसु खलियं, उवउत्तो होइ समिइगुत्तीसु ।**
**वज्जइ अवज्जहेउं, पमायचरियं सुथिरचित्तो ॥ ११३ ॥**

મૂલાર્થ—વ્રતોને વિષે અતિચારને વર્જે, સમિતિ અને ગુપ્તિને વિષે ઉપયોગ રાખે, અને સ્થિર ચિત્તવાળો થઈ પાપના હેતુરૂપ પ્રમાદના આચરણનો ત્યાગ કરે.

ટીકાર્થ—વ્રતોને વિષે સ્ખલિતની એટલે અતિચારની રક્ષા કરે એટલે નહી કરવાની બુધ્ધિથી તેનો ત્યાગ કરે. તેમાં પ્રાણાતિપાત વિરતિને વિષે ત્રસ અને સ્થાવર જંતુનો સંઘટ્ટ, પરિતાપ કે ઉપદ્રવ ન કરે. મૃષાવાદ વિરતિને વિષે અનાભોગાદિકે કરીને સૂક્ષ્મ મૃષાવાદ અને વચનવડે બાદર મૃષાવાદને બોલે નહીં. અદત્તાદાનવિરતિને વિષે સૂક્ષ્મ તે જણાવ્યા વિના કાયિકી વિગેરે ન કરે, અને બાદર તે સ્વામી

જીવ, તીર્થંકર અને ગુરૂની અનુજ્ઞા વિના કાંઇ પણ ગ્રહણ ન કરે, તથા ખાય પણ નહીં. ચોથા વ્રતમાં બ્રહ્મચર્યના દશ સ્થાનકોને સમ્યક્ પ્રકારે આરાધે. પાંચમા વ્રતમાં સૂક્ષ્મ તે વાળ વિગેરે ઉપર મમતા ન કરે અને બાદર તે અનેષણીયાદિક આહાર વિગેરેને ગ્રહણ ન કરે. કેમકે " અનેષણીય ગ્રહણ કરવામાં પરિગ્રહ લાગે છે." એવું આપ્ત-વચન છે, મૂર્છાએ કરીને અધિક ઉપકરણ પણ ધારણ ન કરે. રાત્રિ-ભોજનની વિરતિને વિષે સૂક્ષ્મ તે અપચાના ઓડકાર આવવા ન દે, અને બાદર તે 'દિવસે ગ્રહણ કરેલું પણ દિવસે નહિં ખાધેલું' ઇત્યાદિક ચાર પ્રકારનું રાત્રિભોજન ન કરે. આ પ્રમાણે સર્વ વ્રતોને વિષે અતિ-ચારનો ત્યાગ કરે. તથા [1]પ્રવીચાર રૂપ સમિતિને વિષે અને પ્રવીચાર તથા અપ્રવિચાર રૂપ ગુપ્તિને વિષે ઉપયુકત એટલે ઉપયોગવાળો હોય. કહ્યું છે કે-" જે સમિતિવાળો હોય તે અવશ્ય ગુપ્તિવાળો હોય છે, અને જે ગુપ્તિવાળો હોય તેને સમિતિ હોય અથવા ન પણ હોય એમ ભજના ( વિકલ્પ ) છે, કારણ કે કુશળવચનને બોલતો સાધુ ગુપ્તિ અને સમિતિ બન્નેવાળો હોય છે. આને વિષે ઉપયોગ કેવી રીતે રાખવો તે પ્રવચનમાતૃ નામના અધ્યયનમાં કહેલા વિધિથી જાણવું. આ સમિતિ અને ગુપ્તિ સર્વ સાધુઓને સર્વસ્વ રૂપ છે. તે વિષે કહ્યું છે કે—" પરમ કલ્યાણને ઇચ્છતા સાધુઓએ પ્રવચનની માતાના જેવી આ આઠ માતાઓ નિરંતર નિશ્ચયથી મૂકવા લાયક નથી." ઘણું શું કહેવું ? સુસ્થિર ચિત્તવાળા થઇને પાપના હેતુરૂપ પ્રમાદાચરણનો ત્યાગ કરે. ૧૧૩.

તથા—

**कालम्मि अणूणहियं, किरियंतरविरहिओ जहासुत्तं ।**
**आयरइ सव्वकिरियं, अपमाई जो इह चरित्ती ॥ ११४ ॥**

---

૧ પ્રવૃત્તિરૂપ

મૂલાર્થ— સર્વ ક્રિયાને વખતસર અન્યૂનાધિકપણે સૂત્રોકત વિધિ પ્રમાણે બીજી ક્રિયામાં ઉપયોગ રહિત આચરે તે ચારિત્રી અહીં અપ્રમાદી કહેવાય છે.

ટીકાર્થ—કાળે એટલે અવસરે અર્થાત્ જે પ્રત્યુપેક્ષણાદિક ક્રિયાનો જે કાળ હોય તે કાળને વિષે, વખત વિના કરેલી ખેતી વિગેરે ક્રિયાઓ પણ ઇષ્ટ સિદ્ધિને માટે થતી નથી, તેથી સર્વ ક્રિયા કાળે કરે એવો સંબંધ કરવો. તે ક્રિયા કેવી? અન્યૂનાધિક-પ્રમાદને લીધે ન્યૂન ન કરે, તથા શૂન્યપણાને લીધે અથવા પોતાની પ્રતિષ્ઠાને અર્થે અધિક પણ ન કરે. તેમ કરવાથી તે સાધુ ઓસન્નો કહેવાય છે. કહ્યું છે કે– " જે આવશ્યાદિક ક્રિયાને કરે નહીં, અથવા હીણ અધિક કરે અથવા ગુરૂના કહેવાથી કરે તે સાધુ ઓસન્નો કહેલો છે." તથા એક ક્રિયાથી જે બીજી ક્રિયા તે ક્રિયાંતર કહેવાય છે, તેણે કરીને રહિત એટલે કે પડિલેહણાદિક કરતી વખતે સ્વાધ્યાય ન કરે અને સ્વાધ્યાય કરતી વખતે વસ્ત્ર પાત્રાદિકની પડિલેહણા કે ગમનાદિક ન કરે. એજ કારણ માટે આગમમાં કહ્યું છે કે—" ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ કરી પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરે અને તેમાંજ તન્મય, તત્પર અને ઉપયોગી થઇ વિચરે." અહીં કોઇ શંકા કરે કે-જો એમ છે તો કેટલાએક નવકાર મંત્ર અને સ્તોત્ર વિગેરે બોલતા બોલતા ચૈત્યની પ્રદક્ષિણા કરે છે, તે આગમ વિરૂદ્ધ હોય એમ જણાય છે. કારણ કે કેવળીને પણ એકી વખતે બે ઉપયોગ ઇચ્છાતા નથી. " સર્વ કેવળીને એકી સાથે બે ઉપયોગ હોતા નથી." ઇત્યાદિક આગમમાં કહેલું છે. અહીં જવાબ આપે છે કે-કેવળીને યુગપત્ બે ઉપયોગ ન હોય એ વચન અહીં જ્ઞાપક નથી-લાગુ પડતું નથી-કેમકે કેવળીને એક સમયના ઉપયોગની અપેક્ષા છે, અને છદ્મસ્થનો ઉપયોગ તો અંતર્મુહૂર્તનો છે તેમાં પગલે પગલે અસંખ્યાતા સમયો જતા રહે છે અને જીવના વીર્યનું અચિંત્યપણું તથા શીઘ્રકારીપણું છે તેથી ઇર્યાસમિતિને વિષે પણ ઉપયોગ સંભવે જ છે, શંકા—ત્યારે શા માટે સૂત્રમાં " ઇંદ્રિ-

યોના વિષયોનો ત્યાગ કરીને '' એમ કહ્યું ? જવાબ-તારૂં કહેવું સત્ય છે પરંતુ તેમ કહેવાની અપેક્ષા જુદી છે તે આ પ્રમાણે-ભિક્ષાચર્યાદિકની ક્રિયા જુદી છે. અને સ્વાધ્યાયની ક્રિયા પણ જુદી છે તેથી સ્વાધ્યાયના ઉપયોગ વખતે ઇર્યાનો-ગમનનો ઉપયોગ સંભવતો નથી. પરંતુ પ્રદક્ષિણામાં તો મન, વચન અને કાયાએ કરીને જિનેશ્વરનું વંદન જ કરવાનું ઇચ્છયું છે, તેથી તે બન્નેનો વિષય જુદો નથી, એટલે તેમાં બે કે ત્રણ ઉપયોગ પણ વિરૂધ્ધ નથી. તે વિષે આગમમાં કહ્યું છે કે—" એકી વખતે ભિન્ન વિષયવાળી બે ક્રિયાનો નિષેધ છે, પરંતુ એક વિષયવાળી ક્રિયાઓનો નિષેધ નથી. કારણ કે મન વચન કાયા એ ત્રણે જોગની ક્રિયા ભંગિકસુત્રમાં ( સાથે ) કરેલી છે. તથા—" તદ્ગત ક્રિયા

શબ્દ—વર્ણ-સૂગ અર્થ અને ચાલુ વિષયમાં સર્વત્ર એકાગ્રતા સ્થિર ઉપયોગનું હોવાપણું છાપરામાંના નાનાવિધ છિદ્રોમાંથી આવતા સૂર્યાદિકના પ્રકાશની પેરે સ્પષ્ટ સુસંગત છે.

તેથી કરીને સંવિગ્નના વ્યવહાર વડે મંદમંદ ગતિએ કરીને પ્રદક્ષિણા કરતી વખતે સ્તુતિપાઠ કરવામાં કાંઇ પણ દોષ નથી. ઉલટું મન, વચન અને કાયા એ ત્રણે યોગ સહિત કરેલું અનુષ્ઠાન આરાધેલું થાય છે. અતિ વિસ્તારથી સર્યું.

યથાસૂત્ર એટલે સૂત્રમાં. કહ્યા પ્રમાણે. તે સૂત્ર આ છે—"ગણધરે જે રચ્યું, પ્રત્યેકબુદ્ધે જે રચ્યુ, શ્રુતકેવલીએ જે રચ્યું અને સંપૂર્ણ દશ પૂર્વીએ જે રચ્યું તે સર્વ સૂત્ર કહેવાય છે. " કારણકે આ સર્વેને સમ્યગ્દષ્ટિનો નિશ્ચય છે તેથી તેઓ સત્ય પદાર્થનીજ પ્રરૂપણા કરે છે, અને તેમના સૂત્રને અનુસરીને બીજાએ પણ જે રચ્યું હોય તે પણ પ્રમાણજ છે, તે સિવાય બીજું પ્રમાણભૂત નથી એવી રીતે સૂત્રમાં કહ્યા પ્રમાણે જે સર્વે ક્રિયાને આચરે તે અપ્રમાદી ચારિત્રી કહેવાય છે. ૧૧૪

ચોથું ભાવસાધુનું લિંગ કહ્યું. હવે પાંચમું કહે છે—

संघयणादणुरूवं, आरंभइ सक्कमेवणुट्ठाणं ।
बहुलाभमप्पच्छेयं, सुयसारविसारओ सुजई ॥ ११५ ॥

મૂલાર્થ—સંઘયણાદિકને અનુરૂપ શક્ય અનુષ્ઠાન કે જે બહુ લાભવાળું અને અલ્પ નુકસાનવાળું હોય તેને જ શ્રુતના તત્ત્વ જાણવામાં પંડિત સુયતિ આરંભે છે.

ટીકાર્થ—વજ્રઋષભનારાચ વિગેરે સંઘયણ તથા આદિ શબ્દ છે માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ગ્રહણ કરવા. એ સર્વને અનુરૂપ એટલે ઉચિત જ સર્વ અનુષ્ઠાન એટલે તપ, પ્રતિમા, જિનકલ્પ વિગેરેને આરંભે છે, એટલે કે જે અનુષ્ઠાન જે સંઘયણને આશ્રી નિર્વાહ કરી શકાય તેજ અનુષ્ઠાનનો આરંભ કરે છે. કેમકે જો અધિક અનુષ્ઠાન કરે તો તેની સમાપ્તિ ન થવાથી પ્રતિજ્ઞાના ભંગનો સંભવ રહે છે. વળી તે કેવું અનુષ્ઠાન આરંભે ? તે કહે છે—બહુલાભવાળું એટલે વિશેષ પ્રકારના ફળને આપનારૂં અને અલ્પચ્છેદ એટલે અલ્પ નુકશાન કરનારૂં. અહીં અલ્પ શબ્દનો અભાવ અર્થ કરવાનો છે તેથી કરીને સંયમને બાધા નજ આવે એવું જાણવું. તેવા કાર્યને શ્રુતસારવિશારદ એટલે સિદ્ધાંતના તત્ત્વને જાણનાર એવો સુયતિ એટલે ભાવસાધુ આરંભે છે. ૧૧૫.

એવી રીતે કેમ થઈ શકે ? તે કહે છે.—

जह तं बहुं पसाहइ, निवडइ असंजमे दढं न जओ ।
जणिउज्जमं बहूणं, विसेसकिरियं तहाढवइ ॥ ११६ ॥

મૂલાર્થ—જે પ્રકારે તે અનુષ્ઠાનને બહુ સાધી શકે, અને જેનાથી અત્યંત અસંયમમાં પડી ન જવાય, તથા બીજા ઘણા જનોને તેમાં પ્રવર્તાવી શકે તે રીતે વિશેષ ક્રિયા કરે છે.

ટીકાર્થ—જે પ્રકારે તે અધિકૃત અનુષ્ઠાનને ફરી ફરી સેવવાએ કરીને બહુ સાધે અથવા જે અનુષ્ઠાનથી અસંયમને વિષે એટલે સાવદ્ય ક્રિયાને વિષે દૃઢ એટલે અત્યંત ન જ પડે. ભાવાર્થ એ છે જે અનુચિત અનુષ્ઠાનથી પીડા પામે તો ફરીથી તે કરવામાં તે ઉત્સાહ પામતો નથી, અને તેમ કરતાં કદાચ રોગનો સંભવ થાય અને દવા કરાવે તો અસંયમ થાય; અને દવા ન કરાવે તો અવિધિથી મરેલાને સંયમનો અંતરાય થાય. એજ માટે કહ્યું છે કે "જેનાથી મન અશુભ ચિંતવન ન કરે, જેનાથી ઇંદ્રિયોની હાનિ ન થાય અને જેનાથી યોગો સીદાય નહીં એવો તપ જ કરવો જોઇયે." તથા બીજા ઘણા સાધર્મિકોને તે અનુષ્ઠાન કરવામાં ઉદ્યમવંત કરે છે એટલે કે શક્ય અનુષ્ઠાન કરવા ઘણા જનો ઇચ્છે છે. અશક્ય અનુષ્ઠાનમાં ઇચ્છા થતી નથી. તથાશબ્દનો અર્થ સમુચ્ચય છે. તેથી આ પ્રમાણે જોડવો—તથા વળી વિશેષ ક્રિયાને એટલે પ્રતિમાવહન કરવાનો અભ્યાસ વિગેરે અધિક અનુષ્ઠાનને શક્તિ પ્રમાણે આરંભે છે. એટલે શક્તિને નિષ્ફળ કરતો નથી. ૧૧૬.

તે વિશેષ ક્રિયા શી રીતે કરે ? તે કહે છે.—

गुरुगच्छुन्नइहेउं, कयतित्थपभावणं निरासंसो ।
अज्जमहागिरिचरियं, सुमरंतो कुणइ सक्किरियं ॥ ११७ ॥

મૂલાર્થ—આર્ય મહાગિરિનું ચરિત્ર સંભારીને આશંસા રાખ્યા વિના તીર્થની પ્રભાવના કરનારી સત્ક્રિયાને ગુરૂ તથા ગચ્છની ઉન્નતિને માટે કરે.

ટીકાર્થ—ગુરૂ અને ગચ્છની ઉન્નતિ એટલે આ ગુરૂ અથવા ગચ્છ ધન્ય છે કે જેની સહાયથી આવા દુષ્કરકારી સાધુઓ દેખાય છે. એ પ્રમાણે લોકોની શ્લાઘા રૂપ વૃદ્ધિના હેતુવાળી તથા તીર્થની પ્રભાવના કરનારી એટલે જિનશાસનના સાધુવાદને ઉત્પન્ન કરનારી અર્થાત્ "સર્વ ધર્મમાં જિનધર્મ શ્રેષ્ઠ છે, અમે પણ તેજ ધર્મ કરીયે" એ પ્રમાણે આદેયપણાને સાધનારી સત્ક્રિયાને આ લોક તથા પરલોકની આશંસા રહિત કરે. કહ્યું છે કે—"આ લોકને અર્થે આચારનું અનુષ્ઠાન ન કરવું, પરલોકને અર્થે આચારને ન પાળે, કીર્તિ, વર્ણવાદ, શબ્દ અને શ્લાઘાને અર્થે આચારને ન પાળે, અરિહંતે કહેલા હેતુને છોડીને બીજા કોઇને અર્થે આચારને ન પાળે." આગમમાં કહેલા આર્ય મહાગિરિ આચાર્યના ચરિત્ર-વૃત્તાંતને સ્મરણ કરીને સાધુ સત્ક્રિયા કરે.

## આર્ય મહાગિરિની કથા.—

સુધર્મા સ્વામીની આઠમી પાટે છેલ્લા ચૌદ પૂર્વી ભગવાન સ્થૂલભદ્રસૂરિ થયા. તેને આર્યમહાગિરિ અને સુહસ્તી નામે બે શિષ્યો દશપૂર્વી હતા. તે બન્ને પરસ્પર પ્રીતિવાળા ભરતક્ષેત્રમાં વિચરતા હતા. એકદા ભગવાન મહાગિરિએ સુહસ્તીને ગચ્છ સોંપી જિનકલ્પનો વિચ્છેદ ગયો હતો તોપણ તેની ક્રિયાનો અભ્યાસ કરવા માટે પ્રારંભ કર્યો, અને તેથી તે ગચ્છની નિશ્રાએ જ વિચરવા લાગ્યા. તેમાં ગૃહસ્થોએ ત્યાગ કરાતું અન્નપાન ગ્રહણ કરતા હતા, અને બાકીની જિનકલ્પીની ક્રિયા પોતાની શક્તિ પ્રમાણે કરતા હતા. પરંતુ "હું ઉત્તમ ક્રિયા કરૂં છું." એવો લેશ પણ ગર્વ કરતા ન હતા. ક્ષમાવાન અને ઇંદ્રિયોને દમન કરનાર તે ગચ્છની સાથે જ એક ગામથી બીજે ગામ

વિચરતા હતા. એકદા તે બન્ને સૂરિ પાટલિપુર નગરમાં ગયા, ત્યાં સુહસ્તીસૂરિએ વસુભૂતિ નામના શ્રેષ્ઠીને ઉપદેશ આપી શ્રાવક કર્યો. તે શ્રેષ્ઠી હમેશાં પોતાના પરિવારને ધર્મદેશના આપી પ્રતિબોધ કરતો હતો, પરંતુ તેમાં કોઇ પણ પ્રતિબોધ પામ્યા નહીં, તેમજ કહ્યા છતાં પણ કોઈ ગુરૂની પાસે આવ્યા નહીં. ત્યારે શ્રેષ્ઠીએ વિચાર્યું કે—"ગુણી ગુરૂનું વચન ઘી અને મધથી સીંચેલા અગ્નિની જેમ શોભે છે, અને ગુણ રહિતનું વચન સ્નેહ–તેલ વિનાના દીવાની જેમ શોભતું નથી. તેથી જો ભગવાન જાતે અત્ર પધારી આમને ધર્મોપદેશ આપે તો કદાચ તેઓ પ્રતિબોધ પામે ખરા. અથવા આ વાત હું ગુરૂને જ કહું, કે જેથી જ્ઞાનના નિધિરૂપ તેઓ જે ઉચિત હશે તે જાણશે." એમ વિચારી શ્રેષ્ઠીએ ગુરૂને વિજ્ઞપ્તિ કરી. તે સાંભળી ગુરૂ પણ ગુણ દેખીને તેને ઘેર પધાર્યા. ત્યાં અમૃતના રસ જેવી મનોહર તેમની દેશના સાંભળીને શ્રેષ્ઠીના સર્વ મનુષ્યો પ્રતિબોધ પામ્યા. પછી તેઓને સ્થિર કરવા માટે હમેશાં આચાર્ય મહારાજ શ્રેષ્ઠીને ઘેર જવા લાગ્યા. એકદા આચાર્ય શ્રેષ્ઠીને ઘેર બેઠા હતા, તેવામાં ત્રીજી પોરસીને સમયે ગોચરીને માટે ભ્રમણ કરતા આર્યમહાગિરિ મહારાજ તે જ શેરીમાં પેઠા. તેમને આવતા જોઇ સંભ્રમથી સુહસ્તી સૂરિ ઉભા થયા. તે જોઇ વિસ્મય પામેલા શ્રેષ્ઠીએ વિચાર્યું કે–" આ ભિક્ષુકનું શરીર મળરૂપી પંકથી ખરડાયેલું છે, અને શરીરનો એક ભાગ જૂના લૂગડાના કકડાથી ઢાંકેલો છે, આને જોઇ આ આચાર્યપદને પામેલા ગુરૂ કેમ ઉભા થયા ?" એમ વિચારી તેણે ગુરૂને પૂછ્યું કે–"હે પૂજ્ય ! આ આપને પણ ગૌરવનું સ્થાનરૂપ કોણ છે ?" ગુરૂ બોલ્યા—" આ મહાત્મા અમારા ગુરૂ છે, શ્રુતજ્ઞાન રૂપી જળના સમુદ્ર છે, તેમણે શરીરનો સત્કાર સર્વથા ત્યાગ કર્યો છે, તેઓ જીવિત અને મરણની આશંસા રહિત છે, તેઓ ત્યાગ કરવા લાયક જ અન્ન પાનને ગ્રહણ કરે છે, અને તેઓ દેવોના પણ પૂજ્ય છે અમે તો તેમના ચરણની રજ તુલ્ય પણ નથી." આ પ્રમાણે સાંભળી

વસુભૂતિ શ્રેષ્ઠીએ બીજે દિવસે સ્વજનોને કહ્યું કે—" ગઇ કાલે ગુરૂ જે તપસ્વીને જોઇ ઉભા થયા હતા, તેને તમે આવતા દેખો કે તરત જ તમારે ઉત્તમ ઉત્તમ અન્ન પાણી ત્યાગ કરવા લાયક કરી તેને કહેવું કે 'હે મુનિ! આ અમે તજી દઇયે છીયે. જો તમને રૂચતું હોય તો ગ્રહણ કરો.' જો તે કોઇ પણ પ્રકારે કાંઇ પણ ગ્રહણ કરશે તો તે અન્ન તમને અનંત સુખના ફળને આપનાર થશે." પછી તેઓએ પણ મહાગિરિને આવતા જોઇ તે જ પ્રમાણે કર્યું. તે જોઇ " ઘેર ઘેર આવું ઉત્તમ અન્ન કેમ ત્યાગ કરાય છે ?" એમ વિચારી સૂરિએ શ્રુતના ઉપયોગથી અનેષણીય જાણી ગ્રહણ ન કર્યું. ભિક્ષા વિનાનું ખાલી પાત્ર લઇને જ ઉપાશ્રયમાં પાછા આવ્યા. તે જોઈ " આમ કેમ ?" એમ સુહસ્તીના પૂછવાથી તેમણે કહ્યું કે—"હે આર્ય ! તમે સર્વત્ર અનેષણીય આહાર કરી નાંખ્યો છે." સુહસ્તીએ પૂછયું—" હે ભગવાન ! શી રીતે મેં અનેષણીય કર્યો ?" તેઓ બોલ્યા–" કાલે તમે ઉભા થઇ મારૂં ગૌરવ કર્યું તેથી." ત્યાર પછી આ નગરમાં શુદ્ધ આહાર મળશે નહીં એમ ધારી તે બન્ને ત્યાંથી વિહાર કરી ગચ્છ સહિત વૈદેશી નગરીમાં ગયા. ત્યાં કેટલાક દિવસ રહી સુહસ્તીની રજા લઇ ભગવાન મહાગિરિ એકાકી એડકાક્ષ નગરમાં ગયા. ત્યાં ગજાગ્ર પર્વત ઉપર ચડી અનશન કરી સમાધિવડે કાળધર્મ પામી દેવલોકમાં ગયા. શેષ કથાનક શ્રીઆવશ્યક સૂત્રમાંથી જાણી લેવું. અહીં આ કથાનો ઉપનય–તાત્પર્ય એ છે જે–મહાગિરિએ જિનકલ્પની ક્રિયા વિચ્છેદ ગયેલી હતી તોપણ યથાશક્તિ તેનું અનુષ્ઠાન કર્યું હતું. તે જ રીતે બીજા પણ કોઇ ભાવસાધુએ વીર્યને ગોપવ્યા વિના વિશેષ ક્રિયાનું આચરણ કરવું.

## આ જ અર્થને સ્ફુટ રીતે કહે છે.

**सक्कम्मि नो पमायइ, असक्ककज्जे पवित्तिमकुणंतो ।**
**सक्कारंभो चरणं, विसुद्धमणुपालए एवं ॥ ११८ ॥**

મૂલાર્થ—શક્ય અનુષ્ઠાનને વિષે પ્રમાદ કરે નહીં, અને અશક્ય કાર્યમાં પ્રવૃત્તિ કરે નહીં, તે શક્યારંભ થાય છે. એમ કરવાથી શુદ્ધ ચારિત્રને પામે છે.

ટીકાર્થ—શક્ય એટલે પોતાની શક્તિને ઉચિત એવી સમિતિ, ગુપ્તિ, પ્રત્યુપેક્ષણા, સ્વાધ્યાય અને અધ્યયન વિગેરે ક્રિયાને વિષે પ્રમાદ ન કરે એટલે આળસુ થાય નહીં, અને અશક્ય એટલે જિનકલ્પ તથા માસક્ષપણાદિક અનુષ્ઠાનને વિષે પ્રવૃત્તિને એટલે અંગીકારને નહીં કરતો છતો શક્યારંભવાળો થાય છે. અને તે ( સાધુ ) આવી રીતે કરવાથી કાળ અને સંઘયણાદિકને ઉચિત એવું વિશુદ્ધ એટલે અતિચાર રૂપ કલંક રહિત ચારિત્ર પામે છે—વૃદ્ધિ પમાડે છે કારણ કે સમ્યક્‌ પ્રકારનો આરંભ ઇષ્ટસિદ્ધિનો હેતુ છે. ૧૧૮.

અહીં કોઈ શંકા કરે કે—શું ધર્મ કરનાર કોઇપણ અસત્‌ આરંભવાળો થાય ? જવાબ-હા. મતિના મોહથી અને માનના અધિકપણાથી અસદારંભી થાય છે. તે કેવી રીતે અને કોની જેમ ? એવો પરનો અભિપ્રાય જાણીને કહે છે—

**जो गुरुमवमन्नंतो, आरंभइ किर असक्कमवि किंचि ।**
**सिवभूइ व्व न एसो, सम्मारंभो महामोहा ॥ ११९ ॥**

મૂલાર્થ—જે કોઇ સાધુ ગુરૂની અવજ્ઞા કરી અશક્ય એવું પણ કાંઈ અનુષ્ઠાન આરંભે, તે શિવભૂતિની જેમ મહામોહને લીધે સદારંભી કહેવાતો નથી.

ટીકાર્થ—જે કોઇ મંદમતિવાળો સાધુ ગુરૂને એટલે ધર્માચાર્યને અવગણના કરતો એટલે આ ગુરૂ હીન આચારવાળા છે એમ અવજ્ઞાથી જોતો છતો અશક્ય એટલે કાળ અને સંઘયણને અનુચિત એવું પણ જિનકલ્પાદિ અનુષ્ઠાન કરવાનો આરંભ કરે છે. ગાથામાં अपि શબ્દ છે માટે શક્ય એવું પણ કાંઇક વિગઇનો ત્યાગ વિગેરે કે જે ગુરૂએ નહીં

કરાતું એવું જ અનુષ્ઠાન, નહીં કે સર્વ, એમ જાણવું. તે મંદમતિ સાધુ શિવભૂતિની જેમ એટલે પહેલા દિગંબરની જેમ મહામોહને લીધે સમ્યક્ આરંભવાળો એટલે સદારંભવાળો નથી જ. અભિપ્રાય એ છે જે—અકૃતજ્ઞતા અને અજ્ઞાનના અધિકપણા વિના કોઇ પણ માણસ પરમ ઉપકારી ગુરૂની છાયાનો નાશ કરવા ઉત્સાહી થતો નથી. ૧૧૯.

## શિવભૂતિની કથા—

રથવીરપુર નામના નગરમાં સિંહરથ નામે રાજા હતો તેને સાહસ, બળ અને માનને ધારણ કરનાર એક શિવભૂતિ નામનો સુભટપતિ હતો. તે શૂરવીર હોવાથી રાજાએ તેને મથુરાના રાજાને પકડવાની આજ્ઞા કરી. તેથી તે સામંતો અને મંત્રીઓ સહિત ચાલ્યો. પછી પહેલું પ્રયાણ આવ્યું ત્યારે સર્વ સામંતાદિકને સંદેહ થયો કે—“ ઉત્તર અને દક્ષિણ એમ બે મથુરા છે તેમાં કઇ મથુરાને ગ્રહણ કરવાનો આપણને આદેશ આપ્યો છે ? ” જો આ સંદેહ રાજાને પૂછશું તો તે અવશ્ય ક્રોધ પામશે. તેથી હવે આપણે શું કરવું ? ” આ પ્રમાણે તેઓ ચિંતાતુર થયા ત્યારે તેઓને શિવભૂતિએ કહ્યું કે-“ અરે ! એમાં ચિંતા શી છે ? આપણે એકી સાથે બન્ને મથુરા લઇ લેશું. બાળકો બળવાન થાય તો તેના કાર્યમાં કાંઇ દોષ ગણાતો નથી. પરંતુ એક તરફ હું એકલો અને બીજી તરફ તમે સર્વે એકઠા થાઓ. બેમાંથી જે દુર્ગ્રાહ્ય હશે તેને હું એકલો ગ્રહણ કરીશ, અને બીજીને તમે સર્વે થઇને ગ્રહણ કરજો. ” આ પ્રમાણે સાંભળી તે સર્વે તેમાં સંમત થયા. એટલે શિવભૂતિએ ગુપ્ત રીતે જઇ દક્ષિણ મથુરાના સ્વામીને એકદમ પકડી લીધો, અને બીજાઓએ ઉત્તર મથુરાના સ્વામીને પકડયો. પછી રથવીરપુર નગરમાં જઇ રાજાને એકી સાથે બેઉ વધામણી આપી. તે સાંભળી રાજા અત્યંત તુષ્ટમાન થયો, અને

શિવભૂતિના મોટા સાહસથી પ્રસન્ન થઇને તેને કહ્યું કે-" હે મહા-બળવાન સુભટ ! મનવાંછિત વરદાન માગ." શિવભૂતિએ કહ્યું કે-" હે દેવ ! જો તમે સારી રીતે તુષ્ટમાન થયા હો તો રાત્રિ દિવસ નગરમાં હું મારી ઇચ્છાથી વિચરૂં, એ વરદાન મને આપો. " તે સાંભળી રાજાએ તેની માગણી અંગીકાર કરી, ત્યારે તે શિવભૂતિ નિર્ભય થઇને કાળ અકાળ ગણ્યા વિના નગરમાં વિચરવા લાગ્યો. નગરના આરક્ષકો પણ તેને અટકાવતા નહીં.

આ રીતે વિચરતો તે શિવભૂતિ કોઇવાર પોતાને ઘેર મધ્ય રાત્રિએ આવતો અને કોઇવાર તેથી વહેલો કે મોડો પણ આવતો, તેથી તેના આવતાં સુધી તેની ભાર્યા જાગતીજ રહેતી હતી. તેથી તેણે ખેદ પામીને એકદા પોતાની સાસુને કહ્યું કે-" આ તમારો પુત્ર ઘણી મોડી રાતે આવે છે, અને ત્યાં સુધી મારે જાગવું પડે છે એ બહુ દુઃખ છે. " તે સાંભળી સાસુએ વિચાર કર્યો કે-" જો કે રાજા તેના પર પ્રસન્ન થયો છે તોપણ તેણે ઉદ્ધતપણે આ રીતે ભ્રમણ કરવું યોગ્ય નથી. તેથી પુત્રને મારે શિક્ષા આપવી જોઇયે. " એમ વિચારી તે બોલી કે-" હે વહુ ! તું સુઇ જા આજે હુંજ જાગીશ. " એમ કહી ઘરનાં દ્વાર બંધ કરી તે જાગતી સુતી, અને વહુ સુઇ ગઇ. પછી મધ્યરાત્રે શિવભૂતિએ આવી બારણું ઉઘડાવ્યું, તેટલામાં રોષ પામેલી તેની માતાએ આવું વચન કહ્યું કે-" હે પુત્ર ! આટલી મોડી રાત્રિએ જ્યાં તું દ્વાર ઉઘાડાં દેખે ત્યાં જા. આ ઘરમાં તો કોઇ જાગતું નથી. " માતાનું આવું વચન સાંભળી તેના મનમાં એકદમ માન આવ્યું. તેથી તે પાછો ફરી નગરમાં ફરવા લાગ્યો. તેવામાં કોઇ ઠેકાણે નિરંતર ખુલ્લાંજ રહેતાં સાધુના ઉપાશ્રયનાં દ્વાર જોયાં. તેમાં ભય અને સંગનો ત્યાગ કરનાર ( નિર્ભય-નિઃસંગ ) તથા કષા-યને જીતનારા આર્યકૃષ્ણ નામના સૂરિને મધુર સ્વરે સ્વાધ્યાય કરતા જોયા. તેમને જોઇ તેણે વિચાર્યું કે-" આ મુનિ ધન્ય છે, કૃતાર્થ છે તથા માન, અપમાન અને દુઃખે કરીને રહિત છે. " એમ વિચારી

પૃથ્વીતળ સુધી મસ્તક નમાવીને તેણે સૂરિને નમસ્કાર કર્યા, અને વિનંતિ કરી કે–" હે પૂજ્ય ! હું સંસારના ભ્રમણથી ભય પામ્યો છું, માટે આપને શરણે આવ્યો છું. તેથી હે પ્રભુ ! કૃપા કરીને મને આપની દીક્ષા આપો. " ગુરૂ બોલ્યા–" તું કોણ છે ? અને શામાટે દીક્ષા ગ્રહણ કરે છે ? " તેણે જવાબ આપ્યો–" હું આ નગરના રાજાનો શિવભૂતિ નામે પ્રસિદ્ધ ભૃત્ય છું. " ગુરૂ બોલ્યા–" તો રાજાની અનુજ્ઞા વિના અમે કેમ પ્રવ્રજ્યા આપીયે ? " ત્યારે તે બોલ્યો–" તમારી સમક્ષ હું જાતે જ દીક્ષા ગ્રહણ કરૂં છું. " એમ બોલી તેણે જાતે જ લોચ કરવો શરૂ કર્યો, ત્યારે અનવસ્થાના દોષના ભયથી ગુરૂએ તેને વિધિપૂર્વક દીક્ષા આપી. પછી તેના બળવાનપણાને લીધે રાજા આની દીક્ષા મૂકાવશે એવી શંકા થવાથી સર્વે સાધુઓ વિહાર કરી દેશાંતરમાં ગયા. કેટલેક કાળે ભકિતના સમૂહથી ભરાયેલા રાજાએ તેને પોતાના નગરમાં તેડાવ્યો, ત્યારે તે કૃષ્ણાચાર્યની સાથે રથવીરપુર નગરમાં આવ્યો. ત્યાં રાજાએ દર્શન કરવાના હેતુથી પોતાના મહેલમાં તેને બોલાવ્યો, અને સુંદર કંબલ રત્ન આપી તેનું સન્માન કર્યું. પછી તે કંબલ તેણે ગુરૂને આવી બતાવ્યો, ત્યારે ગુરૂએ કહ્યું કે–" આવો મોટો મૂલ્યનો કંબળ શામાટે લીધો ? " ત્યારે તે બોલ્યો કે—" રાજાની દાક્ષિણ્યતાથી લીધો છે. " પછી તે કંબલના ઉપર મૂર્છા પામેલા શિવભૂતિને જાણી તેનો મોહ ઉતારવા માટે એકદા ગુરૂએ તેની ગેરહાજરીમાં તેને ફાડીને સર્વ સાધુઓનાં નિસદ્યાં ( આસનો ) બનાવ્યાં. તે જાણી શિવભૂતિ મનમાં કાંઇક દ્વેષભાવને પામ્યો.

એકદા કોઇ વખત ગુરૂએ ઉપધિનો વિચાર વ્યાખ્યાનમાં ચલાવ્યો. તેમાં જિનકલ્પને અને સ્થવિરકલ્પને આશ્રી શ્રુતને અનુસારે ગુરૂ બોલ્યા કે–" જિનકલ્પીને બાર પ્રકારનો ઉપધિ હોય, સ્થવિર કલ્પીને ચૌદ પ્રકારનો ઉપધિ હોય છે, અને સાધ્વીઓને પચીશ પ્રકારનો ઉપધિ હોય છે. તેથી વધારે ઉપગરણ હોય તો તે ઔપગ્રહિક કહેવાય છે, તેમાં બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગ્યાર અને બાર એ

આઠ વિકલ્પો જિનકલ્પીના ઉપકરણોના છે.” તે સાંભળી શિવભૂતિ બોલ્યો કે—“પરલોક સાધવામાં બદ્ધકચ્છ (તત્પર) થયેલાને આજ ઉત્તમ કલ્પ કરવો યોગ્ય છે. તો મોક્ષની આકાંક્ષાવાળા સાધુઓ તે કલ્પ કેમ નથી કરતા? અને જિનેશ્વરે નહીં વિધાન કરેલા વસ્ત્ર પાત્રાદિકના સંગ્રહને કેમ છોડી દેતા નથી? જે લિંગ ગુરૂનું હોય તે જ શિષ્યે પણ ધારણ કરવું યોગ્ય છે. કારણ કે લોકમાં પણ દરેક લિંગીઓ પોતપોતાના દેવને તુલ્યજ લિંગ ધારણ કરે છે.” તે સાંભળી ગુરૂએ તેને જવાબ આપ્યો કે-“તીર્થંકરે આચરેલી ક્રિયા આપણી જેવા શી રીતે કરી શકે? શું હાથીની અંબાડીને ગધેડા વહન કરી શકે? પહેલા સંઘયણને વિષે વર્તતા મહાસત્ત્વવાળાઓ જ તે ક્રિયા કરી શકે છે. આપણે તો કેવળ તેની પ્રશંસા જ કરવાની છે. તીર્થંકરનું અનુકરણ કરવા સામાન્ય મનુષ્ય શકિતમાન નથી. શું ખાડામાં ફરનાર ભુંડ સિંહની તુલ્યતા પામી શકે? જો કદાચ મિથ્યાદષ્ટિ મૂઢપુરૂષો પ્રભુની ઉદ્ઘટ્ટના કરે તો તેથી શું ત્રિલોકના પ્રભુને જાણનારા પુરૂષો તેવું કરે? પ્રભુની આજ્ઞામાં વર્તવું એજ મુખ્ય આરાધન છે કોઇ પણ રાજાનું ચિહ્ન પાસે રાખીને રાજાને સેવતું નથી. મોહરહિત મહાવીરસ્વામીએ પાંચ પ્રકારનો કલ્પ કહેલો છે, તેને પોતપોતાની શક્તિ પ્રમાણે કરવાથી તેની આજ્ઞા આરાધી કહેવાય છે. તેમાં પહેલો સ્થવિરકલ્પ, બીજો પરિહારવિશુદ્ધિકલ્પ, ત્રીજો જિનકલ્પ, ચોથો પ્રતિમાકલ્પ અને પાંચમો યથાલંદકલ્પ કહેલો છે. તે પાંચે કલ્પના મુનિઓ પ્રધાનજ છે, તેઓ એક બીજાની નિંદા કરતા નથી, અને એક બીજાનો ઉત્કર્ષ જોઇ તેઓ વિસૂચિકાને (દ્વેષને) કરતા નથી. તે વિષે કહ્યું છે કે—“કોઇ બે વસ્ત્ર રાખે, કોઇ ત્રણ રાખે, કોઇ એક રાખે અને કોઇ વસ્ત્ર વિનાજ નિર્વાહ કરે. તેમાં કોઇ કોઇને દૂષિત કહે નહીં. કારણકે તે સર્વે જિનેશ્વરની આજ્ઞામાંજ વર્ત્તે છે. આ પાંચે કલ્પમાં જે સ્થવિરકલ્પ છે તે નિત્ય છે. કારણ કે તે સ્થવિરકલ્પમાં નિષ્પન્ન થઇને પછી બીજા કલ્પોને યોગ્ય થઇ શકાય છે, તથા તીર્થ પણ સ્થવિરકલ્પથીજ પ્રવર્તે છે. દુર્બળ સંઘયણવાળા વર્તમાનકાળના

પુરૂષોને આ સ્થવિરકલ્પજ ઉચિત છે, તેથી આ કલ્પ પાળવામાંજ ઉદ્યમવંત થવું જોઇયે." આ પ્રમાણે ગુરૂએ વિવિધ પ્રકારની યુક્તિવડે તેને સમજાવ્યો તોપણ તે ગાઢ અભિમાનના વશથી આ પ્રમાણે બોલવા લાગ્યો કે—"જો મંદ સત્ત્વવાળા અને સુખશીલિયા તમે તેમાં ઉદ્યમ નથી કરતા, તો શું હું પણ શક્તિમાન છતાં પ્રમાદશીળ થઇશ?" આ પ્રમાણે બોલતા તેને વૃદ્ધ મુનિઓએ ઘણી રીતે વાર્યો, તોપણ તે શિવભૂતિ નગ્નપણાને અંગીકાર કરી તત્કાળ ત્યાંથી નીકળી ગયો. તેની સાથેના સ્નેહને લીધે તેની નાની બ્હેન ઉત્તરાએ પ્રવ્રજ્યા લીધી હતી, તેણીએ તેને નગ્નપણે જતો જોઇ વિચાર્યું કે—"ખરેખર મારા ભાઈએ આવા પ્રકારેજ પરલોકને સાધવાનો ઉપાય જોયો હશે." એમ વિચારી તે પણ નગ્ન થઇ તેની પાછળ ચાલી. માર્ગમાં એક વેશ્યાએ તેણીને જોઇ આ તો લજ્જાકારક છે એમ વિચારી તેણીના ઉપર એક સાડી નાંખી. તેને નહીં ઇચ્છતી ઉત્તરાને જોઇ તેના ભાઇએ તેને કહ્યું કે—"હે સુતનુ! આ એક સાડી તને દેવતાએ આપી છે. તેને તું ન મૂક, અંગીકાર કરી લે." આ કારણથી તેની આર્યાઓ એક સાડી ધારણ કરવા લાગી. આ પ્રમાણે તે મોહાંધે કષ્ટાનુષ્ઠાન-અજ્ઞાનકષ્ટ આરંભ્યું. તેથી તે મિથ્યાદૃષ્ટિ અને દુર્ગતિના દુઃખનો ભાગી થયો. તે વિષે આગમમાં કહ્યું છે કે-"બોટિક શિવભૂતિ અને ઉત્તરાએ પોતાની મતિ કલ્પનાથી પ્રરૂપેલું આ મિથ્યાદર્શન રથવીરપુરમાં પ્રથમ ઉત્પન્ન થયું.

આ શિવભૂતિએ ગુરૂની અવજ્ઞા કરી અને પોતાની ઉન્નતિ કરવા પ્રવૃત્તિ કરી તેથી જ તેનું મહામોહપણું જાણવું. પરંતુ ગુરૂની આજ્ઞાએ કરીને શાસનની ઉન્નતિ કરનાર તથા લબ્ધિની ખ્યાતિની અપેક્ષા રહિત એવો કોઇ સાધુ અધિક તપસ્યા કે આતાપનાદિક કરે તો તે વીર્યાચારનું આરાધન હોવાથી તેને ગુણકારીજ થાય છે.

શક્યાનુષ્ઠાનના આરંભ નામનું પાંચમું ભાવસાધુનું લિંગ કહ્યું. હવે છઠ્ઠું ગુણરાગ નામનું લિંગ કહે છે.—

**जायइ गुणेसु रागो, सुद्धचरित्तस्स नियमओ पवरो ।**
**परिहरइ तओ दोसे, गुणगणमालिन्नसंजणणे ॥ १२० ॥**

મૂલાર્થ—શુદ્ધ ચારિત્રવાળાને ગુણોને વિષે અવશ્ય શ્રેષ્ઠ રાગ થાય છે, અને તેથી કરીને તે ગુણસમૂહને મલિન કરનાર દોષોનો ત્યાગ કરે છે.

ટીકાર્થ—શુદ્ધ ચારિત્રવાળાને એટલે નિષ્કલંક સંયમવાળાને જ્ઞાનાદિક ગુણોને વિષે અથવા મૂલ અને ઉત્તર ગુણોને વિષે અવશ્ય પ્રવર એટલે પ્રધાન-સત્ય રાગ થાય છે. અને તેથી એટલે ગુણાનુરાગ થકી જ્ઞાનાદિક ગુણ સમૂહની મલિનતા ઉત્પન્ન કરનારા એટલે અશુદ્ધિના હેતુરૂપ દોષોને એટલે દુષ્ટ વ્યાપારોને તે ભાવસાધુ દૂર કરે છે. ૧૨૦.

હવે ગુણાનુરાગનું જ લિંગ કહે છે.—

**गुणलेसं पि पसंसइ, गुरुगुणबुद्धीए परगयं एसो ।**
**दोसलवेण वि नियय, गुणनिवहं निग्गुणं गणइ ॥ १२१ ॥**

મૂલાર્થ—આ ભાવસાધુ અન્યમાં રહેલા ગુણના લેશને પણ મોટા ગુણની બુદ્ધિથી વખાણે છે, અને પોતાના ગુણસમૂહને દોષના લેશ કરીને પણ નિર્ગુણ ગણે છે.

ટીકાર્થ—આ ભાવસાધુ પોતાની ઉત્તમ પ્રકૃતિને લીધે અન્યમાં રહેલા મોટા ગુણ તો દૂર રહો, પરંતુ ગુણના લેશને પણ મોટા

ગુણની બુદ્ધિથી એટલે મોટા ગુણરૂપ માનીને તેની પ્રશંસા કરે છે, એટલે કે તેના દોષોને મૂકીને અલ્પ એવા પણ ગુણનેજ તે જુએ છે. જેમકે શ્યામવર્ણવાળા અને કોહી ગયેલા કૂતરાના શરીરમાં શ્વેત દાંતની શ્રેણિ જોઇને શ્રીકૃષ્ણ વાસુદેવે તેની પ્રશંસા કરી હતી. વળી તે ભાવસાધુ આ પ્રમાણે વિચારે છે કે –" આ સર્વ જીવો અનાદિકાળથી અનાદિ દોષોએ કરીને સંયુક્ત છે, તે લેશમાત્ર પણ ગુણ પ્રાપ્ત કરે એ મોટું આશ્ચર્ય છે. " તથા દોષના લેશવડે કરીને એટલે અલ્પ પ્રમાદની સ્ખલનાવડે કરીને પણ પોતાના ગુણ સમૂહને એટલે શુભ ક્રિયાના સમૂહને નિર્ગુણ—અસાર ગણે છે, એટલે મને પ્રમાદીને ધિક્કાર છે, એમ તે ભાવયતિ વિચારે છે. જેમકે છેલ્લા દશપૂર્વી શ્રીવજ્ર સ્વામીએ પોતાના કર્ણ ઉપર સૂંઠનો કકડો મૂકયો હતો, તે વિસરી જવાથી તેણે પોતાના પ્રમાદની નિંદા કરી હતી. ૧૨૧.

તથા—

**पालइ संपत्तगुणं, गुणड्ढसंगे पमोयमुव्वहइ ।**
**उज्जमइ भावसारं, गुरुतरगुणरयणलाभत्थी ॥ १२२ ॥**

મૂલાર્થ—પ્રાપ્ત થયેલા ગુણનું પાલન કરે છે, ગુણી જનનો સંગ થવાથી પ્રમોદને ધારણ કરે છે, અને મોટા મોટા ગુણ રત્નોના લાભની વાંછાથી ભાવ પૂર્વક ઉદ્યમ કરે છે.

ટીકાર્થ—જેમ માતા પ્રાપ્ત થયેલા પ્રિય પુત્રને પાળે છે તેમ ભાવસાધુ સમ્યક્ પ્રકારે કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા જ્ઞાન અને ચારિત્રરૂપ ગુણને પાળે છે એટલે રક્ષણ કરે છે અને વૃદ્ધિ પમાડે છે, તથા ગુણે કરીને આઢ્ય એટલે સમૃદ્ધિવાળાનો સંગ થાય ત્યારે ચિરકાળથી વિયોગ પામેલા સ્નેહી બંધુના મેળાપની જેમ અત્યંત પ્રમોદને એટલે આનંદને પામે છે. તે આ પ્રમાણે—" અસત્પુરૂષના સંગ રૂપી કાદવે કરીને જે મારૂં મન મલિન થયું હતું, તે આજ સાધુ પુરૂષના સંગ રૂપી જળવડે કરીને નિર્મળ થયું છે. નિઃસંગ

ચિત્તવાળા અને ગુણને ધારણ કરનારા સાધુઓનો સંગ થવાથી મેં આજે પૂર્વના પુણ્યવૃક્ષનું નિર્મળ ફળ પ્રાપ્ત કર્યું છે.” ઇત્યાદિક વિચારી આનંદ પામે છે. તથા ગુણને વિષે રાગ હોવાથીજ ગુરૂતર એટલે ક્ષાયિકભાવના હોવાથી અત્યંત મોટા એવા જે ગુણરત્નો એટલે ક્ષાયિકભાવના જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નો, તેમના લાભનો અર્થી એટલે અભિલાષાવાળો ભાવસાધુ સદ્ભાવ પૂર્વક ધ્યાન, અધ્યયન અને તપસ્યાદિક સાધુના ક્રિયાઓને વિષે અત્યંત ઉદ્યમ કરે છે. કેમકે ઉદ્યમવંતને અપૂર્વ કરણ અને ક્ષપકશ્રેણિના ક્રમે કરીને કેવળ જ્ઞાનાદિકની પ્રાપ્ત થાય જ છે. એ સુપ્રસિદ્ધ જ છે. ૧૨૨

હવે ગુણાનુરાગનું જ બીજે પ્રકારે લક્ષણ કહે છે.—

**सयणो त्ति व सीसो त्ति व, उवगारि त्ति व गिच्छओ व त्ति।**
**पडिबंधस्स न हेऊ, नियमा एयस्स गुणहीणो ॥ १२३ ॥**

મૂલાર્થ—આ ગુણાનુરાગીને પોતાનો સ્વજન, શિષ્ય, ઉપકારી કે સમાન ગચ્છવાસી કોઇપણ ગુણહીન હોય તો તે અવશ્ય પ્રતિબંધનો હેતુ થતો નથી.

ટીકાર્થ—સ્વજન એટલે પોતાનો જન, ગાથામાં **इति** શબ્દ છે તે સ્વજનના ભેદને જણાવનાર છે, અને **वा** શબ્દ સમુચ્ચય અર્થમાં છે. તેમાં જે હ્રસ્વ થયો છે તે પ્રાકૃત ભાષાને લીધે થયો છે. શિષ્ય એટલે વિનેય, **इति** અને **वा** શબ્દો પૂર્વની જેમ જાણવા. ઉપકારી એટલે જેણે પહેલાં ભકતપાનાદિકવડે ઉપકાર કર્યો હોય તે. અહીં પણ **इति** અને **वा** શબ્દો પ્રથમની જેમ જાણવા. તથા એક ગચ્છનો વાસી. અહીં પણ **वा** અને **इति** શબ્દો પ્રથમની જેમ જાણવા. આ સર્વને મધ્યે દરેક દરેક પ્રાયે કરીને પ્રતિબંધનું કારણ સંભવે છે. પરંતુ આ ગુણરાગી ભાવસાધુને તો જો તે ગુણહીન એટલે નિર્ગુણ હોય તો

તેમાંનો એક પણ નિશ્ચે પ્રતિબંધનો હેતુ થતો નથી. કહ્યું છે કે—" શિષ્ય, સ્વજન કે સમાનગચ્છવાસી એ કોઇ પણ ગતિમાં લઇ જનારા નથી, પરંતુ જે તેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે તેજ સુગતિનો માર્ગ છે. " તથા-" જે પરલોક વિરૂદ્ધ કાર્યને કરતો હોય તેને દૂરથી તજવો જાઇયે. કારણ કે જે પોતાના આત્માને ઠગે છે તે બીજાનું શું સારૂં કરશે ? " ૧૨૩.

## ચારિત્રીએ તેવા સ્વજનાદિકને શું કરવું ? તે કહે છે.—

**करुणावसेण नवरं, अणुसासइ तं पि सुद्धमग्गम्मि ।**
**अच्चंताजोग्गं पुण, अरत्तदुट्ठो उवेहेइ ॥ १२४ ॥**

મૂલાર્થ—માત્ર કરૂણાને લીધે તે સ્વજનાદિકને પણ શુદ્ધ માર્ગમાં લાવવા માટે શિખામણ આપે છે, પણ જો તેને અત્યંત અયોગ્ય જાણે તો રાગદ્વેષ રહિત થઇ તેની ઉપેક્ષા કરે છે.

ટીકાર્થ—કરૂણા એટલે પરનું દુઃખ નિવારવાની બુદ્ધિ. કહ્યું છે કે—" પરના હિતની જે ચિંતા-વિચાર તે મૈત્રી કહેવાય છે, પરના દુઃખનો નાશ કરવો તે કરૂણા, પરનું સુખ જોઇ આનંદ પામવો તે મુદિતા અને પરના દોષની બેદરકારી કરવી તે ઉપેક્ષા કહેવાય છે. " આવી કરૂણાના વશે કરીને એટલે કરૂણાના રસિકપણાએ કરીનેજ માત્ર રાગદ્વેષ રહિતપણે તે સ્વજનાદિકને પણ શિખામણ આપે છે. **अपि** શબ્દ છે માટે બીજાઓને પણ શિખામણ આપે છે. શેમાં આપે? શુદ્ધ માર્ગમાં, એટલે યથાસ્થિત મોક્ષમાર્ગના વિષયમાં. તે આ પ્રમાણે " હે ભદ્ર ! દુઃખના સ્થાન રૂપ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ રૂપ વિચિત્ર યોનિઓમાં નિરંતર જન્માદિકને ધારણ કરતો તું શું હજુ સુધી [1]નિર્વેદ પામ્યો નથી ? કે જેથી મહા આધિના હેતુ રૂપ અને સ્ખલના ( નાશ ) ન પામે તેવા મોટા પ્રમાદને આશ્રીને તથા

૧ સંસારપરનો કંટાળો.

ધર્મનો વિચાર તજીને તું અયોગ્ય આચરણમાં તત્પર થયો છે? પુરૂષો જે સ્વર્ગે જતા નથી અને નરકાદિકમાં જાય છે, તેનું કારણ અનાર્ય દુષ્ટ એવો પ્રમાદ જ કારણભૂત છે, એમ મેં નિશ્ચય કર્યો છે. શાશ્વતું મોક્ષસ્થાન છે, અને તેનો ઉપાય પણ જિનેશ્વરે કહ્યો છે, તેથી સત્પુરૂષોએ તે મેળવવા માટે તેમાં જ ઉદ્યમ કરવો યોગ્ય છે." ઇત્યાદિક વિવિધ વાણીની યુકિતવડે તેને સંવેગ ઉત્પન્ન કરી શુદ્ધ ધર્મમાં પ્રવર્તાવે છે. પરંતુ જો તે પ્રજ્ઞાપનીય એટલે ઉપદેશને લાયક હોય તો જ, પણ જો તે અત્યંત અયોગ્ય એટલે અપ્રજ્ઞાપનીય હોય તો રાગદ્વેષ રહિત થઇ તેની ઉપેક્ષા કરે. કેમકે 'નિર્ગુણને વિષે ઉપેક્ષા કરવી.' એવું શાસ્ત્રનું વચન છે. ૧૨૪.

## હવે ગુણાનુરાગનુંજ ફળ કહે છે.—

**उत्तमगुणाणुराया, कालाइदोसम्रो अपत्ताऽवि ।**
**गुणसंपया परत्थऽवि, न दुल्लहा होइ भव्वाणं ॥१२५॥**

મૂલાર્થ—કાલાદિકના દોષથી જો કદાચ ( આભવમાં ) ગુણસંપત્તિ પ્રાપ્ત ન થઈ, તો પણ જો ઉત્તમ ગુણાનુરાગ હશે તો પરભવમાં પણ તે ભવ્ય જીવોને દુર્લભ નહીં થાય.

ટીકાર્થ—ઉત્તમ એટલે ઉત્કૃષ્ટ જ્ઞાનાદિક ગુણોને વિષે અનુરાગ એટલે અત્યંત પ્રીતિ હોવાથી કાળ એટલે દુષમાદિક અને આદિશબ્દથી સંઘયણ અને સહાય વિગેરે રૂપી દોષોને લીધે એટલે વિઘ્ન કરનારા હોવાથી દૂષણોને લીધે, પ્રાપ્ત થયેલી તો દૂર રહો પણ નહિં પ્રાપ્ત થયેલી એવી પણ ગુણસંપતિ એટલે પરિપૂર્ણ ધર્મસાધનની સામગ્રી, ક્યાં? આ ભવને વિષે એટલું અધ્યાહારથી જાણવું. પરભવને વિષે પણ ભવ્યોને એટલે મુકિત ગમનને યોગ્ય એવા પ્રાણીઓને દુર્લભ નહીં થાય ૧૨૫.

## ગુણાનુરાગ નામનું છઠું ભાવસાધુનું લિંગ કહ્યું. હવે ગુર્વાજ્ઞારાધન રૂપ સાતમું લિંગ કહે છે.—

**गुरुपयसेवानिरओ, गुरुआणाराहणम्मि तल्लिच्छो।**
**चरणभरधरणसत्तो, होइ जई नन्नहा नियमा ॥ १२६ ॥**

મૂલાર્થ—ગુરૂના ચરણની સેવામાં તત્પર અને ગુરૂની આજ્ઞા પાળવામાં તેનીજ ઇચ્છાવાળો યતિ ચારિત્રનો ભાર ધારણ કરવામાં સમર્થ થાય છે, અન્યથા અવશ્ય થતો નથી.

ટીકાર્થ—અહીં કોઈ શંકા કરે કે-પૂર્વના આચાર્યોએ ચારિત્રીના છ જ લિંગો કહ્યાં છે. તે વિષે કહ્યું છે કે-" માર્ગાનુસારી, શ્રદ્ધાવાળો, પ્રજ્ઞાપનીય, ક્રિયામાં તત્પર, ગુણાનુરાગી અને શક્યારંભી એ છ લિંગવાળો ભાવ સાધુ હોય છે." તો આ સાતમું લિંગ અહીં કેમ કહ્યું ? તેનો જવાબ એ છે જે- ઉપદેશપદ શાસ્ત્રમાં લિંગ કહી રહ્યા પછી આ લિંગ પણ કહ્યું જ છે. તે આ પ્રમાણે-" આ ધન્ય ભાવ સાધુનાં સર્વે લિંગો છે, તથા ગુરૂની આજ્ઞાનું સંપાદન કરવું એ પણ અહીં ગમક ( ભાવસાધુને જણાવનારૂં ) લિંગ છે." આટલો વિસ્તાર બસ છે. હવે ચાલતી ગાથાની વ્યાખ્યા કરે છે.

ગુરૂના ચરણની સેવા એટલે સમ્યક્ પ્રકારે આરાધના કરવી તે, માત્ર સમીપેજ રહેવું એમ નહીં. કહ્યું છે કે-" ગુરૂની સમીપે વસતા છતાં પણ જેઓ ગુરૂને અનુકૂળ થતા નથી, તેઓ તે ગુરૂના સ્થાનથી અત્યંત દૂર રહે છે એટલે તેઓ કદી ગુરૂનું પદ ( સ્થાન ) ધારણ કરી શકતા નથી-પામવાનાજ નથી." તે ગુરૂની સેવામાં નિશ્ચય વડે કરીને રક્ત હોય, કદાપિ ગુરૂએ કઠોર વચનવડે તિરસ્કાર કર્યો હોય તોપણ ગુરૂનો ત્યાગ કરવા ઇચ્છતો નથી, પરંતુ કેવળ ગુરૂને વિષે બહુમાનજ કરે છે. તે આ પ્રમાણે-" અશુભ આચરણ રૂપી ઘામનો નાશ કરનાર

ગુરૂના મુખરૂપી મલયાચલ પર્વતમાંથી નીકળેલા વચનના રસરૂપી ચંદનનો સ્પર્શ કોઇ ધન્યની ઉપર જ પડે છે." તથા–" જે ગુરૂ મને હમેશાં લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય અને કલ્યાણભાગીનું વિશોધિસ્થાન ( પ્રાયશ્ચિત્ત ) એ સર્વનો ઉપદેશ આપ્યા કરે છે તે ગુરૂને હું નિરંતર પૂજું છું." તથા ગુરૂની આજ્ઞાની આરાધનામાં એટલે ગુરૂનો આદેશ સંપાદન કરવામાં તલ્લિપ્સુ એટલે તે જ આદેશને પામવાની ઇચ્છાથી ગુરૂના આદેશની રાહ જોતો તેની પાસે જ રહે છે, આવા પ્રકારનો યતિ એટલે સુવિહિત સાધુ ચરણનો ભાર ધારણ કરવામાં એટલે ચારિત્રના ભારનો નિર્વાહ કરવામાં શકત એટલે સમર્થ હોય છે, અને અન્યથા એટલે તેના વિપરીત આચરણવાળો સાધુ નિશ્ચે સમર્થ હોતા નથી. ૧૨૬

## આવો નિશ્ચય શીરીતે જાણી શકાય ? તે ઉપર કહે છે.–

**सव्वगुणमूलभूत्रो, भणित्रो श्रायारपढमसुत्ते जं ।**
**गुरुकुलवासोऽवस्सं, वसेज्ज तो तत्थ चरणत्थी ॥ १२७ ॥**

મૂલાર્થ—જેથી કરીને આચારાંગના પહેલા સૂત્રમાં ગુરૂકુળમાં જે વસવું તે સર્વ ગુણોનું મૂળરૂપ કહેલું છે, તેથી કરીને ચારિત્રીના અર્થીએ અવશ્ય ત્યાંજ વસવું.

ટીકાર્થ—સર્વે એટલે અઢાર હજાર શીલાંગ રૂપ ગુણોનું મૂળભૂત એટલે પ્રથમ કારણ આચારાંગ નામના પહેલા અંગમાં ' **सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं** ' એ પહેલા સૂત્રમાં ગુરૂકુલવાસ જ એટલે ગુરૂના ચરણની છાયાનું સેવન જ કહ્યું છે. અહીં ભાવાર્થ એ છે જે-સુધર્મા સ્વામીએ જંબુ સ્વામીને કહ્યું કે–' મેં ભગવાનની સમીપે રહેતાં વક્ષ્યમાણ અર્થનું પદ સાંભળ્યું છે ' એમ કહેવાનો ભાવાર્થ એ છે જે–સર્વે ધર્માર્થિઓએ ગુરૂની સેવા કરવી જોઇયે. એ

પ્રમાણે ત્યાં પહેલા સૂત્રનું વ્યાખ્યાન કરેલું છે. જેથી કરીને આ પ્રમાણે છે તેથી કરીને અવશ્ય ચરણાર્થીએ એટલે ચારિત્રના અર્થીએ ત્યાં ગુરૂકુળમાં વસવું જોઇયે. વળી ગુરૂકુળમાં વસનારને આ ગુણ પ્રાપ્ત થાય છે-" જો કદાચ કોઇ સાધુ પડતા પરિણામવાળો થયો હોય તો પણ તેને બીજાઓ બચાવે છે. જેમકે વાંસની ઝાડીમાં કોઇ વાંસ કપાયો હોય તો પણ તે પથ્વીપર પડતો નથી ( બીજા વાંસોને આધારે અધર રહે છે ). ૧૨૭.

અહીં કોઇ શંકા કરે કે-યતિને આહારની શુદ્ધિ જ ચારિત્રની શુદ્ધિનો મુખ્ય હેતુ કહેલો છે. કેમકે કહ્યું છે કે-" પિંડની શુદ્ધિ નહીં કરવાથી સાધુ અચારિત્રી થાય છે, એમાં કાંઇ પણ સંશય નથી. અને ચારિત્ર નષ્ટ થવાથી લીધેલી પ્રવ્રજ્યા નિરર્થક છે. " વળી પિંડની વિશુદ્ધિ ઘણાની સાથે વસવાથી અતિ દુષ્કરજ છે, તેથી એકાકીપણે વિચરીને પણ તે પિંડશુદ્ધિજ કરવા લાયક છે. જ્ઞાનાદિક મેળવવાથી શું ફળ છે ? મૂળભૂત ચારિત્રજ પાલન કરવા યોગ્ય છે. મૂળ છતે જ બીજા લાભની ચિંતા કરવી શ્રેષ્ઠ છે.

## આ પ્રમાણે કોઇના અભિપ્રાયની શંકા કરી તેને જવાબ આપે છે.

**एयस्स परिच्चाया, सुद्धुंछाइ वि न सुंदरं भणियं ।**
**कम्माइ वि परिसुद्धं, गुरुआणावत्तिणो बिंति ॥ १२८ ॥**

મૂલાર્થ—આ ગુરૂકુળવાસનો ત્યાગ કરવાથી ( કરીને ) શુદ્ધ પિંડાદિક ગ્રહણ કરવો તે સુંદર કહ્યો નથી, અને ગુરૂની આજ્ઞામાં વર્તનારને આધાકર્માદિક દોષવાળો આહાર પણ શુદ્ધજ કહ્યો છે.

ટીકાર્થ—આ ગુરૂકુળવાસના પરિત્યાગથી એટલે સર્વથા મૂકવા વડે કરીને શુદ્ધોંછાદિ એટલે શુદ્ધ ભિક્ષા, ઉપધિ વિગેરેને આગમ-જાણનારાઓએ સારા કહ્યા નથી. તેઓ કહે છે કે—" **सुद्धुंछाइसु जत्तो, गुरुकुलचागाइणेह विन्नेओ। सबरससरक्खपिच्छत्थ-घाय-पायाच्छिवणतुल्लो ॥** "—" શુદ્ધ ઉંછ એટલે નિર્દોષ ભિક્ષા, આદિ-શબ્દ છે માટે કલહ અને મમત્વનો ત્યાગ, તેને વિષે ગુરૂકુલના ત્યાગા-દિકે કરીને, આદિ શબ્દ છે માટે સૂત્રાર્થની હાનિએ કરીને તથા ગ્લાના-દિકનો ત્યાગ કરવાએ કરીને જે યત્ન-ઉદ્યમ કરવો તે અહીં-જિન-મતને વિષે તાપસના ભક્ત શબર રાજાએ પીંછાને માટે તાપસનો વિનાશ કરતી વખતે પાદને અસ્પર્શ કરવા તુલ્ય એટલે ચરણનો સંઘટ્ટો ન કરવાનો આદેશ આપ્યો હતો તેની તુલ્ય જાણવો."

## શબર રાજની કથા—

કોઇ ગામમાં શબર નામે રાજા તાપસનો ભકત હતો. એકદા તેના દર્શનને માટે મસ્તક ઉપર મોરપીચ્છનું છત્ર ધારણ કરી તે તાપસ ગુરૂ રાજા પાસે આવ્યો. રાજાએ તેનું સન્માન કરી સુંદર આસન પર બેસાડયો. તે વખતે રાજાની પ્રિયા તે છત્રને ચકચકિત અને પચરંગી અનેક ચંદ્રકોની શ્રેણિથી શોભતું જોઇ અત્યંત કુતૂહલથી તેની પ્રાર્થના કરવા લાગી. તે દેશમાં મયૂરજ નહીં હોવાથી મયૂરનાં પીંછાઓ દુર્લભ હતા, તેથી તાપસને તે આપવાની ઇચ્છા થઇ નહીં, અને ઉઠીને પોતાના આશ્રમમાં ગયો. ત્યાર પછી રાણીએ ભોજનનો ત્યાગ કરી તે છત્ર લાવવા માટે રાજાને ઉશ્કેર્યો તેથી રાજાએ સેવકો મોકલી વારંવાર તે છત્રની પ્રાર્થના કરી, તોપણ ગુરૂએ છત્ર આપ્યું નહીં. ત્યારે દુસ્ત્યજ પ્રેમરૂપી ગ્રહથી મોહ પામેલા રાજાએ સેવકોને આદેશ આપ્યો કે—" ન આપે તો બળાત્કારે ખુંચવીને પણ લાવો." ત્યારે સેવકો બોલ્યા કે—" હે સ્વામી! તે ગુરૂ જીવતા હશે

ત્યાં સુધી આપશે નહીં. અને બળાત્કાર કરતાં તે સામા ઘા મારશે." રાજાએ કહ્યું-"તમે દૂર રહી બાણોવડે તેને ચેતના રહિત કરી તે છત્ર લઇ આવો. પરંતુ તેના શરીરમાંથી પાછા બાણો કાઢો તે વખતે તમો પગવડે તેનો સ્પર્શ કરશો નહીં; કેમકે ગુરૂની આશાતના કરવાથી મોટું પાપ લાગે છે.

અર્થાત્ ગરૂનો વિનાશ કરાવતા અને પાદસ્પર્શનો નિષેધ કરતા આ શબર રાજાનો જેવો વિવેક છે તેવોજ ગુરૂકુળનો ત્યાગ કરનાર અને શુદ્ધ ઉંછાદિકની લાલસા રાખનાર સાધુનો પણ જાણવો.

તથા કર્મ શબ્દે કરીને આધાકર્મ કહેવાય છે, આદિ શબ્દ છે તેથી સમગ્ર ઉદ્દગમ ઉત્પાદના અને એષણાના દોષો જાણવા તેમાં પ્રથમ ઉદ્દગમના દોષો આ પ્રમાણે છે—"આધાકર્મ ૧, ઔદ્દેશિક ૨, પૂતિકર્મ ૩, મિશ્રજાત ૪, સ્થાપના ૫, પ્રાભૃતિકા ૬, પ્રાદુષ્કરણ ૭, ક્રીત ૮, પ્રામિત્ય ૯, પરિવર્તિત ૧૦, અભ્યાહૃત ૧૧, ઉદ્ભિન્ન ૧૨, માલાપહૃત ૧૩, આચ્છિદ્ય ૧૪, અનુત્સૃષ ૧૫, અને અધ્યવપૂરક ૧૬." ઉત્પાદનાના દોષ આ છે—"ધાત્રી ૧, દૂતિ ૨, નિમિત્ત ૩, આજીવ ૪, વણીમગ ૫, ચિકિત્સા ૬, ક્રોધ ૭, માન ૮, માયા ૯, લોભ ૧૦, પૂર્વ સંસ્તવ ૧૧, પશ્ચાત્સંસ્તવ ૧૨, વિદ્યા ૧૩, મંત્ર ૧૪, ચૂર્ણ યોગ ૧૫, અને મૂલકર્મ ૧૬ એ સોળ ઉત્પાદનાના દોષ છે." એષણાના દોષ આ પ્રમાણે છે-"શંકિત ૧, મૃક્ષિત ૨, નિક્ષિપ્ત ૩, પિહિત ૪, ૫, દાયક ૬, ઉન્મિશ્ર ૭, અપરિણુત ૮, લિપ્ત ૯ અને છર્દિત ૧૦ એ દશ એષણાના દોષ છે. આ બેંતાલીશ દોષોએ કરીને દોષવાળા પણ આહારાદિક અવધારણ અર્થવાળા અપિશબ્દ નો અહિં સંબંધ કરવાથી પરિશુદ્ધજ છે એટલે નિર્દોષજ છે. કોને ? ગુરૂની આજ્ઞામાં વર્તનારને એટલે ગચ્છમાં રહેનારને એમ આગમના તત્વને જાણનારાઓ કહે છે. ૧૨૮.

## આ કારણથીજ ગુરૂની આજ્ઞા પ્રમાણે કરનારની વિશેષ સ્તુતિ કરતા કહે છે.

**ता धन्नो गुरुआणं, न मुयइ नाणाइगुणगणनिहा(या)णं**
**सुपसन्नमणो सययं, कयन्नुयं मणसि भावितो ॥ १२६ ॥**

**મૂલાર્થ—તેથી કરીને સુપ્રસન્નમનવાળો અને નિરંતર મનમાં કૃતજ્ઞપણાની ભાવના ભાવતો જે ભાવસાધુ જ્ઞાનાદિક ગુણના કારણરૂપ ગુરૂઆજ્ઞાને મૂકતો નથી તેજ ધન્ય છે.**

ટીકાર્થ—જેથી કરીને ગુરૂની આજ્ઞા મોટા ગુણને માટે થાય છે, તેથી કરીને તે જ ધન્ય છે કે જે જ્ઞાનાદિક ગુણસમૂહના કારણરૂપ ગુરૂઆજ્ઞાનો ત્યાગ કરતો નથી. કહ્યું છે કે--"જેઓ જાવજીવ ગુરૂકુળવાસને છોડતા નથી તેઓ જ ધન્ય છે, તેઓ જ જ્ઞાનના ભાગી થાય છે તથા તેઓજ દર્શન અને ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે." તથા સુષ્ઠુ એટલે અત્યંત પ્રસન્ન મનવાળો એટલે નિર્મળ અંતઃકરણવાળો અર્થાત્ કઠોર શબ્દથી કહ્યા છતાં મનમાં કોપ ન કરે, અંતઃકરણને કલુષિત ન કરે, પરંતુ-"મારા ગુરૂ મને જે કોમળ અથવા કઠોર વચનથી શિક્ષા આપે છે તે મારાજ લાભને માટે છે એમ વિચારીને પ્રયત્ન પૂર્વક તેમની શિક્ષાને સ્વીકારે છે." કેવી રીતે ? સતત-નિરંતર કૃતજ્ઞતાને એટલે કરેલા ઉપકારને નહી ભુલવારૂપ કૃતજ્ઞપણાને હૃદયમાં ભાવતો છતો સ્વીકારે છે. તે આ પ્રમાણે-"[1]ટોળની જેમ રખડતા મને વિજ્ઞાનના મંદિરરૂપ ગુરૂરૂપી સૂત્રધારે દેવની જેમ વાંદવા યોગ્ય કર્યો છે." આવાં પ્રકારનોજ સાધુ ધર્મરૂપી ધનને યોગ્ય હોવાથી ધન્ય છે. ૧૨૯

—

૧ પત્થર.

**અહીં કોઇ શંકા કરે કે–શું ગમે તેવા ગુરૂ હોય તેને ગુણની પ્રાપ્તિને માટે સેવવા ? કે તેમાં કાંઇ વિશેષ છે ? આ પ્રશ્નનો જવાબ આપે છે.**

**गुणवं च इमो सुत्ते, जहत्थगुरुसद्दभायणं इट्ठो ।**
**गुणसंपया दरिद्दो, जहुत्तफलदायगो न मओ ॥ १३० ॥**

મૂલાર્થ—જે ગુરૂ ગુણવાન હોય તેજ સૂત્રમાં યથાર્થ ગુરૂ શબ્દનું પાત્ર ઇચ્છેલો છે. પરંતુ જે ગુણસંપત્તિથી દરિદ્ર–રહિત હોય તે યથોક્ત ફળને આપનાર માન્યો નથી.

ટીકાર્થ—**च** શબ્દનો અવધારણ અર્થ હોવાથી ગુણવાન જ એટલે ગુણના સમૂહે અલંકૃત કરાયેલો જ આ ગુરૂ સૂત્રમાં એટલે સિદ્ધાંતમાં યથાર્થ એટલે અર્થવાળો જે ગુરૂશબ્દ તેનું ભાજન એટલે આધાર ઇચ્છેલો છે. અર્થાત્ યથાર્થ રીતે શાસ્ત્રના અર્થને જે કહે તે ગુરૂ એમ ગુરૂ શબ્દની વ્યુત્પત્તિ થાય છે. આવો ગુરૂશબ્દ સંવેગીનેજ લાગુ પડે છે. તેથી જે સંવેગી હોય તે જ ગુણવાન હોય, બીજો કોઇ હોઇ શકે નહીં. તેના મુખ્ય અઢાર ગુણો આ છે.–"છ વ્રતનું ધારણ, છ કાયની રક્ષા ૧૨, તથા અકલ્પ્ય, ગૃહીભાજન, પલ્યંક, નિષદ્યા, સ્નાન અને શોભા એ છ વસ્તુનો ત્યાગ ૧૮, આ અઢાર ગુણો મુખ્ય છે." આ ગુણો ન હોય તો તેનામાં ગુરૂપણું જ નથી. જેમકે તંતુ ન હોય તો પટ પણ હોઇ શકેજ નહિ, બાકી તો પ્રતિરૂપ, તેજસ્વી ઇત્યાદિ અને દેશ, કુળ, જાતિ એ વિગેરે બીજા ગણિ સંપદાદિક વિશેષ ગુણો જે કહેલા છે તે ગૌણ–અનિયમિત છે, જેમકે પટની રાતાશ વિગેરે ગુણો અનિયત છે. તેમાં અહીં જે પ્રધાન ગુણવાળો હોય તેને જ ગુણવાન કહ્યો છે, કેમકે તે જ કાર્યનો સાધક છે. આ મુખ્ય ગુણો હોય તો જ બાકીના ગુણો પણ શ્રેષ્ઠ કહેવાય છે. તેથી વિપરીત હોય તો

શું થાય ? તે કહે છે—ગુણની સંપત્તિએ કરીને એટલે સદ્ગુણની વિભૂતિએ કરીને દરિદ્ર એટલે રહિત હોય તો તે ગીતાર્થોએ ગુરૂકુળવાસના કહેલા ફળને આપનાર માનેલો નથી. માટે નિર્ગુણ ગુરૂ સેવવો નહીં એ આ ગાથાનો તાત્પર્યાર્થ છે. ૧૩૦

અહીં વિનયપૂર્વક કોઇ શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રમત્ત ગુણસ્થાને રહેલા સાધુઓ ( ગુરૂઓ ) ને વિષે સર્વ ગુણોની સંપત્તિ તો દુર્લભ છે. કેમકે કોઇ ગુરૂ કોઇનાથી કોઈક ગુણે કરીને હીન હોય છતાં બીજા ગુણે કરીને અધિક પણ હોય છે. એવી રીતે તરતમપણાએ કરીને અનેક પ્રકારના ગુરૂઓ જોવામાં આવે છે, અને તેમની સામાચારીઓ પણ વિવિધ પ્રકારનીજ હોય છે. તો તેમાં કયા ગુરૂનો અમારે આશ્રય કરવો ? અને કોનો ન કરવો ? એમ વિચારતાં અમારૂં મન દોલાયમાન થાય છે. તેથી અમારે શું કરવું ઉચિત છે ?

## આ પ્રશ્ન ઉપર ગુરૂ જવાબ આપે છેઃ—

**मूलगुणसंपउत्तो, न दोसलवजोगश्रो इमो हेश्रो ।**
**महुरोवक्कमश्रो पुण, पवत्तियव्वो जहुत्तम्मि ॥ १३१ ॥**

મૂલાર્થ—જો આ ગુરૂ મૂળ ગુણે કરીને સહિત હોય તો તે દોષના લવના યોગથી ત્યાગ કરવા લાયક નથી. પરંતુ સુંદર ઉપાયવડે કરીને તેને ફરીથી યથોક્ત અનુષ્ઠાનને વિષે પ્રવર્તાવવા.

ટીકાર્થ—મૂળ ગુણ એટલે પાંચ મહાવ્રતો અથવા છ વ્રત, છ કાય વિગેરે અઢાર જાણવા. તે મૂળ ગુણોવડે સમ્યક્ એટલે સદ્બોધ પૂર્વક પ્રકર્ષે કરીને એટલે ઉદ્યમના અતિશયે કરીને યુકત એટલે સહિત એવો ગુરૂ દોષલવના યોગથી એટલે થોડા દોષના સંબંધથી ત્યાગ કરવા લાયક નથી. તે વિષે આગમમાં કહ્યું છે કે-" જેઓ ગુરૂને માંદા

છે એમ જાણીને, વૃદ્ધ છે એમ જાણીને તથા અલ્પશ્રુતવાળા છે એમ જાણીને તેની હીલના કરે છે, તેઓ મિથ્યાત્વને પામી ગુરૂની આશાતના કરે છે. પરંતુ કેટલાક ગુરૂ પ્રકૃતિથી જ મંદ હોય અથવા વૃદ્ધ હોય તો પણ તેઓ શ્રુત જ્ઞાન સહિત હોય છે અથવા શુદ્ધ આચારવાળા હોય છે અને તેમનો આત્મા ગુણમાં પ્રતિષ્ઠિત હોય છે, તેથી તેમની હિલના કરવાથી તે અગ્નિની જેમ ભસ્મસાત્ કરે છે. જેમકે સર્પને વૃદ્ધ જાણી કોઈ તેની આશાતના કરે તો તે તેના અહિતને માટે થાય છે, એ જ પ્રમાણે આચાર્યની હીલના કરનાર મૂઢ જનો પણ સંસાર માર્ગમાં પડે છે. અહીં જે ગુરૂના ગુણથી રહિત કહ્યો છે તે મૂળ ગુણથી રહિત જાણવો. તેમાં ચંડરૂદ્ર આચાર્યનું દૃષ્ટાંત જાણવું." ઈત્યાદિ આગમનાં વચનોને અનુસરી શુદ્ધ મૂળ ગુણવાળા ગુરૂને સામાચારીનો ભેદ છતાં પણ તજવા નહીં. કદાચ કાંઇક પ્રમાદવાળા જોવામાં આવે તો મધુર ઉપાયવડે એટલે પ્રિયવચન, અંજલી અને પ્રણામપૂર્વક-" કારણ વિના પરહિતમાં પ્રવર્તેલા તમોએ અમને ગૃહવાસના પાશમાંથી છોડાવ્યા તે સારૂં કર્યું છે, તો હવે ઉત્તરોત્તર સન્માર્ગમાં પ્રવર્તાવવાથી અમને આ ભયંકર ભવારણ્યમાંથી ઉતારો." ઇત્યાદિક ઉત્સાહના વચનોએ કરીને ફરીથી તેમને યથોક્ત એટલે સન્માર્ગના અનુષ્ઠાનમાં પ્રવર્તાવવા. ૧૩૧

કેમ આવો ઉપદેશ આપો છો ? તે ઉપર કહે છે.—

**पत्तो सुसीससद्दो, एव कुणंतेण पंथगेणावि ।**
**गाढप्पमाइणोऽवि हु, सेलगसूरिस्स सीसेणं ॥ १३२ ॥**

મૂલાર્થ—ગાઢ પ્રમાદિ થયેલા સેલગ સૂરિને તેના શિષ્ય પંથકે પણ તે પ્રમાણે કરવાથી સુશિષ્ય શબ્દ પ્રાપ્ત કર્યો હતો.

ટીકાર્થ—તે પ્રમાણે કરતા એટલે ગુરૂની અનુવૃત્તિને કરતા પંથક નામના સાધુએ પણ, અપિશબ્દ છે તેથી તેવા પ્રકારના બીજાએ પણ સુશિષ્ય એવો શબ્દ એટલે વિશેષણ પ્રાપ્ત કર્યો છે. કહ્યું છે કે—" કદાચ ગુરૂ સીદાય એટલે શિથિલ થાય તો પણ તેને સારા શિષ્યો નિપુણ અને મધુર વચને કરીને ફરીથી પણ માર્ગમાં સ્થાપન કરે છે. અહીં સેલગ અને પંથકનું દૃષ્ટાંત જાણવું." તેજ વિશેષથી કહે છે—ગાઢ પ્રમાદી એટલે અતિશે શિથિળતાવાળા સેલગ સૂરિને તેના શિષ્યે સ્થાપન કર્યા હતા.

## સેલગ સૂરિની કથા.

આ જ ભરતક્ષેત્રના સોરઠ દેશમાં ધનદે બનાવેલી સુવર્ણ અને મણિના મહેલો તથા પ્રાકારવડે શોભતી દ્વારકા નામની મનોહર નગરી છે. તેમાં હરિવંશરૂપી આકાશતળમાં ચંદ્ર સમાન, શત્રુસમૂહરૂપી મૃગોનું મથન કરનાર અને ઇંદ્રની જેમ વિબુધને પ્રિય એવો કૃષ્ણ નામે રાજા હતો. તે જ નગરીમાં થાવચ્ચા નામની એક સાર્થવાહી હતી. કર્મના વશથી તેનો પુત્ર બાળક હતો, તે જ વખતે તેનો પતિ મરણ પામ્યો, તેના શોકસમૂહથી ભરાયેલી તેણે તે બાળકનું નામ પાડયું નહીં, તેથી તે બાળક સમગ્ર લોકમાં થાવચ્ચાપુત્ર એવે નામે પ્રસિદ્ધ થયો. તે પુત્ર અનુક્રમે કળાકુશળ થઇ યુવાવસ્થાને પામ્યો, ત્યારે તેની માતાએ મહેભ્યોની બત્રીશ કન્યાઓ સાથે તેને પરણાવ્યો. તેઓની સાથે નિશ્ચિંતપણે દોગુંદક દેવની જેમ અસમાન સુખ ભોગવતાં તેનો ઘણો કાળ વ્યતીત થયો.

એકદા તે નગરીમાં સાધુ સમૂહથી પરિવરેલા ભગવાન શ્રીઅરિષ્ટનેમિ વિહારના અનુક્રમે પધાર્યા. ત્યાં રૈવતક પર્વતના સમીપે નંદન નામના મનોહર વનમાં દેવોએ સમવસરણ રચ્યું. તેમાં ભગવાન દેશના આપવા બેઠા. તે સમાચાર સેવક પુરૂષોથી જાણીને અત્યંત રોમાં-

ચિત થયેલા ભરતાર્ધપતિ શ્રી કૃષ્ણ જિનેશ્વરને વાંદવા ચાલ્યા. તેની સાથે સમુદ્રવિજય વિગેરે દશ દશાર્હો તથા બળદેવ વિગેરે પાંચ મહાવીરો ચાલ્યા. તેમજ સાંબ વિગેરે સાઠ હજાર દુર્દાંત કુમારો, પ્રદ્યુમ્ન વિગેરે સાડા ત્રણ કરોડ કુમારો, મહાસેન વિગેરે છપ્પન હજાર બળવાન યોદ્ધાઓ અને બીજા પણ શ્રેષ્ઠી વિગેરે અનેક પ્રકારના પૌર લોકો પણ ચાલ્યા. શણગાર સજીને એકજ માર્ગે જતા સર્વ લોકોને જોઇ થાવચ્ચાપુત્રે પોતાના પ્રતિહારને પૂછયું કે—" આ સર્વ લોકો શરીરને શણગારી શીઘ્રપણે કયાં જાય છે ? " તે બોલ્યો કે—" શ્રી નેમિનાથને વંદન કરવા જાય છે. " તે સાંભળી ભક્તિના ભારથી ભરપૂર થયેલો થાવચ્ચાપુત્ર પણ રથપર આરૂઢ થઇ રાજાની સાથે ચાલ્યો, અને ત્રિલોકના નાથને નમી એકાગ્રચિત્તે તેણે ધર્મદેશના સાંભળી. તેમાં સમગ્ર દુ:ખને ઉત્પન્ન કરનાર સંસારની અસારતાને, મહા સુખના સ્થાનરૂપ મોક્ષને અને તેને મેળવવાના ઉપાયરૂપ ચારિત્ર ધર્મને જાણી થાવચ્ચાપુત્ર સંવેગરંગથી ભાવિત થયો, તેથી તેણે જિનેશ્વરને કહ્યું કે—" હે સ્વામી ! મારી માતાની રજા લઇ હું આપની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. " તે સાંભળી જિનેશ્વરે તેને કહ્યું કે—" યુકત જ છે. " ત્યારે તેણે પોતાને ઘેર જઇ માતાના પગમાં પડી વિનંતિ કરી કે—" હે માતા ! હું પ્રવ્રજ્યા ગ્રહણ કરૂં. " તે સાંભળી સ્નેહમાં મૂઢ થયેલી તે પણ રોતી રોતી બોલી કે-" હે વત્સ ! પ્રવ્રજ્યા અન્ય જનોને પણ અતિ દુષ્કર છે, અને તારી જેવા સુખી જનને તો વિશેષ દુષ્કર છે. હે પુત્ર ! તારી આશાથી જીવતી મને–તારી માતાને તું નિર્દય થઇને કેમ તજે છે ? અને આ વિનયવાળી બત્રીશ ભાર્યાઓને પણ કેમ તજે છે ? દાન અને ભોગમાં પરિપૂર્ણ જોઇયે તેટલું કુળક્રમથી આવેલું આ ધન તને પૂર્વના સુકૃતથી પ્રાપ્ત થયું છે, તો દાનધર્મમાં તત્પર થઇ તેનો ભોગવટો કર. અને કુળની પરંપરાની વૃદ્ધિ કરી વૃદ્ધાવસ્થામાં મનવાંછિત કાર્ય કરજે." તે સાંભળી તે બોલ્યો કે—" હે માતા ! જીવિત અનિત્ય છે, તેથી તમારૂં કહેલું કાંઇ

પણ ઘટી શકતું નથી. વળી મનુષ્ય હર્ષિત ચિત્તવડે કરીને બીજી રીતે કાર્ય કરવાનું ચિંતવે છે, અને તે વિધિના વશથી જુદી જ રીતે પરિણમે છે." ઇત્યાદિક ઉકિત પ્રત્યુકિતથી પુત્રનો નિશ્ચયવાળો ઉત્સાહ જાણી થાવચ્ચાએ ઇચ્છા વિના પણ તેને અનુમતિ આપી, અને પછી શ્રીકૃષ્ણ રાજા પાસે જઇ પુત્રનું સમગ્ર વૃત્તાંત કહી તેણે દીક્ષાનો મહોત્સવ કરવા માટે રાજચિન્હો માગ્યા." તે સાંભળી શ્રીકૃષ્ણે પ્રસન્ન થઇ કહ્યું કે—" જેનો ધર્મમાં આવો નિશ્ચય છે તેને ધન્ય છે, તો તમે સુખેથી રહો, તેની દીક્ષાનો મહોત્સવ હું કરીશ." પછી શ્રીકૃષ્ણે તેને ઘેર જઇ તેના પુત્રને પોતે જ કહ્યું કે—" હે વત્સ! તું સુખ ભોગવ. કેમકે ભિક્ષાચર્યા મહા દુ:ખદાયક છે." તે સાંભળી તેણે જવાબ આપ્યો કે—" હે સ્વામી! ભયભીત થયેલાને સુખ કયાંથી જ હોય? તેથી સર્વ ભયનો નાશ કરનાર ધર્મ જ કરવો યોગ્ય છે." રાજાએ કહ્યું—" હે વત્સ! મારા હાથની છાયાતળે રહેતાં તને કાંઇ પણ ભય નથી. જો કદાચ હોય તો મને કહે. હું જલદી તેને નિવારીશ. તે બોલ્યો " હે સ્વામી! જો એમ હોય તો મને પ્રાપ્ત થતી વૃદ્ધાવસ્થા તથા મૃત્યુને નિવારો કે જેથી ચિત્તમાં નિવૃત્તિ રાખી ભોગસુખને હું ભોગવું." રાજાએ કહ્યું—" હે સુંદર! આ બન્ને બાબત જીવલોકમાં નિવારી શકાય તેવી નથી. અમારી જેવા તો દૂર રહો, પરંતુ ઇંદ્ર પણ તે બન્નેને નિવારી શકતો નથી. કારણ કે જીવોને કર્મના વશથી આ સંસારમાં જરા અને મરણ વિગેરે થયા જ કરે છે. ત્યારે તે બોલ્યો કે—" એજ કારણ માટે હું કર્મોને ખપાવવા ઇચ્છું છું." આ પ્રમાણે તેનો નિશ્ચય જાણીને રાજાએ કહ્યું—" હે ધીર! બહુ સારૂં બહુ સારૂં, પ્રવ્રજ્યા ગ્રહણ કર, અને તારા મનોરથ પૂર્ણ કર." ત્યારપછી શ્રીકૃષ્ણ વાસુદેવે આખી નગરીમાં ઘોષણા કરાવી કે-" સંસારના ભયથી ઉદ્વેગ પામેલો અને ધન્ય એવો થાવચ્ચાપુત્ર મોક્ષની ઇચ્છાથી પ્રવ્રજ્યા લે છે, તો જો બીજો પણ કોઇ પ્રવ્રજ્યા લેશે, તો તેને કૃષ્ણ રાજા અનુમતિ આપે છે, અને પાછળથી તેના કુટુંબની

સાર સંભાળ તે પોતે કરશે." આવી ઘોષણા સાંભળી થાવચ્ચાપુત્રના સ્નેહે કરાને રાજાદિકના એક હજાર પુત્રો દીક્ષા લેવા તૈયાર થયા. તે સર્વનો નિષ્ક્રમણ મહોત્સવ રાજાએ કર્યો. એ રીતે થાવચ્ચાપુત્રે એક હજાર સહિત દીક્ષા લીધી. અનુક્રમે તે ચૌદ પૂર્વી થયા, ત્યારે જિનેશ્વરે તેને તેજ હજારનો પરિવાર આપ્યો. ત્યારપછી ઉગ્ર તપવાળા તે પૃથ્વીપર વિચરવા લાગ્યા.

એકદા તે ભગવાન થાવચ્ચાપુત્ર વિહાર કરતા સેલગપુરમાં ગયા. ત્યાં પાંચસો મંત્રીઓ સહિત સેલગ રાજાને તેણે ઉપદેશ આપી શ્રાવક કર્યો. ત્યાંથી વિહાર કરી તે સૌગંધી નગરીમાં ગયા. ત્યાં પણ સુદર્શન નામના પ્રધાન શ્રેષ્ઠીને શ્રાવક બનાવ્યો. તે સુદર્શન પહેલાં શુક નામના પરિવ્રાજકના ધર્મમાં અતિ ભક્તિવાળો હતો. તેને શ્રાવક થયો જાણી તે શુક ત્યાં આવ્યો, અને સુદર્શનને ઘેર ગયો. તે વખતે શાસનના મલિનપણાના ભયથી તે શ્રેષ્ઠી ઉભો થયો નહીં, તેને પ્રણામ કર્યા નહીં, તેની સન્મુખ જોયું નહીં, તેમજ તેને બોલાવ્યો પણ નહીં. ત્યારે શુકે વિચાર્યું કે--જ્યાં સુધી આનો ગુરૂ આની સમક્ષ પરાજય નહીં પામે ત્યાં સુધી આને ઉપદેશ આપવો નિષ્ફળ છે " એમ વિચારી તેણે કહ્યું કે--" હે સુદર્શન ! તું પહેલાં અમારા શાસનમાં હતો અને હમણાં તેં કોની પાસે જૂદી જાતનો ધર્મ ગ્રહણ કર્યો છે ? " તે સાંભળી ઉભા થઇ પ્રણામપૂર્વક મસ્તકપર બે હાથ જોડી ગુરૂના નામનું સ્મરણ કરી સુદર્શને તેને કહ્યું કે--" ત્રણ લોકના સ્વામી શ્રી નેમિનાથના શિષ્ય થાવચ્ચાપુત્ર નીલાશોક નામના ઉદ્યાનમાં રહેલા છે તે મારા ધર્મગુરૂ છે. " શુકે કહ્યું--" મને તેનું દર્શન કરાવ, કે જેથી હું પણ તેનો શિષ્ય થાઉં, અથવા તેનો પરાજય કરી તેનેજ મારો શિષ્ય કરૂં." તે સાંભળી સુદર્શને વિચાર્યું કે--" આ શુક ઇર્ષ્યા રહિત છે, અને ધર્મનો કામી છે, તેથી ગુરૂના વચનામૃતથી સિંચાયેલો તે અવશ્ય બોધ પામશે તેમાં સંદેહ નથી." એમ વિચારી તેને સાથે લઇ ગુરૂ પાસે ગયો. ત્યાં શુકે ગુરૂને શબ્દના છળથી કેટલાક કુટિલ પ્રશ્નો

પૂછયા, તે આ પ્રમાણે--" હે મુનિ ! સરિસવયા, માષ તથા કુલત્થી એ તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે ? " આ શબ્દોનો એક અર્થ ધાન્ય અને બીજો અર્થ મનુષ્ય વિગેરે થાય છે તેથી આવા બબે અર્થવાળા પ્રશ્નો પૂછયા. ગુરૂએ પણ તેનો અભિપ્રાય જાણી તેજ પ્રમાણે બે અર્થની અપેક્ષાએ તેનો જવાબ આપ્યો. તે સાંભળી આ સર્વજ્ઞ છે એમ શુકના મનમાં પ્રતીતિ થઇ. અહીં તેના પ્રશ્નોના ઉત્તરો વિસ્તાર થવાના ભયથી કહ્યા નથી. તેથી તેને જાણવાની ઇચ્છાવાળાએ જ્ઞાતાજી-માંથી જાણી લેવા. પછી ગુરૂના મુખથી ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામેલા શુકે શુદ્ધ પરિણામથી સૂરિની સમીપે હજાર શિષ્યો સહિત પ્રવ્રજ્યા લીધી. અનુક્રમે તે ચૌદ પૂર્વી થયા ત્યારે ગુરૂએ તેનો પૂર્વનો હજાર શિષ્યોનો પરિવાર તેને સોંપ્યો. તે લઇ શુકર્ષિ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ પમાડતા પૃથ્વીતળ ઉપર વિચરવા લાગ્યા.

ત્યારપછી થાવચ્ચાપુત્ર સૂરિ શત્રુંજય પર્વત ઉપર જઇ બે માસનું અનશન કરી મોક્ષપદ પામ્યા. પછી શુકાચાર્ય પણ વિહારના ક્રમથી સેલકપુરમાં આવ્યા, અને સેલગ રાજાને દીક્ષા આપવાનો અવસર જાણી ઉદ્યાનમાં શુદ્ધ ભૂમિ ઉપર રહ્યા. ત્યાં ધર્મોપદેશ કરતાં સેલગ રાજા પ્રતિબોધ પામ્યો. તેથી તેણે પોતાના મકકુ નામના પુત્રને રાજ્ય સોંપી પંથક વિગેરે પાંચસો મંત્રીઓ સહિત દીક્ષા ગ્રહણ કરી. પછી આગમમાં કહેલા વિધિ પ્રમાણે શુકાચાર્યની પાસે પાપરહિત એવા તેણે અગ્યાર અંગનો અભ્યાસ કર્યો. ત્યારપછી ગુરૂએ પંથક વિગેરે પાંચસો સાધુઓનો પરિવાર તેને સોંપ્યો પછી મહાત્મા શુકા-ચાર્ય હજાર સાધુઓ સહિત શત્રુંજયના શિખરપર જઇ અનશન કરી શિવપદ પામ્યા.

ત્યાર પછી સેલગ રાજર્ષિ અયોગ્ય ભકતાદિકનો આહાર કર-વાથી દાહજવરથી પીડા પામવા લાગ્યા, અને અનુક્રમે વિહાર કરતા સેલગપુરમાં આવ્યા. ત્યાં ઉદ્યાનમાં શુદ્ધ ભૂમિપર રહેલા તેને સાંભ-ળીને અત્યંત હર્ષ પામેલો મક્કુ રાજા ગુરૂને વાંદવા આવ્યા. વંદના-

દિકે કરી ગુરૂના શરીરની અસ્વસ્થતા જાણી રાજાએ વિજ્ઞપ્તિ કરી કે—"હે પૂજ્ય ! મારે ઘેર મારી યાનશાળામાં આપ પધારો. કે જેથી ત્યાં પથ્ય એવા આહાર અને ઔષધદિકે કરીને આપના ધર્મશરીરની રક્ષા માટે હું ક્રિયા-ઉપાય કરાવું. ગુરૂ તેનું વચન અંગીકાર કરી તેની યાનશાળામાં પધાર્યા. એટલે તેણે વિદ્વાન વૈદ્યોના કહેવાથી સ્નિગ્ધ મધુર આહારે કરીને તેની ઉત્તમ ચિકિત્સા આરંભી. વૈદ્યોની કુશળતાથી અને પથ્ય આહાર તથા ઔષધાદિકથી થોડા દિવસમાં જ રાજર્ષિ રોગ રહિત અને બળવાન થયા. પરંતુ સ્નિગ્ધ અને ઉષ્ણાદિક આહાર તથા પાને કરીને અત્યંત ગૃદ્ધિ પામેલાં તેણે સુખશીલિયા થવાથી સ્થાનાંતરે વિહારની ઇચ્છા ન કરી. તેને ઘણી રીતે કહ્યા છતાં પણ તે પ્રમાદથી વિરામ ન પામ્યા ત્યારે પંથક સિવાય બીજા સર્વ સાધુઓએ એકઠા મળી વિચાર કર્યો કે—"ખરેખર કર્મો ઘણાં ચીકણાં, કુટિલ અને વજ્ર જેવા સારવાળાં હોય છે તે જ્ઞાનની સમૃદ્ધિવાળાને પણ માર્ગમાંથી ઉન્માર્ગે લઇ જાય છે આ ગુરૂએ પ્રથમ મોક્ષની ઇચ્છાથી રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી, તે હમણાં અતિ પ્રમાદને લીધે પોતાનું પ્રયોજન વિસરી ગયા છે. આપણને અવસરે સૂત્ર આપતા નથી, પૂછતાં છતાં પણ અર્થ કહેતા નથી, અને આવશ્યકાદિક ક્રિયાને મૂકી નિદ્રાને જ બહુ માને છે. આપણને ધર્મ પમાડી ચારિત્ર આપવાથી એ આપણા મોટા ઉપકારી છે, તેથી તેને છોડવા કે અંગીકાર કરવા એમાં શું કરવું યોગ્ય છે ? તે આપણે સ્પષ્ટ રીતે સમજી શકતા નથી અથવા કારણ વિના આપણે અહીં નિત્યવાસ કરવો યોગ્ય નથી, તેથી આ પંથક મુનિને ગુરૂની વૈયાવચ્ચમાં રાખી ગુરૂની આજ્ઞા લઈ આપણે સર્વે ઉદ્યત વિહારી થઇયે અને જ્યાં સુધી ગુરૂ પોતાના આત્માને જાણે ત્યાં સુધી કાળ નિર્ગમન પણ કરીયે." આ પ્રમાણે વિચાર કરી પંથક સાધુને ગુરૂ પાસે સ્થાપન કરી ગુરૂની સંમતિ લઇ સર્વ સાધુઓએ સુખેથી અન્યત્ર વિહાર કર્યો. પંથક મુનિ પણ ગુરૂની વૈયાવચ્ચ અખંડ રીતે ભકિત અને બહુમાન સહિત કરવા લાગ્યો અને પોતાની ક્રિયા પણ સંપૂર્ણ કરવા લાગ્યો.

એકદા કાર્તિક ચોમાસીએ સેલકસૂરિ સ્નિગ્ધ અને મધુર ભોજનનો આહાર કરી તથા મદિરાનું અધિક પાન કરી સર્વ શરીરને ઢાંકી સૂઇ ગયા હતા, તે વખતે પંથક સાધુએ આવશ્યક ( પ્રતિક્રમણ ) કરી વિનય અને નયમાં નિપુણ હોવાથી ખામણાને નિમિ-તે મસ્તકવડે ગુરૂના ચરણને સ્પર્શ કર્યો. તે સ્પર્શથી જાગીને કોપ પામેલા રાજર્ષિ બોલ્યા કે—" અત્યારે આ કયો નિર્લજ્જ મારા પગનો સ્પર્શ કરી મારી નિદ્રામાં વિઘ્ન કરે છે ? " આ પ્રમાણે ગુરૂને કોપ પામેલા જોઇ સંવેગી પંથક મુનિ બોલ્યો કે—" હે પૂજ્ય ! ચોમાસીના ખામણાને માટે મેં આપને દુ:ખી કર્યા છે. તો આ એક મારો અપરાધ ક્ષમા કરો. હવે ફરી આ પ્રમાણે નહીં કરૂં. કારણ કે જગતમાં ઉત્તમ પુરૂષો ક્ષમાશીલજ હોય છે. " આ પ્રમાણે પંથકની મધુર વાણી સાંભળતાંજ સૂર્યોદય થતાં અંધકારની જેમ સૂરિનું અજ્ઞાન દૂર નાસી ગયું. તેથી ચિરકાળ સુધી પોતાના આત્માની નિંદા કરી સંયમમાં ઉદ્યમવંત થઇ સૂરિ ચિત્તના શુદ્ધ પરિણામથી પંથકને વારંવાર ખમાવવા લાગ્યા. પછી બીજે દિવસે રાજાની રજા લઇ સૂરિ તથા પંથક સેલકપુરમાંથી નીકળી ઉગ્ર વિહારે વિચરવા લાગ્યા. તે વૃત્તાંત જાણી બીજા સર્વ મંત્રી મુનિઓ પણ ગુરૂ પાસે આવ્યા. પછી ચિરકાળ સુધી વિધિપૂર્વક પૃથ્વીપર વિહાર કરી તે સર્વે સિદ્ધાચળ ઉપર ગયા, ત્યાં થાવચ્ચાપુત્રની જેમ અનશન કરી સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી તે સર્વે સિદ્ધિ પદ પામ્યા. આ કથાનો સાર એ છે જે-મૂળ ગુણો જેના શુદ્ધ હોય એવા ગુરૂને ગીતાર્થોએ મૂકવા નહીં, અને સુસાધુ પંથકની જેમ ગુરૂને સમ્યક્ પ્રકારે અનુસરવા.

## ઇતિ સેલક રાજર્ષિ કથા.

## એ પ્રમાણે કરવાથી સાધુને જે ગુણ થાય છે તે કહે છે.—

**एवं गुरुबहुमाणो, कयन्नुया सयलगच्छगुणवुड्ढी ।
अणवत्थापरिहारो, हुंति गुणा एवमाईया ॥ १३३ ॥**

મૂલાર્થ—એમ કરવાથી ગુરૂનું બહુમાન, કૃતજ્ઞપણું, સમગ્ર ગચ્છમાં ગુણની વૃદ્ધિ અને અનવસ્થા દોષનો નાશ એ વિગેરે ગુણો થાય છે.

ટીકાર્થ—આ પ્રમાણે ગુરૂને નહીં છોડતા તથા સન્માર્ગમાં ઉદ્યમ કરાવતા મુનિએ ગુરૂનું બહુમાન કર્યું કહેવાય છે. તે આ પ્રમાણે-ગુરૂ બે પ્રકારના છે-સામાન્ય ગુરૂ ૧ અને પરમગુરૂ ૨. તેમાં જે વર્તમાન કાળે જે આચાર્યાદિક ગુરૂ છે તે અનંતર સામાન્ય ગુરૂ કહેવાયછે, અને અનંતર ગુરૂની પહેલાના, તેની પહેલાના, તેની પહેલાના ઇત્યાદિક વિચારીયે તો સુધર્મા સ્વામી સુધી અનેક પ્રકારના જે પરંપર ગુરૂ છે તે પણ સામાન્ય ગુરૂ કહેવાય છે, તથા જે ભગવાન તીર્થંકર છે તે પરમ ગુરૂ કહેવાય છે. તેથી કરીને અનંતર ગુરૂનું બહુમાન કરવાથી તે ગુરૂને જેણે સ્થાપન કર્યા છે તેનું બહુમાન કરેલું કહેવાય છે, અને તેના બહુમાને કરીને તેની પૂર્વના ગુરૂનું બહુમાન કર્યું કહેવાય છે, એ રીતે પૂર્વ ગુરૂને ગણુતાં છેવટ ગણધરને વિષે બહુમાન કર્યું કહેવાય છે. અને તેથી કરીને ગણધરને પૂજવા લાયક ભગવાન પરમ ગુરૂ શ્રીતીર્થંકરને વિષે પણ બહુમાન કર્યું કહેવાય છે. એજ કારણ માટે પરમ ગુરૂએ ( તીર્થંકરે ) કહ્યું છે કે—" જે ગુરૂનું બહુમાન કરે છે, , તે મારૂં બહુમાન કરે છે, અને જે મારૂં બહુમાન કરે છે તે ગુરૂનું બહુમાન કરે છે. " આ પ્રમાણે અનેક પ્રકારના ગુરૂનું બહુમાન કરેલું કહેવાય છે. તથા કૃતજ્ઞતા આરાધેલી કહેવાય છે. આ કૃતજ્ઞતા રૂપી પુરૂષનો ગુણ લોકમાં પણ પ્રધાન કહેવાય છે. કહ્યું છે કે—" આ પૃથ્વી બે પુરૂષને ધારણ કરો. અથવા

બે પુરૂષોએ આ પૃથ્વી ધારણ કરી છે. તે એ કે પરના ઉપકાર કરવામાં જેની મતિ રહેલી છે, તથા જે કરેલા ઉપકારને વિસરી જતો નથી." તેમજ લોકોત્તર જે એકવીશ ગુણો કહ્યા છે, તેમાં પણ આ ગુણ ગુણાવ્યો જ છે. તથા ગુરૂને નહીં મૂકનારાએ સમગ્ર ગચ્છના ગુણોની વૃદ્ધિ કરી કહેવાય છે. કેમકે ગુરૂ આજ્ઞામાં વર્તતા ગચ્છના જ્ઞાનાદિક ગુણોને વધારે જ છે. જો કદાચ તે શિષ્યોને ભણાવ્યા, ગણાવ્યા અને ભાતપાણીથી પોષણ કર્યા, અને પછી પાંખ આવેલા હંસની જેમ તેઓ સર્વ દિશામાં ફરવા લાગે તો, તેઓને ખલુક જેવા જાણી માત્ર તેમને શિખવતા નથી એટલુંજ નહીં પણ તેમનો કાલિકાચાર્યની જેમ ત્યાગ કરી દે છે. તથા ગુરૂને નહીં મૂકનાર સાધુએ અનવસ્થા એટલે મર્યાદાની હાનિ, તેનો પરિહાર-નાશ કર્યો કહેવાય છે. ( મર્યાદા પાળી કહેવાય છે ) અભિપ્રાય એ છે જે-જે સાધુ અલ્પદોષવાળા એક ગુરૂને છોડી દે છે, તે સાધુને બીજા ગુરૂઓ રાખતા નથી. કેમકે તેવા સૂક્ષ્મ દોષો કોઇથી દૂર થઇ શકતા નથી. કદાચ બીજા ગુરૂએ તેને રાખ્યો, તો તે જ સ્થિર થઇને રહેશે નહીં. તેથી તે છેવટ એકલો જ રહેશે. હવે તેને સ્વેચ્છાચારી અને સુખી જોઇ બીજા બીજા સાધુ પણ તેવુંજ અંગીકાર કરશે. આવા પ્રકારની જે અનવસ્થા-અમર્યાદા તે ગુરૂની સેવા કરનારે ત્યાગ કરી કહેવાય છે. એ વિગેરે બીજા પણ ગુરૂ, ગ્લાન, બાળ અને વૃદ્ધાદિકનો વિનય, વૈયાવચ્ચ કરવી વિગેરે અને સૂત્રાર્થ આગમનું સ્મરણ વિગેરે ઘણા ગુણો થાય છે. ૧૩૩

## તે પ્રમાણે ન કરવાથી શું થાય ? તે કહે છે.—

**इहरा वुत्तगुणाणं, विवज्जओ तह य अत्तउक्करिसो ।**
**अप्पच्चओ जणाणं, बोहिविघायाइणो दोसा ॥ १३४ ॥**

મૂલાર્થ—અન્યથા કહેલા ગુણોનો અભાવ, પોતાનો ઉત્કર્ષ, લોકોનો અવિશ્વાસ અને બોધિનો વિઘાત વિગેરે દોષો થાય છે.

ટીકાર્થ—ઇતરથી એટલે જો ગુરૂનો ત્યાગ કરે તો કહેલા ગુણોનો એટલે ઉપર ગણાવેલા ગુરૂ બહુમાન વિગેરે ગુણોનો વિપર્યય એટલે અભાવ અથવા વિપરીત એટલે અબહુમાન અને અકૃતજ્ઞતાદિક દોષો થાય છે. તથા આત્મોત્કર્ષ એટલે પોતામાં ઉત્તમપણાનો અભિમાન કે જે અનર્થની પરંપરાનું કારણ છે તે ગુરૂકુળનો વાસ તજનારાને પ્રાપ્ત થાય છે. તથા સાધુ ઉપર લોકોનો અવિશ્વાસ થાય છે એટલે કે આ સાધુઓ પરસ્પર ભિન્ન છે, અને એક બીજાની ક્રિયાને દૂષિત કહે છે, તો તેઓમાં સત્યવાદી કોણ ? અને અસત્યવાદી કોણ છે ? તે જણાતું નથી, એ રીતે અવિશ્વાસ થાય છે. અવિશ્વાસ થવાથી શો દોષ ? તે કહે છે-બોધિનો વિઘાત એટલે તે અવિશ્વાસીઓને પરભવમાં જિનધર્મની પ્રાપ્તિનો અભાવ થાય છે, અને તેના નિમિત્તભૂત સાધુને પણ બોધિની પ્રાપ્તિ થતી નથી. આદિ શબ્દ છે માટે સમકિતની સન્મુખ થયેલા તથા ચારિત્રની સન્મુખ થયેલાના ભાવનો નાશ થાય છે. ગુરૂનો ત્યાગ કરનારને આ સર્વે દોષો થ ય છે. ૧૩૪.

અહીં કોઇ શંકા કરે કે—પહેલાં ક્રિયાને વિષે અપ્રમાદ રૂપ ચારિત્રનું લિંગ કહ્યું હતું, અને હમણાં તો એમ કહો છો કે ગુરૂ પ્રમાદવાળા હોય તો પણ તે ચારિત્રવાળા જ છે તેથી તેને છોડવા નહીં, તો પૂર્વાપરનો વિરોધ કેમ ન આવ્યો ? ગુરૂ જવાબ આપે છે કે-ખરી વાત છે. પરંતુ ચારિત્રનું લિંગ જે અપ્રમાદ કહ્યો છે તે તેના અવિનાભાવિપણાએ કરીને કહ્યું છે. જેમ અગ્નિનું લિંગ ધુમાડો છે તે તેનો અવિનાભાવી છે તેથી કદાચ કોઇ ઠેકાણે ઇંધન બળી ગયા હોય તો ધુમાડા વિનાનો પણ અગ્નિ જોવામાં આવે છે. તેવીજ રીતે કોઇ ઠેકાણે પ્રમાદીને પણ ચારિત્ર હોઇ શકે છે.

## તે વિષે જ કહે છે.—

**बकुसकुसीला तित्थं, दोसलवा तेसु नियमसंभविणो ।**
**जइ तेहिं वज्जणिज्जो, अवज्जणिज्जो तओ नत्थि ॥ १३५ ॥**

મૂલાર્થ—બકુસ અને કુશીળ એ તીર્થ કહેવાય છે, તેઓમાં દોષના લેશો અવશ્ય સંભવે છે. જો તેવા દોષલવોથી યતિ વર્જવા યોગ્ય હોય તો ન વર્જવા યોગ્ય કોઈ પણ નહિ થાય. સર્વે વર્જવા યોગ્ય જ થશે.

ટીકાર્થ—આ જિનશાસનમાં સાધુઓ પાંચ પ્રકારના છે-પુલાક ૧, બકુશ ૨, કુશીળ ૩, નિર્ગ્રંથ ૪ અને સ્નાતક ૫, તેમાં નિર્ગ્રંથ અને સ્નાતક નિયમે કરીને અપ્રમાદીજ હોય છે. પરંતુ તેઓ કદાચિત જ હોય છે, કેમકે તેઓ શ્રેણિપર આરૂઢ થતાં અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ વખતે જ હોય છે, તેથી તેઓ તીર્થના પ્રવાહનું કારણ નથી. તથા પુલાક પણ કોઇ વખતજ એટલે પુલાક નામની લબ્ધિ પ્રાપ્ત થાય ત્યારેજ સંભવે છે. આ વાતને મનમાં રાખી કહે છે કે-બકુશ અને કુશીળ એ તીર્થ છે. તેમાં બકુશ શરીર અને ઉપકરણની વિભૂષા કરનારા હોય છે. કહ્યું છે કે—"ઉપકરણ અને દેહને સાફ રાખનારા, નિરંતર ઋદ્ધિ, યશ અને ત્રણે ગારવને આશ્રિત થયેલા, ઘણા સબળ ચારિત્રીઓવાળા સાધુઓના પરિવારવાળા અને છેદ પ્રાયશ્ચિત્તને યોગ્ય એવા સાધુઓને બકુશ કહ્યા છે." તથા જે અતિચાર સહિત જ્ઞાનાદિક ગુણવાળા હોય તે કુશીળ કહ્યા છે. તે વિષે કહ્યું છે કે-"આસેવના કુશીળ અને કષાય કુશીળ એ બે પ્રકારના કુશીળ હોય છે. વળી તે બન્નેના પાંચ પાંચ પ્રકાર છે-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, અને યથાસૂક્ષ્મ. તેમાં જ્ઞાનાદિકવડે જે આજીવિકા કરે તે જ્ઞાનાદિક કુશીળ જાણવા, અને આ તપસ્વી છે એમ પ્રશંસા સાંભળી જે ખુશી થાય તે યથાસૂક્ષ્મ કુશીળ કહેવાય છે." આ બકુશ અને કુશીળ એ બે પ્રકારના

સાધુઓ જ સર્વ તીર્થંકરોના તીર્થને પ્રવર્તાવનારા સંભવે છે. કેમકે બીજા વિકલ્પોવાળા સાધુઓનો સવ દાકાળે અભાવ હોય છે. તેથી તે બકુશ અને કુશીળ સાધુઓને વિષે દોષલવો એટલે સૂક્ષ્મ દોષો અવશ્ય સંભવે છે. કારણ કે તેમને અંતર્મુહૂર્તના પ્રમાણવાળા પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણસ્થાનકો હોય છે. તેથી જ્યારે તેઓ પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતા હોય ત્યારે તેઓ પ્રમાદી છતાં ચારિત્રવાન જ છે, કેમકે જ્યાં સુધી સાતમા પ્રાયશ્ચિત્તને લાયક અપરાધ કર્યો હોય ત્યાં સુધી તે ચારિત્રીજ હોય છે, ત્યારપછી તે ચારિત્ર રહિત થાય છે. કહ્યું છે કે–"જ્યાં સુધી છેદ પ્રાયશ્ચિત્ત આવે ત્યાં સુધી એકે વ્રતને તેણે ઓળંગ્યુ-ભાંગ્યું નથી એમ જાણવું, અને જેણે એક પણ વ્રત ઓળંગ્યું હોય તેણે પાંચે વ્રતો ઓળંગ્યાં છે એમ જાણવું. તેને મૂળ પ્રાયશ્ચિત્ત છે." આથી કરીનેજ કેટલાક પાસત્થાદિકનું પણ ચારિત્ર ઇચ્છેલું છે. કહ્યું છે કે–"જે અભ્યુત્થિત થયેલા પાસત્થાદિકને મૂળ વિગેરે પ્રાયશ્ચિત્તો કહેલાં છે તે જ ચારિત્ર રહિત છે. બાજા ચારિત્ર રહિત નથી." આ પ્રમાણે બકુશ અને કુશીળને વિષે અવશ્ય સૂક્ષ્મ દોષો સંભવે છે. તેથી જો તેવો સાધુ વર્જવા યોગ્ય હોય તો નહીં વર્જવા યોગ્ય કોઇજ નહીં રહે-સર્વ વર્જવા યોગ્ય થશે, અને તેથી કરીને તીર્થનો પણ અભાવ પ્રાપ્ત થશે. ૧૩૫.

આ ઉપદેશનું ફળ કહે છે—

**इय भावियपरमत्था, मज्झत्था नियगुरुं न मुंचंति ।**
**सव्वगुणसंपओगं, अप्पाणंमि वि अपेच्छंता ॥ १३६ ॥**

મૂલાર્થ—આ પ્રમાણે પરમાર્થને જાણનારા મધ્યસ્થો પોતાના ગુરૂને મૂકતા નથી, કારણ કે તેઓ પોતાને વિષે પણ સર્વગુણની સામગ્રી જોતા નથી.

ટીકાર્થ—આ પ્રમાણે એટલે પૂર્વે કહેલા પ્રકારે જેઓએ પરમાર્થ એટલે યથાવસ્થિત પક્ષ ભાવ્યો છે એટલે મનમાં પરિણમાવ્યો છે એવા મધ્યસ્થો એટલે કદાગ્રહથી દૂષિત નહીં થયેલા સાધુઓ પોતાના ગુરૂને એટલે પોતાના ધર્માચાર્યને મૂકતા નથી-ત્યાગ કરતા નથી. કેમકે તેઓ પોતાને વિષે પણ સર્વ ગુણના સંપ્રયોગને એટલે સામગ્રીને જોતા નથી, અહીં ભાવાર્થ એ છે જે-મધ્યસ્થ બુદ્ધિમાન સાધુ આ પ્રમાણે વિચાર કરે છે કે-" જે પ્રમાણે આગમમાં કહ્યું છે તે પ્રમાણે કરવું દુષ્કર છે, અને યથોકત વાદને વિષે રહેલા એટલે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જ કરવું એવું માનનારા સીદાય છે. માટે શક્તિ પ્રમાણે ચારિત્રની શુદ્ધિ કરવી એજ નિયત માર્ગ છે." આ મારા ગુરૂ પણ ઉત્સર્ગ તથા અપવાદ માર્ગને જાણે છે, શક્તિ પ્રમાણે ક્રિયા કરે છે, શુદ્ધ માર્ગનો ઉપદેશ આપે છે, સદ્ભાવની તુલના કરે છે, ઉત્કૃષ્ટ કષ્ટ કરનારની સ્તુતિ કરે છે, અને જ્ઞાનીઓને સહાય કરે છે, માટે પૂજાનું સ્થાન છે. કહ્યું છે કે-" હાલમાં કાળના દોષને લીધે શરીર તુચ્છ છે, છેલ્લું સંઘયણ છે અને ઉત્તમ વીર્ય નથી, તો પણ મુનીંદ્રો ધર્મને માટે ઉદ્યમ કરી રહ્યા છે, તે વિદ્વાનોને પૂજવા લાયક કેમ ન હોય ?" તેથી આ અત્યંત ઉપકારી ગુરૂની હું આદરથી સેવા કરૂં. આગમમાં કહ્યું છે કે-" જેમ યજ્ઞ કરનાર વિવિધ પ્રકારની આહુતિ અને મંત્રોના પદોથી અભિષેક કરેલા અગ્નિને નમે છે, તેમ મનુષ્યે અનંત જ્ઞાન પામ્યા છતાં પણ આચાર્યને સેવવા જોઇયે. જેની પાસે હું ધર્મના પદો શીખ્યો છું, તેની પાસે મારે મન, વચન અને કાયાવડે નિરંતર વિનય કરવો જોઇયે, મસ્તકવડે સત્કાર કરવો જોઇયે અને બે હાથ જોડવા જોઇયે." આ પ્રમાણે આગમના બહુમાનથી પોતાના ગુરૂને સમ્યક્ પ્રકારે આરાધે છે. ૧૩૬.

**વળી ગુરૂનો ત્યાગ કરનાર સાધુ અવશ્ય ગુરૂની અવજ્ઞા કરે છે, અને તેથી કરીને તે અનર્થને પામે છે, તે આગમનું સ્મરણ કરાવવા પૂર્વક દેખાડે છે.**

---

**एयं अवमन्नंतो, वुत्तो सुत्तंमि पावसमणो त्ति ।**
**महमोहबंधगोऽवि य, खिंसंतो अपडितप्पंतो ॥ १३७ ॥**

મૂલાર્થ—આ ગુરૂની અવગણના કરનારને સૂત્રમાં પાપશ્રમણ કહ્યો છે. તથા ગુરૂની ખીંસા કરનાર અને અનાદર કરનાર સાધુ મહામોહને પણ બાંધે છે.

ટીકાર્થ—આ ગુરૂની અવગણના કરનાર એટલે હીલના કરનાર સાધુ સૂત્રમાં એટલે સિદ્ધાંતમાં પાપશ્રમણ એટલે કુત્સિત સાધુ કહ્યો છે. તે સૂત્ર આ પ્રમાણે છે.–" જે આચાર્ય અને ઉપાધ્યાયે સૂત્ર અને વિનય શીખવ્યા છે, તેમનીજ ખીંસા હીલના કરનાર બાળ–મૂર્ખ પાપશ્રમણ કહેવાય છે. આચાર્ય અને ઉપાધ્યાયની જે સમ્યક્ પ્રકારે સેવા ન કરે, પૂજા ન કરે, અને સ્તબ્ધ થઇને રહે તે પાપશ્રમણ કહેવાય છે." તથા ગુરૂની ખીંસા–નિંદા કરતો અને તેમની વૈયાવૃત્ત્યાદિક કરવામાં અનાદર કરતો સાધુ મહામોહનો બંધક પણ થાય છે એટલે અત્યંત મિથ્યાત્વને ઉપાર્જન કરનાર પણ થાય છે. અપિ શબ્દ બીજા સૂત્રને સૂચવે છે. તે બીજું સૂત્ર આવશ્યકમાં મોહનીયનાં ત્રીશ સ્થાનકોમાં કહેલું છે કે–" જે મંદબુદ્ધિ આચાર્ય અને ઉપાધ્યાયની ખીંસા કરે છે તથા જ્ઞાની એવા તેમની સમ્યક્ પ્રકારે સેવા કરતા નથી, તે મહામોહને બાંધે છે." ૧૩૭.

અહીં કોઇ પ્રશ્ન કરે કે–ગુરૂની શક્તિ ન હોય અને શિષ્ય તેના કરતાં અધિક તપ કરે તો તે યોગ્ય છે કે અયોગ્ય છે? કેમકે તેમ કરવાથી ગુરૂની લઘુતા પ્રાપ્ત થાય છે. આનો જવાબ એ છે જે–ગુરૂની

સમીપે રહીને અધિક તપ કરે તો તે ગુરૂના જ ગૌરવનું કારણ હોવાથી યોગ્યજ છે. કેમકે શિષ્ય સદાચારી હોય તો ગુરૂનો યશ વધે જ છે, જેમ પુત્ર સારો હોય તો પિતાનો યશ વધેજ છે.

પરંતુ—

**सविसेसं पि जयंतो, तेसिमवन्नं विवज्जए सम्मं ।**
**तो दंसणसोहीओ, सुद्धं चरणं लहइ साहू ॥ १३८ ॥**

મૂલાર્થ—વિશેષ પ્રકારે પણ યતના કરતો ભાવસાધુ તે ગુરૂની અવજ્ઞાને સમ્યક્ પ્રકારે વર્જે છે, અને તેથી કરીને દર્શનની શુદ્ધિને લીધે તે ભાવ સાધુ શુદ્ધ ચારિત્રને પામે છે.

ટીકાર્થ—સવિશેષ એટલે અત્યંત શોભન, અપિશબ્દ છે માટે સમાન પણ, શું મારાથી પણ આ અધિક કરે છે ? એવી ભાવનાએ કરીને યતના કરતો એટલે સદનુષ્ઠાનમાં ઉદ્યમ કરતો શુદ્ધ પરિણામવાળો ભાવ સાધુ તે ગુરૂજનોની અવજ્ઞાને એટલે અભ્યુત્થાન વિગેરે ન કરવું તેને વર્જે છે એટલે અવજ્ઞા કરતો નથી, અને તેથી કરીને દર્શનશુદ્ધિને લીધે તે ભાવમુનિ શુદ્ધ એટલે કલંક રહિત ચારિત્રને પામે છે. અહીં આ ભાવાર્થ છે-જ્ઞાન અને ચારિત્રનું કારણ સમકિત છે. તે વિષે આગમમાં કહ્યું છે કે-" દર્શન રહિતને જ્ઞાન હોતું નથી, જ્ઞાન વિના ચારિત્રગુણ હોતા નથી, ગુણ વિના મોક્ષ નથી, અને મોક્ષ રહિતને નિર્વાણ સુખ નથી." અને તે સમકિત ગુરૂનું બહુમાન કરનારને જ હોય છે. તેથી દુષ્કર ક્રિયા કરનારે પણ તેમની અવજ્ઞા કરવી નહિ. પણ તેની આજ્ઞામાંજ રહેવું કહ્યું છે. કે-" ગુરૂની આજ્ઞામાં નહીં રહેલો સાધુ જો કદાચ છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ કે માસના ઉપવાસ કરતો હોય તો પણ અનંત સંસારી થાય છે." ૧૩૮.

## હવે સાધુધર્મના લિંગની સમાપ્તિ તથા તેના ફળને કહે છે.

**इय सत्तलक्खणधरो, होइ चरित्ती तओ य नियमेण ।**
**कल्लाणपरंपरलाभजोगओ लहइ सिवसोक्खं ॥ १३९ ॥**

મૂલાર્થ—આ પ્રમાણે સાત લક્ષણને ધારણ કરનાર ચારિત્રી હોય છે, અને તેજ અવશ્ય કલ્યાણની પરંપરાના લાભના સંબંધથી શિવસુખને મેળવે છે.

ટીકાર્થ—આ પ્રમાણે પૂર્વે દેખાડેલા સાત લક્ષણોને ધારણ કરનાર ચારિત્રી-ભાવસાધુ થાય છે. અને તેજ અવશ્ય ઉત્તમ દેવ અને મનુષ્યપણારૂપ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિના યોગથી-સંબંધથી શિવ સુખને એટલે મોક્ષના સુખને મેળવે છે. ૧૩૯

## શ્રાવક અને સાધુના સંબંધથી બે પ્રકારનું ધર્મરત્ન કહ્યું. હવે કોણ અને કેવો મનુષ્ય આ કરી શકે ? તે કહે છે—

**दुविहंपि धम्मरयणं, तरइ नरो घेत्तुमविगलं सो उ ।**
**जस्सेगवीसगुणरयण–संपया सुत्थिया अत्थि ॥ १४० ॥**

મૂલાર્થ—જેને એકવીશગુણ રૂપી રત્નની સંપત્તિ સુસ્થિર છે, તે જ મનુષ્ય આ બન્ને પ્રકારના ધર્મરત્નને સંપૂર્ણ મેળવી શકે છે.

ટીકાર્થ—બે પ્રકારનું પણ, અપિ શબ્દ છે માટે એક પ્રકારનું જ નહીં એમ જાણવું, આ ધર્મરત્ન સંપૂર્ણ રીતે, તે જ નર એટલે જાતિનો નિર્દેશ હોવાથી નરની જાતિવાળો જંતુ, માત્ર પુરૂષજ નહીં,

ગ્રહણ કરવાને **तरति** એટલે ધાતુના અનેક અર્થ હોવાથી શક્તિમાન થાય છે. અહીં **तु** શબ્દનો નિશ્ચય અર્થ છે. તે નર કેવો ? તે કહે છે.– જે મનુષ્યને એકવીશ ગુણ રૂપી રત્નની સંપત્તિ વિગેરે પ્રતિપાદન કરેલી વિશેષણોની વિભૂતિ સુસ્થિત એટલે કુબોધાદિકથી દૂષિત નહીં થવાથી ઉપદ્રવ રહિત સ્થિર હોય છે. અહીં કોઈ શંકા કરે કે–પ્રથમ એકવીશ ગુણની સંપત્તિવાળો ધર્મરત્નને યોગ્ય છે એમ કહ્યું જ હતું, તો અહીં ફરીથી કેમ કહ્યું ? જવાબ–ખરૂં છે. પરંતુ પ્રથમ માત્ર યોગ્યતાજ કહી હતી, જેમકે બાલ્યાવસ્થામાં વર્તતો રાજપુત્ર રાજ્યને યોગ્ય છે એમ કહેવાય છે. હમણા તો તેને કરવાની શક્તિ પણ કહેવાય છે, જેમ યુવાન થયેલો રાજપુત્ર આટલું રાજ્ય ચલાવવાને શક્તિમાન છે એમ કહેવાય છે. ૧૪૦

## આ પ્રમાણે હોવાથી વિશેષે કરીને પૂર્વાચાર્યોની શ્લાઘા કરે છે.—

**ता सुट्ठु इमं भणियं, पुव्वायरिएहिं परहियरएहिं ।**
**इगवीसगुणोवेओ, जोगो सइ धम्मरयणस्स ॥ १४१ ॥**

મૂલાર્થ—તેથી કરીને એકવીશ ગુણોએ યુક્ત એવો મનુષ્ય સદા ધર્મરત્નને યોગ્ય છે, એમ પરના હિતમાં આસક્ત થયેલા પૂર્વાચાર્યોએ સારૂં કહ્યું છે.

ટીકાર્થ—જેથી કરીને આ ગુણોએ કરીને યુક્ત માણસ ધર્મ કરવા શક્તિમાન છે તેથી કરીને અન્ય જનોનો ઉપકાર કરવામાં તત્પર થયેલા પૂર્વના આચાર્યોએ આ સારૂં કહ્યું છે. શું તે ? કે–એકવીશ ગુણોએ કરીને સહિત એવો પ્રાણી હમેશાં ધર્મરત્નને યોગ્ય છે. ૧૪૧

## હવે ચાલતા પ્રકરણના અર્થનો અનુવાદ કરવા પૂર્વક ઉપસંહારની બે ગાથાઓ કહે છે.—

**धम्मरयणोचियाणं, देसचरित्तीण तह चरित्तीणं ।**
**लिंगाइं जाइं समए, भणियाइं मुणियतत्तेहिं ॥ १४२ ॥**
**तेसि इमो भावत्थो, नियमइविभवाणुसारओ भणिओ ।**
**सपराणुग्गहहेउं, समासओ संतिसूरीहिं ॥ १४३ ॥**

મૂલાર્થ—ધર્મરત્નને ઉચિત એવા દેશવિરતિ અને સર્વવિરતિવાળાનાં જે લિંગો તત્ત્વજ્ઞાનીઓએ સિદ્ધાંતમાં કહ્યાં છે. તેનો આ ભાવાર્થ શાંતિસૂરીએ સ્વપરના અનુગ્રહના હેતુથી પોતાની મતિના વૈભવને અનુસારે સંક્ષેપથી કહ્યો છે.

ટીકાર્થ—ઉપર કહ્યા પ્રમાણે ધર્મરત્નને યોગ્ય એવા દેશચારિત્રી એટલે દેશવિરતિવાળા અને ચારિત્રી એટલે સર્વવિરતિવાળાનાં જે લિંગો સમયમાં એટલે સિદ્ધાંતમાં મુનિતત્ત્વોએ એટલે સિદ્ધાન્તના સદ્ભાવને જાણનારાઓએ કહ્યાં છે, તેમનો આ-ઉપર કહેલો ભાવાર્થ -તાત્પર્યાર્થ પોતાની મતિના વિભવને અનુસારે એટલે પોતાની બુદ્ધિસંપદાને અનુસારે કહ્યો છે એટલે કે સિદ્ધાંતરૂપી સમુદ્રનો પાર પામવો અશક્ય છે તેથી જેટલું મેં જાણ્યું છે તેટલું જ કહ્યું છે. શા માટે આટલો પ્રયાસ કરવો પડયો ? તે ઉપર કહે છે કે—પોતાનો અને પરનો અનુગ્રહ એટલે જે ઉપકાર, તે જ જે કહેવાનું કારણ છે તે સ્વપર અનુગ્રહના કારણથી. તે અનુગ્રહ પણ આગમથીજ થઇ શકે તેમ છે એમ જો કોઇ શંકા કરે તો કહે છે કે-નહીં. કેમકે આગમમાં કોઇક અર્થ કયાંઇક કહ્યો છે, અને કોઇક અર્થ કયાંઇક કહ્યો છે તેથી તેને અલ્પ આયુષ્યવાળા અને અલ્પ બુદ્ધિવાળા આ યુગના મનુષ્યો જાણવાને સમર્થ નથી; એમ વિચારી સંક્ષેપથી એટલે નાના ગ્રંથે

કરીને અહીં કહેલો છે. કોણે ? શાંતિપ્રધાન એટલે મધ્યસ્થ અને સ્વસ્થ ચિત્તવાળા સૂરિઓએ એટલે આચાર્યોએ અર્થાત શાંતિસૂરી નામના આચાર્યે કહ્યો છે. ૧૪૨-૧૪૩

## હવે શિષ્યો આના અર્થી થાય તેને માટે આ શાસ્ત્રાર્થના જ્ઞાનનું ફળ બતાવે છે.—

**जो परिभावइ एयं, सम्मं सिद्धंतगब्भजुत्तीहिं ।**
**सो मुत्तिमग्गलग्गो, कुग्गहगत्तेसु न हु पडइ ॥ १४४ ॥**

મૂલાર્થ—જે આને સમ્યક્ પ્રકારે સિદ્ધાંતને અનુસરતી યુક્તિવડે વિચારે છે, તે મુક્તિમાર્ગમાં પ્રવૃત્ત થઇને કુગ્રહ રૂપી ખાડામાં પડતો નથી.

ટીકાર્થ—જે કોઇ લઘુકર્મી આ પૂર્વે કહેલા ધર્મલિંગના રહસ્યને સમ્યક્ એટલે મધ્યસ્થપણાએ કરીને સિદ્ધાંતગર્ભ એટલે આગમના સારવાળી યુક્તિથી સારી રીતે વિચારે છે, તે પ્રાણી મુક્તિ માર્ગમાં એટલે મોક્ષનગરના માર્ગમાં લગ્ન એટલે જવા પ્રવૃત્ત થઇને કુગ્રહરૂપી એટલે આ દુષમ કાળમાં થનારા મતિના મોહરૂપી ખાડાઓમાં એટલે ગતિનો વિઘાત કરવાનું કારણરૂપ હોવાથી તથા અનર્થને ઉત્પન્ન કરનાર હોવાથી કુગતિરૂપ ખાડાઓમાં નથી જ પડતા. અહીં હુશબ્દનો નિશ્ચય અર્થ છે. તેથી કરીને જ સુખે કરીને સન્માર્ગે જાય છે. ૧૪૪

આ પ્રકરણના અર્થને વિચાર કરવાનું અનંતર ફળ કહ્યું. હવે પરંપર ફળ બતાવે છે.—

**इय धम्मरयणपगरण—मणुदियहं जे मणम्मि भावेंति ।**
**ते गलियकलिलपंका, नेव्वाणसुहाइं पावेंति ॥ १४५ ॥**

મૂલાર્થ—આ પ્રમાણે ધર્મરત્ન પ્રકરણને હમેશાં જેઓ પોતાના મનમાં વિચારે છે, તેઓ પાપપંક રહિત થઇ મોક્ષનાં સુખો પામે છે.

ટીકાર્થ—**इय** શબ્દ પ્રાકૃત ભાષામાં **इति** ને બદલે વપરાય છે. આ પ્રમાણે હમણાં કહેલા ધર્મરત્નને પ્રતિપાદન કરનાર પ્રકરણને—શાસ્ત્રને પ્રતિદિન એટલે હમેશાં, ઉપલક્ષણથી દરેક સંધ્યાએ તથા દરેક પ્રહરે જે કોઇ આસન્ન મુક્તિગામી મનમાં ભાવે છે એટલે વિવેક પૂર્વક વિચારે છે, તેઓ શુભ, શુભતર અધ્યવસાયને ભજનારાઓ, ગલિત એટલે દૂર થયો છે કલિલપંક એટલે પાપમળનો સમૂહ જેનાથી એવા છતા નિર્વાણનાં સુખોને પામે છે. તે સુખો કેવાં હોય છે? તે કહે છે. " અવ્યાબાધ એવા મોક્ષને પામેલા સિદ્ધોના જીવોને જે સુખ છે, તે સુખ મનુષ્યોને કે દેવોને પણ નથી. જેમ કોઇ એક વનવાસી ભિલ્લ ઘણા પ્રકારના નગરના ગુણોને જાણતા છતાં પણ તે વનમાં ( બીજા ભિલ્લોની પાસે ) ઉપમા આપી શકાય તેવી વસ્તુ નહીં હોવાને લીધે કહી શકતો નથી. એ જ પ્રમાણે સિદ્ધોનું સુખ અનુપમ છે. તેની ઉપમા છે જ નહીં. તો પણ કાંઇક વિશેષે કરીને તેનું સાદૃશ્ય કહું છું, તે તમે સાંભળો. તે આ પ્રમાણે—

કોઇ પુરૂષ વેણુ, વીણા અને મૃદંગાદિકના નાદ સહિત મનોહર અને વખાણવા લાયક કામકથાના સંગીતે કરીને તન્મય થયો હોય, ભીંત વિગેરે ઉપર ચીતરેલા નેત્રને આનંદદાયક અને વિલાસવાળાં અનેક ચિત્રવિચિત્ર રૂપો જોઈને આનંદ પામ્યો હોય, ચંદન, અગરૂ

અને કર્પૂરાદિકના ધૂપથી ધૂપિત થઇને મનોહર પુટવાસાદિક સુગંધોને અત્યંત સુંઘી સ્પૃહા-ઇચ્છા રહિત થયો હોય, વિવિધ પ્રકારના ષડ્રસવાળા અન્નનો ઇચ્છાથી પણ વધારે આહાર કરી, શ્રેષ્ઠ સુગંધિ શીતળ જળનું પાન કરી તથા ઉત્તમ સ્વાદવાળા તાંબૂલ વિગેરેનો આસ્વાદ કરી તૃપ્ત થયો હોય, તથા કોમળ રૂની તળાઇવાળા મનોહર પર્યંકમાં રહેલો અને અકસ્માત્ મેઘની ગર્જના સાંભળી અત્યંત ભય પામેલી ઇષ્ટ ભાર્યાથી ગાઢ આલિંગન કરાયેલો અથવા રતિક્રીડા કરીને ભાર્યાને આલિંગન કરી સુખે સુતો હોય, આવો પુરૂષ સર્વ ઇંદ્રિયોના વિષયોની પ્રાપ્તિથી અને સર્વ બાધાની નિવૃત્તિથી ઉત્પન્ન થયેલા જે શ્રેષ્ઠ સુખને પોતાના અંતરાત્માવડે વેદે છે અનુભવે છે, તેનાથી પણ મુક્તજીવોને અનંતગણું સુખ છે એમ પંડિતો કહે છે. ” આ રીતે આગમના અર્થનો વિચાર કરનારાને સંવેગના અધિકપણાથી કાળ, સંઘયણ, તથાભવ્યત્વ વિગેરે સામગ્રીના વશથી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૧૪૫.

# अथ प्रशस्तिः ।

ગંભીર અર્થવાળું આ પ્રકરણ મહાશ્રુતરૂપી સાગરમાંથી સજ્જનોનો ઉપકાર કરવા માટે આદરપૂર્વક મેં ઉધર્યું છે. વળી વિવરણ ( ટીકા ) વિના આ પ્રકરણ જડ મતિવાળાઓ જાણી શકશે નહીં એમ ધારીને સુગમ અને નાની આ વૃત્તિ પણ મેં રચી છે. અસત્યની શંકા કરનાર લોક આ યુગના આચાર્યોએ કહેલા વચન ઉપર પ્રતીતિ રાખતો નથી તેથી તેમની પ્રતીતિને માટે સિદ્ધાંતનાં ઘણાં સૂત્રો આ ગ્રંથમાં મેળવ્યાં છે. તેથી આ મારો મોટો અપરાધ આગમનાં તત્ત્વને જાણનારાઓએ ક્ષમા કરવો. કારણકે પિતાએ એકઠું કરી રક્ષણ કરી રાખેલું ધન દાનના અતિવ્યસનવાળા પુત્રો ખર્ચેજ છે. આ પ્રકરણમાં સિદ્ધાંત વિરૂદ્ધ અથવા વ્યાકરણના નિયમ વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય તો તે નિર્મળ જ્ઞાનવાળાઓએ શોધવું. કારણ કે અતિ ગહન વનમાં ભ્રમણ કરતા મંદદષ્ટિવાળા અને એકલા પડેલા કયા માણસનો મતિમોહ ન થાય ? આ શાસ્ત્ર રચતાં મેં જે કાંઇ પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેણે કરીને હું પુણ્ય પાપથી મુકત થાઉં. સર્વ શાસ્ત્રના અર્થને કહેનારા અને વર્તમાન તીર્થના નાયક મહાત્મા શ્રીવર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ.

સમાપ્ત

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી ચોવીશ વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધિ ઉત્તમ લેખોથી આપણી કોમમાં પ્રસિદ્ધ થતાં માસિકોમાં તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો બહોળો લાભ આપવા સાથે, વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વિગેરેના વિષયથી ભરપૂર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઇન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામાં આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ દર વર્ષે આ માસિકજ આપે છે. હાલમાં તેનું બાવીશમું વર્ષ ચાલે છે. દરેક માસિક અને પેપરવાળાએ સખ્ત મોંઘવારીના સબબે લવાજમ વધાર્યું છતાં અમોએ સમાજને ઉદારતાથી વાંચવાનો લાભ આપવા તેનું તેજ લવાજમ રાખ્યું છે અને ભેટની બુક પણ સુંદર દર વર્ષે આપવાનો ક્રમ ચાલુ રાખ્યો છે; તેથી ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે, વળી ગુરૂભક્તિ નિમિત્તે નીકળતા આ માસિકની લઘુ વય છતાં ગ્રાહકોની બ્હોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે. વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ પોસ્ટેજ ચાર આના રાખવામાં આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાન ખાતામાં વપરાય છે, જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઈ અવશ્ય લાભ લેવા ચુકવું નહિં.

# આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્ત્વાદર્શ (શાસ્ત્રી) | ૫-૮-૦ |
| ૨ | નવતત્ત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ×૩ | દેવસીરાઇ પ્રતિક્રમણ | ૦-૩-૦ |
| ૪ | જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ×૫ | અજ્ઞાન તિમિર ભાસ્કર | ૨-૮-૦ |
| ૬ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૭ | જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૮ | દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦-૮-૦ |
| ૯ | નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૧૦ | હંસવિનોદ (શાસ્ત્રી) | ૦-૧૨-૦ |
| ×૧૧ | વિવિધ પૂજાસંગ્રહ | ૦-૮-૦ |
| ૧૨ | કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) | ૧-૮-૦ |
| ૧૩ | જૈન તત્ત્વસાર ભાષાંતર | ૦-૨-૦ |
| ૧૪ | પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૫ | નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૬ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૭ | મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ×૧૮ | ધર્મબિન્દુ ગ્રંથ, મૂળ ટીકા અને ભાષાંતર સાથે | ૨-૮-૦ |
| ૧૯ | પ્રશ્નોત્તર પુષ્પમાળા (શાસ્ત્રી) | ૦-૧૪-૦ |
| ×૨૦ | ધ્યાનવિચાર (ગુજરાતી) | ૦-૩-૦ |
| ૨૧ | શ્રાવક કલ્પતરૂ | ૦-૮-૦ |
| ૨૨ | આત્મપ્રબોધ ગ્રંથ (શાસ્ત્રી) | ૨-૮-૦ |
| ×૨૩ | આત્મોન્નતિ | ૦-૧૦-૦ |
| ૨૪ | પ્રકરણ પુષ્પમાળા પ્રથમ પુષ્પ | ૦-૮-૦ |
| ૨૫ | જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૬ | જૈન ગ્રંથ ગાઇડ (ગુજરાતી) | ૧-૦-૦ |
| ૨૭ | તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ તમામ તપ વિધિ સાથે | ૧-૦-૦ |
| ×૨૮ | વિવિધ પૂજાસંગ્રહ (બી. આવૃત્તિ) | ૧-૪-૦ |
| ૨૯ | સમ્યક્ત્વ સ્તવ | ૦-૪-૦ |
| ×૩૦ | શ્રી શ્રાદ્ધગુણ વિવરણ | ૨-૦-૦ |
| ૩૧ | ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.

×૩૨ કુમારપાળ ચરિત્ર (હિંદી) નથી
૩૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી ,, ૧-૦-૦
૩૪ પ્રકરણ પુષ્પમાળા બીજું રત્ન ૦-૮-૦
૩૫ અનુયોગદ્વાર સૂત્ર ૦-૮-૦
૩૬ અધ્યાત્મમત પરીક્ષા ૦-૪-૦
૩૭ ગુરૂગુણ છત્રીશી ૦-૮-૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી ૦-૫-૦
×૩૯ શ્રી આત્મકાન્તિ પ્રકાશ ૦-૪-૦
૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ (જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત) ૦-૧૨-૦
૪૧ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ ૧-૦-૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ૧-૦-૦
૪૩ સંબોધ સિત્તરી ૧-૦-૦
૪૪ ગુણમાળા (પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત) ૧-૮-૦
૪૫ સુમુખનૃપાદિ કથા. ૧-૦-૦
૪૬ શ્રી નેમનાથ ચરિત્ર. ૨-૦-૦
૪૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર ભા. ૧ લો. ૨-૦-૦
૪૮ આદર્શ-સ્ત્રીરત્નો. ૧-૦-૦
૪૯ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો ૨-૮-૦
૫૦ દાનપ્રદીપ ભાષાંતર ૩-૦-૦
૫૧ શ્રી નવપદજી પૂજા અર્થ સહિત ૧-૪-૦
૫૨ શ્રી કાવ્ય સુધાકર ૨-૮-૦
૫૩ આચારોપદેશ ભાષાંતર ૦-૮-૦
૫૪ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર ૧-૦-૦
૫૫ શ્રી કુમારપાળ પ્રતિબોધ છપાય છે.
૫૬ શ્રી ધર્મ બીન્દુ ભાષાંતર ,, આવૃત્તિ બીજી ,,
૫૭ શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત ,,

## છપાયેલા જૈન ઐતિહાસિક ગ્રંથો.

(શ્રીમાન્ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી ગ્રંથમાળા.)

૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી ૧-૦-૦
×૨ કૃપા રસકોષ ૧-૦-૦
×૩ શત્રુંજય તિર્થોદ્ધાર પ્રબંધ ૧-૦-૦
×૪ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૧ લો ૧-૦-૦
૫ દ્રૌપદી સ્વયંવર નાટક ૦-૪-૦
૬ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ ૨ જો ૩-૮-૦

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.



## સારી લાઇબ્રેરી કેમ થઇ શકે ?

**(આ સભાના લાઇફમેમ્બર થવાથી)**

ગયા દશ વર્ષમાં લાઈફ મેમ્બરોને અમારા તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો ભેટ મળતાં તેઓ એક સારી લાઇબ્રેરી કરી શકયા છે. આ લાભ કોઇ પણ જૈન શ્રીમાને કે સંસ્થાએ ભુલવાનો નથી. રીપોર્ટ અને સૂચિપત્ર મંગાવી ખાત્રી કરો. લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

(કાઠીયાવાડ)